છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**

દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**

શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**

ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

*લેખ* *લેખક પાના નં.*

- તંત્રી લેખ :
  એક ઉચ્ચ દરજ્જાની બિનસરકારી સામાજિક સંસ્થા – "જીતો" ............. અશોક મહેતા ........ ૭
- કચ્છની ઘાસ-ચારાની જરૂરિયાત કચ્છ જ પૂરી પાડી શકે તેમ છે .................................. ૧૦
- કચ્છમાં ઘાસ-ચારાની વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને કચ્છ જિલ્લા પાંજરાપોળ - ગૌશાળાનો સંયુક્ત પ્રયાસ
  એંકરવાલા અહિંસાધામ ખાતે યોજવામાં આવેલ મીટિંગનો અહેવાલ ......... દિનેશ આર. મહેતા ..... ૧૧

## સંસ્થા : સુવર્ણ જયંતી મહોત્સવ

- 'કચ્છમાં વિકાસની ખૂટતી કડીઓ' વિષય પર એક દિવસીય સેમિનાર ............................. ૧૩
- આગામી કાર્યક્રમો ............................................................................................ ૧૪

*લેખ વિભાગ :*

## કચ્છ

- સત્યનો પ્રભાવ... કચ્છની રસધાર : મણકો-૪ ............................ દુલેરાય કારાણી ..... ૧૫
- લખપતજીની છતરડી ........................................................................ નરેશ અંતાણી ..... ૧૭

## સમાજની ક્ષિતિજો

- સારા શિક્ષક થવું સરળ છે? .................................................. ડૉ. કાંતિ ગોર ..... ૧૯

## વિચાર મંથન

- ...મધુ વિન્દતિ.... ............................................................ ડૉ. કેશુભાઈ દેસાઈ ..... ૨૩
- માનસિક ગુલામી અને આપણી સમજ ........................................ દામજી માણેક ગડા ..... ૨૫

## વાર્તા

- ધમકી ........................................................................................ મોહમ્મદ માંકડ ..... ૨૭
- દાંપત્યની દિવ્યતા ............................................................................ ડૉ. ઊર્મિલા શાહ ..... ૨૯
- સૂર્યોના વારસદાર! ............................................................................ હરેશ ધોળકિયા ..... ૩૧

## ધર્મ

- ધર્મ એક – સંવત્સરી એક ........................................................ ધનવંત ટી. શાહ ..... ૩૪

## ઇતિહાસ

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ
  પ્રકરણ-૧૨ : "કચ્છનો ઔદ્યોગિક વિકાસ - ભૂકંપ બાદ"નો સેમિનાર અને
  શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહનો ઉદ્‌ઘાટન સમારંભ
  એક સંભારણા રૂપે સંપન્ન ........................................ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૩૭

## માહિતી

- બ્રહ્માંડની સફરે ............................................................................ મુરજી ગડા ..... ૩૯
- સોના વિશે .................................................................................. મગનલાલ સંઘવી ..... ૪૧
- દેશના વિવિધ વિભાગોમાંથી કચ્છ જતી-આવતી ટ્રેનોની
  એક ઝલક ............................................... સંકલન : જેઠાલાલ વી. ગંગર 'મંગલમ્' ..... ૪૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી દિનેશ રતિલાલ મહેતા
ઘર : ૨૬૮૫૪૬૪૪
મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## તંદુરસ્તી

● ડિપ્રેશન દૂર થઈ શકે છે ........ દિનેશ પાંચાલ ..... ૪૪
● રોગ નાબૂદી તથા વ્યસન મુક્તિની સચોટ આધ્યાત્મિક અનુભૂતિઓ .... પ્રા. સૂર્યકાંત ભટ્ટ ..... ૪૬
● ઈનફર્ટિલિટિ – વંધ્યત્વ ........ ડૉ. મિલી શાહ ..... ૪૭
● આપણું આરોગ્ય ........ શાંતિલાલ સંઘવી ..... ૪૮

## પ્રવાસ

● કેન્યા સફારી : અદ્‌ભુત અને આનંદમય પ્રવાસ ........ તરુબેન નરેન્દ્રભાઈ શાહ ..... ૫૦

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૫૨

## ફ્લેશ ચેનલ

★ વિદ્યાર્થીઓએ એડમિશન લેતાં પહેલાં કોલેજોની માન્યતા વિશે તપાસ કરવી જોઈએ ...... ૫૩
★ ટ્રેનોની ટિકિટોના કાળા બજાર ........ ૫૩
★ માર્ચ-૨૦૧૩ સુધીમાં અમદાવાદમાં કેબલ ડિજિટાઈઝેશનનો અમલ ........ ૫૩
★ નક્કી થયેલ સાઈઝમાં જ ૧૯ આઈટમનું પેકિંગ જરૂરી ........ ૫૩
★ ભારતના 'મિસાઈલ મેન'ને ચીનની યુનિવર્સિટીમાં ભણાવવાનું આમંત્રણ ........ ૫૪
★ રેલવેમાં પ્રવાસીઓએ ઓળખકાર્ડ રજૂ કરવું પડશે ........ ૫૪
★ ડૉક્ટર, વકીલો વગેરે માટે રિટર્ન સાથે ઓડિટ રિપોર્ટ ફરજિયાત ........ ૫૪
★ શિવસેનાના સુપ્રીમો બાળા સાહેબની ચિર વિદાય ........ ૫૪
★ બેંક ફ્રોડ રોકવા માટે રિઝર્વ બેંક સક્રિય થઈ ........ ૫૪
★ એક નવી ક્રાંતિ : સ્લેટની જગ્યાએ ટેબ્લેટ ........ ૫૪
★ મારિયા શારાપોવા ભારતમાં ........ ૫૪
★ બ્રિટનમાં વિદ્યાર્થીઓને કેલ્ક્યુલેટરનો વપરાશ કરવા માટે પ્રતિબંધ તેમજ વિદ્યાર્થિનીઓને વધુ પડતા ટૂંકા સ્કર્ટ પહેરવાની શાળામાં મનાઈ ........ ૫૫
★ અમેરિકામાં આરોગ્ય સેવા સસ્તી કરવા ૭૫ ટકા ઉપયોગ જનરકિ દવાનો ........ ૫૫

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........ ૫૬
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૫૯
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૬૦
● ડિસેમ્બર -૨૦૧૨માં પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ........ ૬૦
● સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ..... ૬૧
● શબ્દ રમત-૭૭ ........ સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૩
● સુડોકુ – ૧૦૩૩ ........ સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૫
● જાણવા જેવું ........ સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૬
● વલોવતન ........ સંકલન : દિનેશ આર. મહેતા ..... ૬૭
● સમાજ દર્પણ ........ ૬૯
● સંસ્થા સમાચાર ........ ૭૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૮૪
● ઉડતી નજરે ........ ૮૮

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# એક ઉચ્ચ દરજ્જાની બિનસરકારી સામાજિક સંસ્થા – જીતો

*– અશોક મહેતા*

૨૮ ઓક્ટોબર, ૨૦૧૨ના 'જીતો' - અમદાવાદ ચેપ્ટરનો એક ભવ્યાતિભવ્ય કાર્યક્રમ જીતો કનેક્ટ - ૨૦૧૨ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં જીતો બિઝનેસ કોન્કલેવ, જીતો વ્યાપાર મેલા, જીતો બિઝનેસ બાઝાર, જીતો ઍવોર્ડ્સ, જીતો એમ્પ્લોયમેન્ટ આસિસ્ટન્સ પ્રોગ્રામ, જીતોના અમદાવાદ ચેપ્ટરની વાર્ષિક સાધારણ સભા, ડ્રામા - ગાંધી અગાઉ ગાંધી, જીતો ગેમ્સ, જીતો હેરિટેજ વોક જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમ એ ઊંચાઇ પર પહોંચેલ કે આ કાર્યક્રમ દરમ્યાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ આવવાનું મુનાસીબ માન્યું અને તેઓએ જીતોના ભરપેટ વખાણ કર્યા.

જીતો બિઝનેસ કોન્કલેવ એટલે વર્લ્ડ લૅવલના બિઝનેસના ખેરખાંઓએ ત્યાં આવીને પોતાનો અનુભવ અને પોતે યશસ્વી કઇ રીતે બન્યા તેની વિગતો રજૂ કરેલ હતી. અહીં અલગ અલગ પ્રકારના બિઝનેસના ૭ ગ્રુપ પાડવામાં આવ્યા હતા અને દરેક પ્રકારના ગ્રુપના ધંધાદારીઓએ Groupwise - Business to Business – B TO B સાથે રહીને ચર્ચાઓ કરી હતી.

જીતો વ્યાપાર મેલા એટલે અલગ અલગ પ્રકારના ધંધાર્થીઓએ ત્યાં પોતાના સ્ટોલ્સ રાખીને પોતાના બિઝનેસનો પ્રચાર કરેલ અથવા વેચાણ કરેલ. લગભગ ૧૫૦ જેટલા સ્ટોલ્સ વિના મૂલ્યે આપવામાં આવેલ હતા.

જીતો બિઝનેસ બાઝાર એટલે વિવિધ પ્રકારના ૩૦ થી વધુ શ્રેષ્ઠ કોર્પોરેટ્સને રૂબરૂ મળવાની અનેક લોકોને તક આપવામાં આવેલ હતી. કોર્પોરેટ ક્ષેત્રના પર્ચેઝ પર્સોનેલને જ્યાં રૂબરૂ મળવામાં કલાકોના કલાકો કે દિવસોના દિવસો નીકળી જાય ત્યાં આ તક અન્ય લોકોને સામે ચાલીને આપવામાં આવી હતી.

જીતો એમ્પ્લોયમેન્ટ આસિસ્ટન્સ પ્રોગ્રામ એટલે જેઓને જોબની જરૂરિયાત હોય તેઓ નિયત ફોર્મમાં પોતાની વિગત ભરીને આપે અને ત્યારબાદ તેમને જીતો તરફથી પ્લેસમેન્ટની સહાય આપવામાં આવે. તેટલું જ નહીં પરંતુ તેને વેબસાઇટ પર પ્રસારિત પણ કરવામાં આવે કે જેથી જે-તે કોર્પોરેટ ફર્મ પોતાની જરૂરિયાત મુજબના કેન્ડીડેટ મેળવી શકે. આ કાર્યક્રમ પણ સફળ રહ્યો.

જૈન બિઝનેસમેન, પ્રોફેશનલ, સમાજસેવી અને રમતગમતના ક્ષેત્રે અસાધારણ પ્રદાન આપનારને વિશેષ ઍવોર્ડઝથી નવાજવામાં આવ્યા.

ડ્રામા : ગાંધી બીફોર ગાંધીમાં શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની જીવન કહાની રજૂ કરવામાં આવી કે જેઓ માત્ર ૩૭ વર્ષની ઉંમરે અવસાન ના પામેલ હોત તો ભારત દેશને એક નહીં પણ બે ગાંધી મળત.

જીતો ગેઇમ્સના નેજા હેઠળ વિવિધ હરીફાઇઓના આયોજનો ગોઠવવામાં આવેલ કે જેની વિગતવાર માહિતી આપવામાં આવી.

જીતો હેરિટેજ વોક એટલે 'સિટી હેરિટેજ સેન્ટર' નામની એન.જી.ઓ. સંસ્થાના સહકારથી 'જીતો જૈન હેરિટેજ વોક' તૈયાર કરવામાં આવેલ છે કે જેમાં અમદાવાદ શહેરના સિટી હેરિટેજ સેન્ટર, સાંકડીશેરીથી આ યાત્રા શરૂ થશે અને લાંભેશ્વરની પોળમાં આવેલ શામળા પાર્શ્વનાથ દેરાસરે પૂર્ણ થશે. હેરિટેજ વૉક સંપૂર્ણપણે ચાલુ થશે ત્યારે આ રૂટમાં ૩૩ દેરાસરો અને મહત્ત્વપૂર્ણ હેરિટેજ સાઇટ્સને આવરી લેવામાં આવનાર છે.

જીતોના અન્ય વિશિષ્ટ કાર્યક્રમોમાં જીતો એડમિનિસ્ટ્રેટીવ ટ્રેઇનિંગ ફાઉન્ડેશન, શ્રમણ આરોગ્યમ, જીતો એજ્યુકેશનલ લોન પ્રોગ્રામ, જીતો મેટ્રિમોનીયલ આસિસ્ટન્સ પ્રોગ્રામ, જીતો ન્યુઝલેટર તથા જીતો પ્રીમિયર લીગ JPL 20:20 જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. જીતો અમદાવાદ સ્થિત જૈન પરિવારોની સરનામા - ટેલિફોન ડિરેકટરી પણ બહાર પાડવા માંગે છે.

તદ્ઉપરાંત જીતોએ જૈન ઇન્ટરનેશનલ વિમેન્સ ઓર્ગેનાઇઝેશન - જીવો અને જૈન ઇન્ટરનેશનલ યુથ ઓર્ગેનાઇઝેશન - જીયોની પણ સ્થાપના કરાવેલ છે.

*માન પ્રાપ્ત કરવાનો એક માત્ર માર્ગ એ છે કે પહેલાં તમે બીજાને આપો.*

**જીતો એટલે જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન.** આ એક એવી સંસ્થા છે કે તે ધારે તો ચેમ્બર ઑફ કોમર્સ પ્રકારની સંસ્થા સ્વરૂપે માત્ર ઉદ્યોગપતિ કે વ્યાપારીઓનું સંગઠન બની તેને અનુરૂપ કાર્યો કરી શકે. પરંતુ પૂ.ગણિવર્ય નયપદ્મસાગરજી મહારાજ સાહેબની દોરવણી હેઠળ તેણે પોતાના નામ અને ક્ષેત્ર સિવાય અત્યાર સુધી અનેકવિધ કાર્યો સિધ્ધ કરી બતાવેલ છે. આ બધા કાર્યો સારા છે અને તે કરવા જોઇએ અને અત્યારે છે તેનાથી વધુ ઊંચાઇએ પણ લઇ જવા જોઇએ.

ઉપરોક્ત કાર્યો પર નજર ફેરવશું તો તેમાંથી એક જ ભાવ ઉત્પન્ન થશે કે આ કાર્ય થકી પૃથ્વી પર હયાત માનવ વધુ સારી રીતે જીવી શકે, વધુ જ્ઞાન પામી શકે, હાલે છે તેનાથી વધુ ભૌતિક કે માનસિક આબાદી મેળવી શકે.

પરંતુ પ્રશ્ન એ છે કે જીતો જેવી સંસ્થાએ આ પ્રકારના કાર્યોથી સંતોષ માનવો રહ્યો? આ એક એવા પ્રકારની સંસ્થા છે કે જેના સભ્યો ગુજરાતના શ્રેષ્ઠ શ્રેષ્ઠીઓ છે અથવા તો શ્રેષ્ઠ પ્રકારના શ્રેષ્ઠીઓ આ સંસ્થાની ખૂબજ નજદીકનો નાતો ધરાવે છે. ગુજરાત રાજયની ઉચ્ચ કક્ષાની ખમતીધર અને શ્રેષ્ઠ સંસ્થા - એન.જી.ઓ. - જેમને કહી શકાય તેમાંની આ એક સંસ્થા છે. આનાથી ઉચ્ચ કક્ષાની શકિતશાળી સંસ્થા ભાગ્યેજ હોઇ શકે. આ સંસ્થા ધારે તો પોતાના કોઇ પણ પ્રોજેક્ટ માટે મિનીટોમાં કરોડોનું ફંડ એકત્રિત કરી શકે તેવી તેની શક્તિ છે. ગુજરાત રાજયને દોરવણી આપી શકે તેવી તેની ''થીંક ટેંક'' છે. તે ધારે તો મહાજન પ્રવૃત્તિને ઉત્તેજન આપી શકે - પોતે શ્રેષ્ઠ મહાજન તરીકે બહાર આવી શકે. તેનો બોલ ફેરવવાની કોઇ પણ રાજકારણી કે અધિકારી હિંમત ના કરી શકે તેવો તેનો પ્રભાવ તે ઇચ્છે તો પાડી શકે. તે માત્ર ઉપર પ્રમાણેના કાર્યોમાં સંતુષ્ટ કઇ રીતે રહી શકે?

અમદાવાદની પોળોમાં અનેક મંડળો ચાલે છે. પોળે પોળે મંડળો અસ્તિત્વ ધરાવતા હોય છે. તેઓ સામાજિક, ધાર્મિક, રમતગમત, પિકનિક, વિવિધ મેડિકલ કેમ્પ, વગેરે પ્રકારની પ્રવૃત્તિઓ કરતા હોય છે. સંઘો તેનાથી ઉચ્ચ પ્રકારની પરંતુ ઉપરોક્ત ડાયરાઓમાંના જ કાર્યો કરતા હોય છે. સામાજિક સંસ્થાઓ તેનાથી એક ડગલું ફરી આગળના કાર્યો કરે છે. જીતો પણ આજ પ્રકારના કાર્યો - થોડા ઊંચા લૅવલેથી કરે છે. જીતો જેવી સંસ્થાનું અંતિમ ધ્યેય હરગીઝપણે આ ના હોઇ શકે.

આ લેખ વાંચનાર દરેકને નમ્ર અપીલ છે કે તેઓ મંગલ મંદિરનો, નવેમ્બર -૨૦૧૨ના અંકનો તંત્રીલેખ ફરીથી વાંચી જાય. અત્યારે સારાએ ભારત દેશમાં ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. તેણે દેશના અર્થતંત્રને ખૂબજ નુકસાન પહોંચાડેલ છે. આમ આદમી વધુને વધુ નીચેના લેવલે જતો જાય છે. ત્યારે હવે આશા રહી છે એક માત્ર મહાજન ઉપર, મહાજન પ્રથા ઉપર કે જેનો ભૂતકાળનો ઇતિહાસ ખૂબજ યશસ્વી રહેલ છે. મહાજન પ્રથાનો ઝંડો જીતો જેવી સંનિષ્ઠ અને માતબર સંસ્થા ફરીથી આ દેશમાં નહીં ફરકાવે તો કોણ ફરકાવશે? ભારત દેશનું હાલે જે અવમૂલ્યન થયું છે, તેમાંથી તેને બહાર કોણ કાઢશે? રાજકારણમાં હાલે જે ગંદકી ફેલાયેલ છે તેને આ મહાજનો સ્વચ્છ નહીં કરે તો કોણ કરશે?

એક અન્ય પ્રકારનું કાર્ય પણ જીતો જેવા એનજીઓની રાહ જોઇ રહેલ છે.

આપણને સહુને એક વાતનો અહેસાસ છે કે ફાઉન્ટનપેન, વાયરલેસ, રેડિયો, ટી.વી., કોમ્પ્યુટર, મોબાઇલ, આઇપોડ, અન્ય અનેક પ્રકારના ઇલેકટ્રોનિક ગેજેટ્સ વગેરેની શોધ ભારત દેશમાં થવા પામેલ નથી. એજ રીતે એટોમિક એનર્જી, સ્પેસ સાયન્સ તથા અનેકવિધ અન્ય વિભાગોમાં આપણે ઘણાં પાછળ છીએ. અન્ય દેશોના વૈજ્ઞાનિકો નિત નવી શોધ પાછળ પોતાની જાત હોમી દે છે. ગોડ પાર્ટીકલ્સની શોધ એ તાજેતરનો જ દાખલો છે. ભારતના વૈજ્ઞાનિકોને એ પ્રકારનો માહોલ અહીં પ્રાપ્ત થઇ શકતો નથી. રાજકારણ જયારે પૂરેપૂરું ખાડે ગયેલ છે ત્યારે **જીતો જેવી સંસ્થા પાસેથી આ ક્ષેત્ર તરફના કાર્યોની આશા રાખવામાં આવે છે.**

આપણે ઉચ્ચ દરજ્જાની નહીં, નાના દરજ્જાની વાત કરીએ. હિંદુ સંસ્કૃતિમાં જે ગાયને આપણે પૂજનીય માનીએ છીએ તેને તથા તેની ઓલાદને આપણે દરરોજ કસાઇવાડે જતી જોઇએ છીએ. ખૂબજ અફસોસ વ્યક્ત કરવા છતાં જીવદયા પ્રેમીઓના હાથ હેઠા પડે છે. ગાયની ઓલાદ કસાઇવાડે જવાનું કારણ એ કે તેને પાળવી એ આજની પરિસ્થિતિમાં પરવડતી નથી. તે બોજારૂપ બની રહેલ છે. તે બોજારૂપ ના બને અને તેને પાળવાથી વિશેષ આવક મળી રહે તેવી શોધ કોણ કરશે? તેના ગોબર અને ગૌમૂત્રમાંથી અમૂલ્ય ઔષધો અથવા અન્ય વસ્તુઓ બનાવવાની ખોજ કોણ કરશે? તે માટે રિસર્ચ સેન્ટર કોણ ઊભા કરશે? જીતો પ્રકારની સંસ્થાઓએ આ માટે પ્રેરણા પૂરી પાડી, આ પ્રકારની કાર્યવાહી કરાવવી ઘટે.

*સ્ટાઈલની બાબતમાં પ્રવાહ સાથે તરો, પણ સિદ્ધાંતની બાબતમાં ખડક થઈ ઊભા રહો.*

જંગલોમાં અનેક વૃક્ષો કાપી તેના લાકડા બનાવવામાં આવે છે, કે જે પર્યાવરણ માટે નુકસાનકર્તા છે. આ વૃક્ષોની પેદાશો પર આર એન્ડ ડી કરી તેને મૂલ્યવાન બનાવવામાં આવે તો વૃક્ષો કાપવાની પ્રવૃત્તિ આપોઆપ બંધ થઈ જાય. આ પ્રકારના રિસર્ચ સેન્ટર કોણ ઊભા કરશે? જે વૃક્ષ અનેકગણી કિંમતની પેદાશ આપે તે વૃક્ષો વાવવાનું ખેડૂતોને કોણ પ્રેરશે?

કેન્સરને મહાત કરી શકાય તેવી દવાની શોધ, માનવ શરીરના વિવિધ ભાગો લેબોરેટરીમાં બનાવવા, મોટી ઉંમરે ચામડી તંગ કઈ રીતે રાખી શકાય તે માટે રિસર્ચ સેન્ટર, માનવ કિડની બગડી જાય તો તેને ફરી કાર્યરત કરવી, વગેરે પ્રકારની શોધખોળ માટે બહુ જ લાંબા લિસ્ટ બની શકે. આ પ્રકારના તંત્રો ઊભા કરવા અથવા તો તે માટે જરૂરી પ્રેરણા પૂરી પાડવી, કે જે માટે મહાજન કટિબધ્ધ નહીં થાય તો કોણ પ્રેરણા આપશે?

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા કેનાલોના કામ અને નર્મદા ડેમના કામ સમયસર પાર પાડવા જ્યારે રાજકીય પક્ષોને કોઈ જ ઉતાવળ નથી ત્યારે મહાજન આગળ નહીં આવે તો કોણ કરાવશે?

આવા તો અનેક પ્રકારના વિધવિધ કાર્યો કે જે ખૂબજ ઊંચાઈના કાર્યો છે તે કાર્યો - અત્યારના કાર્યક્રમો ઉપરાંત હાથ પર લેવાની આશા અનેક જૈનો જીતો જેવી સંસ્થા પાસેથી રાખી રહ્યા છે.

જીતોની માત્ર એપેક્ષ બોડી નહીં, માત્ર તેનું અમદાવાદ ચેપ્ટર પણ નહીં, પરંતુ તેના એકેએક ચેપ્ટરે ઉજાગર કરી એક તરફ વિવિધ પ્રકારના રિસર્ચ સેન્ટરો સ્થાપવા જોઈએ, વિવિધ વિભાગના વૈજ્ઞાનિકોને ઉત્તેજન મળી રહે તેવી લેબોરેટરીની રચના કરવી જોઈએ અને અન્ય તરફ ઉજાગર કરી મહાજન પ્રથાને ઉત્તેજન આપી ભારત દેશની થયેલ અવમાનનાને ઉચ્ચ આદર્શ તરફ લઈ જવા પ્રયાસ કરવા જોઈએ. જીતો પ્રકારની બિનસરકારી ઉચ્ચ સંસ્થા પાસેથી આ અને આનાથી પણ ઉચ્ચ પ્રકારના કાર્યોની અપેક્ષા રખાય તે સ્વાભાવિક છે. જીતો આ વાત ધ્યાન પર લઈ શકશે?

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## કચ્છી સંસ્થા વિશેષાંક

'મંગલ મંદિર'નો એપ્રિલ-૨૦૧૩નો અંક 'કચ્છી સંસ્થા વિશેષાંક' તરીકે પ્રસારિત કરવામાં આવનાર છે. સમગ્ર ભારત દેશમાં અને કચ્છમાં જે કચ્છી સંસ્થા સવિશેષપણે કાર્યરત છે તે સંસ્થાઓની ઓળખ સમગ્ર કચ્છી સમાજને થાય તે હેતુથી આ સંસ્થાઓની વિગતો પ્રસારિત કરવામાં આવનાર છે. તે હેતુસર જ 'કચ્છી સંસ્થા વિશેષાંક' પ્રસારિત કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

બાર મહિનામાં એકાદ વખત મિલન સમારંભ યોજવા, પિકનિક - પ્રવાસ યોજવા કે અન્ય નાની મોટી પ્રવૃત્તિઓ કરતી અનેક કચ્છી સંસ્થાઓ ભારતભરમાં કાર્યરત છે પરંતુ અન્ય અનેક સંસ્થાઓ એવી છે કે જે અનેકવિધ ક્ષેત્રે જનલાભાર્થે કામ કરતી આવેલ છે.

આ પ્રકારે જન લાભાર્થે કામ કરતી ઉચ્ચ કોટીની સંસ્થાઓની વિગત અત્રેથી મંગાવવામાં આવે છે. જે સંસ્થાઓ આ પ્રકારના કાર્યક્ષેત્રે કાર્યરત હોય તેઓ પોતાની વિગતવાર માહિતી નીચેના સરનામે તાત્કાલિક મોકલી આપે તેવી અત્રેથી અપીલ કરવામાં આવે છે.

**મંગલ મંદિર**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨

અમે પણ કેટલીક સંસ્થાઓને પત્રો લખી તેમની પાસેથી આ પ્રકારની માહિતી મંગાવેલ છે. જે સંસ્થાઓ પાસેથી અમે વિગત મંગાવેલ હોય અને કોઈ પણ કારણસર એ સંસ્થાઓ પોતાની વિગત મોકલી શકેલ ના હોય તેઓને તેમની વિગત મોકલી આપવા અત્રેથી ફરી અપીલ કરવામાં આવે છે.

***તંત્રી મંડળ – મંગલ મંદિર***

*કોઈની પણ સાચી પ્રશંસા કરવામાં જરાય કરકસર ના કરતાં.*

ઘાસ-ચારા અંગેનો અહેવાલ

# કચ્છની ઘાસ-ચારાની જરૂરિયાત કચ્છ જ પૂરી પાડી શકે તેમ છે

## ૧૭,૦૦૦ એકરમાં ઘાસચારો ઉગાડવા પ્રતિ એકરે રૂા. ૫૦૦/-ની પ્રોત્સાહન યોજના

કચ્છમાં ઘાસચારો ઉગાડવા માટે જરૂરી પ્રયત્નો કરવા કેટલાક પ્રગતિશીલ ખેડૂતો સાથેની એક મિટીંગનું આયોજન કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠનની ભુજ ખાતેની ઓફિસમાં ગુરૂવાર, તા. ૧-૧૧-૧૨ના રોજ કરવામાં આવેલ હતું.

આ મિટીંગમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઇ મહેતા, કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠનના પ્રમુખ શ્રી વસનજીભાઇ સોની, શ્રી હરીશભાઇ નાગડા, શ્રી સોહિતભાઇ દેઢિયા, શ્રી મહેન્દ્રભાઇ ગઢવી, શ્રી મનોજભાઇ સોલંકી, શ્રી ધીરજભાઇ પારેખ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ મિટીંગમાં નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ હતી.

૧. કચ્છ જિલ્લાની ૮૧ પાંજરાપોળના ૬૫,૦૦૦ ઢોર સહિત કચ્છમાં અંદાજે ૩,૦૦,૦૦૦ ઢોર હોવા જોઇએ.

૨. કચ્છમાં નવેમ્બર-૨૦૧૨ સુધી ચોમાસા દરમ્યાન ઉગેલ ઘાસ ચાલી શકશે. ત્યારબાદ ડિસેમ્બર-૨૦૧૨થી ઓગસ્ટ-૨૦૧૩ એટલે કે ૯ મહિના અથવા ૨૭૦ દિવસ માટેનું ઘાસ બહારથી લાવવું પડશે.

૩. દરરોજના એક ઢોરને સરેરાશ ૧૦ કિલો ઘાસની ગણનાએ ૩,૦૦,૦૦૦ ઢોરને ૨૭૦ દિવસ માટે ૮,૧૦,૦૦૦ ટન અથવા તો ૨,૦૩,૦૦,૦૦૦ મણ ઘાસની જરૂરિયાત રહેશે.

૪. આ ઘાસચારો બહારથી મંગાવવાના બદલે કચ્છમાં જ ઉગાડવામાં આવે તો ખેડૂતોના અને પાંજરાપોળોના ખર્ચમાં સારો એવો ફેર પડી શકે.

૫. જે વિસ્તારમાં પિયત ખેતી હોય તે ખેડૂતોને પ્રોત્સાહન આપી માત્ર ઘાસચારાના પાક જ લેવા. એટલે કે મકાઇ, જુવાર, ગાજર, રંજકો વગેરે પાક માટે તેઓને સમજાવવા જોઇએ.

૬. કચ્છની જરૂરિયાત મુજબનું ૨,૦૩,૦૦,૦૦૦ ટન ઘાસ માટે એક એકરે ૪૦૦ મણ સરેરાશ પાકની ગણનાએ એક પાક લેવાય તો ૫૧૦૦૦ એકર અને ૯ મહિનામાં ત્રણ પાક લેવા માટે ૧૭૦૦૦ એકર જમીનને પ્રોત્સાહન આપવું જરૂરી બની રહે છે.

૭. એક એકરે રૂા. ૫૦૦/- ના પ્રોત્સાહન આપવાની યોજના હાલ પૂરતું અમલમાં મૂકી પિયતવાળા ખેડૂતોને આ માટે પ્રોત્સાહન આપી, જરૂરી વિગતોની સમજ આપી આ કાર્યનો આરંભ કરી શકાય.

૮. આ યોજના માટે હાલે ૨૦૦૦ એકરની લિમિટથી શરૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવિધ દાતાશ્રીઓ અને જીવદયાપ્રેમીઓ પાસેથી ડોનેશન્સ મેળવી ૧૭૦૦૦ એકરના લક્ષ્યાંક માટેના પ્રયાસો કરવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

૯. આ યોજનાને આગળ ધપાવવા નીચે મુજબના ૫ સભ્યોની ઘાસચારા સમિતિની રચના કરવામાં આવેલ હતી.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી મહેન્દ્રભાઇ ગઢવી | (ભુજપુર) | કન્વીનર | ૦૯૯૨૫૧ ૩૩૯૭૯ |
| (૨) | શ્રી સોહિતભાઇ દેઢિયા | (ગઢશીશા) | સભ્ય | ૦૯૮૨૫૭ ૩૭૦૮૮ |
| (૩) | શ્રી મનોજભાઇ સોલંકી | (માધાપર) | સભ્ય | ૦૯૮૨૫૪ ૨૮૧૦૦ |
| (૪) | શ્રી ભરતભાઇ સોંદરવા | (ભુજ) | સભ્ય | ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ |
| (૫) | શ્રી વસનજીભાઇ સોની | (મુંબઇ) | સભ્ય | ૦૯૯૧૩૯ ૫૩૮૫૬, ૦૯૯૨૦૨ ૯૮૭૨૬ |

૧૦. ઉપરોક્ત યોજનાના અમલ માટે કચ્છના દસે દસ તાલુકાના ખેડૂતો સાથે રૂબરૂમાં ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. તેના અનુસંધાને પ્રથમ મુંદ્રા તાલુકાના ખેડૂતોને એકત્રિત કરી એક મિટીંગનું આયોજન એંકરવાલા અહિંસાધામ ખાતે મંગળવાર, તા. ૬-૧૧-૨૦૧૨ના રોજ ગોઠવવાનું નક્કી કરવામાં આવેલ હતું. ■

*માણસનું ખૂન કરવા કરતાં એના વિશ્વાસનું ખૂન કરવું વધારે ભયંકર છે.*

# કચ્છમાં ઘાસચારાની વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ અને કચ્છ જિલ્લા પાંજરાપોળ - ગૌશાળાનો સંયુક્ત પ્રયાસ**

## ઍંકરવાલા અહિંસાધામ ખાતે યોજવામાં આવેલ મીટિંગનો અહેવાલ

ચાલુ વર્ષે અપૂરતા વરસાદના કારણે કચ્છ જિલ્લામાં પશુધનના નિભાવ અર્થે ઘાસચારાની વિકટ સમસ્યા ઊભી થયેલ છે. તે પ્રશ્નને હલ કરવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને કચ્છ જિલ્લા પાંજરાપોળ - ગૌશાળા સંગઠનના ઉપક્રમે તા. ૬-૧૧-૨૦૧૨ના રોજ પ્રાગપર રોડ સ્થિત એન્કરવાલા અહિંસાધામ મધ્યે પશુધનના નિભાવ માટે ઘાસચારાનું વાવેતર કરી વિકટ સ્થિતિનો સામનો કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે પ્રારંભિક સ્વરૂપે માત્ર મુંદ્રા તાલુકાના લગભગ ૧૦૦ કિસાનો સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભુજપુરના પ્રગતિશીલ કિસાન શ્રી મહેન્દ્રભાઈ ગઢવીએ બેઠકનો હેતુ સમજાવતાં કહ્યું હતું કે, પશુધન માટે ઘાસચારાની ખેંચના સંજોગોમાં કચ્છના ગામડાંના લોકો, પાંજરાપોળ તેમજ ખેડૂત વર્ગે સહિયારા પ્રયાસો કરીને આ સમસ્યાનો ઉકેલ કાઢવો જોઈએ. તેમણે પશુધન આધારિત સમાજ વ્યવસ્થા તરફ પણ ભાર મૂક્યો હતો. ઉદ્દેશના અંતર્ગત અને વિવિધ પ્રકારના સર્વે તેમજ ચર્ચા - વિચારણાની ફળશ્રુતિ રૂપે એક નક્કર યોજના રજૂ કરવામાં આવી હતી. યોજનાના મુખ્ય તારણો નીચે પ્રમાણે હતા.

- ઘાસચારાની વિકટ પરિસ્થિતિનો સંપૂર્ણ રીતે તાગ કાઢવો.
- ચારો બહારથી મંગાવવો ન પડે તેવા પ્રયાસ કરવા.
- વિકટ સ્થિતિમાં ઘાસચારાનું વાવેતર કરવા કિસાન વર્ગને જાગૃત કરવા.
- ઘાસચારાના વાવેતર માટે પ્રોત્સાહન આપવું.
- વાવેતર માટે એકરદીઠ આર્થિક સહાય પૂરી પાડવી.
- તૈયાર થયેલ પાક, જિલ્લાની પાંજરાપોળ - ગૌશાળા સંસ્થાઓ પોષાણયુક્ત નક્કી કરેલ ભાવે ખરીદી કરવા આગળ આવે અને તે માટે નક્કર બાંહેધરી આપે.
- તૈયાર માલ માટે તળિયાના ભાવ નક્કી કરવા, વગેરે.

તે મુજબ, બેઠકમાં ઘાસચારાની મૂળ યોજનાને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું હતું. જેના અંતર્ગત ચાલુ માસથી આવતા ચોમાસાના સમય સુધી એટલે કે ઓગસ્ટ-૨૦૧૩ સુધી કુલ નવ માસ માટે કચ્છમાં ઘાસચારાની જરૂરિયાત, જિલ્લાની પાંજરાપોળ તેમજ અન્ય મળીને જાનવરોની સંખ્યા સામે ઘાસચારાની કુલ જરૂરિયાતની ગણના કરવામાં આવેલ હતી.

ઘાસચારાનો પાક કિસાનો પાસેથી કચ્છ જિલ્લાની પાંજરાપોળ - ગૌશાળા સંસ્થાઓ યોગ્ય ભાવે ખરીદે અને તે માટે અગર કોઈ સમસ્યા ઊભી થાય તો પાંજરાપોળ અને ખેડૂતોએ સંયુક્ત રીતે તેનો ઉકેલ લાવવા પ્રયાસ કરવો. ઘાસચારાના તળિયાના ભાવ નક્કી કરવામાં આવ્યા હતા. જે મુજબ બાજરી-રંજકો રૂા. ૮૦/-, મકાઈ રૂા. ૫૫/-, ગુવાર રૂા. ૬૫/- અને ગાજરના રૂા. ૬૦/- પ્રતિ એક મણના નિયત કરવામાં આવ્યા હતા. અગર ખેડૂતને તેનાથી વધુ ભાવ ખુલ્લી માર્કેટમાં મળે, તો તે ભાવે પોતાનો ઘાસ વેચી શકશે, તેવી પણ સહમતિ થઈ હતી.

આ પ્રસંગે કચ્છ જિલ્લા પાંજરાપોળ સંગઠનના અધ્યક્ષ શ્રી વિશનજીભાઈ સોનીએ જણાવ્યું હતું કે, પાંજરાપોળોને ઘાસચારો બહારથી મંગાવવો પડે છે. સહિયારા પ્રયાસોથી બહારથી ખરીદાતા ઘાસચારાની સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી છે. તેમણે ઓર્ગેનિક ઘાસ મશીનની સમગ્ર માહિતી આપતાં જણાવ્યું કે આ મશીન દ્વારા પ્રતિદિન ૧૨૦ કિલો લીલો ઘાસચારો મળી શકે અને તે માટે ૧૧ ફૂટ x ૭ ફૂટના મશીન માટે ૭૭ ચો.ફૂટની જગ્યા આવશ્યક છે.

સંયુક્ત પ્રયાસની આગેવાની લેનાર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઈ

*માણસે ઓછામાં ઓછું બે વખત મોં બંધ રાખવું : પાણીમાં તરતી વખતે અને ગુસ્સો ચડે ત્યારે.*

મહેતાએ ઘાસચારાના વાવેતર સંબંધી યોજનાની વિસ્તૃતપણે ચર્ચા કરતાં જણાવ્યું કે, ઘાસચારાની પેદાશમાંથી તથા તેની ખરીદી અને વેચાણની પ્રક્રિયાના અંતે રૂા. ૫૦૦/- જેવું યોગ્ય વળતર ખેડૂત વર્ગને મળે, તે અગત્યની બાબત છે. આ દિશામાં મુંદ્રા તાલુકાએ પહેલ કરી છે તે માટે તેમણે કિસાનોને તેમજ પાંજરાપોળ અને અન્ય સંસ્થાઓના આગેવાનોને અભિનંદન આપ્યા હતા. બહારથી ચારો મંગાવવો ન પડે તેવી નક્કર કામગીરીની અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

**આ બેઠકમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી અશોકભાઈ મહેતાની સાથે સમાજના સહમંત્રી શ્રી દિનેશ આર. મહેતા તેમજ કાર્યકર શ્રી દિનેશ એમ. શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા.**

ત્યારબાદ નીચે મુજબના ત્રણ સભ્યોની એક સમિતિ મુંદ્રા તાલુકાના ઘાસચારા માટે નીમવામાં આવેલ હતી.

*શ્રી મહેન્દ્રભાઈ ગઢવી : ૯૯૨૫૧ ૩૩૯૭૯*

*શ્રી નવીનચંદ્ર નેમચંદ મહેતા : ૯૮૨૫૧ ૫૦૬૯૧*

*શ્રી પુનશીભાઈ ગઢવી (ખેડૂત વર્ગ વતી) : ૯૮૨૫૩ ૬૪૩૦૦*

બેઠકમાં ચર્ચા વિચારણાના અંતે જે તારણ ઉપસ્યું હતું તે મુજબ માત્ર મુંદ્રા તાલુકામાં ૧૭૦૦ એકરમાં અને જિલ્લામાં ૧૭,૦૦૦ એકરમાં ઘાસ ઉગાડવું જરૂરી છે. તેવા અંદાજ સાથે ઉત્પાદિત ઘાસ ખરીદવાની જિલ્લા પાંજરાપોળ સંગઠને ખાતરી આપી હતી. ઘાસ ઉગાડનાર કિસાનને યોજના મુજબ એક એકરે રૂા. ૫૦૦/-નું પ્રોત્સાહન આપવામાં આવશે. આ યોજના અત્યારે બે હજાર એકર પૂરતી મર્યાદિત રાખવામાં આવી છે પરંતુ જરૂરિયાત મુજબ તેમાં વધારો પણ થઈ શકે છે. જેની આગેવાની શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તથા કચ્છ જિલ્લા પાંજરાપોળ - ગૌશાળા સંગઠને લીધી હતી.

આયોજકોના જણાવ્યા અનુસાર કિસાન સંઘ, ગૌસેવા સમિતિ, કચ્છ જિલ્લા પાંજરાપોળ સંગઠન, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અને ખેડૂતો આ પ્રથમ સંયુક્ત બેઠક હતી. આજ હેતુ માટેની બેઠક હવે પછી જિલ્લામાં અન્યત્ર બોલાવવામાં આવશે. તે સમયે યોજનાને વિસ્તૃત રૂપ પણ આપવામાં આવશે તેવી ગણતરી રાખવામાં આવી છે. બેઠકનું સંચાલન શ્રી મહેન્દ્રભાઈ ગઢવીએ કર્યું હતું. ઝરપરા કિસાન સંઘના શ્રી પુનશીભાઈ ગઢવી, શ્રી ધનજીભાઈ શાહ, યોજનાના પ્રેરણાસ્રોત શ્રી અશોકભાઈ મહેતા, શ્રી નવીનભાઈ મહેતા, અદાણી જૂથના શ્રી કરશનભાઈ ગઢવી, શ્રી મનોજભાઈ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

દરેકના પ્રવચનોનો ટૂંક સાર એવો હતો કે, ઉપરોક્ત સમસ્યાનો રાજકીય ઉકેલ ગમે તે સ્થળે અથવા સ્તરે કાંઈપણ હોઈ શકે છે પરંતુ તેવા નિર્ણયો કદાચ સાર્વજનિક ન હોય. એટલે ખેડૂતવર્ગ અને પાંજરાપોળ - ગૌશાળા જેવી સંસ્થાઓએ સાથે રહીને તેનો ઉકેલ લાવવો જરૂરી બને છે. તે સંજોગોમાં સ્થાનિક લોકોના સાથ - સહકાર વડે ઘાસચારાની સમસ્યાનો અંત લાવી શકાય. વધુમાં, ખેડૂતવર્ગે પશુધનના હિતમાં પોતાનું દિલ ઉદાર રાખવાની વાત થઈ હતી. જેને ઉપસ્થિત ખેડૂત વર્ગે સમર્થન આપ્યું હતું. આ કામે સહિયારી ભાગીદારી કરીને આખા કચ્છ જિલ્લાની વિકટ પરિસ્થિતિને આસાનીપૂર્વક હલ કરી શકાશે તેવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

***પ્રેષક : દિનેશ આર. મહેતા***

# કચ્છના ઇતિહાસનું વિમોચન

'મંગલ મંદિર', નવેમ્બર-૨૦૧૨ના અંકમાં જાહેર કરવામાં આવેલ હતું કે "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ" દ્વારા લખાવાયેલ કચ્છના સર્વાંગીપણે ઇતિહાસ આલેખનના પુસ્તકનું વિમોચન મુંબઈ ખાતે રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ના અને ભુજ ખાતે રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના યોજવામાં આવેલ છે. સંજોગોવશાત્ આ તારીખ જાળવી શકાયેલ નથી અને તેમાં ફેરફાર કરી આગળ ઉપર લઈ જવામાં આવેલ છે. અન્ય તારીખ નક્કી થયેથી તે અંગેની વિગતવાર માહિતી હવે પછી આપવામાં આવશે જેની સહુએ નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

**સેક્રેટરી**

**કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**

*તમારામાં રહેલી શક્તિઓનો કેટલો ઈષ્ટ ઉપયોગ થયો તે તમારી સફળતાનો માપદંડ છે.*

# "કચ્છમાં વિકાસની ખૂટતી કડીઓ" વિષય પર એક દિવસીય સેમિનાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના અનુસંધાને અનેકવિધ કાર્યક્રમો હાથ પર લેવાઈ રહેલ છે અને દરેક કાર્યક્રમ યોજનાબધ્ધ રીતે પૂર્ણ પણ કરવામાં આવી રહેલ છે. સુવર્ણ જયંતી વર્ષના ૧૩ મુખ્ય કાર્યક્રમો સાથે અન્ય અનેકવિધ કાર્યક્રમોના કારણે ટોટલ ૬૦થી પણ વધુ કાર્યક્રમો સંપન્ન કરવામાં આવનાર છે.

સુવર્ણ જયંતી વર્ષનો ૧૦મો મુખ્ય કાર્યક્રમ એટલે ભુજ ખાતેનો એક દિવસીય સેમિનાર. સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન તેનો દ્વિતીય કાર્યક્રમ મુંબઈ ખાતે યોજવામાં આવેલ હતો. અન્ય એક કાર્યક્રમ દરમ્યાન અમદાવાદ ખાતે ગુજરાતભરના કચ્છી જૈન યુવા-યુવતીઓને એકત્રિત કરી, વ્યક્તિત્વના વિકાસ વિશે વિવિધ વિષયો પર વક્તવ્યો ગોઠવવામાં આવેલ હતા. હવે તેનો ૧૦મો મુખ્ય કાર્યક્રમ એટલે "કચ્છમાં વિકાસની ખૂટતી કડીઓ" વિષય પર વિવિધ વિષયે વક્તવ્યોનું આયોજન ગોઠવવામાં આવી રહેલ છે.

આ કાર્યક્રમ માટે ભુજના હોસ્પિટલ રોડ પર વાગડ બે ચોવીસી સમાજનો હોલ નક્કી કરવામાં આવેલ છે. કાર્યક્રમ સવારના ૧૦.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીનો યોજવામાં આવેલ છે. "કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ" વિષય પર આ સેમિનારનું આયોજન ગોઠવવામાં આવેલ છે.

વિગતવાર પ્રોગ્રામ નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| સવારના | ૧૦.૦૦ | થી | ૧૧.૩૦ | કાર્યક્રમ ઉદ્‌ઘાટન સમારોહ |
| | ૧૧.૩૦ | થી | ૧.૦૦ | અલગ અલગ ત્રણ વિષયો પર વિગતની રજૂઆત અને પ્રશ્નાવલિ |
| | ૧.૦૦ | થી | ૨.૦૦ | લંચ બ્રેક |
| | ૨.૦૦ | થી | ૩.૩૦ | અલગ અલગ ત્રણ વિષયો પર વક્તવ્ય અને પ્રશ્નાવલિ |
| | ૩.૩૦ | થી | ૪.૦૦ | ટી બ્રેક |
| | ૪.૦૦ | થી | ૫.૦૦ | બાકી રહેતા બે વિષયો પર વક્તવ્ય અને પ્રશ્નાવલિ |
| | ૫.૦૦ | થી | ૫.૩૦ | કાર્યક્રમનો સારાંશ અને આભારવિધિ. |

ધરતીકંપ પછી કચ્છ વિવિધ દિશાએથી પ્રગતિ સાધેલ છે. તેમ છતાં હજુ પણ અનેક વિભાગોમાં પ્રગતિ સાધી શકાય તેમ છે. આ કાર્યક્રમ કચ્છની સમગ્ર પ્રજાને સ્પર્શતો હોવાથી સૌ કોઈને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું અત્રેથી ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**


*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| Ph. : 26434611 | Ph. : 27471378, 27475167 | Ph. : 23426818, 23448705, 23400597 |

| | | | |
|---|---|---|---|
| ● VAPI | : (0250) 3244993, 2023291 | ● VASHI | : (022) 27889527, 69517538 |
| ● SURAT | : (0261) 2367670, 2367287 | ● WAGOLI | : (020) 27052309 |
| ● BHIWANDI | : (02522) 270194, 271987 | ● FURSUNGI | : (020) 26980361 |
| ● ANDHERI | : (022) 28509760, 93703 19692 | ● VADGAON MAVAL | : (02114) 225629, 9372074359 |

E-mail : jdtcompany@gmail.com

# આગામી કાર્યક્રમો

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • રવિવાર, તા. ૯-૧૨-૨૦૧૨ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | તબીબી સેવા સમિતિ | તબીબી કેમ્પ : ઓર્થોપેડિક, બી.એમ.ડી. (બૉન મૅરો ડેન્સિટી ટેસ્ટ) તથા પેઈન મેનેજમેન્ટ. (પ્રથમ ૧૦૦ દર્દીઓ માટે બી.એમ.ડી. ફ્રી.) (૪૦ વર્ષથી ઉપરની વ્યક્તિઓ માટે.) |
| • શનિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૨થી રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ | ઢાકણી - ખારા ઘોડા વગેરે સ્થળે | બાલ કલ્યાણ સમિતિ | ઢાકણી તીર્થ, લબ્ધિધામ અને ઢાકણીથી ૧૫ કિ.મી. દૂર ખારાઘોડા રણમાં આકાશ દર્શન (૧૨થી ૧૮ વર્ષના બાળકો માટે) |
| • રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ સવારે ૯.૦૦થી સાંજે ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | પરિચય મિલન સમિતિ | લગ્નોત્સુક યુવક - યુવતીઓનું સંમેલન. |
| • રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૨ સવારે ૮.૦૦થી બપોરના ૧.૦૦ | સ્પોર્ટસ સંકુલ - ખોખરા, મણિનગર (ઈસ્ટ) | યુવા વિકાસ સમિતિ | સ્પોર્ટસ ડે નિમિત્તે વિવિધ ઑપન ગ્રાઉન્ડ હરીફાઈઓ. |
| • રવિવાર, તા. ૩૦-૧૨-૨૦૧૨ બપોરે ૧૨.૦૦થી સાંજના ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ | "જીવન કૌશલ્ય" વિષય પર પરિસંવાદ. સમાજના પરિવારજનના ૨૬ વર્ષથી ૪૫ વર્ષની વ્યક્તિઓ માટે. |
| • શનિવાર, તા. ૫-૧-૨૦૧૩થી બુધવાર, તા. ૯-૧-૨૦૧૩ | "કચ્છ દર્શન" – ૫ દિવસનો પ્રવાસ – બસ દ્વારા (અમદાવાદ - કચ્છ - અમદાવાદ) | મધ્યસ્થ કાર્યાલય | અમદાવાદથી ધોળાવીરાથી ભુજ. ભુજ ખાતે ૬-૧-૧૩નું સંમેલન. કારાડુંગર, કચ્છનું રણ, બોર્ડર, ભુજ ખાતે સાઈટ સીઈંગ, માંડવી બીચ, વિજય વિલાસ પેલેસ, અદાણી પોર્ટથી અમદાવાદ. |
| • રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ સવારે ૧૦.૦૦થી સાંજના ૫.૦૦ | વાગડ બે ચોવીસી એ.સી. હોલ, ભુજ | મધ્યસ્થ કાર્યાલય, | "કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ" વિષય પર એક દિવસીય સેમિનાર. (સુવર્ણ જયંતી વર્ષનો દસમો મુખ્ય કાર્યક્રમ) |
| • રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ સવારમાં ૯.૩૦થી ૧૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | મધ્યસ્થ કાર્યાલય | સામૂહિક શ્રદ્ધાંજલિ સભા. વર્ષ ૨૦૧૨ના સમાજ પરિવારના સદ્‌ગત આપ્તજનોની સ્મરણાંજલિ નિમિત્તે. |
| • શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩ સવારમાં ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં. | મધ્યસ્થ કાર્યાલય | પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન. |
| • રવિવાર, તા. ૨૭-૧-૨૦૧૩ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી પિકનિક સાઈટ | યુવા વિકાસ સમિતિ | એક દિવસનો પિકનિક કાર્યક્રમ. |
| • રવિવાર, તા. ૨૭-૧-૨૦૧૩ સવારમાં ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ. | તબીબી સેવા સમિતિ | માનસિક રોગ તથા સાઈકોથેરાપી પર પરિસંવાદ તથા પ્રશ્નોત્તરી. ૫ વર્ષથી ૧૫ વર્ષ સુધીની ઉંમરના બાળકો માટે મનોચિકિત્સા તથા સાઈકોથેરાપી ફ્રી નિદાન કેમ્પ. |

*ધર્મ વિના વિજ્ઞાન લંગડું છે, વિજ્ઞાન વગરનો ધર્મ આંધળો છે.*

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા

# સત્યનો પ્રભાવ

## કચ્છની રસધાર : મણકો-૪

• દુલેરાય કારાણી •

વર્ષા ઋતુની રમણીય સવાર હતી. ઠેકઠેકાણે ઊગી નીકળેલાં લીલાંછમ તૃણાંકુરો દૃષ્ટિને પ્રસન્ન કરી દેતાં હતાં. આખી રાત વરસીને થાકેલા મેહુલાએ પાછલી રાતે જ જરા વિસામો લીધો હતો. વાંકી - પત્રી વચ્ચે વહી રહેલી ભૂખી અથવા નેરણ નદીનો ધસારાબંધ વહેતો પ્રવાહ કંઈક હળવો બનીને બંને કાંઠે ઊભેલા લોકોને ઉકાર આપવા આમંત્રી રહ્યો હતો.

વર્ષા ઋતુની મનોહરતાનો આનંદ માણવાનો ઉત્સાહ પુખ્ત વયના માણસો કરતાં નાનાં બાળકોમાં અધિકતર જોવામાં આવે છે. કૃત્રિમતાને અભાવે નાનાં બાલુડાં કુદરત સાથે ઝટ ઓતપ્રોત થઈ જાય છે. મોટા માણસોમાં આવી વસેલી કૃત્રિમતા તેમને તેમ કરતાં અટકાવે છે.

વાંકી ગામના બાલમિત્રોની મંડળી આજે નેરણ નદીને કિનારે એકત્ર થઈને અનેક પ્રકારની રમતો રમી રહેલ છે. નદીના પૂરની એને પરવા નથી. ભીંજાવાનો ભય નથી. મગજમાં કશી ચિંતા નથી. સૌ કોઈ પોતપોતાની રમતમાં મશગૂલ છે.

કેટલાંક બાળકો માનવ હૃદયના આશા - મહેલો જેવાં રેતીનાં ઘરો ઘડીકમાં ચણી નાખે છે. ઘડીકમાં ચોળી નાખે છે. કેટલાંક નદીની રેતીમાં નાના વીરડા બનાવે છે અને તેમાં પાણી પ્રકટતાં ઉત્સાહમાં આવીને તાળીઓ પાડે છે. કેટલાંક તો લાત મારીને જમીનમાંથી પાણી કાઢવાની પોતાની શક્તિ જોઈને ફુલાઈ જાય છે અને પોતાના પરાક્રમની પરીક્ષા કરવા અન્યોને આમંત્રે છે.

આ રીતે વાંકીના બાલમિત્રો નાનાવિધ પ્રકારની રમતગમતમાં ગુલતાન બની ગયાં છે. અહીં એક ઓસવાળ કોમની વણિક બાલિકા નદીની ભેખડ ઉપર એકલી એકલી ખાડો ખોદી રહી છે. ખાડો જરા ઊંડો થતાં ઢાંકણીથી ઢાંકેલી માટીની મંગ (= મોટા ઘડા જેવું સાંકડા મોઢાનું વાસણ) જમીનમાં દાટેલી દેખાય છે.

મંગનું ઢાંકણું ઉઘાડી જોતાં તેમાં કાટથી લીલા રંગની બનેલી રાસાઈ કોરીઓ જોવામાં આવી. આ કોરીઓ જોઈને બાલિકાના આનંદનો પાર રહ્યો નહિ. વણિક બાળાએ બધી કોરીઓ હાથની બે સપડતી મુઠ્ઠીઓમાં ભરી લીધી. મંગ મોટી હતી પણ તેમાં કોરીઓ આ બાળાની મુઠ્ઠીઓમાં સમાઈ જાય એટલી જ હતી. બંને મુઠ્ઠી કોરીઓથી ભરીને આ બાળા એકદમ પોતાની માતા પાસે દોડી ગઈ.

કોરીઓ લાવનાર બાલિકાનું નામ હતું જેઠીબાઈ અને એની માતાનું નામ હતું ઉમરબાઈ.

પરમાત્માનાં સ્તવનો ગાતાંગાતાં આખો દિવસ રેંટિયો કાંતવાનું પવિત્ર કાર્ય જેનું નિત્ય કર્મ છે એવી આ ભક્તિ ભરપૂર હૃદયવાળી ધર્મપરાયણા ઉમરબાઈનું નિર્મળ મન બાલિકાની બે મુઠ્ઠી કોરીઓના મોહમાં મોહાઈ જાય એવું ન હતું. ઉમરબાઈએ આ કોરીઓને એક કુલડીમાં નાખીને તે ઊંચી રાખી દીધી.

ઉમરબાઈના પતિનું નામ પાલણશા. ધંધો ખેતીનો. હમણાં ચોમાસાની મોસમ હોવાથી પાલણશા આખો દિવસ ખેતીના કામમાં જ રચ્યોપચ્યો રહેતો.

સાંજે પાલણશા ખેતરના કામકાજમાંથી પરવારીને ઘેર આવ્યો ત્યારે ઉમરબાઈએ જેઠીને જડેલી કોરીઓ સંબંધી સઘળી હકીકત તેની પાસે રજૂ કરી. જમીનમાંથી જડેલી કોરીઓ પત્રી જઈને પત્રીના ઠાકોરને આપી આવવા ભલામણ કરી.

પાલણશાએ કહ્યું : 'હમણાં તો ખેતીના કામમાંથી ઘડીવારની પણ ફુરસદ નથી. પણ ચાર દિવસ પછી પાખી આવે છે એટલે પાખીના દિવસે આ કોરીઓ પત્રી દરબારને આપી આવીશ.'

વાંકી અને પત્રી એ બંને ગામો નેરણ નદીને સામસામે કિનારે આવેલ છે. નેરણ નદી પોતાના પ્રવાહથી આ બંને ગામોને વિખૂટાં પાડે છે. આમ છતાં બોલચાલમાં તો વાંકી - પત્રી નામ સાથે જ બોલાય છે. વાંકી અને પત્રીના ગામધણી ગ્રાસીઆ પત્રીમાં જ રહેતા હતા.

પાખી આવી પહોંચતા પાલણશાને જરા અવકાશ મળ્યો. જમીજૂઠી, કોરીઓવાળી કુલડી ખેસમાં બાંધી પાલણશા પત્રી તરફ ચાલતા થયા.

પત્રી દરબાર અને એમનો કારભારી દરબારગઢની ડેલીમાં વાતો કરતા બેઠા હતા ત્યાં પાલણશા પણ આવી પહોંચ્યો.

'પાલણશા, અજ તા આંઈ નિકરી આયા?' (પાલણશા, આજે તો તમે નીકળી આવ્યા!') પત્રી દરબારે પાલણશાનો સત્કાર કરતાં પ્રશ્ન કર્યો.

'બાવા, ઘણા દિવસથી તમારાં દર્શન થયા ન હતાં, એટલે મળવાનો વિચાર કરતો હતો ત્યાં એક બીજું કામ નીકળી આવ્યું.'

'તો વાત કરો, શું કામ છે?'

'બાવા! વાત એમ છે કે ચાર-પાંચ દિવસ પર મારી દીકરી જેઠી આપણી નદીમાં બીજાં છોકરાં જોડે રમતી હતી. એને રમતાંરમતાં નદીમાં દાટેલી આ કોરીઓ મળી હતી તે આપની પાસે લઈ આવવાની હતી. આજે પાખી હોવાથી એ લઈ આવ્યો છું.' એમ કહીને પાલણશાએ ખેસમાંથી કોરીઓની કુલડી કાઢી દરબારના પગ પાસે મૂકી.

*હે અસત્ય! તું ગમે તેટલું શક્તિશાળી હોઈશ, પણ કદીયે સત્ય તો નહીં જ બની શકે.*

પાલણશાનું પ્રામાણિકપણું જોઈ દરબાર ખુશ થયા. પાલણશાને શાબાશી આપી. પાસે બેઠેલા કારભારી બાસે પાલણશાની પ્રામાણિકતાનાં વખાણ કર્યાં.

થોડી વારની વાતચીત પછી પાલણશા પત્રી દરબારને સલામ કરી વિદાય થયો.

'બાવા! જોઈ આ વાણિયા વિદ્યા?' દરબારી કારભારીએ ટકોર કરી.

'એમ કેમ કહો છો, કારભારી?' દરબારે કારભારીને પ્રશ્ન કર્યો.

'બાપુ! આ વાણિયો આપણને બનાવી ગયો! શું એને એટલી જ કોરી મળી હશે?'

'ત્યારે તમે શું ધારો છો?'

'ધારવું તો ખુલ્લું છે બાપુ! એની દીકરીને એટલી જ કોરીઓ મળી હોય તો તે આપણને દેવા આવે એવો સતવાદી કે'દી હતો? વળી એ કહે છે કે ચાર-પાંચ દિવસ પહેલાં કોરીઓ મળી હતી. તો પત્રી ક્યાં દૂર છે? તે દિવસે જ કેમ ન આવે? દરબાર! આપ તો રાજા છો એટલે એની વાત સાચી માની લ્યો! અમે તો આવા દાખલા નજરે જોઈ લીધા છે. એને તો કોઈ મોટો ખજાનો હાથ ચડ્યો હોય એમ લાગે છે. આ વાત પાધરી થાય છે કે કેમ, તેની એણે ચાર-પાંચ દિવસ સુધી વાટ જોઈ. પછી વિચાર્યું કે ન કરે નારાયણ ને આ વાત જાહેર થાય તો તેમાંથી છટકી જવાના બહાનારૂપે આ એક મુઠ્ઠી કોરીઓ આપીને આપનું મન મનાવી ગયો. માળો ભારે ચાલાક હોં! બાવા! પાલણીઓ એટલે તમે શું સમજો છો? એ તો મોટો છે તે છે! નંદના ફંદ ગોવિંદ ન જાણે!'

કારભારીની આ લાંબી કહાણીથી દરબારનું મન પણ ઢચુપચુ થઈ ગયું. એને થયું કે કારભારીની વાત ખોટી નથી. જ્યાં કોરીઓ દાટેલી હોય ત્યાં આટલી તો ન જ હોય. કોરીઓનો ખજાનો પાલણીઆએ દાબી દીધો હશે?'

દરબારની શંકાને સ્વાર્થવૃત્તિએ વધારે ઉશ્કેરી. ધનમોહની લાલસા વધુ પ્રબળ બની. કારભારીને સાથે લઈને પત્રી દરબારે આ વાતની પાકી તપાસ ચલાવવા અને વાણિયાની ખબર લેવા વાંકી જવા માટે નેરણ નદીના છીછરા પ્રવાહમાં ઝંપલાવી દીધું.

થોડી જ વારમાં નદી ઓળંગી બંને વાંકી ગામે આવી પહોંચ્યા. વાંકી ગામના ચોરામાં દરબારને માટે દૂધ જેવાં સફેદ ગાદલાં પથરાઈ ગયાં. ઠાકોરે અને કારભારીએ વાંકીના ચોરામાં પોતાનું આસન જમાવ્યું. તરત જ પાલણશાને બોલાવી લાવવા પાંટીઆને હુકમ કર્યો.

પાંટીઓ થોડી જ વારમાં પાછો આવ્યો અને પાલણશા સીમમાં છે એવા સમાચાર આપ્યા.

ઠાકોરે વિચાર્યું કે આ તો ઠીક લાગ આવ્યો છે. પાલણશાની ઘરવાળીને બોલાવીને જરા ધમકાવીશું એટલે એ વાણિયાણી પોપટની જેમ પઢી દેશે.

તે જ વખતે ઠાકોરના હુકમથી વાંકી ગામનો પાંટીઓ પાલણશાની પત્નીને બોલાવી લાવ્યો. રેંટિયો ચલાવી રહેલી આ બાએ રેંટિયાને પડતો મૂકી ઠાકોરને માન આપી ચોરામાં જ્યાં માનવ મેદની જામી હતી ત્યાં આવી પહોંચી.

'તમારું નામ શું, માજી?' ઠાકોરે બાઈને પ્રશ્ન કર્યો.

'મારું નામ ઉમરબાઈ.' બાઈએ જવાબ આપ્યો.

'ઉમરબાઈ, અમને પાલણશા કહી ગયા તે કોરીઓનો ભંડાર તમને જડ્યો તેને કેટલા દિવસ થયા?' ઠાકોરે આંટીઘૂંટીવાળો સવાલ પૂછ્યો.

'કોરીઓનો ભંડાર? આ શું બોલો છો, બાપુ? ભંડાર કેવો ને વાત કેવી?' ઉમરબાઈએ ગભરાટમાં જવાબ આપ્યો.

'આવું હળાહળ જૂઠાણું બોલીને તું કોને બનાવે છે તેનું તને ભાન છે?' દરબારે પોતાની સત્તાનું ભાન કરાવતાં કહ્યું.

'જૂઠાણું તો બાપા, મારી જિંદગીમાં નથી બોલી તે આજે ઓછું જ બોલવાની હતી?'

ઉમરબાઈનો આવો બેપરવાઈ ભરેલો જવાબ સાંભળીને ઠાકોર ક્રોધાયમાન થયા. એમણે પાસે બેઠેલા કારભારીને કહ્યું : 'આ ડોકરી એમ માનવાની નથી. તમે હમણાં જ એક રાંપ મંગાવી, લાલચોળ તપાવી એના હાથમાં આપો. સાચકૂડનું હમણાં જ પારખું!'

'આ કળિકાળના ચોથા આરામાં, બાપું, એવું સત જ ક્યાં રહ્યું છે?' ઉમરબાઈ નમ્રતાથી બોલી.

'તો હાથે કરી કાં દુઃખી થાય છે? સાચી વાત કરી દે. કોરીઓનો ખજાનો ક્યાં સંઘરી રાખ્યો છે?'

'અમારો ખજાનો તો બાપુ, બધો ખેતરોમાં છે. બીજો તો ક્યાંય નથી.'

'એ તો હમણાં જ ખબર પડશે. તમે લોકો વાતથી માનવાનાં નથી. લાતથી જ માનવાનાં છો.'

આમ ઠાકોર ઉમરબાઈને ધમકીઓ આપી રહ્યા હતા ત્યાં પાંટીઓ લોઢાની રાંપ લઈ આવ્યો અને દેવતા સળગાવી તેને ગરમ કરવા લાગ્યો.

એટલામાં પાલણશાને આ વાતની ખબર પડતાં તે પણ દોડતો આવ્યો અને છાનોમાનો ઊભો રહીને હવે શું થાય છે તે જોવા લાગ્યો.

રાંપ તપીને લાલ થઈ ગઈ ત્યારે બે માણસોએ તેને બે સાણસા વડે દેવતામાંથી ઊંચકી અને અગ્નિના તણખા ઝરતી ધગધગતી રાંપ હાથમાં પકડી લેવા દરબારે બાઈને હુકમ કર્યો.

ઉમરબાઈ જે આટલો વખત આંખો બંધ કરી પરમાત્માનું ધ્યાન ધરતી ઊભી હતી તે આ હુકમ સાંભળી હેબતાઈ ગઈ. એટલામાં રગરગતી રાંપ આવી પહોંચી. ચોરામાં ઊભેલા પીપળાનાં જમીન પર પડેલાં બે પાંદડાં બે હાથ પર લઈ રામનામનાં ઉચ્ચાર સાથે આગની શિખો ફૂટતી રાંપ પોતાના બંને હાથ પર લઈ લીધી.

કળિયુગના કપરા સમયમાં પણ સત્યનો આવો પ્રભાવ જોઈને જોનારા તો ચકિત થઈ ગયા. આમ છતાં પેલા કારભારીએ દરબારના કાનમાં કહ્યું : 'બાપુ! આ તો પીપળાના પાનનો પ્રતાપ જણાય છે. હવે ફરી રાંપ તપાવીને એના ખુલ્લા હાથ પર મૂકવી જોઈએ.'

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૧ ઉપર)**

*વિજ્ઞાને સત્યનું વચન આપ્યું છે, સુખ કે શાંતિનું નહિ.*

# લખપતજીની છતરડી

• નરેશ અંતાણી •

ધરતીકંપથી અગાઉ થોડા વર્ષોમાં કે તે પછી જન્મેલી પેઢીને છતરડીવાળા તળાવ તરીકે ઓળખાતા હમીરસરના જ એક ભાગમાં રહેલી કચ્છના રાજવી પરિવારની છતરડીઓ અંગે બહુ જાણકારી ન હોય એ સ્વાભાવિક છે. પરંતુ આજની યુવા પેઢી પણ બોલીવુડની હિંદી ફિલ્મોમાં છતરડીને કંડારવામાં આવી તે પછી જ તેનાથી માહિતગાર અને પ્રભાવિત થઈ હતી. આજે આ છતરડી વિશે નવી પેઢી જાણે તે આશયથી તેની વાત કરી છે.

જેના અતીત વિશે ઘણું વિસરાઈ ગયું છે એવો ગુજરાતનો વિસ્તારમાં સૌથી મોટો કચ્છ જિલ્લો આજથી સાડા છ દાયકા પહેલાં એક સ્વતંત્ર રાજ્ય હતું. ભારતની સ્વાધીનતા પહેલાના સળંગ ૪૩૮ વર્ષ સુધી જાડેજા રાજવીઓએ અહીં શાસન કર્યું. આ જાડેજા રાજવીઓમાં સાહિત્ય અને કળાને પોષનારા રાજવી તરીકે રાવ લખપતજી (ઈસવીસન ૧૭૫૨ - ૧૭૬૧) જાણીતા છે.

લખપતજીનો જન્મ ૨૮મી ઓક્ટોબર ઈસવીસન ૧૭૧૦, આસો સુદ ૯, સંવત : ૧૭૬૫ના રોજ થયો હતો. તેમની માતાનું નામ મણકુંવર હતું. કુમાર લખપતજીનો ઉદાર સ્વભાવ ઉડાઉપણામાં પરિણમ્યો. નાણાંભીડ તેમની સ્વતંત્રતામાં આડખીલીરૂપ લાગતાં ૨૪ વર્ષની વયે ઈ.સ. ૧૭૩૪ના તેમના પિતા કચ્છના રાવ દેશળજીને કેદ કરી કચ્છ રાજ્યની લગામ પોતાના હાથમાં લઈ લીધી હતી. માંડવી સિવાયના બધા થાણેદારો અને ગરાસદારો પર પોતાની સત્તા સ્થાપી, પણ ખરી રીતે તેમનો રાજ્યાભિષેક રાવશ્રી દેશળજીના દેહાંત પછી સંવત ૧૮૦૭, ઈસવીસન ૧૭૫૨માં થયો.

યુવાવસ્થામાં જ લખપતજી પરાક્રમી અને શૂરવીર હતા. અમદાવાદનો સુબો શેર બુલંદખાને ઈસવીસન ૧૭૩૦માં કચ્છ પર ચઢાઈ કરી ત્યારે કુંવર લખપતજીએ તેને પરાજીત કરી રંગ રાખ્યો હતો. વીસ વરસની ઉંમરના લખપતજીના આ પરાક્રમથી કચ્છની પ્રજા તેમના પર વારી ગઈ હતી.

આ લડાઈ સિવાય એ સમયે કચ્છમાં શાંતિ પ્રવર્તતી હતી. પરિણામે ભુજની પ્રજામાં કળા, સાહિત્ય અને સંસ્કારનો વિકાસ થયો. જેને લખપતજીનું પીઠબળ મળ્યું. પરિણામે એ સમયે કચ્છમાં કળા અને સંસ્કૃતિના વિકાસને મોકળું મેદાન મળ્યું. લખપતજીના પ્રોત્સાહનને કારણે રામસિંહ માલમ નામનો યુવાન હોલેન્ડથી વિવિધ હુન્નરકળાઓમાં નિપુણતા મેળવી શક્યો. અને કચ્છમાં ચિત્રકામ, સોના-ચાંદી પરનું 'કચ્છ વર્ક'ના નામે ઓળખાતું નકશીકામ, મીનાકારી કામ, ઘડિયાળો, તોપ અને કાચ બનાવવાના હુન્નરોનો કચ્છમાં વિકાસ થયો. પરિણામે સુંદર આઈના મહેલનું નિર્માણ થયું. લખપતજીએ જૈન યતિ ભટ્ટારક કનકકુશળજી પાસે વ્રજભાષાનો અભ્યાસ કર્યો અને કનકકુશળજીને પોતાના ગુરૂ બનાવ્યા. એમના વડપણ હેઠળ વિશ્વની પ્રથમ એવી કાવ્ય શીખવાની પાઠશાળા 'વ્રજભાષા પાઠશાળા' પણ શરૂ કરાઈ. આ કાવ્યશાળામાં કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને માળવા પ્રદેશના ૩૦૦થી વધારે કવિઓએ શિક્ષણ લીધું. ગુજરાતી ભાષાના જાણીતા કવિ દલપતરામે પણ આ પાઠશાળામાં અભ્યાસ કરેલો. તેમણે ભુજની એ યાત્રાને કાવ્યયાત્રા નામ આપેલું.

સંવત ૧૭૮૬માં કચ્છ રાજ્યને દિલ્હી દરબારમાં મિત્રના નાતે હાજર રહેવાનું નિમંત્રણ મળતાં કચ્છ રાજ્યના પ્રતિનિધિ તરીકે કુંવર લખપતજી હાજર રહ્યા. એ સમયે શહેનશાહે સોનાની માછલીના ચિહ્નવાળું એક નિશાન 'મારી મુરાતીબ' ભેટ આપેલ. આ ચિહ્ન એ પછી દર વખતે કચ્છ રાજ્યની દરેક અસવારીમાં મોખરે રહેતું. હાલે તે આઈના મહેલમાં મોજૂદ છે.

સંવત ૧૮૦૩માં મોગલ બાદશાહ આલમગીર બીજા અને કાબુલના અમીરને મોટી લશ્કરી મદદ લખપતજીએ કરતાં બાદશાહે 'મીરજા' અને અમીરે 'મહારાજાધિરાજ'નો ઈલકાબ આપેલો.

રાવ લખપતજીના વ્યક્તિત્વ વિશે અનેક મતમતાંતર પ્રવર્તે છે. તેમના વિલાસી જીવનને કારણે રાજ્ય પર આર્થિક બોજ પણ વધ્યો. પરિણામે રાજ્ય વહીવટ અને રાજકીય સ્થિતિ ડામાડોળ રહેતી. જેમાંથી અનેક રાજકીય ખટપટનો પણ જન્મ થયો.

લખપતજી યુવરાજ તરીકે સંવત ૧૭૮૬માં દિલ્હી ગયેલા ત્યારે ત્યાંના મોજશોખ, ગીત-સંગીતની મહેફિલ, મુજરાની દુનિયાથી અંજાઈ ગયા હતા. પોતે પણ કુશળ ગવૈયા અને નર્તક હોઈ દિલ્હીની ૧૫ રાજ નર્તકીઓ તેમના પર મોહી પડી હતી અને આજીવન તેમની સાથે રહેવાના કોડ સાથે તેમની સાથે ભુજ આવી હતી.

વિલાસી જીવન ગાળવાથી નાની વયે લખપતજીને અસાધ્ય રોગ જલંદર લાગુ પડી ગયો અને સંવત ૧૮૧૭ જેઠ સુદ-૬ના દિવસે તેમનું અવસાન થયું. લખપતજીને કાયદેસર ૯ રાણીઓ હતી. તેમાંથી મહારાણીના પેટે યુવરાજ ગોડનો જન્મ થયો હતો. એમના પછી જો કે કુંવર ગોડ કચ્છના કચ્છાધિપતિ બન્યા હતા પણ લખપતજીને તેમની રખાત નર્તકીઓથી અનૌરસ સંતાનોમાં માનસિંહ, ખાનજી, સબલસંગ, કલ્યાણજી, મેઘજી કાનજી વગેરે થયા હતા. તે પૈકી કોઈ એકને પોતાની ગાદી સોંપવાની ઈચ્છા હતી. તેમના અવસાન પછી દિલ્હીથી તેમની સાથે આવેલ પંદરે પંદર રાજ નર્તકીઓ સતી થઈ હતી. આ પંદરે રાજ નર્તકીના નામ આ પ્રમાણે હતા : સદાબાઈ,

*તમારા સંતાનને એક ભેટ આપી શકો એમ હો તો એને ઉત્સાહ આપજો.*

રાજબાઈ, નિંદુબાઈ, પુહપબાઈ, રાધા, લાછીબાઈ, હીરબાઈ, દેવબાઈ, આસબાઈ, પદ્માબાઈ, અકુઆબાઈ, જેઠીબાઈ, રંભાબાઈ, મેઘબાઈ અને રૂપાબાઈ.

લખપતજીના અવસાન પછી રાવ રાયધણજી બીજાના સમયમાં સંવત ૧૮૩૮માં તેમની છતરડી બનાવવામાં આવી. ભુજના મહાદેવ નાકા બહાર કચ્છના રાજ કુટુંબની છતરડીઓ આવેલી છે. 'છતરડી' એ કચ્છના જુદા જુદા રાજવી પરિવારના સભ્યોના ઘુમ્મટ જેવા આકારો નીચે બંધાયેલાં સ્મારકો છે.

રાવ લખપતજી અને તેની પંદરે રાજ નર્તકીઓની જે સ્થળે સમાધિ બનાવવામાં આવેલી છે તે પર સુંદર છતરડી બનાવવામાં આવેલી હતી. છતરડીમાં એક જ હરોળમાં વચ્ચે લખપતજી અને તેની આસપાસ એક તરફ સાત અને બીજી તરફ આઠ એમ કુલ સોળ પાળિયા આવેલા હતા. એ વાતનું દુઃખ છે કે આજે સુંદર છતરડી અને સોળ પૈકીના કેટલીક નર્તકીઓના પાળિયા ઈસવીસન ૨૦૦૧ના ધરતીકંપમાં તૂટી ગયા છે. છતરડી તો સંપૂર્ણ ધ્વસ્ત થઈ ગઈ છે. કેન્દ્રના પુરાતત્ત્વ વિભાગ તરફથી આ છતરડીના પુનઃનિર્માણ માટેનું આયોજન હાથ ધરાયું છે અને કામગીરી પણ ચાલુ છે.

લખપતજીની આ છતરડી 'છેલ છતરડી'ના નામથી ઓળખાતી હતી. આ છતરડી કચ્છી શિલ્પ, સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂના રૂપ હતી.

રાજાશાહીના સ્મરણરૂપ આ છતરડીમાં નમણી, નાજુક અને નજાકતભરી કચ્છની અદ્‌ભુત શિલ્પ કળા કંડારાયેલી હતી. સ્તંભોની રચના, ઘાટ, કોતરણી, ઘુમ્મટ અને તેમાં વપરાયેલી વિશાળ શિલાઓ જોનારને મંત્રમુગ્ધ કરતી હતી. આ છતરડીએ વિશ્વના કળાપ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું હતું. લોર્ડ કર્ઝને પણ આ છતરડી નિહાળી તેના મુક્ત કંઠે વખાણ કર્યા છે.

છતરડીના મંડોવરમાં દેવ-દેવીઓની મૂર્તિઓ કંડારાયેલી હતી. પહેરેલે કપડે કામક્રીડામાં મુગ્ધ યુગલોના શિલ્પ તો ખજુરાહોની યાદ અપાવે તેવા હતા.

લાલ પથ્થરથી બનાવાયેલ આ છતરડીના મધ્ય ખંડની આસપાસ ફરતી ચાલી હતી. તેના દરેક ખૂણા ઉપર શિલ્પથી અલંકૃત થાંભલાઓ હતા. દરેક સ્તંભમાં હનુમાન, ગણેશ, બ્રહ્મા, વિષ્ણુ અને સૂર્યની મૂર્તિઓ સાથે સાધુઓ, મંજીરા વગાડતા ભક્તો, બ્રાહ્મણો, નર્તકીઓ, સંગીતકારો, યક્ષિણીઓ વગેરેનું શિલ્પાંકન કરવામાં આવ્યું હતું. કેટલાક સ્તંભોમાં હાથીયુદ્ધ, નર્તકીઓ, ગાયકો, વીણા, મૃદંગ, ઝાંઝ, તબલાં, ઢોલ, શરણાઈ, સિતાર, તંબુર વગેરે વગાડતા સ્ત્રી - પુરુષો, રથ ઉપર આરૂઢ સૂર્ય નારાયણ, બળદ પર આરૂઢ શંકર ભગવાન, પશુ-પક્ષી, વાળ ઓળતી સ્ત્રી, દશાવતાર, ગોપીવસ્ત્રાહરણ અને કાલીદમનના શિલ્પો હતા. ઉપરાંત ફિરંગી સ્ત્રી અને ફિરંગી ઘોડેસવારનું શિલ્પ અંગ્રેજ અમલની અસર પણ દર્શાવતું હતું.

*'ભૂમા નિકેતન',*
*૨૨/બી, શિવમ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ००૧.*

॥ અતિથી દેવો ભવઃ ॥

**અત્યાધુનિક યુગના 'શ્રવણ' ચેતન મોતા સંગાથે**

**કોઈપણ 'ડેસ્ટિનેશન'માં જોડાવ...**
**મુંબઈથી મુંબઈ સુધી પરફેક્ટ પ્રેઝન્ટેશન સાથેની... 'સંપૂર્ણ પેકેજ'**

**ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રૂપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજિત ફેમિલી / હનીમૂન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે....**

- શિખરજી
- સૌરાષ્ટ્ર દર્શન
- રાજસ્થાન
- પાલિતાણા-પંચતીર્થી
- ગિરનાર-સોમનાથ
- કચ્છ પંચતીર્થી
- જગન્નાથપુરી
- નાગેશ્વર-MP
- પૂના-કાવજ
- કાવી-ગંધાર-ઝઘડિયા
- કુલપાકજી-હૈદ્રાબાદ
- ચારધામ

- કાશ્મીર-વૈષ્ણોદેવી
- લેહ લદાક-કાશ્મીર
- દાર્જીલીંગ-સીક્કીમ
- હિમાચલ
- ઉત્તરાંચલ
- કેરાલા
- સાઉથ
- રાજસ્થાન
- ભુતાન
- નેપાલ

**CHETAN MOTA'S**
tmt holydays
**LANDMARK FOR PACKAGE TOUR**

૨૦૬, નેપચ્યુન હાઉસ, એન.એસ. રોડ, મુલુંડ રેલ્વે સ્ટેશન પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ०૮०.
**Ph. : 2593 4545 ● 2565 0533 ● 93222 82993 ● Fax : 2568 3231**
**www.tmtholydays.in ● tmtholydays@yahoo.co.in**

# સારા શિક્ષક થવું સરળ છે?

• ડૉ. કાંતિ ગોર •
પૂર્વ કુલપતિ, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી

શિક્ષણનું ક્ષેત્ર સદીઓથી અતિ મહત્ત્વનું રહ્યું છે અને રહેવાનું છે. સમાજ, શિક્ષક અને વિદ્યાર્થી આ ત્રણ એના અતિ મહત્ત્વના ઘટક છે. ત્રણેયની જાગૃતિ અને જવાબદારીની સભાનતા શિક્ષણને સફળ અને અસરકારક બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. એ સંદર્ભમાં શિક્ષકોની જવાબદારીના સંદર્ભે થોડા વિચારો વ્યક્ત કરવા છે. શિક્ષકનું સંપૂર્ણ ગૌરવ જળવાવું જોઈએ જ અને એનું ગૌરવ જળવાય તેવી રીતે એને તમામ સવલતો મળવી જોઈએ. શિક્ષક કોઈની દયા પર જીવનાર સામાન્ય વ્યક્તિ નથી જ એ એક નિર્વિવાદ બાબત છે. પણ સાથે સાથે શિક્ષકની કેટલીક જવાબદારીઓ પણ છે જેને જાણવી અને સમજવી જરૂરી છે.

શિક્ષકની સૌપ્રથમ જવાબદારી ભણાવવાની છે. અધ્યાપન કાર્ય કરવાની છે. વિદ્યાર્થીઓને જ્ઞાન આપવાની છે. એને જ્ઞાન મેળવવા માટે તૈયાર કરવાની છે. જ્ઞાન મેળવવાની એની શક્તિમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવાની એની જવાબદારી છે. એનામાં શીખવાની વૃત્તિ જાગે, એને ભણવામાં રસ પેદા થાય તે માટે શક્ય તેટલા પ્રયત્નો કરવાની છે. અને આ કાર્ય સરળ નથી. વર્ગખંડમાં જવાથી અને પાઠ્ય પુસ્તકને પૂર્ણ કરવાથી કે પરીક્ષામાં વિદ્યાર્થી પાસ થઈ જાય તેટલું કામ કરવાથી આ જવાબદારી પૂર્ણ થતી નથી. વિદ્યાર્થીને જ્ઞાન આપવાનું છે. અને આ બાબત માનીએ છીએ તેટલી સરળ નથી. એ માટે એને બાલમનોવિજ્ઞાન અને બાળક જે વિસ્તારથી આવે છે અને જે સમાજમાંથી આવે છે, તેના સંદર્ભમાં શૈક્ષણિક સમાજશાસ્ત્રનું જ્ઞાન જોઈએ.

આ જ્ઞાન હાલે તાલીમી કોલેજોમાં અપાય છે તેવું પુસ્તકિયું નહિ, પણ વાસ્તવ પર આધારિત હોવું જોઈએ. જે વિસ્તારમાંથી વિદ્યાર્થીઓ આવતા હોય, તે પરિવારોની મુલાકાત, જે તે વિસ્તારની સંસ્કૃતિ, સમાજની આર્થિક સ્થિતિ વગેરે બાબતોના અનુભવસિદ્ધ અભ્યાસ વિના બાળકને સમજી ન શકાય અને તેની પાર્શ્વભૂમિકાને સમજ્યા વિના તેના સર્વાંગીણ વિકાસ માટે તેને પ્રેરવાનું લગભગ અશક્ય છે.

આપણે ત્યાં અધ્યયન અધ્યાપનના ક્ષેત્રમાં વાસ્તવલક્ષી સંશોધનો બહુ ઓછા થાય છે અને જે થાય છે તેનો આધાર માત્ર સૈદ્ધાંતિક બાબતો હોય છે અને તે પણ મોટે ભાગે અભિપ્રાયો પર આધારિત હોય છે. અને આપણે ત્યાં પ્રામાણિકતાથી અભિપ્રાયો અપાતા નથી. જે રીતે જાણવું, જ્ઞાનનું હોવું શિક્ષક માટે અનિવાર્ય છે, તેમ કેમ શીખવવું તે જાણવું પણ શિક્ષકની જવાબદારી છે. તેથી અધ્યાપનના પદ્ધતિશાસ્ત્રનું જ્ઞાન પણ તેને માટે અનિવાર્ય છે. પણ આ પદ્ધતિનું સૈદ્ધાંતિક જ્ઞાન પૂરતું નથી. એ પોતે એને વાસ્તવિક રીતે અજમાવે અને અનુભવથી શીખી શકે તેવી અનુભવોની વિશાળ શ્રેણી એને મળવી જોઈએ. અને તે માટે સ્વ અધ્યયન પર આધારિત શૈક્ષણિક પ્રવૃત્તિઓનું પ્રમાણ વધવું જોઈએ. અને આ પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન પણ પ્રાયોગિક રીતે થવું જોઈએ. એ આવશ્યક છે કે શિક્ષકો હંમેશાં એ બાબત વિચારતા રહે કે એણે જે બાબત શીખવવાની છે તેની અસરકારક રજૂઆત એ કઈ રીતે કરી શકે.

પણ માત્ર પદ્ધતિસરનું અધ્યાપન પૂરતું નથી. ઊંડાણપૂર્વકની જ્ઞાનની ઉપાસના આપણા ઉચ્ચ શિક્ષણના વર્ગખંડોમાં થતી નથી. હકીકતમાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ બે ત્રણ પુસ્તકોનો પરીક્ષાલક્ષી અભ્યાસ કરીને ગુણપત્રિકા સમૃદ્ધ થઈ જાય પછી વિદ્યાર્થી તો કૂપમંડુક થઈ જાય છે. એ તો એના વિષયમાં પોતે સર્વજ્ઞ છે તેવું માનવા લાગે છે કારણકે મોટાભાગના શિક્ષકોએ પણ નિયત અભ્યાસક્રમની બહાર એ વિષય અને એને સંબંધિત વિષયોનો અથાગ મહાસાગર છે એવું એનું ધ્યાન દોર્યું હોતું નથી. જ્ઞાનની અમર્યાદ સીમાઓ અને એના માટે અપેક્ષિત ઊંડાણપૂર્વકનો અભ્યાસ બેય પક્ષે મોટા પ્રમાણમાં ઉપેક્ષિત છે.

શિક્ષક સદા અધ્યયનનિષ્ઠ રહે તે માટે એને સારા ગ્રંથાલયની જરૂર પડે. શિક્ષકને જરૂરી સંદર્ભગ્રંથો, સંદર્ભ સાહિત્ય શિક્ષણ સંસ્થાના ગ્રંથાલયોમાંથી મળી રહે તે જોવાની શિક્ષણ સંસ્થાની જવાબદારી બને છે. જો શિક્ષક સદા જ્ઞાનનો ઉપાસક રહે તેમ માનવામાં આવતું હોય, શિક્ષકે સતત અભ્યાસુ રહેવું જોઈએ. એવો આગ્રહ રાખવામાં આવતો હોય તો તેને માટે જરૂરી અભ્યાસગ્રંથો શિક્ષણ સંસ્થાના ગ્રંથાલયમાં હોવા જોઈએ. એ શિક્ષકનો અધિકાર બને છે. સંશોધનો વિના શિક્ષક અને શિક્ષણની સ્થિતિ ક્યારેય પણ સમયને અનુરૂપ વિકાસશીલ ન બની શકે એ વાસ્તવિક્તા બની ચૂકી છે ત્યારે શિક્ષણ સંસ્થાઓના ગ્રંથાલયો સમૃદ્ધ નહીં હોય તે કેમ ચાલશે? તેજસ્વી શિક્ષકો આર્થિક સહાય વિના સંશોધન પણ ન કરી શકે તે એક વાસ્તવિક્તા છે.

શિક્ષકની પોતાની પણ અંગત લાઈબ્રેરી હોવી જ જોઈએ. જે શિક્ષકનાં ઘરે પોતાનું નાનકડું પણ પસંદગીનું પુસ્તકાલય ન હોય તેને શિક્ષક તરીકે સ્વીકારતાં મનને થોડો સંકોચ થાય. વળી હવે તો શિક્ષક નેટસેવી પણ હોવો જ જોઈએ. ઈન્ટરનેટનું માધ્યમ જ્ઞાનની અનેક દિશાઓ ખોલી નાખે છે અને શિક્ષક દુનિયાભરના સંપર્કમાં રહી શકે છે. તેથી શિક્ષક પાસે ટેકનોલોજીનું નવીનતમ જ્ઞાન

*પ્રત્યેક બાળક આટલો સંદેશો લઈને જન્મે છેઃ ઈશ્વર હજી મનુષ્યથી હતાશ થયો નથી.*

અનિવાર્ય છે. આમ તો શિક્ષક પોતે જ જ્ઞાનની હરતી ફરતી સંસ્થા ગણાય. એને આપણે એના વિષયના સંદર્ભમાં તો જીવંત વિશ્વકોશ કહી શકીએ. આવી આશા શિક્ષક પાસે હોય તે સ્વાભાવિક છે. એવા શિક્ષકો નથી એવું પણ નથી પણ એનું પ્રમાણ બહુ ઓછું છે.

પણ હવે તો આ બાબતો ક્યારેક માત્ર દેખાવ માટે પણ જોવા મળે છે. સમૃદ્ધ માણસોના બેઠકખંડમાં સરસ રીતે સજાવેલા પુસ્તકોથી શોભતો શોકેસ જોવા મળતો હોય છે. જ્યારે જાઓ ત્યારે એ જ સ્થિતિ જોવા મળે. કશો જ ફેરફાર નહીં. કશું જ આડું અવળું નહિ. એ પુસ્તકો એકવાર કબાટમાં કેદ થયા હોય પછી ક્યારેય બહાર નીકળ્યા ન હોય. અને કોઈ પુસ્તક બહુ ગમી જાય અને હાથમાં લો તો એના કેટલાક પાના પહેલેથી જોડાયેલા હોય તો એ અલગ પણ ન થયા હોય. મતલબ કે એ પુસ્તક ખરીદાયું પછી કોઈએ એને ખોલ્યું પણ ન હોય. ઘણી શિક્ષણ સંસ્થાઓના ગ્રંથાલયોમાં શિક્ષકોના ખાતામાં વર્ષ દરમ્યાન બે-ચાર ચોપડીઓની લેવડદેવડ ક્યારેક માંડ જોવા મળે છે.

શિક્ષકોને માટે એક અતિ મહત્ત્વનું કાર્ય વિદ્યાર્થી ભણવામાં રસ લે તેવી સ્થિતિ ઊભી કરવાનું છે. એને સતત અભ્યાસશીલ બનાવવાનું છે. અને આ માટે કોઈ કૃત્રિમ ઉપચાર કામ લાગે તેમ નથી. એને માટે એક જ અસરકારક ઉપાય છે અને તે છે શિક્ષક પોતે. જો શિક્ષક પોતાના અધ્યાપનકાર્યને ચાહતા હશે, એ બધું કૃત્રિમ રીતે નહીં પણ દિલથી થતું હશે, એના દરેક પ્રયત્નમાં જ્ઞાનના ક્ષેત્રનું ગૌરવ પ્રતિબિંબિત થતું હશે, એનું એના વિષયનું અદ્યતન જ્ઞાન વર્ગખંડ અને વર્ગખંડની બહાર વિદ્યાર્થી અને સમાજને અભિભૂત કરતું હશે, જો શિક્ષક પોતે હંમેશાં વિદ્યાર્થી બની રહેશે તો એના વિદ્યાર્થીઓ પણ એ સમગ્ર પ્રભાવને સ્વીકારીને કાયમને માટે ગ્રહણશીલ વિદ્યાર્થીઓ બની રહેશે.

બાળકને સમાજમાંથી, મા-બાપ પાસેથી એના વિકાસની શરૂઆતમાં ઘણું શીખવા મળે છે પણ એ બધું આકસ્મિક હોય છે. કશું આયોજનબદ્ધ હોતું નથી. આ બધું અનાયાસ શીખેલું છે. એ શીખેલું બધું હંમેશાં લાભકારક હોય જ તેવું નથી. એમાંથી જ અનેક પ્રકારના અનિષ્ટનું જ્ઞાન બાળકને મળી જતું હોય છે. આ બધી મુશ્કેલીઓમાંથી બચવા માટે આયોજનપૂર્વકના શિક્ષણની વ્યવસ્થા ઊભી થઈ છે.

શૈક્ષણિક સંસ્થામાં બાળકને જે શીખવવાનું હોય છે તે પૂર્વનિર્ણિત હોય છે. શિક્ષણને અંતે એનામાં કેવા ફેરફારો થશે, એ કેવી વ્યક્તિ બનશે, એનામાં કઈ અને કેવી આવડત વિકસશે તે બધું વિચારીને એના હેતુઓ નિયત કરવામાં આવે છે. આ બધું થઈ શકે તે માટે યોગ્ય અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવે છે. એના પરથી વિષયવાર પાઠ્યક્રમ તૈયાર થાય છે અને તેને અનુરૂપ પાઠ્યપુસ્તક રચવામાં આવે છે. એ પાઠ્યક્રમ અનુસાર પાઠ્ય પુસ્તકનો એક સાધન તરીકે ઉપયોગ કરીને શિક્ષક એવું શિક્ષણ આપવાની કોશિશ કરે છે કે શિક્ષણના અંતે બાળક કે વિદ્યાર્થીમાં ધારેલ, પૂર્વ નિર્ધારિત પરિવર્તન લાવી શકાય.

આ કાર્ય સરળ નથી. એને માટે, શિક્ષક યોગ્ય રીતે શિક્ષણ કાર્ય કરી શકે તે માટે એને તાલીમ આપવામાં આવે છે. આ તાલીમનો અર્થ હવે બહુ જ સંકુચિત થઈ ગયો છે. તાલીમ એટલે કોઈ એક બાબત સારી રીતે કરી શકાય અને તે માટે કેટલાક કૌશલ્યો એને આવડે તેવો મહાવરો આપવો. આ અતિ મર્યાદિત અર્થ છે. પણ હકીકતમાં તાલીમનો અર્થ બહુ જ વિસ્તૃત છે. તાલીમ શબ્દ 'તા' અને 'ઈલમ' શબ્દથી બનેલો છે. ઈલમ એટલે જ્ઞાન અને તાલીમ એટલે જ્ઞાન મેળવવાનું કાર્ય. પણ આપણે ત્યાં તાલીમ માત્ર ક્રિયાકાંડ બની ગયેલ છે.

હેતુઓ હોય, અભ્યાસક્રમ હોય, પદ્ધતિસરનું વર્ગશિક્ષણનું કાર્ય હોય અને આ બધું યોગ્ય રીતે થાય તેનો આધાર તો શિક્ષક પર જ છે. કારણકે શિક્ષણના હેતુઓ નિર્ધારીત કરનારા શિક્ષણવિદ્ પણ મૂળભૂત રીતે તો શિક્ષકો જ હોય છે. અભ્યાસક્રમ રચનાર પણ શિક્ષકો જ હોય છે. અને એને શીખવનાર પણ શિક્ષકો જ હોય છે. તેથી આ જવાબદારીમાંથી શિક્ષક બાકાત ન રહી શકે તે વાસ્તવિક્તા છે.

બહુ જ થોડા શિક્ષકો આ કાર્ય ઉત્તમ રીતે કરે તે પૂરતું નથી. એનું પ્રમાણ મર્યાદિત રહે તેનાથી શિક્ષણકાર્યની ગુણવત્તા ન સુધરે. સૌથી પહેલી બાબત તો શિક્ષણના વ્યવસાયમાં કેવી વ્યક્તિઓ આવે છે તે છે. દરેક વ્યવસાય માટે એ કાર્ય કરનાર વ્યક્તિ પાસેથી કેટલીક સજ્જતાની અપેક્ષા હોય છે. શિક્ષક સંસ્કારી, સેવાભાવી, શિક્ષણના વ્યવસાયને સમર્પિત, પોતાના વ્યવસાયનું ગૌરવ વધારનાર, જ્ઞાની, સારી અભિવ્યક્તિ કરી શકે તેવો, સર્જનશીલ, ચારિત્ર્યશીલ, અભ્યાસનિષ્ઠ, નવું જાણવા - શીખવા માટે ઉત્સાહી હોય અન એનું વર્તન વિદ્યાર્થીઓ માટે નમૂનારૂપ હોય — આવી અનેક અપેક્ષાઓ શિક્ષક પાસેથી એના વ્યવસાયને ધ્યાનમાં લેતા રખાય તે સ્વાભાવિક છે.

પણ વ્યક્તિ શિક્ષક બનવા ઈચ્છે છે, ત્યારે એ આ મૂળભૂત આવશ્યક ગુણો ધરાવે છે કે નહીં તે જોવામાં આવતું નથી. માત્ર પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે એને તાલીમી કોલેજમાં પ્રવેશ મળી જાય છે. સારા ગુણ મેળવનાર વ્યક્તિ સારા શિક્ષક બનવા માટે આવશ્યક ગુણો ધરાવતો હોય એવું હંમેશાં બનતું નથી. અત્યારે પરીક્ષાઓમાં વિદ્યાર્થીની ટૂંકાગાળાની યાદદાસ્તનું માપન થાય છે. જરા વધારે સ્પષ્ટતાથી કહીએ તો એની ગોખણપટ્ટીનું માપન થાય છે અને તે પણ યોગ્ય રીતે થાય છે તેમ કહી શકાય તેમ નથી. આવા સંયોગોમાં માત્ર પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે તેમને શિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશ આપવો કેટલે અંશે યોગ્ય છે? અને પછી એવું કહેવું કે શિક્ષણ કથળ્યું છે, ગુણવત્તા જળવાતી નથી. આવી ફરિયાદોનો અર્થ શો છે? વિવિધ પ્રકારની અભિયોગ્યતા કસોટી, વલણ, માપદંડ અને રસસંશોધિની કસોટીઓ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષક થવા માટેના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવામાં આવે. ટૂંકમાં જેનામાં શિક્ષક થવા માટે આવશ્યક કૌશલ્યો અને ગુણો હોય તેની ચકાસણી કરીને એને આધારે પ્રવેશ આપવામાં આવે. ઉપરાંત એને સંપૂર્ણ રીતે તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. એ માટે પાંચથી છ વર્ષનો સળંગ અભ્યાસક્રમ શા માટે ન હોઈ શકે? જેને લીધે

*શબ્દો શક્તિશાળી શસ્ત્રો છે જેને કારણે અનેક મહાભારત સર્જાય છે.*

સર્વ રીતે સજ્જ સમર્થ શિક્ષકો તૈયાર થાય અને શિક્ષકોની ક્ષમતા અંગે કોઈને ટીકા કરવાનો અવકાશ જ ન રહે. આ અભ્યાસ દરમ્યાન શિક્ષક સંપૂર્ણ રીતે તૈયાર થાય, મેડિકલની જેમ ચારથી પાંચ વર્ષનો સઘન અભ્યાસ અને એક વર્ષની પૂર્ણ અનુભવ મળે તેવી ઈન્ટર્નશીપ હોય.

આ સંદર્ભમાં પ્રાચીનકાળમાં આપણા આશ્રમોમાં શિક્ષકની નિમણૂકની જે વ્યવસ્થા હતી તેને સમજવા જેવી છે. વૈદિક અને ત્યાર પછીના કાળમાં શિક્ષણ સ્વાયત્ત હતું. રાજ્યસત્તાનો કોઈ હસ્તક્ષેપ ન હતો. ઋષિઓ સ્વાયત્ત હતા. શિક્ષણ રાજાઓને હસ્તક ન હતું. રાજાઓ આશ્રમને મદદ કરવામાં ગૌરવ માનતા. આશ્રમોમાં સાદગીભર્યું જીવન હતું. શ્રમને મહત્ત્વ અપાતું. આશ્રમોમાં ખેતી જેવી પ્રવૃત્તિઓ થતી અને કોઈ શરતો વિના મળતી ગુરૂદક્ષિણા ક્યારેય શિક્ષણની ગુણવત્તા જાળવવામાં અવરોધરૂપ ન બનતી. છાત્રો અને એમના મા-બાપ યથાશક્તિ મદદરૂપ થતા. કોઈ પણ આશ્રમ સંસ્થાને શિક્ષણમાંથી નફો મેળવીને કરોડાધિપતિ બનવું ન હતું કારણકે આશ્રમની માલિકી અને અધિકાર ઋષિઓનો હતો અને ઋષિઓને એમના અધ્યયન અધ્યાપનમાંથી જ સંતોષ મળતો. એમને કોઈ ઉદ્યોગો ચલાવવાના ન હતા. અને આ આશ્રમો એમને માટે કમાણીનું સાધન ન હતા. તેઓ તો ઋતના ઉપાસક હતા. ઋત એટલે સત્ય, પણ લૌકિક સત્ય નહીં પ્રાકૃતિક સત્ય. કુદરતના નિયમો, ઋતની ઉપાસના કરે તે ઋષિ. તેઓ તો કુદરતનો અભ્યાસ કરતા વૈજ્ઞાનિકો હતા. એમને મન આ કુદરત એક વિશાળ પુસ્તક હતું.

મહર્ષિ કણાદ અને પીપલાદ જેવા મહાન વૈજ્ઞાનિક ઋષિઓના પ્રભાવ અને પ્રદાનથી આજે પણ અભ્યાસુઓ પરિચિત છે. આ મહાન ગુરૂઓને પગાર વધારાની કોઈ ચિંતા ન હતી. એમને મન તો તપ જીવનનું ધ્યેય હતું. આ મહાન વિજ્ઞાનીઓ એકબીજાને મળતા ત્યારે પૂછતા, 'કિં વર્ધતે તપ?' અર્થાત્ તપમાં વધારો થયો? તપ એટલે સાધના. તપ એટલે કુદરતના નિયમોનો અભ્યાસ અને તેને આધારે થતી નવી શોધ. એમનું એકબીજાને મળવું એટલે જ્ઞાનનું આદાન પ્રદાન કરવું. આવા ઋષિઓના આશ્રમોમાં કોઈ પરિપત્રો કે ઉપરીપત્રો ન હતા. આવા મહાન આચાર્યો, ઋષિઓ અને ગુરૂના સર્વાધિકારને પડકારવાનો વિચાર જ પાપ ગણાતો.

રાજાઓ પણ આવા આશ્રમોમાં નમ્ર બનીને તેમના લાવલશ્કરને બહાર રાખીને, સાદા વસ્ત્રો ધારણ કરીને, નમ્રતા પૂર્વક પ્રવેશ કરતા. મહાકવિ કાલીદાસે 'શાંકુતલમ્'માં રાજા દુષ્યંતના મોઢે બોલાવ્યું કે 'વિનીતવેષેણ પ્રવેષ્ટવ્યાનિ તપોવનાનિ નામ ।' અર્થાત્ વિદ્યાના ધામ તપોવનમાં તો નમ્રતાપૂર્વક સાદા વેશે જ પ્રવેશ કરાય.

એ વખતે શિક્ષણ તદ્દન સ્વાયત્ત હતું અને ગુરૂનો શબ્દ અંતિમ ગણાતો. રાજા મહારાજાના કોઈ હજૂરિયા પાસેથી એમણે કોઈ મંજૂરી મેળવવાની નહોતી. નાસમજ, શિક્ષણની ઉદાત્ત ભાવનાને ન સમજનાર, શિક્ષણને વહીવટમાં અટવાવી નાખનાર વહીવટી કર્મચારીઓનું અસ્તિત્વ ન હતું. કોઈ આશ્રમે રાજા પાસેથી માન્યતા મેળવવાની ન હતી. કારણકે બિનજરૂરી વહીવટનું અસ્તિત્વ જ ન હતું. શિક્ષણ કમાણીનું સાધન બન્યું ન હતું. આશ્રમની પ્રતિષ્ઠા એના ગુરૂના નામ પર નિર્ભર રહેતી. શિક્ષણ પ્રમાણપત્રો પર આધારિત ન હતું. પ્રમાણપત્ર મળી જાય પછી એને આવડે કે ન આવડે તેવા સવાલ જ ઉપસ્થિત થતા ન હતા. ગુરૂને કોઈ તેજસ્વી વિદ્યાર્થી જોવા મળે, જેનામાં જ્ઞાન હોય અને સારા શિક્ષક થવા માટેની યોગ્યતા હોય, વિદ્યાર્થીકાળ દરમ્યાન એણે તે સમયની પરંપરા અનુસાર પોતાનાથી નાના વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવામાં પોતાની કુશળતા સિદ્ધ કરી હોય, તેવા શિષ્યને પસંદ કરીને એને આશ્રમમાં શિક્ષણ કાર્ય માટે રોકાઈ જવાનો આગ્રહ કરવામાં આવતો. ક્યારેક અન્ય આશ્રમના કુલપતિને કહીને ત્યાંથી તેજસ્વી શિક્ષકોને બોલાવવામાં આવતા. એ સમયમાં જે ગુરૂના આશ્રમમાં ઓછામાં ઓછા દસ હજાર વિદ્યાર્થીઓ, છાત્રો રહેતા અને તેમના ભરણપોષણની વ્યવસ્થા ત્યાં થઈ શકતી અને ત્યાં શિક્ષણ મેળવતા તે ગુરૂને કુલપતિ માનવામાં આવતા. વિદ્વાન ઋષિઓ પણ દેશભ્રમણ માટે નીકળતા ત્યારે અન્ય આશ્રમોમાં નિવાસ કરતા અને આ રીતે મુલાકાતી તરીકે અધ્યાપન કાર્ય કરતા. એમને ટી.એ., ડી.એ. કે પોતાના શિક્ષણ કાર્ય માટેના કામના કલાકની પરવા ન હતી. તે બધા શિક્ષણને સમર્પિત હતા.

આપણે પણ શિક્ષણના ક્ષેત્રનાં ગૌરવને પુનઃસ્થાપિત કરીએ.

*'સુદર્શન', ૯૨, એન.આર.આઈ. સોસાયટી,*
*શ્રીજી નગર, આર.ટી.ઓ. રિલોકેશન સાઈટ પાસે,*
*પોસ્ટ : માધાપર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૪૨૬૨ ૩૮૭૨૭, ૯૮૭૯૫ ૬૫૭૨૭*

## સત્યનો પ્રભાવ

**(અનુસંધાન : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

આથી રાંપને ફરી ગરમ કરવાનો દરબારનો હુકમ છૂટ્યો. રાંપ તપીને લાલચોળ થતાં તેને ફરી ઉમરબાઈના હાથ પર મૂકવાનું ફરમાન કર્યું.

ઉમરબાઈ તો પરમાત્માનું સ્મરણ કરતી શાંત ઊભી હતી. હરણાકંસના લોહસ્તંભને બાઝી પડેલા પ્રહલાદની માફક એને પણ હવે આત્મવિશ્વાસ બેસી ગયો હતો. તેણે ફરીથી ધગધગતી રાંપ 'રામ' કહીને પોતાના ખુલ્લા હાથ પર લઈ લીધી.

'હી રંભ તાં ઠરી વઈ લગેતી ભલા!' દરબારના મોંમાંથી અવાજ આવ્યો.

આટલો વખત ચૂપચાપ ઊભેલા પાલણશાથી હવે આ જુલમ સાંખી શકાતો ન હતો. એનું અંતર ઊકળી રહ્યું હતું. પાલણશાએ હવે આગળ આવીને પોતાની પત્ની ઉમરબાઈને કહ્યું : 'રંભ ઠરી વઈ વે ત વારેને વિજ ઠક્કરજી નિડીમેં! (રાંપ ઠરી ગઈ હોય તો તેને વાળીને નાખ ઠાકોરના ગળામાં!)'

પતિની આજ્ઞા સાંભળીને સત્યમૂર્તિ સતીએ રાંપને વાળીને દરબાર તરફ દોટ મૂકી.

દરબારે વિચાર્યું : 'હવે આવી બન્યું લાગે છે! હવે અહીંથી ભાગી નહિ છૂટીએ તો હમણાં જ બાર વાગી જવાના!'

અને દરબાર તથા કારભારી ત્યાંથી ઊઠીને મુઠ્ઠીઓ વાળી એવા ભાગ્યા કે વહેલી આવે પત્રી!

*સ્વ. દુલેરાય કારાણી લિખિત*
*"કચ્છની રસધાર : ભાગ-૧" માંથી સાભાર*

*ખોટી ટીકાઓ સામે ધીરજપૂર્વક મૌન પાળવું એ જ ઉત્તમ પ્રતિકાર છે.*

# એક નવતર પ્રયોગ

## કચ્છની ઘાસ-ચારાની જરૂરિયાત કચ્છ જ પૂરી પાડી શકે તેમ છે

### ૧૭૦૦૦ એકરમાં ઘાસ-ચારો ઉગાડવા પ્રતિ એકરે રૂા. ૫૦૦/-ની પ્રોત્સાહન યોજના

- કચ્છ જિલ્લામાં ૮૧ પાંજરાપોળો છે
- આ પાંજરાપોળો ટોટલ ૭૨,૦૦૦ ઢોરોને સાચવે છે.
- કચ્છમાં અંદાજિત ટોટલ ૩,૦૦,૦૦૦ ઢોર હોવાની ગણના છે.
- આવતા ચોમાસા સુધીના બાકી રહેતા ૯ મહિનામાં આ ઢોરોને ૨,૦૩,૦૦,૦૦૦ મણ અથવા ૮,૧૦,૦૦૦ ટન ઘાસ જોઈએ.
- મતલબ ૮૧,૦૦૦ ટ્રક ઘાસ જોઈએ.
- સામાન્ય રીતે કચ્છ બહારથી આ ઘાસ લાવવામાં આવે છે અને તેની કિંમત પ્રતિ મણ ખૂબ જ ઊંચી ચૂકવવી પડે છે.
- અગર કચ્છના પિયતવાળા વિસ્તારમાં આ ઘાસ વાવવામાં આવે તો તે ખૂબ જ સસ્તું પડે.
- તે માટે પિયતવાળા વિસ્તારની ૧૭,૦૦૦ એકર જમીનમાં ત્રણ પાક લેવા કચ્છના ખેડૂતોને પ્રોત્સાહિત કરવા જરૂરી છે.
- તે માટે એક યોજના નક્કી કરવામાં આવેલ છે. તે મુજબ **ઘાસ-ચારો ઉગાડનાર ખેડૂતને પ્રતિ એકર રૂા. ૫૦૦/- પ્રોત્સાહન સ્વરૂપે ચૂકવવા.**
- ઘાસ-ચારો એટલે મકાઈ, જુવાર, બાજરી, ગાજર અને રંજકો.
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠને સંયુક્તપણે હાલે ૨૦૦૦ એકર માટે આ યોજના જાહેર કરેલ છે.
- **જરૂરિયાત ૧૭,૦૦૦ એકર માટેની છે.**
- **જીવદયા પ્રેમીઓ તથા આ યોજના પ્રત્યે કૂણી લાગણી ધરાવનારના સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.**
- મુંદ્રા તાલુકાના ગામડાંના પિયતવાળા વિસ્તારના ખેડૂતોએ આ યોજનાની શરૂઆત કરી દીધેલ છે. અન્ય વિસ્તારોમાં શરૂઆત કરવામાં આવી રહેલ છે.
- વધુ વિગત માટે અથવા પોતાનો ફાળો નોંધાવવા આપશ્રી નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધી શકશો.

| | | |
|---|---|---|
| **શ્રી અશોક મહેતા** | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ૦૯૮૨૫૩ ૨૨૬૮૯, ૦૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| **શ્રી વસનજીભાઈ સોની** | પ્રમુખશ્રી, શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન - મુંબઈ | ૦૯૯૧૩૯ ૫૩૮૫૬, ૦૯૯૨૦૨ ૯૮૭૨૬ |
| **શ્રી ભરતભાઈ સોંદરવા** | મેનેજરશ્રી, શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન - મુંબઈ | ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ |

**જીવદયાની પ્રવૃત્તિ માટે સંકળાયેલ સહુ કોઈને આ યોજનામાં સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.**

**પ્રતિ એકર રૂા. ૫૦૦/-ના પ્રોત્સાહન સ્વરૂપે ટોટલ ૧૭,૦૦૦ એકર માટેની આ યોજના વિચારાયેલ છે.**

**વસનજીભાઈ સોની**
અધ્યક્ષશ્રી
શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**અશોક મહેતા**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# .....મધુ વિન્દતિ

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

રોહિત ગમે તેવો તોય હરિશ્ચંદનો પુત્ર છે. જીવ સૌને વહાલો હોય. એટલે એ જીવ બચાવવા જંગલમાં ભાગી છૂટે એમાં ખોટું કશું નથી. પરંતુ એ જ રોહિતને જ્યારે પિતાને જળોદર થયાના વાવડ મળે છે, ત્યારે એ બીમાર બાપને તરછોડવા હરગિજ તૈયાર નથી. પ્રેમાળ પિતાએ જ એને ક્યાંક ગિરિકંદરામાં સંતાઈ જવાની શીખ આપી હતી ને! કયો સગો બાપ હાથે કરીને આંખના રતનસમા પુત્રનું બલિદાન આપે? એને ખબર છે કે વચન પ્રમાણે રાજા વરુણનું યજન ન કરી શક્યો એથી પેલો જળદેવતા રૂઠ્યો છે. એણે વેર વાળવા એને પેટથી ઝાલી પાડ્યો છે. પોતાને કારણે પિતાનો આ રીતે ભોગ લેવાય એ કયા પુત્રને ગમે?

એટલે રોહિત પાછો વળે છે. મરતા બાપનું મોઢું જોવા એ જીવનું જોખમ વહોરવા તૈયાર થઈ જાય છે. ઈન્દ્ર એને પાછો ફરતો રોકે છે. રોહિતને એ શ્રમનો મહિમા સમજાવે છે. એની વાત યુવરાજને ગળે ઊતરે છે. એ નગર ભણી જવાનો વિચાર ત્યજીને વનભ્રમણ કરતો રહે છે. વળી પાછો વરસે દહાડે એનો જીવ ઊપડી જાય છે, પોતાનું ઘર તથા વહાલું વતન સાંભરે છે. એ ગામનો રસ્તો પકડે છે. ફરી એ જ ઈન્દ્ર એને શ્રમનો મહિમા સંભળાવવા પુરુષવેશે હાજર થઈ જાય છે. રોહિત ફરી વાર વનમાં વસવાનું સ્વીકારી લે છે. રોહિતને વારંવાર ઘર સાંભરે છે. સ્વજનોને મળવાની ઉત્સુકતા જાગે છે. પરંતુ જેવો એ ઘર ભણી પગ માંડે છે કે તરત ઈન્દ્ર માણસનું રૂપ ધરી એને વારે છે, પાછો વાળે છે : 'તારે નિરંતર ફરવાનું છે. તારે કામ કરવાનું છે. ફરનાર જ ઇંદ્રને ગમે. इन्द्र इश्चरतः सखा । લાગણીઓને ભોંયમાં ભંડારી દે. ફર્યા કર. તો જ તને કંઈક જડશે.'

ઈન્દ્ર દેવોનો રાજા છે. એના મુખે શ્રમનો મહિમા ગવડાવીને બ્રાહ્મણગ્રંથના કર્તાએ અજાણતાં જ શ્રમિકનો પણ મહિમા કર્યો છે. દેવરાજ કોઈ સાધારણ યુવાનને નહિ, પરંતુ ઈક્ષ્વાકુવંશના રાજકુમારને શ્રમ કરવા પ્રેરી રહ્યા છે. 'ઐતરેય બ્રાહ્મણ' જે પ્રજાના પૂર્વજોએ સર્જ્યું, એ જ પ્રજાને શ્રમના પાઠ આજે જાપાન પાસેથી શીખવા પડે છે! આપણે આળસુના પીર થઈને ઘોર્યા કરીએ છીએ ને અમેરિકા 'ઐતરેય બ્રાહ્મણ'ના ઉપદેશને અક્ષરસઃ અનુસરી બતાવે છે. નાના શ્રાન્તાય શ્રીરસ્તિ । ઇંદ્રના મુખમાં મુકાયેલ આ સુવિચારનો અર્થવિસ્તાર તો આપણને આવડે છે, કારણકે સંસ્કૃત આપણી ભાષાઓની ભાષા છે. ગુજરાતી, મરાઠી કે હિંદી આપણી માતૃભાષા હોય તો સંસ્કૃત આપણી દાદી-ભાષા છે. 'ગ્રાન્ડ મધરટંગ' કે 'ગ્રેટ ગ્રાન્ડ મધરટંગ' છે. એટલે સર્જકનો શ્લેષ સમજવામાં આપણને ઝાઝો શ્રમ નહિ પડે. ન અનાશ્રાન્તાય શ્રીરસ્તિ । થાક્યા વગર સંપદા ન જ મળે. 'સિદ્ધિ એને જઈ વરે, જે પરસેવે ન્હાય!' એ જ રીતે, 'વિધ વિધ વાને થાકેલાને' જ લક્ષ્મી વરે, પ્રમાદી થઈને પડી રહેનારને નહિ જ નહિ. આ બધી શબ્દ રમતમાં આપણે એક નંબરના, પરંતુ શ્રાન્ત - આશ્રાન્ત થવાની લગાર સરખી તૈયારી નહિ! મહેનત કરે આપણી બલા! આ શ્રમવિરોધી અભિગમે જ આપણને પાંગળા બનાવીને પછાડી દીધા. આપણો દેવાધિદેવ પણ પછી આપણને શી રીતે ઉગારી શકે?

ક્યારેક આપણા ભવ્ય વારસા ભણી પણ દષ્ટિપાત કરવા જેવો છે. એ માટે ચોટી બાંધીને વેદ ભણવા બેસી જવાની જરૂર નથી. વેદ ભણી શકતા હોય એ જરૂર ભણે. બલકે એ માટે જરૂરી પ્રબંધ પણ થવો ઘટે. બધા એવા ઊંડા અધ્યયન પાછળ વખત ન ખરચી શકે, પરંતુ ક્યારેક ઘરનાં છોકરાનાં પાઠ્યક્રમનાં પુસ્તકોનાં પાનાં તો આપણે સૌએ ઉથલાવવાં જ જોઈએ. એથી 'બાળક' થોડું ધાકમાં રહેશે કે એની ખાનગી પ્રવૃત્તિઓ પર લગામ આવી જશે, એ તો જાણે સમજ્યા! પરંતુ આપણને એમાંથી કદી કલ્પ્યું પણ ન હોય એવું ભાથું મળી જવાનો પણ સંભવ ખરો જ. 'ઐતરેય બ્રાહ્મણ' ગ્રંથાલયમાંથી મંગાવીને આપણે કદાચ ક્યારેય વાંચવાના નથી, પરંતુ બારમા ધોરણની સંસ્કૃતની ચોપડીમાં સમાવાયેલા અંશ, દીકરીનાં ચોપડાં ફેંદવાની ટેવ પાડી હોય તો, નજરે ચડી જવાની શક્યતા નકારી શકાય નહિ!

ટેવ મુજબ સવારે સાડા ત્રણ વાગે ઊઠતાં ઉઠાઈ તો ગયું. વિષય સૂઝતો નહોતો. અચાનક દુહિતા ડૉલીની સંસ્કૃતની ચોપડીનું ખુલ્લું રહી ગયેલું પાનું આંખે ચડ્યું : चरन्वै मधु विन्दति। ફરનારને જ મધ મળે; કેવી મજાની વાત! બેઠાં બેઠાં બગાસાં ખાનારને થોડું મળવાનું હતું? મોતી મેળવવા મરજીવા થઈને ખાબકવું પડે. આ શ્રમનું ઉપનિષદ છે. મન એમાં જ પરોવાઈ ગયું. આખો પાઠ વંચાઈ ગયો...

પિતાને જળોદર થયું છે. વરુણના વરદાનથી મળેલા પુત્ર રોહિતનો સગા હાથે વરુણદેવને બલિ ચડાવવાનું તો પિતા હરિશ્ચન્દ્રને પણ શાનું ગમે? પરંતુ શરત કરેલી હતી. વચન આપી દીધું હતું. એમાં ઢીલ કેમ ચાલે? પુત્ર સ્નેહને કારણે મોડું તો ઘણું થઈ ગયું હતું. કુમાર બખ્તર પહેરતો થઈ ગયો હતો. એને જાણ થઈ કે પિતાની ઈચ્છા વિરુદ્ધ મહેલમાં મારો ભોગ ધરાવવાની વાત ચાલે છે, ત્યારે એ જીવ લઈને નાઠો. જંગલમાં સંતાઈ ગયો. પરંતુ વરુણદેવ ભોગ લીધા વિના થોડા રહે? જળના અધિષ્ઠાતા એટલે ગળચી

*જેને આંખો નથી તે આંધળો નથી પણ જે પોતાના દોષ ઢાંકે છે એ આંધળો છે.*

ન પકડી, પેટ પકડી લીધું. અમારી દાક્તરી ભાષામાં હરિશ્ચંદ્રને 'એસાઈટિસ' (ascites) થઈ ગયું. જેવી આ વાતની જાણ થઈ એવો પુત્ર રોહિતનો જીવ ઊપડી ગયો. એણે બધું પડતું મૂકીને વતનની વાટ ઝાલી. પોતાને કારણે પિતાનો ભોગ લેવાઈ જાય એ એને હરગિજ મંજૂર ન હોય. ઇંદ્ર એને પાછો ફરતો રોકે છે. એ માણસના વેશમાં આવી આવીને એને વારતા રહે છે. એ હોનહાર, સ્વપ્નશીલ તરુણને ખબર નથી કે મને ઉદ્યમી બનવાનો ઉપદેશ આપનાર સાક્ષાત્ દેવરાજ ઇંદ્ર છે. ઇંદ્ર તો ઉદ્યમીનો મિત્ર. इन्द्र इश्चरतः सखा । એ વાત પર ઘરભણી વળેલો રોહિત સળંગ પાંચ પાંચ વાર વનમાં પાછો ફરે છે. વરુણને ભોગ જોઈએ છે. હરિશ્ચંદ્ર તો વચનના બંધાણી, સત્યવાદી. દીકરો નાસી ગયો છે. એના બદલામાં શુનઃશેપ શૂળીએ ચડવાય તૈયાર છે. રાજાના કુંવરને જિવાડવા પંડના દીકરાનો ભોગ ધરવા અજીર્ગત ઋષિ સંમત થઈ ગયા છે. આખરે લાખોના પાલણહારને બચાવી લેવાની વાત છે. લાખ મરજો પણ લાખોના પાલણહાર ન મરજો! ('શિરનો સોંપણહાર કે ઓલ્યો વાઢણહાર વખાણીએ?') ઇંદ્ર દર વખતે બ્રાહ્મણ વેશે પ્રગટ થઈને શ્રમનો જ મહિમા કરે છે. સતત ઉદ્યમ કરતા રહેવાનું, નિરંતર ફરતા રહેવાનું શીખવે છે. માખો મારતા આળસુથી મોટો પાપી કોઈ હોઈ શકે ખરો? રોહિતને બ્રાહ્મણની વાત સાચી પણ લાગે જ છે. चरैवेति चरैवेति । બસ, ફર્યા જ કર. કેટલો ફાયદો થાય, એ આજે આપણને આપણો ફિઝિશિયન કે ફેમિલી ડોક્ટર સમજાવે છે. બેઠાડું શેઠિયો એના વૈભવને વાપરી શકતો નથી. ખાવાનું તો અઢળક છે, પણ ડાયાબિટીસનો ભોગ બન્યો હોઈ કશું સ્વાદિષ્ટ કહી શકાય એવું ખાઈ જ નથી શકતો. વરુણે હરિશ્ચન્દ્રને આપ્યો એવો શાપ આપણે જાતે ને જાતે પોતાને આપતા ફરીએ છીએ. 'આપતા ફરીએ છીએ' એમ કહેવા કરતાં 'આપી બેસીએ છીએ' કહેવું વધુ ઉચિત લેખાશે. કારણકે થોડા હાથપગ હલાવતા રહીએ તો આ દશા ન આવે. ડાયાબિટીસ, બી.પી. અને કબજિયાત જેવી ઘણી બીમારીઓમાંથી બચી શકાય. ફરનારને ફક્ત એક જ પ્રકારની 'શ્રી' ફળ મળે એવું નથી. એના બધા જ પાસા પોબાર પડે. ખાસ તો એને શારીરિક દૃષ્ટિએ બહુ લાભ થાય. નિયમિત વૉકિંગની ટેવ પાડો તો તમારી જાંઘ ખીલે. જાંઘ ફૂલની માફક વિકસે. આપણા ઋષિને વ્યાયામનો કેવો ખ્યાલ છે! શિયાળુ સવારનું ભ્રમણ કરનારની જાંઘ જોઈ છે? ફરવાથી એ પુષ્ટ બને છે, કદાચ સુવાસિત પણ! ને ફરનારનાં પાપ 'સૂઈ' જાય છે, ને સૂતા રહેનારનાં જાગી ઊઠે છે. આપણા પૂર્વજોએ યાત્રાનો જે અદ્‌ભુત મહિમા કર્યો છે, એનું મૂળ આ ગાથામાં પડ્યું હોય એમ નથી લાગતું? ઈન્દ્રના મુખમાં મૂકેલો આ શ્લોક આપણે જાણે અજાણ્યે રોજબરોજના વાર્તાલાપમાં વાપરતા હોઈએ છીએ.

**आस्ते भग आसीनस्य उर्ध्वः तिष्ठति तिष्ठतः ।**
**शेते निपद्यमानस्य चराति चरतो भगः ॥**

બેઠેલાનું નસીબ પણ બેઠેલું જ રહે છે. ઊભેલાનું ઊભું, સૂતેલાનું સૂતું અને ફરતાનું ફરતું! માટે ફરતા ફરો. જીવન ચલનેકા નામ, ચલતે રહો સુબહ ઔર શામ! બેમિસાલ ગણાય એવી શિખામણ છે. બેસી ન પડો. સૂતા ને સૂતા ન રહો. જ્યાં છો ત્યાં ઊભા રહેશો તો એનો કોઈ અર્થ નથી. ગતિ કરો, તો પ્રગતિ પણ થશે અને કદાચ સદ્‌ગતિ પણ. અમારા પિતાશ્રી અહર્નિશ ફરતા રહેતા. ક્યારેક અહીં, તો ક્યારેક તહીં. પંચ્યાસીની પાકટ વયે પણ જુવાનને શરમાવે એવી તબિયત. સ્ફૂર્તિનો ફુવારો જોઈ લો! તેડું આવ્યું એટલે ચૂપચાપ ચાલ્યા ગયા. જાણે ભરી મહેફિલમાંથી કોઈને ખ્યાલ સરખો ન આવે એમ સરકી ગયા. આનાથી બીજી 'સદ્‌ગતિ' સંભવે ખરી?

ઐતરેયની આ કથા કેવળ શ્રમનું જ નહિ, ગતિનું પણ ઉપનિષદ્ છે. ગતિ પ્રગતિની પૂર્વશરત છે. અમેરિકાને અમેરિકા બનાવનાર ત્યાંના મૂળ વતનીઓ નથી. એ ફૂલ્યું ફાલ્યું હોય તો બહારથી આવીને વસનારા ફરંદાઓના પ્રતાપે. આપણા કચ્છી માડુ જ્યાં ગયા ત્યાં નંદનવન સરજી શક્યા છે. કારણકે એમના પગમાં પદ્મ છે. ગતિ જીવનની નિશાની છે. મડદું ગંધાઈ ઊઠે છે કારણકે એ ગતિ ગુમાવી બેઠું છે. આપણે એને ઊંચકીને સ્મશાન ભેગું કરવું પડે છે. સગી જનેતાનું કે બાપનું હોય તોય એને બાળી મૂકવું પડે છે. ગંગાજળ પણ બંધિયાર બની જાય ત્યારે ગંધાવા માંડે છે. પવિત્રતાને પ્રવાહ સાથે સાંકળનારા કંઈ ગાંડા નહોતા. આ શુનઃશેપનું આખ્યાન મૂલ્યો માટેના બલિદાનનું ઉપનિષદ્ છે. અને બીજી રીતે જોઈએ તો એ વ્યવહારનું તેમજ જીવનનું પણ ઉપનિષદ્ છે. સગા બાપ માટે પણ મરવામાં તે વળી કયું શાણપણ? માણસે જીવીને જંગ જીતી બતાવવાની કલા હસ્તગત કરવી જોઈએ. જીવ બચાવવા ઘનઘોર જંગલમાં સંતાઈ જવું પડે તોય શું? મહેલમાં રહીને મૂર્ખતાપૂર્વક મરી જવું એ કરતાં અરણ્યમાં રઝળપાટ કરી જીવવું નિઃશંક બહેતર છે. શાણા માણસો લાગણીઓમાં તણાઈને બલિવેદી પર ચડી ન જાય. એવું અનિવાર્ય જ હોય તો શુનઃશેપ જેવો ઘેટો મળી રહે! ઈસ્લામમાં બકરી ઈદનું જે 'મિથ' મળે છે એ જ વાત આપણા ઐતરેયમાં વર્ષો પૂર્વે મુકાયેલી નથી લાગતી? સવારે બ્રાહ્મમુહૂર્તમાં ડૉલીની ઉઘાડી રહી ગયેલી ચોપડીના પાના પર નજર પડતાં આવું બધું ઊગી આવ્યું. પ્રાતઃભ્રમણ કરતાં કરતાં મન વૈદિક ઋષિના તપોવનની લટાર મારી આવ્યું. કેવડો મોટો ખજાનો પડ્યો છે આપણા પટારામાં! આપણે બધું બહાર ને બહાર શોધતા ફરીએ છીએ. બધું ઉછીનું લઈ આવીએ છીએ. અમેરિકા, જર્મની, જાપાન.... કોણ જાણે ક્યાં ક્યાં ઝોળી ફેલાવતા ફરીએ છીએ. આપણા ઉપનિષદ - મધુને તો યુગોથી આપણે પટારે પૂરીને સાતમા પાતાળે ભંડારી દીધું છે! ફિલસૂફીથી માંડીને ટેકનોલોજી લગી બધું જ આપણે બહારથી આણીએ છીએ કદાચ એ ફરંદાઓ આપણો જ કાચો માલ જરા 'રિફાઈન' કરીને આપણને વેચતા હોય, તોય કોને ખબર? સૂરજની જેમ સતત ફરતા ને ઝળહળતા રહેનારાને જ મધ કે મધમીઠાં ઉંબરડાં ચાખવાનો અધિકાર છે. આપણે એ ચૂક્યા હોઈએ તો આપણી દીકરીનો પાઠ વાંચીને ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ!!!

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ ૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર.*

*મૂર્ખ માનવીનો અવાજ ઊંચો હોય છે, નહિતો એને કોઈ સાંભળે જ નહિ.*

# માનસિક ગુલામી અને આપણી સમજ

• દામજી માણેક ગડા •

આ સંપુર્ણ ચિંતનમય લેખ છે વારંવાર ચિંતનશીલ વ્યક્તિઓની સાથે સંવાદ કરવાની તકો મળતી રહે છે. આમાંથી જે સમજવાનો મેં પ્રયાસ કરેલ છે તે મેં લખવાનો એક પ્રયાસ કરેલ છે. મારા મિત્ર યોગેન્દ્ર યાદવ અને ડૉ. યશવંત સુમનના પ્રવચન ભારતીય ભાષા અને આપણી માનસિક ગુલામી પર હતાં. સમાજના બહુજ ચિંતનશીલ વ્યક્તિઓનો સમૂહ એમાં શ્રોતાઓ તરીકે જોવા મળતો હતો. દરેક મુખ્ય વર્તમાન પત્રના તંત્રીઓ શ્રોતા તરીકે જોવા મળતા હતાં.

ડૉ. યશવંત સુમન પુના વિદ્યાપીઠનાં પોલિટીકલ સાયન્સના પ્રોફેસર છે. તેમણે ભાષા વિશે પોતાના વિચાર પ્રસ્તુત કરતાં કહ્યું કે પ્રથમ ભાષા મરણ પામે છે. પછી એ ભાષામાં જીવી રહ્યા માણસો મરાયાના સમાચાર મળે છે. જે ભાષાને મારવા વાળો છે તે સદીઓથી આ તરકીબ અજમાવતો આવ્યો છે. ભાષાને ખતમ કરી મૂકો. એ ભાષામાં જીવી રહેલ માણસ પોતાની મેળે મરી જશે. પછી માત્ર બચશે એ માણસનો દેહ. આ દેહમાં તમારા મનને અને તમને ઉપયોગી હોય તે ભાષાથી ભરી મૂકો અને તેના દેહને એક કબરમાં દફનાવી મૂકો. આજે કેટલીક પ્રાદેશિક ભાષાઓ પતનનાં આવા પ્રવાહમાં ધકેલાઇ રહી છે.

સંસ્થાવાદનો એક નિયમ છે તમને માણસના વહેવાર અને તેના મન પર કાબૂ મેળવવો હોય તો તેને તેની માતૃભાષાથી દૂર કરો અને ત્યાર પછી તેને ગુમાસ્તા (ક્લાર્ક) સંસ્કૃતિમાં ધકેલી દો. ત્યારપછી એ સમાજ વરસો સુધી તમારી ગુલામીમાં રહેશે તેને તેની ભાન સુધ્ધાં નહીં પડે. ભાષા મરવાથી તેની સભ્યતા, સંસ્કૃતિ અને માનસિકતા પણ બદલાઇ જાય છે.

વર્તમાન ભારતીય રાજકારણમાં સમજદાર, ડહાપણવાળો, બુદ્ધિમાન અને બધાને શાંતિથી સાંભળીને પોતાના વિચાર વ્યક્ત કરનાર વ્યક્તિ તરીકે યોગેન્દ્ર યાદવની ગણના કરવામાં આવે છે. સમાજવાદી વિચારધારામાં માનનાર મહાત્મા ગાંધી, લોહિયા, જે.પી.થી વધુ પ્રભાવિત આ વ્યક્તિને સાંભળવાનો અને તેમની સાથે સંવાદ કરવાના વારંવાર અવસર પ્રાપ્ત થાય છે. એમના પ્રવચનનો મુખ્ય સાર માનસિક ગુલામી અને સમાજશાસ્ત્ર પર હતો. એમણે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું :

વીસમી સદીના અંતિમ દાયકામાં માણસના વિચારો નબળા પડતા જાય છે. માની લો કે મનુષ્ય જાતિનું મગજ નાનું થતું જાય છે. પરિસ્થિતિઓને સમજવાનો કે નિરાકરણ લાવવા માટે આપણી જે પ્રચલિત પરંપરામાં જે વિચારો અને સમજણ હતી તે નિષ્ફળ પુરવાર થઇ રહી છે.

વિચારો કોઇ કચરો નથી કે તેનો ઉકરડો બનતો જાય. તે પ્રદર્શનનો માલ નથી કે આપણે તેની લંબાઇ ચોડાઇ કે મોટાઇની ગણતરી કરીને તેને આશ્ચર્યકારી બનીને જોતા રહીએ. વિચાર એ એવી જણસ છે કે ધનવાન માણસો એની થોકબંધ ખરીદી કરીને તેના પર તાગડધિન્ના કરી શકે નહીં. વિચારોનો જન્મ ત્યારે થયો જ્યારે મનુષ્યને લાગ્યું કે તે એક સામાજિક રીતે પડકારોથી ઘેરાયેલો છે.

જ્યારે કોઇ ચીજ પ્રત્યેની સમજ પાકી બની જાય ત્યારે તે શાસ્ત્ર બની જાય છે. ઘણી બાબતો વિવાદ અને અનુસંધાનની પ્રક્રિયામાં રહેતી હોય છે. બાકી રહસ્ય અને અંધકારની તરફ ગતિ કરતી હોય છે. એને પણ કલ્પના અને તરંગોની માફક વૈચારિક ઢાંચામાં રાખવામાં આવે છે. આ ત્રણે ચીજોના અરસપરસના સંબંધોને કારણે માનવીય વિચારોનો એક સંસાર બને છે. દરેક મનુષ્ય સમુદાયનો એક વિચાર સંસાર હોય છે. આ વિચાર સંસારમાં રહીને મનુષ્યને વિશ્વાસ બેસે છે કે તે પરિસ્થિતિઓની સામે ટકી રહેશે. ખરાબ પરિસ્થિતિઓમાંથી બહાર આવીને તે એક સારું ભવિષ્ય બનાવી શકશે. વર્તમાનમાં આ વિચાર-સંસાર સાવ સૂમસામ બની ગયેલ છે.

એક પ્રજાતિનાં વિચારો પ્રમાણે માણસની સફળતા શું હોઇ શકે? આની આપણે બે વિભાગોમાં ફારગતી કરી શકીએ. પ્રથમ એ કે આ બ્રહ્માંડમાં મનુષ્યનો એક એવા પહેલુ સાથે સંપર્ક સ્થાપિત થાય કે જેનાથી તેને એવો અનુભવ થાય કે તેનો આ સંપૂર્ણ જગતમાં હિસ્સો છે. આ મનુષ્યના જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય છે. બીજું લક્ષ્ય એ હોવું જોઇએ કે દરેક મનુષ્યને પોતાના સ્વાભિમાન સાથે એક સ્વસ્થ જીવન જીવવાની સંપૂર્ણ સુવિધા પ્રાપ્ત થતી હોય. જ્યાં સંપૂર્ણ અને સુવિધાજનક લક્ષ્યો માણસના જીવનમાં પ્રાપ્ત થવાના પ્રયત્નો થતાં હોય ત્યાં સામ્યતાનાં દર્શન થાય છે.

આજ સુધી કોઇપણ યુરોપીયન ઇતિહાસકારોને છોડીને બીજા કોઇપણ વ્યક્તિએ વિશ્વનો ઇતિહાસ લખ્યો નથી કે જેનો લખવાનો દૃષ્ટિકોણ ગેરયુરોપીયન હોય. વિશ્વ ઇતિહાસ લેખનમાં સ્પષ્ટ દેખાઇ આવે છે કે વિશ્વ ઇતિહાસમાં યુરોપીયન ચેતના અને યુરોપને કેન્દ્રમાં રાખીને લખવામાં આવ્યું છે. એશિયાના ઇતિહાસકારો લખશે તો પણ બરાબર ન્યાયપૂર્ણ લખી શકશે નહીં. અગર યુરોપ અને એશિયાના ઇતિહાસકારો મળીને ઇતિહાસ લખશે તો ક્યાંક ન્યાયપૂર્ણ લખી શકશે. વિડંબના એ પણ છે કે એશિયા, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાની ચેતના મારફત પ્રભાવિત વિશ્વ ઇતિહાસ લખવામાં આવતું નથી. યુરોપ કેન્દ્રિત ઇતિહાસમાં જે પણ સુધારા વધારા કરવામાં આવે છે તે બધા

*કમ ખાઓ, ગમ ખાઓ, ફિકરકી ફાકી બનાકે પી જાઓ.*

પશ્ચિમના બુધ્ધિજીવીઓ મારફત થઇ રહ્યા છે.

આપણે ત્યાં શાસ્ત્રોમાં જે જ્ઞાન છે, તે એક વિશિષ્ટ વર્ગ તરફથી લખવામાં આવ્યું છે. આ શાસ્ત્રોમાં સામાન્ય માણસની મેધાના કે જ્ઞાનના દર્શન થતા નથી. ભક્તિ માર્ગના જે સંતો તરફથી જે શાસ્ત્રોમાં જ્ઞાનનાં દર્શન થાય છે તેના કારણે શોષિત વર્ગના થોડા માણસોને મુક્તિ પ્રાપ્ત થયેલ છે. તેના કારણે તેમને એમના હકો મળેલ છે.

જે માણસો કે સમૂહ લાંબાગાળા સુધી ગુલામ બની રહે છે તેના સ્વભાવમાં પરિવર્તન આવી જાય છે. લાંબા ગાળા સુધી ગુલામ રહેલા દેશો અને અલ્પ સમય સુધી ગુલામ રહેવાવાળા દેશોના ચરિત્રમાં ભિન્નતા દેખાઇ આવે છે. લાંબા સમય સુધી ગુલામ રહેનાર દેશોનાં લોકો સખત કામ કરવા પોતાનો સ્વયં નિર્ણય કરી શકતાં નથી. ગુલામ વ્યક્તિ હુકમ કરવાથી કષ્ટ કરનારું કામ કરી શકે છે પણ તે કામ અનિચ્છાથી કરે છે. આ કામમાં એને રસ હોતો નથી. આ તેનો સ્વભાવ બની જાય છે. જ્યારે તે આઝાદ થાય છે ત્યારે પણ તેને કષ્ટભર્યું કે મુશ્કેલ કામ કરવામાં રૂચિ હોતી નથી. તે મુશ્કેલ કામ અને કઠોર નિર્ણયથી ભાગતો રહે છે. મુશ્કેલ કામ કરવામાં જે રસ છે જે આત્મ સંતોષ પ્રાપ્ત થાય છે, તેને એ સમજી શકતા નથી. લાંબાગાળાના હિતો માટે મુશ્કેલ કામ પ્રત્યેકને માટે આવશ્યક હોય છે. આ ભાવ લાંબાગાળા સુધી ગુલામ રહેનાર માણસનાં આચરણમાં જોવા મળતો નથી.

ભારતમાં દરેક વિચારશીલ અને બુધ્ધિજીવી અનેક વખત આ વાત કહેતા હોય છે કે ઉપર જણાવેલ વાત તો સાચી છે પણ એના પર અમલ કરવું મુશ્કેલ છે. આ પ્રકારનો માણસનો સ્વભાવ બની રહેવાનું કારણ એ છે કે તેઓ લાંબાગાળા સુધી ગુલામ બની રહેવાને કારણે તેમનો તે પ્રકારનો સ્વભાવ બની ગયો હોય છે.

અલ્પ સમયની ગુલામી માત્ર રાજનૈતિક ગુલામીમાં જોવા મળે છે. જ્યારે લાંબા સમયની ગુલામીમાં માનસિક ગુલામી આવી જાય છે. આથી ગુલામસમૂહ આ ગુલામીનો આદી બની ગયો હોય છે. તેમનો ગુલામી પ્રત્યેનો આક્રોશ મંદ પડી ગયો જોવા મળે છે. તર્ક અને નિર્ણય કરવાની બાબતમાં પણ ગુલામ વ્યક્તિનું મગજ નબળું હોય છે. લાંબા સમય સુધી કોઇ સમાજ કે વ્યક્તિ ગુલામ બની રહે છે ત્યારે તેનું વ્યક્તિત્વ બીમાર થઇ જાય છે. ઘણી બાબતોમાં તે માનસિકપણે અપંગ બની જાય છે. પ્રયત્ન કરવાથી કોઇ સમૂહ ગુલામીના પ્રભાવથી મુક્ત થઇ શકે છે. મુક્ત થવા માટેનું પ્રથમ પગલું એ હોય છે કે તે ગુલામી પ્રત્યે સચેત બને અને તેનો એને ભાસ થાય કે તેના વિચાર, બુધ્ધિ અને તેની ઇચ્છાઓ ગુલામીથી પ્રભાવિત છે તેનાથી તે મુક્ત થઇ નથી.

આપણા દેશની આઝાદીના આંદોલન વખતે આપણા દરેક નેતા અને કાર્યકર્તાઓ રાજનૈતિક ગુલામીના વિશે સચેત હતાં. પરંતુ બૌધ્ધિક, આર્થિક અને સામાજિક દાસતા વિશે એમની સમજ ગહન ન હતી. તેઓ એમ સમજતા હતાં કે સામાજિક, આર્થિક અને બૌધ્ધિક ગુલામી આ રાજનૈતિક ગુલામીનાં કારણે છે. એટલે રાજનૈતિક ગુલામીમાંથી મુક્ત થતાં આપોઆપ આર્થિક, બૌધ્ધિક અને સામાજિક ગુલામી સમાપ્ત થઇ જશે. આ એક લાપરવાહી ભરી ખોટી વિચાર શ્રેણી હતી. આ સોચ સરદાર પટેલથી કરીને જવાહરલાલ નહેરુ સુધી હતી. માત્ર મોહનદાસ કરમચંદ ગાંધી આ વિચારોથી અલગ વિચારતા હતાં.

સૌથી મોટી મુશ્કેલી એ છે કે આપણે જે વિકાસ નીતિનો સ્વીકાર કરેલ છે, એ વિકાસ નીતિને કારણે એશિયા અને એશિયાખંડના ઘણા દેશોનું બહુ જ મોટું નુકસાન થયેલ છે. આ વિકાસનો વિકલ્પ શું હોઇ શકે તેને શોધવાનો ભારતનાં બુધ્ધિજીવીઓએ ત્યાં સુધી વિચાર ન કર્યો, જ્યારે યુરોપનાં દેશોમાં આધુનિક વિકાસના વિનાશકારી પરિણામો માટે તેઓને ચિંતાઓ થવા લાગી. આના વિકલ્પના ઉપાયો માટે કાર્યશાળાઓ શરૂ કરી અને તેનો પ્રચાર કર્યો. વર્તમાનમાં યુરોપનાં બુધ્ધિજીવીઓએ અણુકરારનો વિરોધ કરી તેના માટે જાગૃતિ ઊભી કરી. આ જાગૃતિની પ્રેરણા આપણે ભારતીય બુધ્ધિજીવીઓ પાસેથી નહીં પણ યુરોપના લોકો પાસેથી મેળવી. પર્યાવરણ જાળવવાની સચેતતા અને તેના આંદોલનનું કેન્દ્રસ્થાન યુરોપ રહ્યું છે.

આધુનિક વિકાસ નીતિનો વિકલ્પ ગેરઆધુનિક હશે. આધુનિક ન હોવાનો અર્થ પાછળ ચાલવાનું થાય છે. ગુલામીથી ટેવાયેલું મગજ આધુનિક ન હોવાની વાતથી પણ ડરે છે. એમને ગભરાટ થાય છે કે કોઇ કહેશે કે તમે દેશને પાછળ લઇ જવા માંગો છો. આ વાત સાંભળીને મોટા ગાંધીવાદી નેતાઓ અને પોતાને ભારતીય ગણાવતા લોકો મૌન ધારણ કરી લે છે.

ગાંધીના હિંદ સ્વરાજ્યમાં સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમના પોતાના વિચારોમાં સ્પષ્ટતાનાં દર્શન થતાં હતાં. આ ભારતને ૧૮મી સદીમાં લઇ જવા માટેનું આહ્વાન હતું કે ગુલામીની જે સ્થિતિમાં આપણે ઊભા હતાં ત્યાંથી આપણે આપણાં વિકાસની નવી યાત્રાની શરૂઆત કરીએ. દેશને પાછળ લઇ જવાનો વિચાર કરવાવાળા મારી નજરે સમજદાર નથી. **પાછળ હટવાની પ્રક્રિયા યુધ્ધમાં હોય છે, ત્યાં પાછળ હટવાનો અર્થ થાય છે અપમાનજનક શરણાગતિ. યુધ્ધમાં સન્માનપૂર્વક પાછળ હટવાની પરવાનગી હોતી નથી.**

વર્તમાનમાં આપણે એમના વિચારોથી સહમત ન થઇ શકીએ કારણકે વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસના કારણે આપણી સંપૂર્ણ જીવનપધ્ધતિ બદલાઇ ગઇ છે. પરંતુ એક વાતથી આપણે બધા સહમત થઇ શકીએ કે જે વિકાસ નીતિના કારણે સામાન્ય માણસને સહન કરવું પડે છે, એનું આર્થિક શોષણ થાય છે અને પર્યાવરણનું જે નુકસાન થાય છે તેનાથી જગત પ્રલયની તરફ ગતિ કરી રહ્યું છે, તેનો ભાસ થાય છે. આવી પરિસ્થિતિમાં રિસ્કન, હેનરી ડેવીડ થોરો, ટોલ્સટોય અને ગાંધીના હિંદ સ્વરાજ્યના વિચારોમાં આશાનું કિરણ દેખાઇ આવે છે.

*આર-૫૬૭, એમ.આઇ.ડી.સી.,*
*ટી.ટી.સી. રેબેલ,*
*નવી મુંબઇ-૪૦૦ ૭૦૫.*

*તમારા લક્ષ્યને ભૂલશો નહિ, નહિ તો પછી જે કંઇ પ્રાપ્ત થશે એમાં જ સંતોષ માનવા લાગશો.*

ટૂંકી વાર્તા

# ધમકી

• મોહમ્મદ માંકડ •

ઠંડી પડવાની શરૂઆત થઈ ચૂકી હતી. ત્રણ જણા સગડી પાસે બેઠા હતા. ભારુ મારો જૂનો દોસ્ત હતો. દોસ્ત તો નહિ, પણ અમે ગુજરાતી નિશાળમાં ભણ્યા હતા. એ આગળ ભણ્યો નહોતો. હું ગ્રેજ્યુએટ થયો અને શહેરમાં નોકરી કરતો હતો. ભારુ સાથે મારે એવી કોઈ ખાસ દોસ્તી નહોતી. પણ એ શહેરમાં આવે ત્યારે અચૂક મારે ત્યાં આવતો અને હું ગામડે જાઉં ત્યારે એને મળતો. અને જૂની-નવી વાતો કરતા અને એ રીતે અમારા સંબંધોનો તંતુ જળવાઈ રહેતો.

આ વખતે ભારુ સાથે તેનો એક જોડીદાર લઘરો પણ મારે ત્યાં આવ્યો હતો. લઘરો ખેડૂત હતો. અમારા ગામડે રહેતો હતો. બહુ ઓછું બોલતો હતો. ભારુને પણ જમીન હતી, પણ એ જમીનમાં બહુ કસ નહોતો. છતાં ભારુ ગામડાની એક અગત્યની વ્યક્તિ હતો. એ ભાંગી-તૂટી ખેડ કરતો પણ ગામનાં બીજા અનેક નાના મોટા કામ એ કરતો હતો. નાના મોટા કજિયા પતાવતો, સરકારી અમલદારોને મદદ પણ કરતો. ગામડાંની સામાજિક પ્રવૃત્તિઓમાં પોતાની રીતે ભાગ લેતો. ચોમાસામાં સીમનું પગીપણું રાખતો. ભારુને બધાં ઓળખતા. કેટલાક એના પર હેત રાખતા, કેટલાક એનાથી ડરતા. ભારુ બહુ મજાનો માણસ હતો.

સગડી પાસે તાપતા તાપતા અમે ગામડાની વાતે ચડી ગયા હતા.

મેં ભારુને કહ્યું, 'આપણા ગામડામાં જ નહિ, પણ આજુબાજુના ગામોમાં પણ તારો ઓં ઘણો છે.'

'ઓં તો ઠીક હવે,' ભારુ હસ્યો. ભારુ ફાંકાબાજ નહોતો. અભિમાની પણ નહોતો. 'બાકી એવું છે કે, ચમત્કાર વિના નમસ્કાર નહિ. અને અમારે ગામડામાં રહીને રળી ખાવાનું. સમજ્યાને? જો ઢીલા થઈએ તો મારા બેટા ચપટીમાં ચોળી નાખે.'

'ગામડામાં રળી ખાવાનું એટલે? હું તારી વાત સમજ્યો નહીં.'

'શહેરની અને ગામડાની વાત જુદી છે. શહેરમાં તો રાડ પાડો ત્યાં પોલીસ હાજર થાય. અને અમારે ત્યાં તો ખૂન થઈ જાય પછી બીજે ત્રીજે દિવસે પોલીસ આવે.'

મેં ગરદન ખંજવાળી. ભારુની વાત સાચી હતી.

'અને મેં કોઈ દિવસ ખોટી મારામારી કરી નથી. ખોટા કજિયા કર્યા નથી. આડે માર્ગે ચાલ્યો નથી. બાકી હાં, માણસો જરાક બીતા રહે તો વાંધો શું? માણેકલાલ માસ્તર આપણને શીખવાડતા હતા, 'ભય બિનુ પ્રીત ન હોત, ગુંસાઈ' એ યાદ છે?

'યાદ તો છે' મેં કહ્યું. 'પણ એ વાતમાં શ્રદ્ધા નથી.' અને લઘરાને પૂછ્યું, 'તું શું માને છે લઘરા?' પણ એ બોલ્યો નહિ.

'મેં તો નજરે જોયું છે.' ભારુ બોલ્યો.

'શું નજરે જોયું છે?'

'ચમત્કાર ત્યાં નમસ્કાર.'

'એ તો ઠીક હવે.'

'તમને ખબર છે ને, કજિયાળું છોકરું વેન કરીને ભાગતું હોય, એમાં કોઈ બોલે કે, જો બાવો આવ્યો, તો દોડીને મા-બાપની સોડમાં ભરાઈ જાય.'

'પણ એટલે કાંઈ અને બિવડાવાય ખરું? એ તો ખોટી રીત છે.'

'બિવડાવાય નહીં, એ ખરું, પણ એવું છે ને કે, બાવાની બીક લાગે ત્યારે જ એને મા-બાપની સોડની કિંમત સમજાય છે.'

વળી હું કાંઈ બોલ્યો નહિ. ભારુની વાત ખોટી નહોતી. એની રીતે સાચી હતી.

'મેં તો સગી આંખે જોયું છે.' એ ફરીથી બોલ્યો. 'હજી ગયે વરસે જ અનુભવ કર્યો છે.'

'તને એવા જ અનુભવ થવાના. તું રહ્યો ભરાડી. ગામડામાં માણસોને ડર લાગે કે જરૂર પડે એટલે તારી સોડમાં ભરાય.'

'એટલે તો કહું છું. ભય બીનુ પ્રિત ન હોત, ગુંસાઈ.'

'બિચારા તુલસીદાસજીના નામે તારી વાત ચડાવમાં.'

'અરે, આ તો મારા અનુભવની વાત છે. હજી ગયા વરસની જ વાત છે. તમને માન્યામાં ન આવતું હોય તો સાંભળો.'

'શું વાત છે?'

'ગયે વરસે દુકાળ હતો. તમે તો જાણો છો કે, ગામડા અમસ્થાય હવે ભાંગી ગયા છે. એમાં વરસ મોળું હતું. એટલે અમે તો ભોં ભેળા જ થઈ ગયેલા. ચોમાસા ભેળાં કઈ રીતે થવું એની ફિકર રાત-દી થયા કરે. ઉનાળો કાઢવાનો. અને ઉનાળો પણ કેવો? બાવાની ધૂણી ધખતી હોય તેમ ધરતી ધખ્યા કરે. ભઠ્ઠામાંથી ફુંકાતી હોય તેવી લૂ ફુંકાય. સીમ જુઓ તો સાવ કોરી ધાકોર. ખડનું તણખલુંય ન મળે. અને અમારા હૈયા ફફડ્યા કરે. ચકલાની જેમ. કાલ શું થાશે? કાલ શું થાશે? રાત આખી અજંપામાં વીતે. ફળિયામાં સૂતા હોઈને જ્યારે આંખ ખૂલે ત્યારે કાળી ડિબાંગ રાત ભરડો લઈને ભીંસતી હોય. અંધારામાં તારા લબકઝબક થતા હોય. મન મુંઝાવા માંડે કે કાલ શું થાશે? ધંધા-ધાપા કાંઈ

*વ્યાજની બોલબાલા વધી પડે ત્યારે નિવ્યાર્જ સ્નેહનું બાષ્પીભવન થઈ જાય છે.*

મળે નહીં. આવક ન મળે અને જાવક? જાવક તો જિંદગી હારે જડાયેલી જ છે....!'

હું મૂંગો મૂંગો સાંભળતો હતો. ભારુ એની વાત જમાવતો હતો. જાવક તો જિંદગી સાથે જડાયેલી જ છે. આવક હોય કે ન હોય. ભારુની વાત સાચી હતી.

'હજીય દુકાળ પડે ત્યારે, ગામડાને વાણિયા - શાહુકાર જીવતું રાખે છે, સરકાર નહિ.'

'એમ કેમ?'

'એ તો તમે ગામડામાં આવીને રહો તો ખબર પડે. હજી વાણિયા જ અમારા તારણહાર છે. એની પાસેથી ઉધાર - ઉછીના કરીને અમે જીવીએ છીએ. સરકાર પાસે પૈસા લેવા જઈએ, તો પૈસા આવે તે પહેલા દુકાળ પૂરો થઈ જાય ને અમેય પૂરા થઈ જઈએ. અને એવું છે ને, ખેડૂતને જ સરકાર પૈસા આપે. બધાને કાંઈ થોડા આપે? અને ખેડૂત.... પૂછી જોવો લઘરાને, ઉપાડાય એટલા તો એણે સરકાર પાસેથી ઉપાડી જ લીધા હોય. ને કાગળિયાં એટલા લાંબા હાલે.... અને વાણિયો તો પાડોશમાં જ બેઠો હોય. છેવટનો આશરો વાણિયો. પણ દુકાળ પડે ત્યારે વાણિયો રતિએ રતિનો વિચાર કરે. આપે ખરો પણ આપતા પહેલાં ત્રણ વાર તોળી જોવે. એક એક કણનો પૂરો કસ કાઢી જોવે.

'એ તો સ્વાભાવિક છે.'

'હા, પણ દુકાળમાં બિલાડીની જેમ એ વધુ સાવચેત થઈ જાય. અને એવે વખતે મારા જેવાની હાલત કેવી થાય એ તો તમે સમજી શકશો. સારા-સારા ખેડૂતોને વરસ કાઢવામાં મુશ્કેલી પડતી હોય ત્યાં મારા જેવાનું શું થાય?'

'પણ તારો પ્રભાવ પણ ઘણો છે. દુકાળમાં તો તારા જેવા માણસની વધારે જરૂર પડે.'

'હું એની જ વાત કરું છું. દુકાળનું વરસ હતું અને ચારેકોર બેકારી હતી. પણ મારે ઠીક હતું. પહેલેથી જ મારું ખાતું રમણિક શેઠને ત્યાં ચાલે છે. અરચૂરણ - પરચૂરણ જે જોઈએ તે લઈ આવું. રૂપિયાય લઈ આવું. પૈસા આવે ત્યારે હિસાબ આપી આવું. એમ હાલ્યા કરે, પણ દુકાળ હતો એટલે શેઠે બધો હિસાબ માંડી જોયો. એને લાગ્યું કે આ ભારુ નકામું ફળ છે. દુકાળમાં એને ધીરધાર કરવી નકામી છે. એની પાસેથી પૈસા નીકળશે નહિ. એક દિવસ મને બોલાવીને હળવેથી કહી દીધું, 'તમારા ખાતે ઘણા રૂપિયા થઈ ગયા છે. હવે વધારે હું આપી શકું તેમ નથી. તમે જાણો છો, મારું ગજું કેટલું?? વાણિયાનો દીકરો, મોઢે મીઠું મનાવતા તો એને આવડે જ. હળવે રહીને ઉધાર આપવાની ના સંભળાવી દીધી. અને એય પાછું ખોટું ન લાગે એ રીતે! મને તો જાણે કોઈએ પાણીમાં ડૂબકી ખવડાવી દીધી. ઘર બહાર કાઢીને હળવેથી કો'કે જાણે કમાડ બંધ કરી દીધા. કાળો ઉનાળો સામે હતો અને હું સાવ ખાલીખમ હતો. હવે જીવવું કેમ? રાત આખી મને ઊંઘ ન આવી. પણ, એમાં ભગવાને વેળા વાળી...'

'રમણિક શેઠને બારણે જાસો બંધાણો'તો એની વાત કરો છો ને?' લઘરો પહેલીવાર બોલ્યો. અને પછી બોલીને મરક મરક મલકી પડ્યો.

'હા, જાસો જોયો અને શેઠનો સ્વભાવ જ બદલાઈ ગયો.'

'શું હતું જાસા ચિઠ્ઠીમાં?' મેં પૂછ્યું.

'હોય શું? આટલા રૂપિયા કાઢી રાખજે. નહિતો જીવતો નહિ રહે... પોલીસને વાત કરી તો તારી ખેર નથી... એવું તેવું. પણ ફફડાટ મોટી વાત છે. હું ઘરે સૂતો હતો ત્યાંથી મને બોલાવ્યો. કેમ ભારુભાઈ, આવો ચા પીઓ, બીડી પીવો. કાંઈ જોઈએ કરે તો મુંઝાશો નહિ. અને હું કહું તમને? મેં ચાય પીધી. બીડીય પીધી અને ઉધાર રૂપિયા લીધા. આપણા માન વધી ગયા. ને દુકાળ ઉતરી ગયા!'

'જાસા ચિઠ્ઠીની વાત એણે પોલીસમાં જાહેર ન કરી?'

'પોલીસમાં તો જાહેર ન કરી પણ ગામમાંય કોઈને ન કરી. ગામડાનો વાણિયો બધું જાણે. આવી વાત જાહેર થાય એમાં મજા નહિ, એની એને બરાબર ખબર પડે. મને તો એટલા માટે પડખામાં લીધો કે, આ ભારુ પડખે હોય તો સારું. રાતવરત બોલાવીએ તો દોડીને જવાબ દે.'

'તને વાત કરી હશે.'

'ના, રે. મનેય વાત નો'તી કરી.'

'તો તને કેમ ખબર પડી?'

ભારુએ સગડીના કોલસા સરખા કર્યા. મારી સામે જોયું, સહેજ હસ્યો અને બોલ્યો, 'હું તો એની રીતભાત ઉપરથી વરતી જાઉં ને?'

'એની રીતભાત બદલાઈ જવા પાછળ બીજું પણ કારણ હોઈ શકે' મેં દલીલ કરી. 'તેં શા ઉપરથી માન્યું કે કોઈએ જાસાચિઠ્ઠી બાંધી હશે એટલે જ એમ બન્યું?'

ભારુ થોડીવાર કાંઈ બોલ્યો નહિ. વળી સગડીના કોલસા સરખા કર્યા. મારી સામે જોયું અને કહ્યું, 'સાચું કહી દઉં?' એ જાસો મેં જ બાંધ્યો હતો.

'હેં?'

'હા, એટલે તો હું કહું છું કે ચમત્કાર વિના નમસ્કાર નહિ. દુકાળ ઉતરવાનો મારી પાસે બીજો કોઈ રસ્તો નહોતો. મને ઓલી છોકરાની વાત યાદ આવી. મને થયું કે લાવ, આ વાણિયાને બાવાથી બિવડાવું, એટલે મારા પડખામાં લપાઈ જાશે. અને મારું અનુમાન સાચું નીકળ્યું.

હું અચરજથી એની સામે જોઈ રહ્યો. ભારુ પણ ઈલમી હતો. જીવવાની કળા એને બરાબર આવડતી હતી.

હું અચરજથી એની સામે જોઈ રહ્યો. મેં કહ્યું, 'રમણિક શેઠે પોલીસને વાત કરી હોત તો?'

'પણ એને ક્યાં ખબર હતી કે મેં જાસો બાંધ્યો હતો. પોલીસને ખબર આપી હોત તો શું?'

'એને ખબર હતી.' લઘરો હળવેથી બોલ્યો.

હું અને ભારુ બંને લઘરા સામે તાકી રહ્યા.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર)**

*માણસે રોજ પોતાની જાતને પૂછવું જોઈએ, મારો કમાયેલો પ્રત્યેક રૂપિયો સુખમાં રૂપાંતર પામે છે ખરો?*

# દાંપત્યની દિવ્યતા

• ડૉ. ઊર્મિલા શાહ •

લગભગ છેલ્લા પાંત્રીસ વર્ષથી હું ભાસ્કરભાઈ અને સ્મિતાબહેનનું પ્રસન્ન દાંપત્ય જોતી આવી છું. જ્યારે જુઓ ત્યારે બંને સાથે જ હોય. ભાસ્કરભાઈનું મુખ સદાય તેજસ્વી, ને પ્રસન્નતાથી ઝળહળતું હોય અને સ્મિતાબહેન તેમના નામ પ્રમાણે જ સદાય હસતાં ને હળવાંફૂલ જેવાં લાગે. ઘરમાં એ પ્રવેશે ને આખુંયે વાતાવરણ જાણે એક સુંદર હૂંફાળું મઘમઘતું ને હાસ્ય સાથે વિનોદભર્યું બની જાય. અઠવાડિયે એક વાર તો તેઓ અચૂક આવે જ, ને ન આવ્યાં હોય તો જાણે અમે સૌ એમની રાહ જોતાં હોઈએ. ઉંમરમાં તો અમારે બેને અને ભાસ્કરભાઈ તથા સ્મિતાબહેનને લગભગ દોઢ દાયકા જેટલો તફાવત. હકીકતમાં આમ તો એમનાં બા-બાપુજીને મારાં સાસુ-સસરા નિકટના સ્વજન કરતાંય વધુ નજીક હતાં પણ એ સંબંધ જાણે પેઢી દર પેઢી ઊતરી આવતો હોય તેમ તેઓ અમારા ઘરમાં જાણે જૂની ને નવી પેઢી વચ્ચેની એક સાંકળ જેવાં બની ગયાં હતાં ને એ નાતે હવે એ અમારા પણ અંગત મિત્ર બની ગયા હતાં.

છેલ્લા કેટલાક સમયથી ભાસ્કરભાઈને કાનની તકલીફ થઈ હતી. બરાબર સાંભળી શકતા નહીં, પણ સ્મિતાબહેનના સહવાસ ને સાનિધ્યને કારણે જાણે ભાસ્કરભાઈના મનની બધી જ વાત સ્મિતાબહેન આપોઆપ સમજી શકતાં, એમના એ પ્રસન્ન દાંપત્યમાં બંને એકબીજાનાં પૂરક બની રહેતાં. સ્મિતાબહેનને પણ પગે તકલીફ થવા માંડી. ઉંમર ઉંમરનું કામ તો કરે જ ને! વાર્ધક્યને તો કોઈ રોકી શક્યું છે? 'ઉંબરા ડુંગરા બની જાય' ત્યારે દાંપત્ય જીવનનું સાનિધ્ય જાણે જીવનનો શ્વાસ બની જાય છે. ને એકબીજાના સહારે જાણે જીવનના પંથ પર સાથે ડગ માંડતા માંડતા ક્યાંય કેટલાંય વર્ષો નીકળી જાય છે તેનો ખ્યાલ પણ રહેતો નથી. 'સ્નેહની ભાષાને હોતી નથી વાચા'ની જેમ એકબીજાને કશું જ કહેવાનું રહેતું નથી. માગવાનું રહેતું નથી ને છતાંય એ સાનિધ્યભર્યું સહજીવન જાણે જીવન માટે પ્રાણવાયુ સમાન બની જાય છે.

પરંતુ જ્યારથી સ્મિતાબહેનને થોડીક માંદગીની શરૂઆત થઈ ત્યારથી ભાસ્કરભાઈના મનમાં સતત દ્વિધા પેદા થઈ. પ્રસન્ન દાંપત્યના પંથ પર ડગ માંડતાં સહજીવન અને એકમેકના સાનિધ્યથી મન એવું તો ટેવાઈ જાય છે કે એકબીજા વિનાનું જીવન કલ્પવું પણ મુશ્કેલ બની જાય છે. છેલ્લા કેટલાક વખતથી ફક્ત ભાસ્કરભાઈ જ નહીં પણ સ્મિતાબહેનના મન પર પણ આ જ ચિંતાનાં વાદળો ઘેરાયેલાં હતાં. બંનેના મનમાં એક જ વિચાર આવ્યા કરતો હતો, 'હું જો વહેલો જઈશ તો એનું શું?' એકલતાભર્યું જીવન એ કોને સહારે જીવી શકશે?.... અને એ કલ્પનામાત્રથી જાણે બંનેના પ્રસન્ન દાંપત્ય પર ઘેરી ચિંતાનો ઓછાયો સતત ડોકાયા કરતો હતો.

'મૃત્યુ'.... એ વિચાર માત્ર જ કેટલો ભયાનક છે? ને છતાં એ મૃત્યુને માણસે સ્વીકારવું જ પડે છે. આદિ છે, શરૂઆત છે તેનો અંત તો નક્કી છે જ, અને એટલે આપણે સ્વીકારવા તૈયાર થઈએ કે નહીં પણ મૃત્યુને આપણે સ્વીકારવું જ પડે છે. પણ આવું પ્રસન્ન દાંપત્ય વર્ષો સુધી અનુભવ્યું હોય, વર્ષો સુધી આ સહવાસ અને સાનિધ્ય જ્યારે શ્વાસે શ્વાસમાં વ્યાપી ગયું હોય ત્યારે કોણે મૃત્યુ પહેલું સ્વીકારવું એ પણ એક દ્વિધા બની રહે છે. ને એ દ્વિધાનાં વમળમાં સતત જીવતાં ભાસ્કરભાઈ અને સ્મિતાબહેનના જીવનમાં વર્ષો પહેલાંની એ પ્રસન્નતા ક્યાંક જાણે શોધવી પડતી હતી ને તેમાં પણ એ દિવસે રાત્રે સ્મિતાબહેને કહ્યું, 'બારી-બારણા ખોલી નાખો ને! મારાથી શ્વાસ નથી લેવાતો, આ ઍરકન્ડિશનર બંધ કરી દો' ને ભાસ્કરભાઈ ઊઠ્યા.

સ્મિતાબહેન અસ્વસ્થ હતાં ને એમની સૂચના મુજબ બારી-બારણાં ખોલ્યાં. મગજના ખૂણે એક આંચકો પણ અનુભવ્યો છતાંય સ્મિતાબહેન પાસું ફેરવી સૂતાં. થોડી વાર સુધી તો ભાસ્કરભાઈ સચિંત બની સ્મિતાબહેન સામે સતત નજર નાખતા જ રહ્યા પણ માથા પર સવાર થયેલી ચિંતાના ભારે ક્યારે આંખ મીંચાઈ ગઈ તેય ખબર ન રહી ને જાણે સ્મિતાબહેન અને ભાસ્કરભાઈ બંને પાછાં નિદ્રાધીન બની ગયાં. બારી-બારણાં ખુલ્લાં હતાં તેથી આજે સૂર્યનાં કુમળાં કિરણો રૂમમાં કંઈક વહેલાં પ્રવેશ્યાં હતાં અને એટલે ભાસ્કરભાઈ વહેલા જાગી ગયા. રોજનો સામાન્ય ક્રમ એવો હતો કે સ્મિતાબહેન વહેલાં ઊઠે ને ભાસ્કરભાઈને ઉઠાડે, પણ "અરે! રાતે સૂતી હતી તેમજ હજી પાસાભેર સૂતી છે.... એને જગાડું?.... ના, ના, રાતે તેને ઠીક ન હતું. માંડ માંડ આંખ મીંચાઈ છે, નાહકની શું કામ ખલેલ પહોંચાડું?" ને એમ વિચારતાં ભાસ્કરભાઈ લગભગ અડધો કલાક તો ઈશ્વરનું સ્મરણ કરતા પથારીમાં સૂતા જ રહ્યા, "હમણાં સ્મિતા ઊઠશે એટલે સાથે ચા પીશું... શું ઉતાવળ છે? તબિયત તો સારી નથી. ભલે જરા આરામ કરે..." પણ આમ ને આમ પૂરી ચાલીસેક મિનિટ વીતી ગઈ ને હવે ભાસ્કરભાઈની ધીરજ ન રહી. સ્મિતાબહેનને તેમણે ઉઠાડવા પ્રયત્ન કર્યો, હાથ ઢંઢોળ્યો પણ "અરે! આ શું? આ હાથ આટલો ઠંડો કેમ છે? આમ તો જાણે ગાઢ નિદ્રામાં હોય તેવી તેની મુખમુદ્રા છે પણ શરીર સાવ ઠંડું!" ને ભાસ્કરભાઈએ એક અસહ્ય આઘાત અનુભવ્યો. તરત ડૉક્ટરને બોલાવ્યા. ઘરમાં દીકરો-વહુ બધાં જ હતાં... ડૉક્ટર આવી

*સાધુ થવા કરતાં પ્રમાણિક સંસારી થવાનું હજારગણું અઘરું છે.*

ગયા. "ડૉક્ટર એને કંઈક કરો, ના, ના, એ હજી કેમ ઊઠતી નથી?" ભાસ્કરભાઈના હૃદયમાં અસહ્ય વ્યથા હતી. ડૉક્ટર પણ મૂંઝાયા. "શું કહેવું? કેવી રીતે કહેવું? જીવનનો અંત એમ સ્વીકારવા કાંઈ સહેલો છે? છતાંય જે સત્ય છે તેને સ્વીકાર્યા વિના, સહ્યા વિના છૂટકો જ ન હોય. ઘડીભર એમના હોઠ પણ બિડાઈ ગયા. પણ પછી ધીરે રહીને, વહુને કીધું.... "બેટા! બાને ચાદર ઓઢાડી દે. એ સદાને માટે પોઢી ગયાં છે." ભાસ્કરભાઈ ઓછું સાંભળતા હતા. તે ક્ષણભર તો જાણે સારું થયું... પણ આ સાંભળતાં જ દીકરા અને વહુનાં મોંના હાવભાવ, એમના હૃદયનો એ આઘાત જોતાં જ ભાસ્કરભાઈ પરિસ્થિતિ પામી ગયા... જીવનની આ અસહ્ય કરુણતા, આ વિષમતા એમના હૃદય પર વજ્ર સમો આઘાત આવી પડ્યો... પણ છેલ્લા કેટલાય સમયથી તેમના હૃદય પરનો જે ભાર હતો કે 'હું વહેલો જઈશ તો એ એકલી કેવી રીતે જીવી શકશે?' ને એ હૃદયને સતત કોરી ખાતી ચિંતાનો જાણે એકાએક અંત આવી ગયો હોય તેમ તેમના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા.... "આજે મારી મોટી ચિંતા પાર પડી..." ને ઘડીભર આ સાંભળી સૌ સ્તબ્ધ બની ગયાં... અરે! ભાસ્કરભાઈના મોંમાં આ શબ્દો!... તેમનું ને સ્મિતાબહેનનું સહજીવન, દાંપત્યજીવન તો જાણે મઘમઘતું હતું ને આજે આવા કરુણ પ્રસંગે ભાસ્કરભાઈના મુખમાં આ શબ્દો! કેવી વિષમતા! કેવી કરુણતા!

પણ એ કરુણતા - એ વિષમતાની પાછળ જીવનનો કેટલો ઘેરો વિષાદ હશે તે આપણે ક્યારેય વિચારી શકીએ છીએ ખરા? આપણે સૌ કોઈને આપણા જ આઘાત ને પ્રતિઘાતને આધારે લગભગ મૂલવીએ છીએ પણ બીજાની દૃષ્ટિએ આપણે ક્યારેય વિચારીએ છીએ ખરાં? શ્રી ધૂમકેતુએ યથાર્થ જ કહ્યું છે કે "દુનિયામાં જો બીજાની દૃષ્ટિએ લોકો જોતાં શીખે તો દુનિયાના અર્ધાં દુઃખો ઓછાં થઈ જાય." જીવનમાં જે દુઃખ આવે તે પોતે સહન કરી લેવાં પણ બીજાને કશું જ સહન ન કરવું પડે" તેવી એકમેક માટેની લાગણી, પ્રસન્ન દાંપત્યનું આ સનાતન સત્ય, જીવનમાં જેમણે સાચું સાનિધ્ય માણ્યું છે, સાચો સહચાર સેવ્યો છે, સહવાસ માણ્યો છે, જેમના આત્મા એકમેકમાં સદાય લીન થઈને જીવ્યા છે, જેઓ એ દાંપત્ય જીવનમાંથી કાંઈ પામવા કે મેળવવા કરતાં સતત આપવા જ મથ્યાં છે તેવા ભાસ્કરભાઈના અને સ્મિતાબહેનના જીવનના આવા અસહ્ય કરુણતાના પ્રસંગે ભાસ્કરભાઈના મુખમાંથી સરેલા આ ઉદ્‌ગાર એ બંનેના આત્માએ સાધેલ અદ્વૈતની સાક્ષી પૂરે છે. પોતે દુઃખ વેઠીને પણ બીજાને જીવનની અંતિમ પળ સુધી સુખેથી જીવાડવાનો જે સંતોષ છે તેને પામવોય ખૂબ દુર્લભ છે. હૃદયમાં અસહ્ય વિષાદ છતાં આવા ઉદ્‌ગાર તો જ નીકળે જો જીવનસાથી સાથે સંપૂર્ણ અદ્વૈત સાધી શકાયું હોય તો. દુનિયાની દૃષ્ટિએ એ ગમે તેમ લાગે પણ જીવનમાં બીજાનું દુઃખ પોતે લઈને બીજાને સુખી કરવા જેટલું સુખ કે આત્મસંતોષ બીજો કોઈ જ હોતો નથી.

પેલાં પદ્માબહેન અને પંકજભાઈ બંને ભણેલાં ગણેલાં અને એટલે વારંવાર ઘર્ષણો થતાં તેમનું દાંપત્યજીવન પ્રસન્ન તો ન જ હતું પણ એકબીજાના સહકાર કે સહચારભર્યું ય નહીં. દુનિયાની નજરે જાણે બંને પતિ-પત્ની તરીકે જીવ્યાં પણ મનમાં મેળ ક્યારેય મળેલો નહીં. જીવનભર એ સંઘર્ષોમાં ને 'અહમ્‌ની હૂંસાતૂંસીમાં કશી જ ખબર ન પડી પણ પંકજભાઈનું અચાનક હાર્ટએટેકથી અવસાન થયું ત્યારથી પદ્માબહેનનું મોં તો ઠીક પણ જાણે આખા શરીરની પ્રતિભા જ બદલાઈ ગઈ. ગૌરવશાળી દેખાતાં એ પદ્માબહેન સાવ ઢીલાં ને ભાંગી પડ્યાં, નરમ ઢગલાં જેવા બની ગયાં ને જાણે તેમની આંખોમાં એમનું એ છિન્ન-વિછિન્ન દાંપત્યજીવન જીવ્યાનો પશ્ચાતાપ સતત ડોકિયાં કરી રહ્યો હતો. ને એથીય વધુ વિષમતા તો એ હતી કે હવે તેનો કોઈ જ ઉપાય ન હતો. ઢોળાઈ ગયેલા દૂધ પાછળ રડવાથી હવે કાંઈ વળે તેમ ન હતું. જીવનમાં આવેલી સુખની ક્ષણોને તેમણે હાથમાંથી, હાથે કરીને સરકાવી દીધી હતી. તેનું તેમને પારાવાર દુઃખ હતું પણ હવે એનો શો ઉપાય!

તો બીજી બાજુ પેલાં સુનિતાબહેનને જોઉં છું. તેમના પતિ કિશનભાઈ ખૂબ ગરમ સ્વભાવના. પળવારમાં તો સુનિતાબહેનને કોડીનાં કરી મૂકે. પણ સુનિતાબહેન એટલે જાણે આદર્શ ભારતીય નારીનાં પ્રતીક સમાં, ક્ષમા ને સહનશીલતાની મૂર્તિ... આકરા સ્વભાવના કિસનભાઈ સાથે તેમણે જે રીતે દાંપત્ય જીવન નિભાવ્યું. આજે સાત સાત વર્ષ થયાં કિસનભાઈનું અવસાન થયે પણ સુનિતાબહેનના મોં પર એમણે દાંપત્યજીવન સારી રીતે નિભાવ્યાનો એક સંતોષ દેખાય છે. જીવનની એકલતા હોવા છતાંય જાણે એક મીઠી ને ભવ્ય પ્રસન્નતા તેમના મોં પર ધબકે છે. ને ત્યારે મને ક્યારેક થઈ જાય છે કે, હે ભગવાન! તેં માનવનાં હૃદયમાં લાગણી અને પ્રેમ મૂકી તેને આશીર્વાદ આપ્યો છે કે શાપ?

*કવિ કલાપીએ કહ્યું છે :*

*"જે પોષતું તે મારતું*
*એ ક્રમ નથી શું કુદરતી?"*

ને ત્યારે મને મનમાં થાય છે પ્રેમ વિના, લાગણી વિના માણસ જીવી જ ન શકે પણ એ જ લાગણી ને એ જ પ્રેમ તેને ક્યારેક કેટલો બેચેન કરી મૂકે છે? ને મને પેલા કવિની પંક્તિઓ યાદ આવી જાય છે :

***"આંસુ દેખાડે એવાં દર્પણ ક્યાં છે?***
***શબ્દ વિના સમજાય એવાં સગપણ ક્યાં છે?"***

દાંપત્ય જીવનનાં એ સગપણ શબ્દ વિનાનાં હોવા છતાં તેનાં સહચારની, સાનિધ્યની જે તૃપ્તિ છે, તે તો જેનું હૃદય માણી શકે તેને જ સમજાય... ને ત્યારે લગ્નની વેદી પર ઉચ્ચારેલા પેલા શબ્દો જાણે કાનમાં ગુંજી ઊઠે છે.

***"પ્રથમ ફેરે દેહ સમર્પણ***
***બીજે ફેરે ધર્મ સમર્પણ***
***ત્રીજે ફેરે જીવન જોડ્યાં***
***ચોથે ફેરે આત્મન સોંપ્યાં."***

જીવનમાં સમર્પણના સંતોષ અને સુખે દાંપત્ય જીવનમાં દિવ્યતા પ્રગટાવી છે.

**૨૫, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઈવે,**
**અમદાવાદ-૩૮૦ ૦૧૫.**
**મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪**

***તમે જીતી ગયા છો એ વાત તમારે પુરવાર કરવી પડતી હોય તો તમે જીત્યા નથી.***

# સૂર્યોના વારસદાર!

• હરેશ ધોળકિયા •

કાંતિપ્રસાદે આકાશ સામે જોયું. આકાશમાં હવે થોડું અજવાળું થતું હતું. અંધારાની ઘટ્ટતા ઘટવા લાગી હતી. દક્ષિણના તારાઓનું તેજ ઝાંખું થવું શરૂ થયું હતું. વાતાવરણમાં ઠંડક હતી. અલબત્ત સૂરજ ઊગશે ત્યાં સુધી તેજ ટકશે. છતાં આ પળે તો ઠંડકનો અનુભવ થતો હતો. કાંતિપ્રસાદે આકાશના તારાઓને ઓળખવાનો પ્રયત્ન કર્યો. ધીમે ધીમે તે યાદ આવવા લાગ્યા હતા. પણ નજર સ્થિર રહેતી ન હતી. રસ્તો ઉબડખાબડ હતો. તેથી ગાડું પણ ઊંચું-નીચું થયા કરતું હતું. પરિણામે ઝાંખા થતા તારા સ્થિરતાથી જોઈ શકાતા ન હતા. કાંતિપ્રસાદે નજર વાળી લીધી.

તેમની નજર પોતાના ગાડાંની આગળ ગઈ. તેમના ગાડાંથી થોડું આગળ બીજું મોટું ગાડું ચાલતું હતું. કાંતિપ્રસાદનું ગાડું સાદું અને ખુલ્લું હતું. પણ આગળના ગાડામાં ગોદડાં પાથર્યા હતાં. બળદો પણ તંદુરસ્ત હતા. તેમના ગળામાં ઘૂઘરા લટકાવ્યા હતા જેનો મીઠો ધ્વનિ અંધકારને સંગીતમય બનાવતો હતો. ગોદડાંને કારણે બેસનારાઓને પણ કદાચ હળવો ધક્કો વાગતો હશે.

કાંતિપ્રસાદની નજર ગાડાં પર સ્થિર થઈ. તેમની યુવાન આંખમાં આદરનાં, પૂજ્યભાવનાં, આંસુ તગતગતાં હતાં. થોડી થોડી પળોએ જાણે તેમાં બેઠેલાને નજર આદરથી વંદન કરતી હતી.

અને કેમ ન કરે? તે ગાડામાં બેઠા હતા ભારતના મહાત્મા ગાંધીજી. કરોડો લોકોના આદરણીય વ્યક્તિ. તેમની પાસે બેઠા હતા વલ્લભભાઈ પટેલ. લોખંડી મનોબળ ધરાવતા ગાંધીજીના સાથી. તેમની પાસે બેઠા હતા ઊંચા પડછંદ મહાદેવભાઈ દેસાઈ. ત્રણે ધીમેથી વાતો કરતા હોય તેવું લાગતું હતું.

કાંતિપ્રસાદ હજી માની શકતા ન હતા કે બાપુ કચ્છમાં આવ્યા હતા! કચ્છમાં ફર્યા હતા! લોકોને મળ્યા હતા! અને મોટી વાત તો એ કે બાપુને લાવવામાં પોતે — માત્ર ત્રેવીસ વર્ષના યુવાન નિમિત્ત બન્યા હતા!! બાપુનું કચ્છમાં આવવું અને પોતે તેમાં નિમિત્ત બનવું - માની ન શકાય તેવી બાબત હતી. ખરેખર પોતે જ નિમિત્ત બન્યા હતા? અવશપણે કાંતિપ્રસાદે પોતાના હાથ પર હળવો ચોંટિયો ભર્યો. પછી મનોમન સ્મિત કરી ઉઠ્યા. આજુબાજુ જોઈ લીધું કે તેમના સાથીઓની આ સ્મિત પર નજર તો ગઈ ન હતી ને! પણ તે બધા તો ઝોકાં ખાતા હતા. કાંતિપ્રસાદ હળવા થઈ ગયા.

તે વિચારે ચડી ગયા. છેલ્લાં બે અઠવાડિયાનાં દશ્યો તેમની આંખ સામે પસાર થવા લાગ્યાં. જાણે ત્રીજા પુરુષ જેમ તે જોવા લાગ્યા...

કાંતિપ્રસાદ ઓગણીસ વર્ષના થયા ત્યારથી જાહેર જીવનમાં પડ્યા હતા. ભણવાનું અધૂરું છોડી શરૂઆતમાં નાની મોટી નોકરીઓ કરી. છેવટે પાંજરાપોળમાં મેતાજી તરીકે સ્થિર થયા. તેના ટ્રસ્ટીઓ પાસે જાહેરમાં કામ કરવાની રજા લીધી હતી. ધીમે ધીમે મિત્રો સાથે કચ્છ રાજ્ય સામે ચળવળ શરૂ કરી હતી. રાજવી તો શાંત હતા, પણ વહીવટકારોને ગમતું ન હતું. પણ કાંતિપ્રસાદ અને રાજાના સંબંધો મીઠા હતા. તેથી વહીવટકારો સમસમીને ચૂપ બેઠા હતા.

પ્રવૃત્તિ તો ચાલુ થઈ હતી, પણ વેગ પકડતી ન હતી. પ્રજા - માનસ તદ્દન પછાત હતું. અંધ રાજભક્તિ હતી. પ્રજા ગાંધી વિચારનો પૂરો સ્વીકાર કરતી ન હતી. તેથી જાગૃતિ આવતી ન હતી. એટલે બધાએ નક્કી કર્યું કે જો કચ્છમાં ગાંધીજી આવે, તો ઝડપથી જાગૃતિ આવે.

પણ તેમને લાવવા કેમ? બધા મૂંઝાતા હતા. એક તો રાજાની રજા વિના તેમને લાવી જ ન શકાય. અને પાછા ગાંધીજી પણ કચ્છમાં આવવા તૈયાર થાય ખરા? પણ કાંતિપ્રસાદ વિચારમાંથી ન ડગ્યા. તે રાજાને મળ્યા. તેમને સમજાવ્યા. રાજાને ગાંધીજી આવે તે ગમતું ન હતું. પણ ના કેમ પાડવી તેની પણ તેમને સમજ પડતી ન હતી. એટલે કાંતિપ્રસાદે જે તારીખો આપી, તેમાં પોતાની ગેરહાજરીનાં બહાના બતાવવા લાગ્યા. કાંતિપ્રસાદ ગાંધીજીને આ વાત કરતા. ગાંધીજીએ કહ્યું કે — કાંતિપ્રસાદ, તમે રાજાને કહો કે તે કહેશે તે તારીખોમાં હું કચ્છમાં આવીશ, બસ!... કાંતિપ્રસાદે રાજાને આ વાત કરી. હવે રાજા મૂંગા થઈ ગયા. તેમણે છેવટે ઓક્ટોબરમાં તારીખો આપી. તે લઈ કાંતિપ્રસાદ ગાંધીજી પાસે ગયા. છેક બિહારમાં બાપુ મળ્યા. તેમને વાત કરી. ગાંધીજીએ તો તરત હા પાડી દીધી. કાંતિપ્રસાદ હળવા થઈ ગયા. રાજાને વાત કરી. હવે રાવને સંમત થયા વિના છૂટકો ન હતો.

કાંતિપ્રસાદે આ બધી ગોઠવણ તો કરી નાખી, પણ અંદરથી તો તે પણ મૂંઝાતા હતા. સમગ્ર કચ્છનો સમાજ ભયાનક રૂઢિચુસ્ત હતો. ગાંધીજીના અસ્પૃશ્યતાના વિચારને જરા પણ માન્ય નહીં કરે. તેમની વાતો પણ સાંભળશે કે કેમ તેની પણ તેને શંકા હતી. વળી, સ્વાગત સમિતિમાં પણ જોડાતાં બધા ગભરાતા હતા. એક બાજુ રાજવીનો ભય અને બીજી બાજું સમાજનો ભય. માંડ થોડાને તૈયાર કર્યા. નામો તો નોંધાયાં, પણ મુખ્યત્વે તો તેમના સહિત પાંચ જ રહ્યા. તેમાં પણ નેતૃત્વની જવાબદારી તો કાંતિપ્રસાદ પર જ આવી પડી. શરૂમાં મૂંઝાયા, પણ પછી સ્પષ્ટ થઈ ગયા. "જોયું જશે" — વિચાર્યું.

ગાંધીજી, વલ્લભભાઈ અને મહાદેવભાઈ દેસાઈ આવ્યા. માંડવી બંદરે ઉતર્યા. ત્યાંથી ભુજ - કોટડા - કોઠારા - દુમરા ફરી માંડવી - ભુજ - મુંદ્રા અને અંજારમાં પ્રવાસ કર્યો. પણ આ બધા સ્થળોના અનુભવો....!

કાંતિપ્રસાદને ઠંડીનું લખલખું આવી

*ટીકા અને નિંદા પાળેલા કબૂતર જેવા છે. પોતાના માલિક તરફ જ પાછા વળતા હોય છે.*

ગયું. અનેક જગ્યાઓએ સારા અનુભવો પણ થયા, પણ જે વિચિત્ર અનુભવો થયા, બાપ રે! બાપુ કેમ બચ્યા તે ચમત્કાર હતો.

ભુજમાં ચમત્કારિક રીતે નાગર વંડીમાં જાહેર સભાની મંજૂરી મળી. સભા પણ ભરાઈ. માનપત્ર પણ અપાયું. પણ બાપુની ચકોર નજરે જોઈ લીધું કે અંત્યજોને છેક ખૂણામાં બેસાડ્યા હતા. કોટડામાં સૂતરની આંટીથી સ્વાગત થયેલ જોઈ તેમને આનંદ થયેલ.

ભયાનક ઘટના બની માંડવીમાં. ગાંધીજીએ લક્ષ્મી નામની એક હરિજન છોકરીને દત્તક લીધેલી. પરિણામે કોઈ પણ તેમને ઉતરવા અને સભા ભરવાનું સ્થળ આપવા તૈયાર જ ન થયા. માંડ માંડ એક શ્રીમંત સાધુએ પોતાની બ્રહ્મપુરીમાં સભા ભરવાની મંજૂરી આપી. પણ અનેક શરતો કરી. તેમાં હરિજનો પાછળના દરવાજાથી જાય તેવું નક્કી કરાવ્યું.

પણ આ સાધુ બાપુને ઓળખતા ન હતા. તે બ્રહ્મપુરી પહોંચ્યા. સાધુ અને આગેવાનો સ્વાગત કરવા આગળ આવ્યા. પણ તે પહેલાં તો બાપુ પાછળના દરવાજેથી પ્રવેશી મંચ પર પહોંચી ગયા. સાધુ તો ગુસ્સે થઈ ગયા અને સભાસ્થાન છોડીને ચાલ્યા ગયા.

ઓહ! કાંતિપ્રસાદને વિચાર આવ્યો - શું ખતરનાક પળો હતી તે! પોતે એક તો માંડ માંડ સાધુને સમજાવેલ. શરતો પણ કબૂલ કરેલ. બાપુથી આ વાત છૂપી રાખેલ. પણ કોઈકે તેમને વાત કરી દીધી! અને પછી તો બાપુ હતા! પરિણામે ત્યાં ખૂબ તાણ ઊભી થઈ. ગાંધીજીએ સાધુને પાછા આવવા વિનંતી કરી, પણ તે ન જ માન્યા. તેમણે તો દંડાવાળા પોતાના માણસોને મોકલ્યા - સભા વિખેરવા. આ લોકોએ તો હરિજનોને મારવાનું જ શરૂ કરી દીધું. બાપુ સમજી ગયા. તેમણે સભા અટકાવી દીધી.

કાંતિપ્રસાદની સ્થિતિ કટોકટીભરી હતી. જો સભા ન ભરાય, તો કચ્છીઓનું ખરાબ લાગે. ભરાય તો ક્યાં ભરવી તેનો તેમને ખ્યાલ ન હતો. દોડાદોડ કરી માંડવીના કાર્યકરોને મળ્યા. ચર્ચાઓ કરી. છેવટે તળાવવાળા નાકા બહાર સભા ભરવાનું નક્કી કર્યું. ગાંધીજી તો આગળ જવાની તૈયારી કરતા હતા. પણ વિનંતી સ્વીકારી. સભામાં તેમણે પોતાની વેદના ઠાલવી અને... વિચાર કરતાં કાંતિપ્રસાદ શરમાયા... માંડવીની ગંદકી સુધારવાની સલાહ આપી.

ભુજમાં પણ જાહેર સભા ભરવા ન મળી. અંત્યત વાસમાં જ ભરવી પડી. મુંદ્રામાં અને અંજારમાં માનપત્ર અધ્ધરથી આપી બાપુનું અપમાન જ કર્યું. બાપુ જેવા સ્થિતપ્રજ્ઞ અંદરથી હચમચી ગયા. તેમણે એટલું જ કહ્યું — 'આ મારી છેલ્લી સભા છે. મારે કશું નથી કહેવું. આજે હું રામનામ લેવા ઈચ્છું છું.' અને તરત મહાદેવભાઈએ રામધૂન શરૂ કરી દીધી. પછી તરત બાપુ ઊભા થઈ ગયા. વલ્લભભાઈ પણ ગુસ્સે થઈ ગયેલા.

પાંચે મિત્રો સંકોચાતા સંકોચાતા બાપુ આસપાસ ફરતા હતા. સામે જવાની હિંમત કરતા ન હતા. છતાં વારંવાર જવું તો પડતું જ. પણ બાપુ તો કરુણાના મહાસાગર હતા. એક શબ્દ પણ બોલતા ન હતા. એ જ અનર્ગળ સ્નેહથી વાતો કરતા.

પરિણામે પોતાનું મન કંઈક હળવું રહેતું.

અને આ દિવસો દરમ્યાન કંઈ આ જ એક તકલીફ ન હતી. પોતાને પ્રવાસના ત્રીજા દિવસે સમાચાર મળેલા કે પોતે બાપુ સાથે ફરતા હતા એટલે અસ્પૃશ્યો વચ્ચે રહી અભડાઈ ગયા હતા એમ ભુજની નાગર જ્ઞાતિએ નક્કી કરી લીધું. તે માટે ખાસ એક સભા ભરાયેલી અને પાંચે મિત્રોને જ્ઞાતિ બહાર મૂકી દીધા હતા. જ્ઞાતિમાં ચારેબાજુ હાહાકાર મચી ગયેલો.

આમ તો કાંતિપ્રસાદને આ બહિષ્કારની પડી ન હતી. તે તો આવી સંકુચિત બાબતોથી પર હતા. તે પોતાની મસ્તીમાં જ રહેતા. પણ આ કારણોસર પોતાનાં કુટુંબને ખૂબ તકલીફ પડવાની તે વિચારે મૂંઝાતા હતા અને તાણ પણ અનુભવતા હતા. મા અને પત્ની પણ રૂઢિચુસ્ત હતા. તે પણ તેમનો બહિષ્કાર કરશે?

વિચારતાં વિચારતાં કાંતિપ્રસાદને હસવું આવી ગયું. અંજારની ઘટના સાંભરી આવી. બાપુ ખાસ પાંજરાપોળમાં આવેલા અને તેમના ઘરમાં પગલાં કરેલાં. કાંતિપ્રસાદ તો ગદગદ હતા, કૃતકૃત્ય હતા. પોતાના જેવા એક સામાન્ય વ્યક્તિને ત્યાં બાપુ - સરદાર - મહાદેવભાઈ પધારે!

બાપુ બહાર ઓટલા પર ઝાડની છાયામાં બેઠા. ત્યારે પોતાના મા - ચંચળબહેન બહાર આવ્યાં અને બાપુનાં ચરણ સ્પર્શ કરેલ. બાપુએ તેમની સામે સ્મિત કરેલ અને પૂછેલ, 'બહેન મને શા માટે પગે લાગો છો?'

માએ આદરપૂર્વક જવાબ આપેલ, 'આપ સાધુ પુરુષ છો. આપનાં ચરણ સ્પર્શથી મને પુણ્ય મળશે.'

બાપુએ લુચ્ચી આંખે આગળ પૂછેલ, 'પણ માતાજી, હું તો હરિજનોને અડકતો ફરું છું. તમે અભડાશો નહીં?'

માએ ઠંડકથી જવાબ આપેલ, 'અભડાઈ જ ગઈ છું.'

'તો હવે શું કરશો?'

'હવે અંદર જઈ સ્નાન કરી લઈશ.'

'પણ તો તમે મને અડક્યાં જ શા માટે?'

'મહાત્માજી, મેં કહ્યું ને કે આપનાં ચરણ સ્પર્શથી મને પુણ્ય મળશે. તે પણ મેળવ્યું અને હવે મારો ધર્મ પણ જાળવીશ.'

બાપુ એમના તરફ જોઈ બોલેલા, 'કાંતિપ્રસાદ, તમે આવા બહાદુર કેમ છો તે મને હવે સમજાયું. તમારી માતાના ગુણો તમારામાં છે. તમે ખૂબ સદ્ભાગી છો આવી મા મેળવીને.'

એમણે પોતે પણ ગૌરવ અનુભવેલ.

ત્યાં બાપુએ માને કહ્યું, 'માતાજી, આ તમારો પુત્ર હીરો છે હોં! આટલી નાની ઉંમરે જબરી તાકાત ધરાવે છે. તે ખૂબ આગળ વધશે.'

પોતે તો નીચું જોઈ ગયેલા. ખૂબ

FAVOURITE
**FAVOURITE SAFETY PRODUCTS**
**MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES**
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
**Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030**
**Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com**
**Dhiren Shah (Dand)**
Director
M. : 98795 00916

શરમાઈ ગયેલા.

પણ માની આંખોમાંથી હર્ષ અને ગૌરવનો ઝબકારો પ્રગટ થતો જોયો હતો.

....આમ છતાં જ્ઞાતિ બહિષ્કારની ઘર પર વીજળી જ પડવાની. પુત્ર કે પતિ પહેલા કે જ્ઞાતિ!! જબરો સંઘર્ષ થવાનો. બાપુને વિદાય આપીને ઘેર જશે ત્યારે ધર્મક્ષેત્ર - કુરુક્ષેત્ર બંને ઊભાં થવાનાં.

-જોયું જશે... મનમાં બબડ્યા.

અત્યારે તો આ મહાનુભાવો યોગ્ય રીતે વિદાય લે તે અગત્યનું હતું.

હવે અજવાળું થઈ ગયું હતું. તુણા નજીક આવી ગયા હતા. તેનાં ખોરડાં દેખાતા હતા. કાંતિપ્રસાદે ગાડાંવાળાને ઝડપ કરવા કહ્યું. પોતે નીચે ઉતરી ગયા. ઝડપથી બાપુના ગાડાં પાસેથી પસાર થઈ, તેમને મૂક વંદન કરી, દોડતા આગળ ગયા. વ્યવસ્થા જોઈ લીધી. નાની લોંચ તૈયાર હતી જે તેમને જામનગર લઈ જવાની હતી.

તે હળવા થઈને ઊભા.

થોડી વારે બંને ગાડાં આવી પહોંચ્યા. ગામના થોડા લોકો પણ એકઠા થઈ ગયા હતા. હાથ જોડીને ઊભા હતા.

ત્રણે ગાડામાંથી નીચે ઉતર્યા. પોતાના મિત્રોએ સામાન લઈ લીધો અને લોંચમાં મૂકવા ગયા. ત્રણે ધીમે ધીમે કિનારા તરફ આગળ વધવા લાગ્યા. કાંતિપ્રસાદ પણ ધીમે ધીમે પાછળ ચાલવા લાગ્યા.

કિનારો આવી ગયો. મોજાંને કારણે લોંચ હળવી ઝૂલતી હતી. ત્રણે ઊભા રહ્યા. કાંતિપ્રસાદ આગળ આવ્યા. પ્રથમ બાપુનાં ચરણોનો સ્પર્શ કર્યો. પછી વલ્લભભાઈ અને મહાદેવભાઈને પણ વંદન કર્યા.

પછી બોલ્યા, 'બાપુ, આપને જે તકલીફ પડી છે, તેની કલ્પના મને હજી પણ થથરાવે છે.' તે ગળગળા થઈ ગયા.

પછી ખોંખારો ખાઈ બોલ્યા, 'બાપુ, આ બધી જ જવાબદારી મારી છે. હું જ આપને હઠ કરીને કચ્છમાં લઈ આવ્યો હતો. મને ખબર હતી કે મુશ્કેલીઓ તો થવાની, પણ આવી ઉપેક્ષા, આવાં અપમાનની કલ્પના તો મને પણ ન હતી. બાપુ! હું આપનો ગુનેગાર છું. મારામાં તો માફી માંગવાની પણ હિંમત નથી. છતાં બાપુ....' તે ડૂસકું ખાઈ ગયા. મસ્તક નીચું કરી ઊભા રહ્યા.

બાપુ હસી પડ્યા. તેમણે કાંતિપ્રસાદની પાસે જઈ તેના ખભા પર હાથ મૂક્યો. બોલ્યા, 'અરે કાંતિપ્રસાદ, આમ હતાશ કાં થાવ છો? આમાં તમારો શું વાંક? તમે તો બધી જ વ્યવસ્થા બરાબર કરી હતી. જે થયું તે સહજ હતું. હું તો આ બધાથી ટેવાયેલો છું. હા, ગમે નહીં, દુઃખ પણ થાય, પણ સુધારાના હેતુથી તો પ્રવાસો કરું છું આ. તમે જરા પણ હતાશ ન થાવ. તમારો કે કોઈનો જરા પણ વાંક નથી. મને આ પ્રવાસમાં ખૂબ આનંદ આવ્યો છે. અમને ત્રણેને આવ્યો છે.'

વલ્લભભાઈ અને મહાદેવભાઈએ માથા હલાવ્યાં.

'પણ બાપુ, માંડવીમાં તો...,' કાંતિપ્રસાદ બોલવા ગયા.

ગાંધીજીએ ખડખડાટ હાસ્ય કર્યું. કાંતિપ્રસાદને લાગ્યું કે જાણે નિર્મળ પાણીનું ઝરણું ફૂટી નીકળ્યું.

ગાંધીજી બોલ્યા, 'અરે, બિહારના અનુભવોની તુલનામાં તો અહીં કશું ન હતું. અને ક્યાં કોઈ ઘટના બની?'

'પણ બાપુ, આપને એક લાકડીનો સ્પર્શ થાત, તો...' કાંતિપ્રસાદ ફરી ડૂસકું ભરી ગયા.

'પણ થયો તો નહીં ને! તમે બધા હતા ને! રામ રાખે તેને કોઈ ન ચાખે.'

પછી ક્ષણિક મૂંગા રહી બોલ્યા, 'અને કાંતિપ્રસાદ, મને ખબર છે કે તમને તમારી જ્ઞાતિએ જ્ઞાતિ બહાર મૂક્યા છે. તકલીફ તો હવે તમને પડવાની. મારા કારણે!'

કાંતિપ્રસાદ ટટ્ટાર થઈ ગયા. બોલ્યા, 'તેની મને ચિંતા નથી. જોયું જશે.'

'શાબાશ!' વલ્લભભાઈ બોલ્યા.

બાપુ ફરી હસ્યા.

કાંતિપ્રસાદ ફરી તેમને પગે લાગ્યા. ટટ્ટાર થયા ત્યાં બાપુએ તેમના મસ્તક પર હાથ મૂક્યો અને ઉષ્માપૂર્વક આશીર્વાદ આપ્યા, 'ભગવાન તમારું કલ્યાણ કરે.'

કાંતિપ્રસાદને લાગ્યું કે બધા જ દેવો અને ઋષિઓએ જાણે તેમના પર પુષ્પવર્ષા કરી હતી. પવિત્ર હાથનો સ્પર્શ તેમના સમગ્ર વ્યક્તિત્વમાં પ્રસરી ગયો. તે પવિત્રતાથી શરીર અને મન છલકાઈ ગયાં. એક અકથ્ય, અદ્ભુત આનંદની અનુભૂતિ થઈ તેમને. જીવન ધન્ય થઈ ગયું.

ક્ષિતિજમાંથી સૂરજે ડોકિયું કર્યું. તેનાં વરેણ્ય કિરણો કાંતિપ્રસાદના ચહેરા પર પડ્યા અને તેમનો ચહેરો ઝળહળી ઊઠ્યો.

*ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૦૪૬*

## વાર્તા : ધમકી

(અનુસંધાન : પાના નં.-૨૮ ઉપરથી ચાલુ)

'શું ખબર હતી?' ભારુએ પૂછ્યું.

'રમણિક શેઠને ખબર હતી કે તમે જાસાચિઠ્ઠી બાંધી હતી.' લઘરાએ કહ્યું.

'તેં કેમ જાણ્યું?'

'મને એમણે પોતે જ વાત કરી હતી. તમારા અક્ષર એ બરાબર ઓળખે છે. મને વાત કરી કે, લઘરા, ભારુ એનો ધરમ ચૂક્યો છે. પણ... મારાથી કોઈને ન કહેવાય. પોલીસમાંય જાહેર ન કરાય. અને સાચી વાત તો એ છે કે હુંય મારો ધરમ ચૂક્યો છું. પછી એનો વાંક કેવી રીતે કાઢું? આ દુકાળના વરસમાં મેં એને ધક્કો મારી દીધો. ગઈકાલે મેં એને ના સંભળાવી'તી. આજ સુધી અમારું બરાબર ચાલતું હતું. મેં એને તરછોડ્યો. હું મારો ધરમ ચૂક્યો. પહેલા મારે મારો ધરમ સંભાળવો જોઈએ. પહેલો વાંક મારો છે....

ભારુ અને હું બંને એકિટસે લઘરા સામે જોઈ રહ્યા હતા.

'તમે તો મને વાત કરી નહોતી ને!' લઘરાએ ભારુને પૂછ્યું. 'જાસાચિઠ્ઠીની વાત રમણિક શેઠે પોતે જ કરી હતી.'

ભારુને મારાથી પણ વધુ આશ્ચર્ય થતું હતું. હું એના ચહેરા પરથી એ પામી ગયો.

*પ્લોટ નં. ૧૫૩-બી,*
*રાજભવન સામે, ગાંધીનગર.*
*મો. ૯૮૨૫૦ ૨૦૩૬૩*

*'જય શ્રીકૃષ્ણ' બોલવાનું સહેલું નથી. પછી ઓફિસમાં લાંચ ન લઈ શકાય, ગ્રાહકને છેતરી ન શકાય, જૂઠૂં ન બોલાય.*

# ધર્મ એક – સંવત્સરી એક

● ધનવંત ટી. શાહ ●

ઈસ્લામમાં બે પંથ છે, શિયા અને સુન્ની. પણ એમાં ઇદ એક જ છે. ખ્રિસ્તી ધર્મમાં પણ બે પંથ, પરંતુ અહીં પણ ક્રિસમસ એક. એ જ રીતે વૈષ્ણવ સંપ્રદાયમાં એકથી વધુ શાખા-પ્રશાખા છે પણ જન્માષ્ટમી એક. ગુરૂનાનક અને બુદ્ધ જયંતિ એક. એવી રીતે ભારતના અન્ય ધર્મોમાં ગણેશ ચતુર્થી, શિવરાત્રી, રામનવમી, દશેરા અને દિવાળી એક પણ ભારતની એક અબજની વસ્તીમાં માત્ર એક ટકો, લગભગ દોઢેક કરોડની જૈનોની વસ્તીમાં શ્વેતાંબર મૂર્તિપૂજકમાં દેરાવાસી, સ્થાનકવાસી, તેરાપંથી તેમજ દિગંબર એમ ચાર સંપ્રદાયમાં સંવત્સરી પાંચ?!

અહિંસા, ક્ષમાપના અને સાપેક્ષવાદ - અનેકાંતવાદના પૂજારી જૈનો આ સંવત્સરી પ્રશ્ને એક થઇ શકતા નથી. એ માત્ર આશ્ચર્ય જ નહિ પણ જૈન ધર્મને અને જૈન ધર્મીને ક્ષોભનીય પરિસ્થિતિમાં મૂકે છે. અન્ય ધર્મી જ્યારે આ પ્રશ્નનો ઉત્તર માંગે છે ત્યારે જાગૃત શ્રાવક-શ્રાવિકા કે શ્રમણ-શ્રમણીની આંખ ઢળી જાય છે.

આ સંદર્ભે 'દિવ્ય ભાસ્કર'માં ભાઇશ્રી સુપાર્શ્વ મહેતાએ કેટલાંક તથ્યો પ્રસ્તુત કર્યા હતા. એમાંના કેટલાંક વાક્યો યથા તથ અહીં વિચારશીલ જૈન સમાજ માટે પ્રસ્તુત કરું છું.

ભારતભરના જૈન બૌદ્ધિકોમાં હમણાં એક એસએમએસ ફરી રહ્યો છે. 'મેરા સવાલ જૈન ધર્મ કે સભી ધર્મ ગુરુઓં સે : સ્થાનકવાસી ૨૧ ઓગસ્ટ, તેરાપંથી ૨૧ ઓગસ્ટ, મંદિર પંથી (તપાગચ્છ) ૧૯ સપ્ટેમ્બર, મંદિર પંથી (ખરતરગચ્છ) ૨૦ સપ્ટેમ્બર, દિગમ્બર ૨૯ સપ્ટેમ્બર – કોઇ મુઝે બતાઓ કી મેરી સંવત્સરી કબ હૈ? ક્યોંકિ મૈં સિર્ફ એક જૈન હૂં.'

આ સંવત્સરી વિવાદ ભાદરવા સુદ ચોથ કે પાંચમ-વરસોથી છે. પણ ક્ષમાપના જેનો પ્રાણ છે અને સાપેક્ષ-અનેકાંતવાદ જેવું અદ્વિતીય અને અમૂલ્ય તત્ત્વ જે ધર્મ પાસે છે એ ધર્મના અનુયાયીઓ આ પ્રશ્ને એકમત થઇ શકતા નથી એ કેટલું મોટું આઘાતજનક આશ્ચર્ય છે!

આ ચોથ પાંચમનો વિવાદ તો છે જ, એમાં વળી આ વરસે અધિક માસ આવ્યો, તો એ પણ વિવાદ કે ક્યા ભાદરવામાં કયા સંપ્રદાયે સંવત્સરીની આરાધના કરવી?

આ ફાંટાઓમાં મૂળ પરંપરા શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈનો પાસે છે... **એક સમયે ભારતના તમામ જૈનો ભાદરવા સુદ પાંચમે જ સાથે મળીને સંવત્સરીની આરાધના કરતા હતાં.** સંવત્સરીના દિવસે કલ્પસૂત્ર નામનો આગમ ગ્રંથ સકળ સંઘ સમક્ષ વાંચવામાં આવતો હતો. આજથી આશરે એક હજાર વર્ષ પહેલાં કાલિકસૂરિ નામના જૈનાચાર્યના સમયમાં ધ્રુવસેન રાજાને ત્યાં પુત્રશોક થયો અને શોકમુક્ત થવા કલ્પસૂત્ર એક દિવસ પહેલાં એટલે ભાદરવા સુદ ચોથે કલ્પસૂત્ર વાંચવાની આચાર્યશ્રીને રાજાએ વિનંતી કરી અને પરિસ્થિતિવશ કલ્પસૂત્રનું વાંચન ત્યારથી ભાદરવા સુદ ચોથે શરૂ થયું. આ ચોથની પરંપરા ત્યારથી શરૂ થઇ.

આજથી આશરે ૪૦૦ વર્ષ પહેલાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાંથી સ્થાનકવાસીઓ અલગ થયા. આ સ્થાનકવાસીમાંથી વળી તેરાપંથી અલગ થયા અને આ બેઉ સંપ્રદાયે ભાદરવા સુદ પાંચમની સંવત્સરી આરાધનાની પ્રથા સ્વીકારી. આ રીતે ત્યારથી બે સંવત્સરીની પ્રથા ચાલુ થઇ.

શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં પણ તપાગચ્છ, અચલગચ્છ, ખરતરગચ્છ વગેરે ગચ્છો છે- એક સમયે ચોર્યાસી ગચ્છો હતા- એમાં તપાગચ્છ સંઘ સૌથી મોટો. અને એ ભાદરવા સુદ ચોથે સંવત્સરી આરાધના કરે છે અને અન્ય ગચ્છો ભાદરવા સુદ પાંચમે. અહીં પણ મતભેદ છે.

આ વરસે સ્થાનકવાસીઓ અને તેરાપંથીઓએ પહેલા ભાદરવાની પાંચમે સંવત્સરી આરાધના કરી. તપાગચ્છ સંઘે બીજા ભાદરવા સુદ ચોથે સંવત્સરીની આરાધના કરી.

આજથી આશરે ૨૭ વર્ષ પહેલાં, વિક્રમ સંવત ૨૦૪૧ની સાલમાં તપાગચ્છ સંઘના સૌથી વરિષ્ઠ આચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરિજી પાસે ભાદરવા સુદ પાંચમે સંવત્સરી માટે સંઘે પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો હતો અને પૂજ્યશ્રીએ આ પ્રસ્તાવ સૈદ્ધાંતિક રીતે સ્વીકાર્યો હતો અને પૂજ્ય ભગવંતે પોતાના શિષ્યોને કહ્યું પણ હતું કે, સકળ જૈન સંઘની એકતા થતી હોય તો તપાગચ્છ સંઘે ભાદરવા સુદ પાંચમે સંવત્સરીની આરાધના કરવી.

પરંતુ આચાર્ય શ્રી વિજયરામચંદ્ર સૂરિજીના પ્રશિષ્ય મુનિશ્રી હેમભૂષણ વિજયજીએ ભાદરવા સુદ પાંચમની સંવત્સરી કરવાની અનિચ્છા પ્રગટ કરતાં કહ્યું કે, 'ગઇ કાલે... **ઘણાં શાસ્ત્રપાઠો જોયા પછી પૂજ્ય ગચ્છાધિપતિશ્રી એ નિર્ણય ઉપર આવ્યા છે કે શ્રી કાલિકાચાર્ય ભગવંતે પાંચમની ચોથ પ્રવર્તાવ્યા બાદ આજે લગભગ હજાર વર્ષ બાદ હવે પાંચમની સંવત્સરીની વિચારણા કરવી પણ યોગ્ય નથી.**

આ તિથિ વિવાદ વિશે ૧૨ વર્ષ પહેલાં 'પર્વ તિથિના સત્યની શોધ' શીર્ષકથી એક દસ્તાવેજી પુસ્તક પણ પ્રકાશિત થયું છે.

**(૨)**

વાચક મિત્રો! અમારૂં માનવું છે કે ઉપર દર્શાવેલ તિથિ, ચોથ, પાંચમ, ગચ્છ, સંપ્રદાય, અધિક માસ વગેરે વિગતથી તમે જરૂર કન્ફ્યુસ થયા હશો. યાદ રાખવું અટપટું છે જ.

*જેની જાણકારી સંગીન છે તેણે ક્યારેય બૂમો પાડવાની જરૂર નથી હોતી.*

અમે પણ કન્ફયુસ છીએ જ. એથી વિશેષ તો આ વરસની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન કરતી વખતે જ્યારે અમે વિદ્વાન વક્તાઓનો સંપર્ક કર્યો ત્યારે ૧૬ થી ૨૦ વખત અમારે આ પ્રશ્નનો સામનો કરવો પડ્યો, 'તમારા પર્યુષણ ક્યારે? અધિક માસમાં કે બીજા ભાદરવામાં? સંવત્સરી ચોથ કે પાંચમે?' આવા શબ્દોથી અમે અંદરથી હચમચી ગયા અને પર્યુષણના આઠે દિવસ (૧૨ સપ્ટે.થી ૧૯ સપ્ટે.) પ્રત્યેક વ્યાખ્યાનના પ્રારંભમાં આ પ્રશ્ન જૈન સંઘ પાસે પ્રસ્તુત કરી અમે 'ધર્મ એક, સંવત્સરી એક' એ સૂત્ર વહેતું કર્યું.

આ સંદર્ભમાં આ વ્યાખ્યાનમાળાના એક વ્યાખ્યાતા, જૈન ધર્મના અનેક ગ્રંથોના અભ્યાસી અને આગમજ્ઞાતા ડૉ. સાગરમલજીને (૩૫, ઓશવાલ શેરી, શાજાપુર (મધ્યપ્રદેશ) ૦૭૩૬૪ ૨૨૨૨૧૮) આ વિષયમાં પ્રકાશ પાથરવા અમે વિનંતી કરી. એઓશ્રીએ પણ વિશાળ શ્રોતાવર્ગને કહ્યું કે ક્ષમાપના જેનો ધર્મ છે અને અનેકાંતવાદ જે ધર્મનું તત્ત્વ છે એવા જૈનો સંવત્સરીની તિથિ માટે એક મત ન થાય એ ખરેખર શરમજનક છે. **આ સંદર્ભે શાસ્ત્રોના અનુસંધાન પ્રગટ કરતાં એઓશ્રીએ કહ્યું કે, આગમમાં અષાઢ પૂર્ણિમાને વર્ષાંત કહ્યું છે, એટલે આ સંવત્સરી. જૈન મુનિઓની સંખ્યા વધતી ગઇ (અત્યારે તપાગચ્છમાં લગભગ એકસોથી વધુ આચાર્યો હશે) એટલે નિશિથ સૂત્ર પ્રમાણે શ્રાવણ વદી પાંચમથી ભાદરવા સુદ પાંચમ પહેલાં સંવત્સરી હોવી જોઇએ, આ ઉત્સર્ગ માર્ગ છે. પછી ભાદરવા સુદ ચોથ પણ થઇ, આ અપવાદ માર્ગ છે. આ ઉત્સર્ગ માર્ગને છોડીને જૈનોના વિવિધ સંપ્રદાયે અપવાદ માર્ગ સ્વીકારી પોતાના મત અને મતાગ્રહ પ્રમાણે અન્યથી જુદા દેખાડવા પોતાના સ્વમત મુજબ સંવત્સરીની તિથિ નક્કી કરી.** આમાં દેશકાલ પરિસ્થિતિને પણ ધ્યાનમાં લેવાઇ. જેમ કે વર્તમાનમાં તો પરદેશમાં તારીખ અને કામની અનુકૂળતા પ્રમાણે સંવત્સરી યોજાય છે. ઉપરાંત ભૌગોલિક કારણે પણ દિવસ અને સમયમાં ફેરફાર થાય છે. અહીં ભારતમાં જે દિવસે ભાદરવા ચોથ હોય, એ સમયે એ દિવસ ત્યાં ન હોય. તો કઇ સંવત્સરી સમજવી? અને અધિક માસ તો આપણે હિંદુ પંચાંગ પ્રમાણે સ્વીકારી લીધો. સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ચંદ્ર પ્રજ્ઞપ્તિ પ્રમાણે જૈનોમાં બે પોષ અને બે અષાઢ જ છે.

> **સંવત્સરી એક જ દિવસે ઉજવવા માટે બધા જ ફીરકાઓના જૈનોની સહમતિ સાધવા 'જીતો'ના અમદાવાદ ચેપ્ટર પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે.**
>
> *– મુખ્યતંત્રી*

**(૩)**

એટલે જૈનોના બધાં સંપ્રદાયો પોતાનો મતાગ્રહ ત્યાગી બધાં સાથે બેસે તો શાસ્ત્ર સિદ્ધાંતની અવગણના કર્યા વગર, ખુલ્લા હૃદયે ચર્ચા કરે તો એક જ દિવસની સંવત્સરી અશક્ય નથી. એમાં શાસ્ત્રોની કોઇ આશાતના થતી નથી. જો એમ જ હોત તો એક હજાર વર્ષ પહેલાં કાલિકસૂરિએ એ સમયે પાંચમની ચોથનો નિર્ણય પ્રસ્તુત કર્યો ન હોત અને અન્યોએ એ સ્વીકાર્યો પણ ન હોત.

એટલે અમારી સર્વ જૈન સંઘપતિઓને વિનંતી છે, કે વર્તમાન અને ભવિષ્યની પેઢીને જૈન ધર્મમાં શ્રદ્ધા વધે, મનમાંથી પોતે કયો જૈન છે એની શંકા દૂર થાય એ માટે એક મંચ ઉપર એકત્રિત થઇ સ્વ મતાગ્રહનું વિગલન કરી ખુલ્લા હૃદયે, જૈન ધર્મના ઉજળા ભાવિ માટે ચર્ચા કરી સમગ્ર જૈન સંઘ માટે એક સંવત્સરીના ઉજળા દિવસનું નિર્માણ કરે.

સર્વ જૈન સામયિકો અને દૈનિક પત્રના વિદ્વાન કટાર લેખકોને પણ અમારી વિનંતી છે કે યોગ્ય લાગે તો આ વિચારને પોતાની કલમ દ્વારા વહેતો મૂકે.

આ માટે સર્વ પ્રથમ કોઇ એક અગ્રણીએ કેન્દ્ર બિંદુ બનવું પડશે. આ લેખથી અમે સુશ્રાવક, સંઘપતિ, સર્વેના સન્માનીય અને જે પરિવારે અકબરના સમયથી, જૈન શાસનની સેવા કરી છે એવા પરિવારના મોભી શ્રી શ્રેણિકભાઇને અને શ્રી સંવેગભાઇને અમે વિનંતી કરીએ છીએ કે અન્ય જૈન સંપ્રદાયના સંઘપતિઓને એકત્રિત કરે, એક પ્રતિનિધિ મંડળની રચના કરે, સર્વ સંપ્રદાયના ગચ્છાધિપતિઓનો આ પ્રતિનિધિ મંડળ સંપર્ક કરે અને વિક્રમ સંવત-૨૦૬૯, વીર સંવત ૨૫૩૯ની એક સંવત્સરી ભવ્યાતિભવ્ય રીતે સમગ્ર જૈન શાસન ઉજવે અને આરાધના કરે એવા ભવ્ય દિવસનું નિર્માણ કરે.

આ મુશ્કેલ કાર્ય અશક્ય તો નથી જ.

જે વીરલા આત્મા આ વીરલ કાર્ય કરશે એ સર્વ મહાનુભાવોના નામ અને કામ ભવિષ્યના જૈન શાસનના ઇતિહાસમાં ઉજળા અક્ષરે અંકિત થશે એ નિર્વિવાદ છે. જૈન શાસનની આ અમૂલ્ય સેવા ગણાશે. ભવિષ્યનો જૈન ઉમંગથી આ ભવ્ય જીવોને કોટિ કોટિ વંદન કરશે.

ભાવાવેશમાં શાસ્ત્ર આશાતના થઇ હોય કે કોઇ આત્માનું મનદુઃખ થાય એવું લખાઇ ગયું હોય તો એ જીવો મને ક્ષમા કરે. મિચ્છામિ દુક્કડમ્.

*ઈ-મેઈલ :* **drdtshah@hotmail.com**

***(પ્રબુદ્ધ જીવન, ઓક્ટોબર-૨૦૧૨માંથી સાભાર)***

**નોંધ :**

*જૈન ધર્મના પ્રખર અભ્યાસુ અને સાહિત્યકાર ડૉ. ધનવંત ટી. શાહે સંવત્સરી ઉજવવાની વિવિધ પરંપરાઓની ઉપરોક્ત લેખ દ્વારા ખૂબજ સરળતાપૂર્વક રજુઆત કરેલ છે. સંવત્સરી પર્વ અગાઉ અષાઢ સુદ પૂર્ણિમાને દિવસે*


**ગિરિરાજ ડેરી**

**દુધ તથા દરેક પ્રકારની મીઠાઈ અને ફરસાણ મળશે**

**આર. આર. શેઠ (૯૪૨૭૪ ૪૮૨૮૦) કીર્તિભાઈ (૯૮૯૮૫ ૨૦૭૬૫)**

**મુખ્ય દુકાન :** ૧૧, નવકાર મંત્ર, બાલમંદિર પાસે, તળેટી રોડ, પાલીતાણા-૩૬૪ ૨૭૦.

**બીજી બ્રાંચ :** ખેતલાવીર ધર્મશાળા સામે, તળેટી રોડ, પાલીતાણા.

ફોન : (૦૨૮૪૮) ૨૪૨૭૪૦

*ઉજવવામાં આવતું હતું. ત્યારબાદ કેટલીક અગવડતાઓના કારણે તે પર્વ ભાદરવા સુદ પાંચમના દિવસે ઉજવવામાં આવતું હતું. ૧૦૦૦ વર્ષ અગાઉ કોઈ રાજાની અગવડતાના કારણે કલ્પસૂત્ર ભાદરવા સુદ ચોથના વાંચવાની શરૂઆત થઈ. મતલબ કે સંવત્સરી પર્વ ભાદરવા સુદ ચોથના દિવસે ઉજવાવા લાગ્યો અને ત્યારબાદ તો જેમ જેમ નવા નવા ગચ્છ સ્થપાતા ગયા તેમ તેમ તે ગચ્છના ગચ્છાધિપતિઓ દ્વારા પોતાની વિશેષતા જાળવી રાખવા અલગ-અલગ દિવસોએ તે પર્વ ઉજવવાની શરૂઆત કરી.*

*ઉપરોક્ત હકીકત જાણ્યા પછી સામાન્ય જનના માનસ પર એક હકીકત સ્પષ્ટપણે તરી આવે છે કે કોઈ શાસ્ત્રીય કે વૈજ્ઞાનિક ગણતરી આ દિન નક્કી કરવા પાછળ કરવામાં આવેલ નથી પરંતુ કેટલીક સગવડતા - અગવડતા ખાતર તથા પોતાના ગચ્છની મહત્તા જળવાઈ રહે તે રીતે અલગ અલગ દિવસે કે તિથિએ સંવત્સરી પર્વ ઉજવાઈ રહેલ છે.*

*આજની વિષમ પરિસ્થિતિમાં ડૉ. ધનવંત ટી. શાહ કે અન્ય અભ્યાસુઓ કોઈ ચોક્કસ દિવસે સંવત્સરી ઉજવવી જોઈએ તેવી હકીકત સ્પષ્ટપણે જાહેરમાં રજૂઆત કરી શકેલ નથી પરંતુ તેમના લેખનો ભાવાર્થ ભાદરવા સુદ પાંચમના દિવસે સહુ જૈનોએ એકત્રિત થઈને સંવત્સરી પર્વ ઉજવવો જોઈએ તે તરફ અંગૂલિ નિર્દેશ કદાચ કરે છે.*

*જે રીતે જન્માષ્ટમી, ગુરૂનાનક જયંતી, બુદ્ધ જયંતી, ગણેશ ચતુર્થી, શિવરાત્રી, રામનવમી, દશેરા, દિવાળી જેવા તહેવારો એક જ તિથિએ ઉજવાય છે એ રીતે સંવત્સરી પણ એક જ તિથિએ - એટલે કે ભાદરવા સુદ પાંચમે-ઉજવાય તેવી સ્પષ્ટ હકીકત સર્વ શ્રેષ્ઠીઓએ (ગચ્છાધિપતિઓ સહમત ના થતા હોય તો તેમનાથી ઉપરવટ જઈને પણ) એકત્રિત થઈને જાહેર કરવી જોઈએ અને તો જ આ વિષમ પરિસ્થિતિમાંથી બહાર નીકળી શકાશે.*

*કોઈ સંજોગો અનુસાર વિવિધ ગચ્છના શ્રેષ્ઠીઓ પોતાના રાગ છોડીને કોઈ એક જ દિવસ પર સહમતિ સાધી ના શકે (કે જેની શક્યતા નહિવત જ છે) તો આપણે સમજશું કે મહાજનવૃત્તિને પણ ગ્રહણ લાગી ગયેલ છે અને મહાજન પ્રથાને પણ આજના શ્રેષ્ઠીઓ ડાઘ લગાડી રહેલ છે.*

*બે વર્ષ અગાઉ 'જીતો'ના અમદાવાદ ચેપ્ટરે અમદાવાદના બધાજ જૈનોને એકત્રિત કરીને એક જ દિવસે મહાવીર જયંતીના દિવસે મહાવીર રથયાત્રા કાઢેલ હતી. જીતો - અમદાવાદ ચેપ્ટરના વર્તમાન પ્રમુખ શ્રી ગણપતભાઈ ચૌધરી તથા વર્તમાન ચેરમેન શ્રી ઉત્કર્ષ શાહને અમે અપીલ કરીએ છીએ કે ભારતભરના જૈન શ્રેષ્ઠીઓને એકત્રિત કરી એકજ દિવસે સંવત્સરી ઉજવવા સહમતિ સાધવાના પ્રયાસો આદરશે તો તેઓ શાસન પ્રત્યેની પોતાની ધગશના કારણે તથા તેમની સમગ્ર કાર્યકારિણી સમિતિના ઉદારભાવ પ્રયત્નના કારણે ઉપસ્થિત જૈન શ્રેષ્ઠીઓમાં જરૂરથી એકમતિ સાધી શકશે. એ દિવસ 'જીતો' - અમદાવાદ ચેપ્ટર માટે "વિશિષ્ટ દિવસ" બની રહેશે....*

*– મુખ્ય તંત્રી)*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

**(અનુસંધાન : પાના નં.-૩૬ ઉપરથી ચાલુ)**

તે સિવાય, નીચે મુજબના નોંધપાત્ર દાનો જાહેર કરવામાં આવ્યા હતા. શ્રી માટુંગા મૂર્તિપૂજક જૈન સંઘ (મુંબઈ), શ્રી પદમશી આણંદજી લોડાયા (સુથરી / મુંબઈ), શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ, માતુશ્રી મેઘીબહેન લધાભાઈ સાંગણ (ભચાઉ / મુંબઈ), શ્રી ગુર્જર સાહિત્ય મંદિર - અમદાવાદ, માતુશ્રી કુંવરબેન મેઘજી મોનજી વીરા (વોરા ટ્રાન્સપોર્ટ - મુંબઈ), શ્રી હીરાલાલ બી. શાહ (મેરાઉ / દુર્ગ), શ્રી પદમશી કાનજી મૈશેરી (રાપર ગઢવારી / મુંબઈ), શ્રી વાસુદેવ આર. ઠક્કર (ભુજ), શ્રી જોરૂભા રાઠોર (ભુજ), શ્રી કાંતિલાલ વેલજી સાવલા (અમદાવાદ), માતુશ્રી જયાબેન લીલાધર મહેતા (એપોલો ગારમેન્ટ્સ - મુંબઈ), માતુશ્રી જમકુબેન ચાંપશી લોડાયા (તેરા / મુંબઈ), મોતા ચીપ્સ (ભુજપુર / મુંબઈ), શ્રી કચ્છ જિલ્લા ટ્રક ઑનર્સ એસોસિએશન (ભુજ), લાયન્સ ક્લબ ઑફ ભુજ, શ્રી ક.દ.ઓ. જૈન (નાની ન્યાત) મિત્ર મંડળ (મુંબઈ), શ્રી જે.વી. શેઠિયા (વડાલા / રાજકોટ), શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા).

તે ઉપરાંત નાના મોટા ઘણા બધા દાનો જાહેર કરવામાં આવ્યા હતા. સૌ દાતાઓનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો હતો.

વિવિધ સ્થળોએથી પધારેલા મહેમાનોની ઉપસ્થિતિમાં "કચ્છનો ઔદ્યોગિક વિકાસ - ભૂકંપ બાદ" એ વિષય પરનો સેમિનાર તેમજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ભવનનો ઉદ્‌ઘાટન સમારંભ, એક સંભારણા સ્વરૂપે પૂરો થયો હતો.

*(ક્રમશઃ)*

*સમાજમાં વિચારવંત મનુષ્યો પાતળી લઘુમતીમાં હોય છે.*

## ગુજરાત વિધાનસભાની ચૂંટણીના સમયે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રચાર વાક્યો

★ ગુજરાતમાં ૧૦ લાખ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ અને ૫ લાખ ફિક્સ પગાર ધારકોને પૂરા પગારનો લાભ મળતો નથી.

★ ગુજરાતમાં ૭૭ કો-ઓપરેટીવ બેંકોનું આજે કોઈ નામોનિશાન નથી.

★ ગુજરાતમાં ૨૯ ટકા કુટુંબોને પીવાનું શુધ્ધ પાણી મળતું નથી.

★ ગુજરાતમાં સરકારી દવાખાના - આરોગ્યકેન્દ્રો, હેલ્થ સ્ટાફ અને પૂરતી દવાઓ નથી.

★ ગુજરાતમાં ૧૦ લાખ ખેડૂતો પાસે આજે પણ સિંચાઈ માટે વીજળી નથી.

★ ગુજરાતમાં ૪,૦૦,૦૦૦ એકર જમીનનું હવે કોઈ નામોનિશાન નથી.

★ ગુજરાતમાં ૨૨ ટકા સરકારી અધિકારીઓનું આજે કોઈ નામો-નિશાન નથી.

★ ગુજરાતમાં ૧૬,૫૦,૦૦૦ પરિવારો પાસે યોગ્ય એવું ઘરનું ઘર નથી.

★ ગુજરાતમાં ૧૦ લાખ શિક્ષિત યુવાનો પાસે નોકરી નથી.

★ ગુજરાતમાં પાંચ વર્ષથી નીચેના ૪૫ ટકા બાળકોને પૂરતું પોષણ મળતું નથી.

★ ગુજરાતમાં ૬૦,૦૦૦ નાના કારખાનાઓ આજે કામ કરતા નથી.

★ ગુજરાતમાંથી ૧૧,૨૫૧ નિર્દોષ બાળકો ગૂમ થયેલ છે. રાજ્યમાં સલામતી નથી.

***'અભિયાન' દીપોત્સવી અંકમાંથી સાભાર***

*યાદ રાખો કે જેનો તમને ભય લાગે છે એવી ઘણી વસ્તુઓનું ખરેખર અસ્તિત્વ હોતું જ નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૧૨

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## "કચ્છનો ઔદ્યોગિક વિકાસ - ભૂકંપ બાદ"નો સેમિનાર અને શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહનો ઉદ્‌ઘાટન સમારંભ.... એક સંભારણા રૂપે સંપન્ન

ચા-કોફીના વિરામ બાદ કચ્છમાં બિઝનેસ સંબંધી કર રાહત વિષયે શ્રી એલ. માનસિંઘના પ્રમુખપદે પ્રથમ સેશનની શરૂઆત થઈ હતી. અન્ય વક્તાઓમાં શ્રી વિશ્વજીત દત્તા, સેન્ટ્રલ એક્સાઈઝ અને કસ્ટમ્સ - રાજકોટના કમિશનર; શ્રી એચ.સી. દેસાઈ, જનરલ મેનેજર, ઈન્ડેક્ષ્ટ લિ.; શ્રી આર.જે. શાહ, સરકારશ્રી તરફથી મુખ્ય ઉદ્યોગ સલાહકાર વગેરે દ્વારા સ્લાઈડ શો ની મદદથી પોતાના વિચારો રજૂ કર્યા હતા. જ્યારે ઉદ્યોગપતિઓ તરફથી શ્રી પીયૂષ વોરા, આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, શ્રી પ્રવીણ દોશી, સી.એ. - ભુજ વગેરેએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ભોજનના વિરામ બાદ બીજા સેશનમાં કચ્છમાં આંતરમાળખાકીય સવલત અંગે વિચાર વિનિમય કરવામાં આવ્યું. બીજા સેશનના પ્રમુખ સ્થાને કંડલા પોર્ટ ટ્રસ્ટનાં ઉપાધ્યક્ષ શ્રી વિપુલ મિશ્રા હતા. આ સેશનમાં શ્રી આર.એન. જાની, સિનિયર જનરલ મેનેજર, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, શ્રી સી.જે. રાવલ, ગુજરાત મેરીટાઈમ બોર્ડના એક્ઝીક્યુટિવ એન્જિનિયર, શ્રી જે.વી. વ્યાસ ગુજરાત વિદ્યુત બોર્ડનાં અધિક્ષક ઈજનેર, શ્રી યોગેન્દ્ર ગર્ગ, સંયુક્ત વિકાસ કમિશનર, કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન અને શ્રી સ્નેહલ કંથારિયા, અદાણી ગ્રુપ ઓફ કંપનીએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. બાદમાં મૂડી રોકાણકારોમાંથી શ્રી રસિક મામતોરા, સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લિ.નાં નિવાસી મેનેજર, કચ્છમિત્રના તંત્રી શ્રી કીર્તિ ખત્રી અને નિવૃત્ત ડી.ડી.ઓ. શ્રી શશીકાંત ઠક્કરે પોતાનાં વિચારો રજૂ કર્યા હતા. પ્રશ્નોત્તરી બાદ સેશનની સમાપ્તિ થઈ હતી. ઉદ્યોગ કમિશનર શ્રી હસમુખ અઢિયાનાં પ્રમુખપદે ત્રીજા સેશનની શરૂઆત થઈ હતી. આ સેશનમાં સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ સર્વિસ ઈન્સ્ટિટ્યૂટના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ડી.એન. કપૂર, નિવૃત્ત એડિશનલ ડાયરેક્ટર ઑફ જીઓલોજી - માઈનિંગના શ્રી જે.વી. ભટ્ટ, ગુજરાત ઈન્ફોર્મેટિક લિમિટેડના ડેપ્યુટી જનરલ મેનેજર કુ. નીતા શાહ, સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટનાં ચીફ પ્રોજેક્ટ લીડર શ્રી પ્રિયકાંત મહેતા, કેલિફોર્નિયાના એન.આર.આઈ. શ્રી બિપીન શાહે કચ્છમાં જુદા જુદા ક્ષેત્રમાં મૂડી રોકાણની તકો અંગે વિચાર વિનિમય કર્યો હતો. ફોકીઆના કન્વીનર શ્રી નિમેષ ફડકે અને આરતી કેમિકલ્સના શ્રી રાજુભાઈ ગોગરીએ પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ચર્ચાને અંતે પ્રશ્નોત્તરી થઈ હતી. ત્યારબાદ પ્રમુખ સ્થાનેથી શ્રી હસમુખ અઢિયાએ સેશનનું સમાપન કરતા પોતાના વિચારો રજૂ કર્યા હતા અને સેમિનારની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવી હતી. આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજનો માદરે વતન કચ્છ માટેનો એક ગૌરવપૂર્ણ સેમિનાર પૂરો થયો. જેનો આનંદ સૌ કાર્યકર્તાઓનાં ચહેરા ઉપરની પ્રસન્નતાથી વરતાતો હતો.

હજી એક મહત્ત્વનો કાર્યક્રમ બીજા દિવસનો એટલે કે તા. ૬-૧-૨૦૦૨નો બાકી હતો. તે માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ. તા. ૬-૧-૦૨નો દિવસ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ માટે આનંદ અને ઉત્સવનો દિવસ હતો. છેલ્લા બે વરસથી સમાજનું એક સ્વપ્ન હતું કે કચ્છથી આવતા દર્દીઓ અને તેમની સાથેના સગાંસંબંધીઓને અમદાવાદમાં ઉતરવા માટેની એક સારી જગ્યા પ્રાપ્ત થાય. ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સહયોગ પ્રાપ્ત થતાં તે સ્વપ્નને સાકાર કરવામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને બળ મળ્યું.

માદરે વતનનાં ભાઈઓ / બહેનો જ્યારે સારવાર માટે અમદાવાદ આવે તો તેમના રહેવા તથા જમવાની ઉત્તમ સગવડ સાથે શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું તેના દ્વારા નિર્માણ થયું. આ ભવ્ય અને અદ્યતન ભવનને સમસ્ત કચ્છી પ્રજાને એ દિવસે સમર્પિત કરવામાં આવ્યું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજના મે.ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ઉદ્‌ઘાટન કરવા માટે પધારેલા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને વિનંતી કરી. મુખ્ય મંત્રીશ્રીએ વિશ્રામગૃહને વિધિસર ખુલ્લું મૂક્યું.

શ્રી ધીરુભાઈ શાહ, અધ્યક્ષ - વિધાનસભા તથા શ્રી મૂકેશભાઈ ઝવેરી, અધ્યક્ષ - ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડ એ દીપ પ્રાગટ્ય કરી વાતાવરણને મંગલમય બનાવ્યું. ત્યારબાદ શ્રી વિજય ટ્રાન્સપોર્ટના નામકરણવાળા હોલનું ઉદ્‌ઘાટન ડૉ. ચંદ્રવદન હરિયાએ કર્યું. શ્રી એન્કરવાલા ડાઈનિંગ હોલનું ઉદ્‌ઘાટન શ્રી શાંતિલાલ સોમૈયાએ કર્યું. માતુશ્રી મણિબેન પ્રેમજી નીસર ડાઈનિંગ હોલનું

*શિક્ષક જો કેવળ પગારદાર હોય ને વિચારદાર ન હોય તો તેને દેશદ્રોહી કે ત્રાસવાદી કેમ ન ગણાય?*

ઉદ્‌ઘાટન શ્રી બિપીનભાઈ જૈને કર્યું. જનરલ ઓફિસનું ઉદ્‌ઘાટન શ્રી જયંતભાઈ સોનીએ કર્યું. રીસેપ્શન હોલમાં શ્રી છગનલાલ સાકરચંદ શાહ પરિવારનાં નામની તક્તીનું અનાવરણ શ્રી ઉગરચંદભાઈ ગઢેચાએ કર્યું. વિશ્રામ ગૃહના મુખ્ય દરવાજા પાસે પ્રાંગણમાં જી.એમ.ડી.સી.ની તક્તીનું અનાવરણ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાએ કર્યું. ગ્રાઉન્ડ ફ્લોરના સૌજન્યદાતા શ્રી નવનીત પરિવારના નામની તક્તીનું અનાવરણ શ્રી હીરાલાલ ભાણજી શાહે કર્યું અને દ્વિતીય માળનાં સૌજન્યદાતા શ્રીમતી ચંચળબેન ઉગરચંદ ગઢેચાના નામની તક્તીનું અનાવરણ શ્રી હરખચંદ (છોટુભાઈ) રામજી ગાલાએ કર્યું.

આમ શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરી જાહેર જનતાને સમર્પિત કરતા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનોએ ગૌરવ અને આનંદની લાગણી અનુભવી હતી. ત્યારબાદ સહુ આમંત્રિત મહેમાનો મુખ્ય સમારંભ સ્થળ શાહીબાગ સરકીટ હાઉસ એનેક્ષી જવા રવાના થયા હતા.

શાહીબાગ એનેક્ષી ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહનો ઉદ્‌ઘાટન સમારંભ ભવ્ય રીતે ઉજવાયો હતો. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટિત થયેલાં સમારંભનાં પ્રમુખ શ્રી ધીરુભાઈ શાહ હતા જ્યારે મુખ્ય મહેમાન તરીકે શ્રી મૂકેશભાઈ ઝવેરી તેમજ રાજ્યનાં નાગરિક પુરવઠા મંત્રી શ્રી ભરતભાઈ બારોટ અને બહારગામથી પધારેલા ખાસ આમંત્રિતો વગેરેની સ્ટેજ ઉપરની હાજરીએ સમારંભની ગરિમા વધારી હતી.

શરૂઆતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ પધારેલા સર્વે મહેમાનો તથા આમંત્રિતો વગેરેનું સ્વાગત કરી આવકાર આપ્યો હતો. મંચ ઉપર ઉપસ્થિત સર્વે આમંત્રિતોનું બુકે વડે સ્વાગત કરવામાં આવ્યા બાદ આ સમારંભનાં ઉદ્‌ઘાટક ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીપ પ્રગટાવીને સમારંભને વિધિવત ખુલ્લું મૂક્યું હતું. તેઓએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સમાજની સેવાઓને બિરદાવી હતી તથા કચ્છ, કચ્છીયત તથા કચ્છીઓનાં ખમીરને બિરદાવ્યું હતું.

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ બાંધકામ સમિતિના કન્વીનર શ્રી હસમુખભાઈ ગઢેચા તેમજ સમાજનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડની વિશ્રામ ગૃહનાં નિર્માણ કાર્યમાં આપેલ સેવાઓની વિશિષ્ટ કદર રૂપે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાલ ઓઢાડી તથા મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. સમારંભનાં પ્રમુખ અને ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહે પ્રમુખ સ્થાનેથી કચ્છનાં આગવા ખમીર અને ખુમારીની વાત કરી હતી. તેઓએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ માટે તેમજ ભાવિ છાત્રાલયના પ્રોજેક્ટ માટે ઉદાર હાથે દાન આપવા માટેની અપીલ કરતા સારો પ્રતિસાદ સાંપડ્યો હતો અને માતબર દાનો જાહેર થયા હતા. ત્યારબાદ શ્રી ધીરુભાઈ શાહનાં હસ્તે સમાજના મહાનુભાવોનું શાલ ઓઢાડીને અભિવાદન કરવામાં આવ્યું હતું. સમાજના એક સભ્ય શ્રી કાંતિલાલ અંબાલાલ પૂજની ગુજરાત હાઈકોર્ટનાં જજ તરીકેની નિમણૂક બદલ સમાજે ગૌરવ અનુભવી બહુમાન કર્યું હતું.

સમારંભમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહના આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. બાંધકામ સમિતિના સભ્યો શ્રી નીતિન ધનજી ગાલા તથા શ્રી ખુશાલ પોપટલાલ સંઘવીએ પોતાનો કિંમતી સમય ફાળવીને દેખરેખ રાખી તે બદલ સમાજે ઋણ અદા કર્યું હતું. તદુપરાંત સંસ્થાના કર્મચારી શ્રી લક્ષ્મીચંદ લાલજી ફુરિયાની નિષ્ઠાપૂર્વક અને કરકસરયુક્ત કામગીરીની સરાહના કરવામાં આવી હતી. શ્રી કચ્છી વિશ્રામ ગૃહનાં ડાઇનિંગ હોલના દાતા શ્રી જયંતીલાલ પ્રેમજી નીસર (ચીકીવાલા) પરિવારનું તથા રીસેપ્શન એરિયાના દાતા શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ પરિવારનું બહુમાન કરવામાં આવ્યું હતું. બાદમાં મુખ્ય મહેમાન શ્રી મૂકેશભાઈ ઝવેરીએ સમાજની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. દુર્ગથી પધારેલા ઉદ્યોગપતિ શ્રી હીરાલાલ બી. શાહ તથા અમેરિકાથી પધારેલા ડૉ. ચંદ્રવદન હરિયાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી જરૂરિયાતવાળા કચ્છી દર્દીઓને સહાયરૂપ થવાના ઉદ્દેશથી ''મેડિકલ રાહત ફંડ''ની એક નવી યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. જેને તરત જ ઉત્સાહજનક પ્રતિભાવ મળ્યો હતો અને માતબર દાનોની જાહેરાતો થઈ હતી. મંચ સંચાલન શ્રી કલ્યાણજી સાવલા ''ઊર્મિલ''એ કર્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં પ્રમુખશ્રીએ ઊર્મિલને મોમેન્ટો અર્પણ કરેલ હતો.

સમારંભમાં પધારેલા મહાનુભાવો શ્રી ધીરુભાઈ શાહ, શ્રી મૂકેશ ઝવેરી, શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, શ્રી કાંતિસેન શ્રોફ, શ્રી શાંતિલાલ સોમૈયા, ડૉ. ચંદ્રવદન હરિયા, શ્રી હરખચંદ ગાલા, શ્રી ઉગરચંદ ગઢેચા, શ્રી હીરાલાલ ભાણજી શાહ, શ્રી મધુસુદન ગાલા, શ્રી જયંત સોની, શ્રી મુરજી રાઘવજી લોડાયા, શ્રી પારસ પદમશી મૈશેરી તથા શ્રી ડુંગરશીભાઈ ગાલા વગેરેનું શાલ ઓઢાડી તથા મોમેન્ટો વડે સન્માન કરવામાં આવ્યું. અંતમાં સમાજના માનદ્‌મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે આભારવિધિ કરી હતી. પોતાનો કિંમતી સમય ફાળવીને પધારેલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, વિધાનસભાના અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહ, જી.એમ.ડી.સી.ના ચેરમેન શ્રી મૂકેશભાઈ ઝવેરી ઉપરાંત આમંત્રણને માન આપીને દેશ-વિદેશથી પધારેલા સૌ માનવંતા મહેમાનોનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો. ઉદ્‌ઘાટન સમિતિ, રીસેપ્શન સમિતિ, તે સિવાય વિવિધ સમિતિઓના સભ્યો, કચ્છ - મુંબઈ અને અન્ય સ્થળોએ દાન મેળવવા તેમજ આમંત્રણ આપવા માટે ગયેલા સૌ કાર્યકર્તાઓ, વોલન્ટિયર્સ તથા અન્ય સૌ મિત્રો - કાર્યકરોનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો. આ સમારંભની શુભેચ્છા માટે દેશ-વિદેશથી અસંખ્ય શુભેચ્છા સંદેશાઓ સંસ્થાને મળેલ હતા. સમારંભમાં નીચે મુજબના માતબર દાનો જાહેર થયા હતા.

માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી પરિવાર (નાની ખાખર)વાળા તરફથી ત્રીજા માળનું સૌજન્ય તથા મે. ગુજરાત અદાણી પોર્ટ લિ. - અમદાવાદ / મુંદ્રા તરફથી લિફ્ટ માટેનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)**

*જે દેશમાં ચોરી કરાવનાર શિક્ષકો અને આચાર્યો વસતા હોય તેને બીજા આતંકવાદીઓની જરૂર નહિ.*

# બ્રહ્માંડની સફરે

• મુરજી ગડા •

થોડા સમય પહેલાં, ઈશ્વરીય કણના અયોગ્ય નામે ઓળખાયેલ, બ્રહ્માંડની ઉત્પત્તિ સાથે સંકળાયેલ હિગ્ઝ બોઝોન કણનું અસ્તિત્વ વિજ્ઞાનીઓના હાથ લાગ્યું ત્યારે ટૂંક સમય માટે પ્રસાર માધ્યમો તેમજ જનસામાન્યમાં એ ચર્ચાનો વિષય બની ગયો હતો. 'મંગલ મંદિર'માં પણ એ વિષય પર પ્રસંગને અનુરૂપ સુંદર તંત્રીલેખ આવી ગયો છે.

આપણે જેવી રીતે મહાપુરુષોના જન્મદિવસ ઉજવીએ છીએ પણ એમના કાર્ય અને ઉપદેશ વિશે જાણવાની ખાસ ઈચ્છા રાખતા નથી એવીજ કંઈક બ્રહ્માંડની જાણકારી વિષે માનવ સમુદાયની વૃત્તિ રહેલી છે. **બે લેખની આ શ્રેણીમાં વાંચકોની કલ્પનાને બ્રહ્માંડની સફરે લઇ જવાની કોશિશ કરી છે.**

વૈજ્ઞાનિક શોધખોળોમાં કેટલાક નિશંક સાબિત થયેલા તથ્યો અને નિયમો છે, જ્યારે થોડા હાયપોથિસિસ છે. Hypothesis એ અત્યાર સુધી મળેલી માહિતીના આધારે બાંધવામાં આવેલું અનુમાન છે. એમાં ક્યારેય પણ ગપગોળા નથી હોતા. જ્યારે નવી અને વધારે ચોક્કસ માહિતી મળે છે ત્યારે વૈજ્ઞાનિક જગત એને ખુલ્લા મને સ્વીકારે છે અને પોતાની જૂની થિયરીમાં જરૂરી ફેરફાર કરે છે. સાથે એ રજૂ કરનારનું યોગ્ય સન્માન થાય છે, એમનો વિરોધ નથી થતો. **સત્ય શોધનના રસ્તે જરૂર પડ્યે જૂની માન્યતાઓ છોડતા જવું પડે છે. તોજ સાચું જ્ઞાન પ્રાપ્ત થાય.**

આને વિજ્ઞાન વારંવાર પોતાની વાત બદલાવે છે એવું ન કહેવાય. એ તો એરણ પર ઘડાઈ સતત તીક્ષ્ણ થતું ઓજાર છે. એ નવા પ્રવાહોને પોતામાં સમાવતું વહેતું પાણી છે. બંધિયાર પાણી કરતાં કુદરતી રીતે વહેતું પાણી હંમેશાં વધારે શુદ્ધ હોય છે.

ભૌતિક જગત વિષે ડિસેમ્બર-૨૦૦૯ના અંકમાં એક લેખ લખ્યો હતો. સ્થળ-કાળ વિષેની સર્વસ્વીકૃત માહિતી હજી જેમના સુધી નથી પહોંચી એમને તે પહોંચાડવાની કોશિશનો આ બીજો લેખ છે. વાંચકોના બેક ગ્રાઉન્ડને ધ્યાનમાં રાખી આટલા વિશાળ વિષયને ટૂંકમાં સમાવવાના પ્રયાસમાં લેખ સ્કૂલના પાઠ્યપુસ્તક જેવો ન થઈ જાય એવો પ્રયાસ કર્યો છે.

ભૌતિક જગતનો ઘણો ભાગ એવો છે જે આપણી દૃષ્ટિ મર્યાદાની બહાર છે. એમાંથી એક છે અંતરીક્ષ એટલે કે બ્રહ્માંડ. પ્રાચીન અને મધ્યયુગમાં અંતરિક્ષ વિષે બહુ ઓછી જાણકારી હતી. જે નરી આંખે દેખાતું હતું એના પરથી જાતજાતની ઘણી કલ્પનાઓ કરવામાં આવી હતી. બ્રહ્માંડની વિશાળતાનો ખ્યાલ ન હોવાથી એ બધી કલ્પનાઓ માણસની ત્યારની સમજ પૂરતી મર્યાદિત હતી. દૂરબીનની શોધ થયા પછી આ બધું બદલાવા લાગ્યું છે. **ખાસ કરીને છેલ્લા ૭-૮ દાયકાઓમાં બ્રહ્માંડ વિષે ઘણું વધારે જાણવા મળ્યું છે. એમાંનો એક નાનો અંશ અત્રે રજૂ કર્યો છે.**

આકાશમાં દેખાતા અગણિત તારાઓમાંથી એક તારો છે આપણો સૂર્ય. એની આસપાસ ગ્રહો, ઉપગ્રહો, લઘુગ્રહો, ધૂમકેતુ વગેરે ઘણા અવકાશી પિંડ ફરે છે. આ બધું મળીને આપણું સૌરમંડળ બને છે. સૌરમંડળમાં એકમાત્ર સૂર્યને જ પોતાનો પ્રકાશ છે. સૂર્યમંડળના બીજા બધા અવકાશી પિંડ સૂર્યપ્રકાશને લીધે પ્રકાશતા દેખાય છે.

સૂર્યમંડળમાં તેમજ સમસ્ત બ્રહ્માંડમાં ભંગારના ટુકડાઓ સિવાયનું બધું જ દડા જેવું ગોળ છે. આ ગુરુત્વાકર્ષણને લીધે હોય છે. બધા જ પિંડ પોતાની ધરી ફરતે ફરે છે અને બીજા કોઈ મોટા પિંડની પ્રદક્ષિણા કરે છે. એમને એમના નિર્ધારિત સ્થાને રાખતા બે બળો છે : એક છે સૂર્યનું ગુરુત્વાકર્ષણ અને બીજું છે એમની ગતિને લીધે સર્જાતુ ઉર્ધ્વગામી બળ - Centrifugal force.

**આપણા માટે પૃથ્વી ઘણી વિશાળ છે પણ અવકાશમાં એ રજકણ જેવી છે. સૂર્ય પૃથ્વીથી તેર લાખ ગણો મોટો છે. એની અંદર થતી થર્મોન્યુક્લિયર પ્રક્રિયાઓને લીધે એનો પ્રકાશ અને ગરમી ઉત્પન્ન થાય છે.**

સૂર્યની પ્રદક્ષિણા કરતા પિંડોમાંથી આઠ મોટા પિંડ ગ્રહ તરીકે ઓળખાય છે. સૂર્યથી શરૂ કરીએ તો બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરૂ, શનિ, યુરેનસ અને નેપચ્યુન ક્રમમાં આવે છે. આમાંથી પહેલા ચાર ગ્રહ નક્કર, ખડકાળ અને કદમાં નાના છે. છેલ્લા ચાર વાયુના બનેલા મોટા ગ્રહો છે. **છેલ્લા બે ગ્રહ નરી આંખે દેખાતા પણ નથી. આશરે બસો વરસ પહેલાં દૂરબીનની શોધ પછી એ શોધાયા છે.**

સૌથી મોટો ગ્રહ ગુરૂ, કદમાં પૃથ્વીથી ૧૩૦૦ ગણો મોટો છે. હાલ છે એનાથી દસ બાર ગણો મોટો હોત તો તે તારો બની શક્યો હોત. અણુપ્રક્રિયા સ્વયંભૂ શરૂ થવા લઘુત્તમ દ્રવ્ય હોવું જરૂરી છે જે અત્યારના ગુરૂમાં નથી. જો હોત તો આપણે બે સૂર્યવાળા સૌરમંડળમાં હોત. દરેક વસ્તુના બે પડછાયા પડત. બહુધા દિવસનું અજવાળું હોત. રાત્રિ જૂજ હોત.

ગ્રહોની આસપાસ ફરતા પિંડ ઉપગ્રહ કહેવાય છે. ચંદ્ર એ પૃથ્વીનો એકમાત્ર કુદરતી ઉપગ્રહ છે. (સેટેલાઈટ કહેવાતા માનવસર્જિત ઉપગ્રહો હવે સેંકડોની સંખ્યામાં પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે) ગુરૂ અને શનિના ૬૦થી વધારે ઉપગ્રહો શોધાયા છે છતાં હજી વધુ હોઈ શકે છે. બીજા ગ્રહોને પણ ઉપગ્રહો છે. સૂર્યમંડળમાં જેટલું દ્રવ્ય છે એમાંનું ૯૮ ટકા એકલા સૂર્યમાં છે. બાકીના બે ટકામાં બીજું બધું આવી જાય છે. સૌરમંડળની બહાર નીકળીને તારાઓની દુનિયામાં આવીએ એટલે આવડો મોટો અને આપણા માટે સર્વેસર્વા એવો સૂર્ય પોતાનું મહત્ત્વ ગુમાવી દે છે.

અંતરિક્ષને લગતા ઝડપ અને અંતરના

*તમારી પાસે જે છે, તેનાથી સંતુષ્ઠ રહો એ બરાબર છે, પણ તમે જે છો તેનાથી ક્યારેય સંતુષ્ઠ થશો નહીં.*

આંકડા એટલા મોટા છે કે એમને આપણા માપ કામ ન લાગે. પૃથ્વી પર અંતર કિલોમીટરમાં મપાય છે અને ઝડપ કલાકના દરે. આપણી ટ્રેનની ઝડપ સામાન્યતઃ કલાકના સો કિલોમીટરની હોય છે. વિમાનની ઝડપ એના કરતાં દસ ગણી હોય છે. માનવસર્જિત અંતરિક્ષયાનની ઝડપ વિમાન કરતાં ૪૦-૫૦ ગણી વધારે હોય છે, જે એક સેકંડના ૧૨-૧૫ કિલોમીટર જેટલી થાય છે. આની સરખામણીમાં પ્રકાશની ઝડપ એક સેકંડમાં લગભગ ૩.૦૦ લાખ કિલોમીટર (૧,૮૬,૦૦૦ માઈલ પ્રતિ સેકંડ)ની છે.

અંતરિક્ષ માટે ખગોળશાસ્ત્રીઓએ અંતરનું નવું માપ બનાવ્યું છે. એ છે પ્રકાશ મિનિટ અને પ્રકાશ વર્ષ. એક મિનિટમાં પ્રકાશ ૧.૮ કરોડ કિ.મી. તેમજ એક વર્ષમાં આશરે ૯૫૦૦ અબજ કિ.મી. અંતર કાપે છે.

દરરોજ છાપામાં અબજો રૂપિયાના ગોટાળા વાંચીને આપણે એટલા ટેવાઈ ગયા છીએ કે એક અબજનો આંકડો મામૂલી લાગવા માંડ્યો છે. મગજમાંથી અબજનું મામૂલીપણું દૂર કરવા ઘણી સરખામણીઓ કરી શકાય. અત્યારે એટલું કહેવું પૂરતું થશે કે આપણને જો એક અબજ મિનિટનું આયુષ્ય મળે તો આપણી ૭૦-૮૦ પેઢી જોઈ શકીએ, જે આશરે બે હજાર વરસ થાય છે.

પ્રકાશ મિનિટનું માપ વાપરીને આપણે સૌર મંડળના વિસ્તારને સમજીએ. સૂર્ય આપણાથી ૧૫ કરોડ કિ.મી. એટલે કે ૮.૩ પ્રકાશ મિનિટ દૂર છે. એની સરખામણીએ ગુરૂ ૪૫ પ્રકાશ મિનિટ, શનિ ૭૫ પ્રકાશ મિનિટ, યુરેનસ ૧૬૦ પ્રકાશ મિનિટ અને નેપચ્યુન ૨૪૦ પ્રકાશ મિનિટ દૂર છે. ચંદ્ર સાવ નજીક એટલે માત્ર સવા સેકંડ દૂર છે. સૂર્યમંડળના કેટલાક સભ્યો બે પ્રકાશ વર્ષ દૂર છે. એટલે ત્યાં સુધી સૂર્યમંડળનો વિસ્તાર છે એમ કહી શકાય.

આટલું વિશાળ સામ્રાજ્ય ધરાવનાર સૂર્ય અંતે તો એક તારો છે. આપણી આકાશગંગાના આશરે ૪૦૦ અબજ તારાઓમાંનો સૂર્ય એક સામાન્ય કદનો તારો છે. આ બધા તારા આકાશગંગાના કેન્દ્ર ફરતે ફરે છે. સેકંડના ૨૭૦ કિલોમીટરની ઝડપે ફરતા સૂર્યને કેન્દ્ર ફરતે એક આંટો પૂરો કરતાં આપણા ૨૨ કરોડ વર્ષ લાગે છે, જેને સૂર્યનું એક વર્ષ કહી શકાય. સૂર્યથી સૌથી નજીકનો તારો, Alpha Centauri, ૪.૩ પ્રકાશવર્ષ દૂર છે. આના પરથી તારાઓ વચ્ચેનું અંતર તેમજ આકાશગંગાના કદનો થોડો ખ્યાલ આવશે. આકાશગંગાના એક છેડેથી બીજે છેડે પહોંચતાં પ્રકાશને એક લાખ વરસ લાગે છે. આટલા બધા તારા ધરાવતી હોવા છતાં આકાશગંગામાં સર્વત્ર ગાઢ અંધકાર ફેલાયેલો છે. આપણા સૂર્યથી એક પ્રકાશ કલાક જેટલા દૂર જઈએ તો સૂર્ય માત્ર એક ચળકતા તારા જેવડો દેખાય છે.

અંગ્રેજીમાં Milkyway કહેવાતી આકાશગંગા ચકરડાના આકારની હોવા છતાં, આપણે એની અંદર હોવાથી એ આપણને આકાશમાં એક અનિયમિત સફેદ પટ્ટારૂપે દેખાય છે. એને જોવું હોય તો અંધારી રાતે શહેરથી દૂર જ્યાં વીજળીનો પ્રકાશ ન હોય ત્યાં જવું પડે.

કોઈ તારો આપણાથી સો પ્રકાશવર્ષ દૂર છે એનો અર્થ એ છે કે એના પ્રકાશને આપણા સુધી પહોંચતા સો વરસ લાગે છે. આજે આકાશમાં જે તારાઓ દેખાય છે તે એમની આજની સ્થિતિ નથી પણ સો, બસો કે હજાર વરસ પહેલાની છે. આટલા દૂરના તારાનો આજે વિસ્ફોટ થાય તો પણ આ પૃથ્વી પર એની ખબર હજાર વરસ પછી પડશે. આપણે જેને ''ખરતા તારા'' કહીએ છીએ એ તારા નથી પણ ઉલ્કા છે જે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતાં હવાના ઘર્ષણને લીધે સળગી ઉઠે છે. તારા તો પૃથ્વી કરતાં લાખો ગણા મોટા વાયુના ધગધગતા ગોળા છે.

હા, તારાઓ જન્મે છે, જીવે છે અને એમનો અંત પણ આવે છે. તારાઓના જન્મની પ્રક્રિયા આપણા વરસાદને મળતી આવે છે. જ્યારે વાદળોમાં ભેજનું પ્રમાણ વધે છે ત્યારે એના ટીપા બનવા લાગે છે. ટીપા મોટા અને ભારે થતાં વરસાદરૂપે નીચે પડે છે. એજ રીતે અંતરીક્ષમાં નેબ્યુલા (Nebula) કહેવાતા રજકણોના મહાકાય વાદળોમાં ગુરુત્વાકર્ષણને લીધે દબાણ વધે છે. આ દબાણ જ્યારે ખૂબ વધે છે ત્યારે આપોઆપ થર્મોન્યુક્લિયર રીએક્શન શરૂ થઈ તારો પ્રકાશવા લાગે છે. તારાના આ જન્મ વખતે એનું દ્રવ્ય કેટલું છે એના પરથી એનું આયુષ્ય તેમજ એનો અંત કેવી રીતે આવશે એ પણ નક્કી થઈ જાય છે.

**તારાઓનો અંત ત્રણ રીતે આવે છે. કેટલાક તારા અંત સમયે ફુગ્ગાની જેમ ફુલાઈને ફાટે છે. આને રેડ જાયન્ટ સ્ટેજ કહેવાય છે. આશરે ચાર અબજ વર્ષ પછી સૂર્યનું ઇંધણ ખૂટી જતાં એનો અંત આ રીતે આવવાનો છે. એની સાથે સંપૂર્ણ સૌરમંડળનો પણ અંત આવશે.**

સૂર્યથી વધુ મોટા તારા અંત સમયે ફુગ્ગાને બદલે બોમ્બની જેમ ફૂટે છે. આને સુપર નોવા એક્સ્પ્લોઝન કહેવાય છે. આવો એક વિસ્ફોટ ૧૦૫૪ની સાલમાં દેખાયો હતો જેની નોંધ ચીન અને યુરોપમાં કરવામાં આવી હતી. એ તારો કેટલો દૂર હતો એ ત્યારના લોકોને ખબર નહોતી પણ ત્રણ દિવસ સુધી તે દિવસના અજવાળામાં પણ દેખાતો હતો. રાત્રે એના પ્રકાશમાં આસાનીથી વાંચી શકાતું હતું. ભારતમાં પણ એ દેખાયો હશે પણ આવા બનાવોની નોંધ રાખવામાં આપણે ઉણા ઉતરીએ છીએ.

આનાથી પણ મોટા તારાઓનો અંત વળી સાવ અલગ હોય છે. આ પ્રચંડ તારા ફાટવાને બદલે સંકોચાઈને બ્લેક હોલ બની જાય છે. અંગ્રેજીમાં આ ઘટના માટે વધુ યોગ્ય શબ્દો છે. આ તારાઓ Explode થવાને બદલે Implode થાય છે. બ્લેક હૉલનું ગુરુત્વાકર્ષણ બળ એટલું વધુ હોય છે કે પ્રકાશ પણ એમાંથી છટકી શકતો નથી. અન્ય કોઈ અવકાશી પિંડ એના ક્ષેત્રમાં આવે તો અંદર ખેંચાઈ જાય છે એટલા માટે એ બ્લેક હૉલ કહેવાય છે. જોકે એ કાણું (Hole) નથી પણ અતિ ઘન નક્કર પદાર્થ છે. **કયો તારો બ્લેક હોલ થઇ શકે તે ભારતીય મૂળના વૈજ્ઞાનિક ચંદ્રશેખરે ગણિતના સિદ્ધાંતથી શોધેલું છે, સિદ્ધ કરેલ છે.**

તારાઓના જન્મ, જીવન અને અંત, બધા પાછળ ગુરુત્વાકર્ષણનો નિયમ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. તારાઓના જન્મ અને અંતની ક્રિયા સતત ચાલે છે. એમના ભંગાણમાંથી જ સમયાંતરે નવા તારાઓનો જન્મ થાય છે. **સૂર્ય આ રીતે જન્મેલો બીજી કે ત્રીજી પેઢીનો તારો હોવાનું મનાય છે.**

ઘણા તારાઓને પોતાનું ગ્રહમંડળ છે. એમાંથી કેટલાક ગ્રહો પર જીવસૃષ્ટિ પણ હોઈ શકે છે. જો કે તે આપણાથી ઘણી ભિન્ન હશે. ઉત્ક્રાંતિની અગણિત શક્યતાઓમાંથી પૃથ્વી પર ઉત્ક્રાંતિનો જે માર્ગ લેવાયો છે તેજ માર્ગ અન્ય ક્યાંય લેવાય એની શક્યતા નહિવત છે.

અધધ.... વિશાળ એવી આકાશગંગા એ સંપૂર્ણ બ્રહ્માંડ નથી, એ તો બ્રહ્માંડનો નાનકડો ભાગ માત્ર છે. એની વાતો આવતા અંકે.

*(ક્રમશઃ)*

# સોના વિશે

• મગનલાલ સંઘવી •

સોનાનું નામ સાંભળતાજ ભારતીયોના, ખાસ કરીને સ્ત્રીવર્ગની આંખોમાં ચમક આવી જાય છે. જો કે અહીં સોના વિશે થોડી નક્કર માહિતી જ છે, જેમાં સ્ત્રી વર્ગને ઓછો રસ હશે!

- **ઉત્પાદન :**

વિશ્વમાં સોનાનું વાર્ષિક ઉત્પાદન આશરે ૨૫૦૦ ટન જેટલું થાય છે, જેના આંકડા ખંડ દીઠ જોઈએ તો :

★ પ્રથમ નંબરે એશિયા : ઉત્પાદન ૨૫%. જેમાં ચીન ૧૩%, ઈન્ડોનેશિયા ૫%, ઉઝબેકિસ્તાન ૪% તથા ફિલીપાઈન્સ ૨%.

★ બીજા નંબરે આફ્રિકા : ઉત્પાદન ૧૭%. જેમાં દક્ષિણ આફ્રિકા ૮%, ઘાના ૫%, માલે તથા ટાન્ઝાનિયા દરેક ૨%.

★ ત્રીજા નંબરે ઉત્તર અમેરિકા : ઉત્પાદન ૧૫%. જેમાં યુ.એસ.એ. ૯%, કેનેડા ૪% તથા મેક્સિકો ૨%.

★ ચોથા નંબરે દક્ષિણ અમેરિકા : ઉત્પાદન ૧૫%. જેમાં પેરૂ ૭%, બ્રાઝીલ, આર્જેન્ટીના તથા કોલંબિયા ૨%.

★ પાંચમા નંબરે ઑસ્ટ્રેલિયા - ન્યુઝીલેન્ડ વિસ્તાર : ઉત્પાદન ૧૩%. જેમાં ઑસ્ટ્રેલિયા ૯%, પાપુઆ - ન્યુગિની ૩% તથા ન્યુઝીલેન્ડ ૧%.

★ છઠ્ઠા નંબરે યુરોપ : ઉત્પાદન ૧૦%. જેમાં ૮% સાથે રશિયા મુખ્ય છે.

- **વપરાશ - રોકાણ :**

આ કુલ ઉત્પાદનનો ૫૦%થી વધારે હિસ્સો તો દાગીના અને ઝવેરાતમાં જ જાય છે. લગભગ ૧૫% સિક્કા, લગડી, બિસ્કિટ, ગોલ્ડ બોન્ડ વગેરે અને બાકી સરકાર પાસે તથા સરકારી બેંકોમાં સંઘરાય છે. આપણી આર.બી.આઈ. પાસે ૫૫૭ ટન સોનાનો સંગ્રહ છે. ઉદ્યોગોમાં સોનાનો વપરાશ લગભગ ૧૨% જેટલો છે.

ભારતીય પ્રજાજનોની સોનાની ભૂખ ક્યારેય સંતોષાય એમ નથી. ૨૦૧૧-૧૨માં ભારતમાં લગભગ ૬૫૦ ટનના ઘરેણા બન્યા (જેમાં રીસાઈકલ્ડ - જૂના ઘરેણામાંથી બનેલ પણ સામેલ) અને ૪૦૦ ટન બિસ્કિટ, બાર, સિક્કા વગેરેમાં વપરાયો.

વિશ્વના કુલ ઉત્પાદનમાં લગભગ ૧/૩ હિસ્સો ભારત વાપરે છે! ભારતીય કુટુંબોના કુલ સંગ્રહના સાચા આંકડા કદાચ ક્યારેય નહિ મળે અને ભારતના મંદિરોના સંગ્રહની ખુદ ભગવાનને પણ ખબર નહિ હોય!

દક્ષિણ ભારતના વેલ્લોર શહેરના લક્ષ્મી મંદિરની કારીગરીમાં ૧.૫ ટન (૧૫૦૦ કિ.ગ્રા.) સોનું વપરાયું છે. સાંઈબાબા અને તિરૂપતિ મંદિરો દ્વારા સેંકડો કિલો સોનું બેંકોમાં જમા છે અને છેલ્લે કેરળના પદ્મનાભ મંદિરના ખજાનાની ગણતરી થાય ત્યારે ખબર પડે!

હાલની જાણકારી પ્રમાણે સોનાનો મોટામાં મોટો સંગ્રહ યુરોપિયન યુનિયન પાસે લગભગ ૧૦,૮૦૦ ટન તેમજ યુ.એસ.એ.માં ૮,૧૦૦ ટન છે.

આટલી માંગના કારણે સોનાના ભંડાર ખૂટી પડે એવી શક્યતા ખરી? નજીકના ભવિષ્યમાં તો નહિ. હજુ પૃથ્વીના પેટાળમાં છેલ્લી જાણકારી મુજબ ૪૦થી ૪૫ હજાર ટન જેટલા સોનાના અંદાજિત ભૂગર્ભ ભંડાર ખંડવાર નીચે મુજબ છે.

| | |
|---|---|
| એશિયા ખંડ | ૬૬૦૦ ટન |
| આફ્રિકા ખંડ | ૭૫૦૦ ટન |
| દક્ષિણ અમેરિકા | ૮૦૦૦ ટન |
| ઉત્તર અમેરિકા | ૫૫૦૦ ટન |
| ઑસ્ટ્રેલિયા વિસ્તાર | ૮૫૦૦ ટન |
| યુરોપ (રશિયા) | ૫૦૦૦ ટન |

એક અંદાજ મુજબ અત્યાર સુધી લગભગ ૧,૬૭,૦૦૦ ટન જેટલું સોનું ધરતી માતાએ આપ્યું છે.

ખાણમાંથી સોનું કાઢવામાં પર્યાવરણને સારા પ્રમાણમાં હાનિ પહોંચે છે. ટનબંધ પથ્થરોને પીસીને તેમાંથી થોડા ઔંસ સોનું મળે છે. તેમાંથી બહાર આવતી રેતીના નિકાલની વ્યવસ્થા કરવી પડે છે. દક્ષિણ આફ્રિકાની RENDFONTEIN નામની ખાણમાંથી અત્યાર સુધી ૫ કરોડ ટન જેટલો ખડકનો ભૂકો નીકળેલ છે.

પ્રચલિત ધાતુઓમાં સીસા પછી સોનું સૌથી વધારે ઘનત્વ ધરાવે છે.

દુનિયાના લગભગ ૭૦ જેટલા દેશ પોતાનું સોનું ન્યુયોર્કમાં અમેરિકાની ફેડરલ બેંકને સાચવવા આપે છે. આથી દુનિયાનો સોનાનો મોટામાં મોટો સંગ્રહ યુ.એસ.એ.ની ફેડરલ રિઝર્વ બેંક પાસે છે. તે બેંક જમીનથી લગભગ ૮૫ ફૂટ નીચે આવેલા વોલ્ટમાં સાચવે છે.

આપણે જાણીએ છીએ કે સોનું નરમ ધાતુ છે. તેના વરખ કેટલા પાતળા બની શકે? એક મિલિ મીટરના ૧૦,૦૦૦માં ભાગ જેટલા પાતળા વરખ બની શકે છે!

ભારતમાં સોનાની ખાણ કર્ણાટકના કોલાર વિસ્તારમાં આવેલ છે. જે હાલે બંધ હાલતમાં છે. તેમાંથી સોનું કાઢવાનું પોષાતું નથી!!

*માહિતી સૌજન્ય : ઇકોનોમિક ટાઇમ્સ, રીડર્સ ડાઈજેસ્ટ*

*બે મનુષ્યો વચ્ચેનું ઓછામાં ઓછું અંતર એટલે હાસ્ય.*

# દેશના વિવિધ ભાગોમાંથી કચ્છ જતી-આવતી ટ્રેનોની એક ઝલક

• સંકલન : જેઠલાલ વી. ગંગર 'મંગલમ્' •

| ટ્રેન નંબર | ગાડીનું નામ | સ્ટેશનથી સ્ટેશન સુધી | કયા દિવસે | Class In |
|---|---|---|---|---|
| ૧૯૧૧૫<br>૧૯૧૧૬ | સયાજી નગરી | વાંદરાથી ભુજ<br>ભુજથી વાંદરા | દરરોજ | 1A, 2A, 3A, SL-II |
| ૧૯૧૩૧<br>૧૯૧૩૨ | કચ્છ એક્સપ્રેસ | વાંદરાથી ભુજ<br>ભુજથી વાંદરા | દરરોજ | 1A, 2A, 3A, SL-II |
| ૨૨૯૦૩ | એસી એક્સપ્રેસ★ | વાંદરાથી ભુજ<br>ભુજથી વાંદરા | બુધ - શુક્ર - રવિ<br>ગુરુ - શનિ - સોમ | 1A, 2A, 3A |
| ૧૨૯૫૯<br>૧૨૯૬૦ | દાદર - ભુજ એક્સપ્રેસ | દાદરથી ભુજ<br>ભુજથી દાદર | બુધ - શનિ<br>સોમ - ગુરુ | 2A, 3A, SL-II |
| ૧૯૪૫૧<br>૧૯૪૫૨ | વાંદરા - ગાંધીધામ એક્સપ્રેસ<br>(વાયા મોરબી) | વાંદરાથી ગાંધીધામ<br>ગાંધીધામથી વાંદરા | ગુરુ<br>ગુરુ | 2A, 3A, SL-II |
| ૧૬૩૩૫<br>૧૬૩૩૬ | ગાંધીધામ-નાગરકોઈલ એક્સપ્રેસ<br>(વસઈ - ભીવંડી - પનવેલ) | ગાંધીધામથી નાગરકોઈલ<br>નાગરકોઈલથી ગાંધીધામ | શુક્ર<br>મંગળ | 2A, 3A, SL-II P |
| ૧૧૦૯૧<br>૧૧૦૯૨ | ભુજ - પૂના<br>(વસઈ - ભીવંડી - કલ્યાણ) | ભુજથી પૂના<br>પૂનાથી ભુજ | બુધ<br>સોમ | 2A, 3A, SL-II |
| ૧૬૫૦૫<br>૧૬૫૦૬ | ગાંધીધામ - બેંગ્લોર<br>(વસઈ - ભીવંડી - કલ્યાણ) | ગાંધીધામથી બેંગ્લોર<br>બેંગ્લોરથી ગાંધીધામ | મંગળ<br>શનિ | 2A, 3A, SL-II P |
| ૧૪૮૦૧<br>૧૪૮૦૨ | જોધપુર - ગાંધીધામ એક્સપ્રેસ<br>(વાયા ભીલડી) | જોધપુરથી ગાંધીધામ<br>ગાંધીધામથી જોધપુર | મંગળ - શુક્ર - રવિ<br>સોમ - બુધ - શનિ | 3A, SL-II |
| ૧૨૯૯૩<br>૧૨૯૯૪ | ગાંધીધામ - પુરી એક્સપ્રેસ | ગાંધીધામથી પુરી<br>પુરીથી ગાંધીધામ | શુક્ર<br>સોમ | 2A, 3A, SL-II |
| ૧૪૩૧૧<br>૧૪૩૧૨ | આલાહજરત એક્સપ્રેસ | દિલ્હી (બરેલી)થી ભુજ<br>ભુજથી દિલ્હી (બરેલી) | ગુરુ - શુક્ર - રવિ<br>મંગળ - ગુરુ - રવિ | 2A, 3A, SL-II |
| ૧૪૩૨૧<br>૧૪૩૨૨ | બરેલી - ભુજ એક્સપ્રેસ<br>(વાયા પાલનપુર) | દિલ્હી (બરેલી)થી ભુજ<br>ભુજથી દિલ્હી (બરેલી) | સોમ - મંગળ - બુધ - શનિ<br>સોમ - બુધ - શુક્ર - શનિ | 2A, 3A, SL-II |
| ૧૨૯૩૭<br>૧૨૯૩૮ | ગાંધીધામ હાવડા ગર્ભ<br>S.F. Ex. | ગાંધીધામથી હાવડા<br>હાવડાથી ગાંધીધામ | શનિ<br>સોમ | 2A, 3A, SL-II |
| ૧૫૬૬૭<br>૧૫૬૬૮ | ગાંધીધામ - કામખ્યા એક્સપ્રેસ | ગાંધીધામથી કામખ્યા<br>કામખ્યાથી ગાંધીધામ | શનિ<br>બુધ | 2A, 3A, SL-II P |
| ૨૨૮૨૯<br>૨૨૮૩૦ | ભુજ - શાલીમાર★<br>H.W.H.Ex. | ભુજથી શાલીમાર<br>શાલીમારથી ભુજ | મંગળ<br>શનિ | 2A, 3A, SL-II |
| ૧૯૧૫૧<br>૧૯૧૫૨ | પાલનપુર - ગાંધીધામ એક્સપ્રેસ | પાલનપુરથી ગાંધીધામ<br>ગાંધીધામથી પાલનપુર | દરરોજ<br>દરરોજ | SL-II |
| ૫૯૪૨૫<br>૫૯૪૨૬ | ભુજ - પાલનપુર પેસેન્જર | ભુજથી પાલનપુર<br>પાલનપુરથી ભુજ | દરરોજ<br>દરરોજ | SL-II |

*નોંધ : ★ ટ્રેન નંબર ૨૨૯૦૩/૨૨૯૦૪ વાંદરા - ભુજ એસી એક્સપ્રેસ અને ટ્રેન નં. ૨૨૮૨૯ / ૨૨૮૩૦ ભુજ - શાલીમાર એક્સ. આ બંને ટ્રેન હજી શરૂ થઈ નથી.*

★ **મુંબઈથી કચ્છ વચ્ચેનું અંતર :**

| | | |
|---|---|---|
| ભુજથી મુંબઈ સેન્ટ્રલ | : | ૮૫૧ કિ.મી. |
| ભુજથી દાદર | : | ૮૪૫ કિ.મી. |
| ભુજથી વાંદરા | : | ૮૪૦ કિ.મી. |
| ભુજથી બોરીવલી | : | ૮૨૧ કિ.મી. |

★ **ઓળખના રેલવે માન્ય પુરાવા :**

(૧) મતદાર ઓળખપત્ર, (૨) પાસપોર્ટ, (૩) પાનકાર્ડ, (૪) ડ્રાઈવિંગ લાઈસન્સ, (૫) કેન્દ્ર / રાજ્ય સરકારે આપેલ ફોટોવાળું ઓળખપત્ર, (૬) માન્ય શાળા / કોલેજે તેના વિદ્યાર્થી માટે આપેલ ફોટોવાળું ઓળખપત્ર, (૭) ફોટોવાળી રાષ્ટ્રીયકૃત બેંક પાસબુક, (૮) બેંકે લેમિનેટેડ ફોટો સાથે આપેલ ક્રેડિટ કાર્ડ, (૯) 'આધાર' વિશિષ્ટ ઓળખ કાર્ડ.

★ **વેઇટીંગ લિસ્ટ ટિકિટ ધરાવનાર વ્યક્તિ રિઝર્વ (અનામત) ડબ્બામાં ચડી શકે?**

સામાન્ય રીતે આપણે માનીએ છીએ અને વ્યવહારમાં પણ ચાલે છે કે સરકારી કર્મચારી વેઇટિંગ લિસ્ટ ટિકિટવાળાઓને રિઝર્વ (અનામત) ડબ્બામાં પ્રવાસ કરવા દે છે પણ કાયદેસર રીતે વેઇટિંગ લિસ્ટવાળાને એવો હક્ક નથી તેનું ધ્યાન રાખવું.

★ **ઈ-ટિકિટમાં ફેરફાર :**

કોમ્પ્યુટર દ્વારા કાઢવામાં આવેલી ઈ-ટિકિટના નામ અને ચડવાના સ્ટેશનમાં ફેરફાર કરવો હોય તો ૨૪ કલાક પહેલા ઈલેક્ટ્રોનિક રિઝર્વેશન સ્લીપ તથા ફોટોવાળા ઓળખના પુરાવા સાથે નજીકની રિઝર્વેશન ઓફિસમાં સુપરવાઈઝરને મળી, કરાવી શકાય છે.

★ **સિનિયર સિટીઝન (વરિષ્ઠ નાગરિક) :**

સિનિયર સિટીઝન (વરિષ્ઠ નાગરિક) એટલે કે ૬૦ વર્ષ કે તેથી ઉપરની ઉંમરના પુરુષ અને ૫૮ વર્ષ કે તેથી ઉપરની ઉંમરની મહિલાઓ તેમના માટેના ખાસ એટલે કે પુરુષ માટે ૪૦% તથા સ્ત્રી માટે ૫૦% કન્સેશનના હક્કદાર છે. પણ તેના માટે તેમણે રિઝર્વેશન ફોર્મમાં સિનિયર સિટીઝન (વરિષ્ઠ નાગરિક) તરીકેનું કન્સેશન જોઈએ છે કે નહીં તેના ખાનામાં ✓ કર્યા પછી માંગણી કરવી પડે છે તથા પ્રવાસ દરમ્યાન સિનિયર સિટીઝન હોવાનું પ્રુફ સાથે રાખવું પડે છે.

રિઝર્વેશન ૧૨૦ દિવસ અગાઉ થઈ શકે છે.

૬૦ વર્ષ ઉપરના પુરુષ અને ૪૫ વર્ષ ઉપરની સ્ત્રી નીચેની સીટ પર સુવાની જગ્યા માટે અગ્રતાના હક્કદાર ગણાય છે.

★ **વેઇટ લિસ્ટ નંબર :**

આમ તો વેઇટિંગ લિસ્ટ ટિકિટનો નંબર સતત આગળ વધતો રહે છે. પણ ચાર્ટમાં જોવા તથા બીજા વ્યવહાર માટે મૂળ વેઈટિંગ લિસ્ટ નંબર જ કામનો હોય તેનું ખાસ ધ્યાન રાખવું.

RAC એટલે કેન્સલ થયેલ ટિકિટ સામેનું બેસવાનું રિઝર્વેશન તથા સૂવા માટેની બર્થ મળવાની શક્યતા. WL એટલે જનરલ વેઈટિંગ લિસ્ટ જેનો નંબર RAC પછી લાગે. RLWL (રસ્તે આવતા સ્ટેશનો પરના ક્વોટામાંથી કોઈ ન આવે તો આપવાનું રોડ સાઇડ વેઈટિંગ લિસ્ટ) કે PQWL (સ્પેશિયલ ક્વોટામાંથી કોઈ ન આવે તો આપવાનું પુલ ક્વોટા વેઈટિંગ લિસ્ટ) જનરલ વેઈટિંગ લિસ્ટ પછી જ ધ્યાનમાં લેવાય છે.

★ **કન્ફર્મ ટિકિટના નામ બદલવાની શરત :**

માતા-પિતા, ભાઈ-બહેન, દીકરો-દીકરી, પતિ-પત્ની જેવા સંબંધીઓ સ્ટેશન માસ્ટરને ફેરફાર અનિવાર્ય હોવાનું સંતોષકારક કારણ આપીને ૨૪ કલાક પહેલા નામ બદલી કરાવી શકે છે. જૂથમાં પ્રવાસ કરનારાઓ ૪૮ કલાક પહેલા પોતાની યાદીની ૧૦% સંખ્યા જેટલા નામોમાં ફેરબદલ કરાવી શકે છે.

★ **પ્રવાસની તારીખ આગળ પાછળ કરાવવી :**

રેલ પ્રવાસી નિયમોને આધીન રેલવે પાસે જગ્યા હોય તો ટ્રેન ઉપડવાના ૨૪ કલાક પહેલાં તેટલા કે વધુ અંતરની ટિકિટ આગળની કે પાછળની કઢાવી શકે છે. અલબત્ત તે માટે નવેસરથી રિઝર્વેશન ફી આપવી પડે છે. ટ્રેન ઉપડવાને ૨૪થી ઓછા પણ ૪થી વધુ કલાક બાકી હોય ત્યારે પણ ૨૫% કેન્સલેશન ચાર્જ આપીને કરી શકે છે.

★ **તત્કાલ ટિકિટના ચાર્જ :**

માત્ર સીટ માટે તત્કાલ ટિકિટ લેવા ઓછામાં ઓછા રૂા. ૧૦/- અને વધુમાં વધુ રૂા. ૧૫/- છે. સ્લીપર અને એ.સી. ચેરકાર માટે ઓછામાં ઓછા રૂા. ૭૫/- અને વધુમાં વધુ રૂા. ૧૫૦/- છે. તેમજ એ.સી. ટુ ટાયર કે થ્રી ટાયર તથા એક્ઝિક્યુટીવ ક્લાસમાં ઓછામાં ઓછા રૂા. ૨૦૦/- અને વધુમાં વધુ રૂા. ૩૦૦/- છે. ■


**જીવદયા પ્રેમીઓને નમ્ર અપીલ**

**જીવદયા બધા જ ધર્મની કુળદેવી છે**
**અબોલ - અપંગ - અશક્ત - અનાથ પશુની**
**સૌ જીવદયા પ્રેમી પ.પૂ. ગુરૂભગવંતો તથા**
**શ્રી સંઘ તેમજ ભાઈ બહેનોને**
**દાન આપવા નમ્ર અપીલ છે.**

**શ્રી પાલિતાણા પાંજરાપોળ સંચાલિત**

**શ્રી ગૌરક્ષા સંસ્થા - પાલિતાણા**

તળાવ વિસ્તાર, મોટી પોસ્ટ ઓફિસ સામે,
પાલીતાણા - ૩૬૪ ૨૭૦ (સૌરાષ્ટ્ર)
ફોન : (૦૨૮૪૮) ૨૫૨૩૪૯ (ગૌશાળા), ૨૫૩૩૦૬ (તળેટી)
મો. ૯૪૨૭૪ ૪૮૨૮૦

**આ સંસ્થાને દાનની રકમ આપનારને ઈન્કમટેક્ષ બાદ મળે છે.**
**ઈન્ક. એકઝા. DIT (E) 80G (5) / 1075 / 06-07**
**Still Continue ટ્રસ્ટ રજી. નં. ઈ-૭૧ (ભાવનગર)**
**PAN : AAATG 1436 A**

# ડિપ્રેશન દૂર થઈ શકે છે!

• દિનેશ પાંચાલ •

અમારી મિત્રમંડળીમાં એક સાંજે ડિપ્રેશનનો વિષય ચર્ચાયો. ડિપ્રેશન એટલે શું? અરવિંદભાઈ બોલ્યા : 'દિલો દિમાગના પાવર હાઉસમાં આનંદ, ઉત્સાહ કે ઉમંગની ઊર્જાનો થ્રીફેઈસ કરન્ટ દોડવાના બદલે હતાશા, નિરાશા કે ઉદાસીનો હાઈવોલ્ટેજ કરન્ટ દોડવા માંડે ત્યારે ડિપ્રેશન થયું કહેવાય!' અમારા બચુભાઈના એક સંબંધી ડિપ્રેશનથી પીડાતાં હતાં. તેમની તકલીફનો ઊંડો અભ્યાસ કરી બચુભાઈએ ડિપ્રેશન શબ્દને આ રીતે વ્યાખ્યાયિત કર્યો છે : 'ડિપ્રેશન એટલે દિલના દરિયામાં ઉદ્ભવતી હતાશા નિરાશાની ભરતી અને આનંદ ઉત્સાહની ઓટ! એ ભરતી - ઓટ અમાસ પૂનમની ઓશિયાળી હોતી નથી. ડિપ્રશન ધરતીકંપની જેમ ગમે ત્યારે થઈ શકે છે!'

આજનું જનજીવન અત્યંત સંઘર્ષમય બન્યું છે. સવારથી સાંજ સુધીમાં માણસે અનેક સામાજિક, આર્થિક, કૌટુંબિક કે ધંધાકીય સમસ્યાઓનો સામનો કરવો પડે છે. મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેકારી, ગરીબી અને રોજના કૌટુંબિક કલહો જેવી કેટલીક સમસ્યાઓ જન્મજાત ખોડની જેમ માણસની સાથે અહર્નિશ જોડાયેલી રહે છે. ખાળકૂવાની બાજુમાં જેમનું ઘર આવેલું હોય એ ઘરના માણસો લાંબે ગાળે દુર્ગંધથી ટેવાઈ જાય છે. પણ ડિપ્રેશનથી ટેવાઈ જવાનું માણસ માટે લગભગ અશક્ય જેટલું મુશ્કેલ હોય છે. જૂની શરદીની જેમ ઉદાસી દિલમાં પચી જાય ત્યારે ડિપ્રેશનને મોકળું મેદાન મળી જાય છે. ડિપ્રેશન આજના તણાવભર્યા જનજીવનનો હાથવગો માનસિક રોગ છે. એમાં મન મુરઝાઈ જાય છે. જીવનમાંથી રસ ઊડી જાય છે. કશે ચિત્ત ચોંટતું નથી. જીજીવિષા ખતમ થઈ જાય છે. હૈયું ભારે થઈ જાય છે. માણસ નાની નાની વાતોમાં રડી પડે છે. આવું કેમ થાય છે તેનું કોઈ વિશેષ કારણ હોય તો તે મનોચિકિત્સકો ભારે જહેમત પછી શોધી કાઢે છે. પરંતુ અનુભવીઓ કહે છે કે કશાય કારણ વિના પણ ક્યારેક આવું થાય છે.

ઇતિહાસ કહે છે ડિપ્રેશન સાધારણ માનવીને જ થાય એવું નથી. ઘણા સુપ્રસિદ્ધ લોકો વધતે ઓછે અંશે ડિપ્રેશનનો શિકાર બન્યા હોવાની ઘટનાઓ બની છે. મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નહેરુ, ચર્ચિલ વગેરે ડિપ્રેશનનો ભોગ બન્યા હતા. અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન તેમજ સુપ્રસિદ્ધ લેખક અર્નેસ્ટ હેમિંગ્વેને ડિપ્રેશન હતું. હેમિંગ્વેએ ડિપ્રેશનને કારણે આત્મહત્યા કરી હતી. સર આઈઝેક ન્યૂટન પણ ડિપ્રેશનનો ભોગ બન્યા હતા. જો કે ઇતિહાસમાં એવા મજબૂત મનોબળવાળા માણસોના પણ દાખલા છે, જેઓ શારીરિક દુઃખોને ગાંઠ્યા નહોતા. અમેરિકાના એક વખતના પ્રમુખ રૂઝવેલ્ટ લકવાથી પરેશાન હતા. પરંતુ અંત સુધી તેમણે જાહેર જીવન છોડ્યું નહોતું. સંતશ્રી મોટાને અનેક પ્રકારના વ્યાધિ હતા. પણ તેમણે દૈહિક દુઃખોને જરાય ગણકાર્યા નહોતા. લેખકો વિશેષ સંવેદનશીલ હોય છે, પણ અંગ્રેજ નવલકથાકાર ડી.એચ. લૉરેન્સે એમની લાગણીશીલતાનો સાહિત્યમાં જ વિનિયોગ કર્યો હતો - ઢીલા થઈને ભાંગી પડવામાં નહીં! તેમણે પોતાને થયેલા ક્ષય રોગને શરદીતુલ્ય ગણી હસી કાઢ્યો હતો. હિટલર પર હૃદયરોગનો હુમલો થયો ત્યારે તેમણે એક મિત્રને હળવાશમાં કહ્યું હતું : 'તું ડૉક્ટરને પૂછ, આ કયો રોગ હિટલર જેવા જાંબાઝ જોધ્ધાને પડકારી રહ્યો છે...? અરે... કોઈ એ નાદાનને સમજાવો... યુદ્ધ હોય કે જીવન, હિટલરને હરાવવો આસાન નથી...!' આવી નમૂનેદાર ખુમારી બધા રાખી શકતા નથી. જેઓ રાખે છે તેઓ જીવનનો જંગ જીતી જાય છે.

ખેર, ડિપ્રેશનથી બચવા શું કરી શકાય? મનોચિકિત્સકો દ્વારા સૂચવાતી દવાઓ જ ડિપ્રેશનનો ઉત્તમ ઉપાય હોઈ શકે. પરંતુ કેટલાંક દર્દીઓએ સ્વાનુભવમાંથી શોધી કાઢેલા અનુભવસિદ્ધ ઉપાયો પણ છે. એ ઉપાયો કેવળ ડિપ્રેશનના દર્દીઓને જ નહીં, ડિપ્રેશનની લગોલગ પહોંચી ગયેલા માણસોને પણ ઉપયોગી નીવડે એવા છે. દસેક વર્ષ સુધી ડિપ્રેશનથી પીડાયા બાદ હવે જેઓ તેમાંથી મુક્ત થઈ શક્યા છે એવા એક વડીલનો અનુભવ નોંધપાત્ર છે. વડીલ કહે છે : 'ડિપ્રેશનમાં મન નબળું થઈ જતું હોય છે. એથી ઉત્તમ ઉપાય એ કે તમે તમારી ઉદાસીને પકડી ઘરમાં એકલાં બેસી રહેવાને બદલે લોકોના સમૂહ વચ્ચે વધુ રહેવાય એવું આયોજન કરો. મનગમતી પ્રવૃત્તિમાં જાતને રોકેલી રાખો. એકલા પડો ત્યારે પણ માનસિક રીતે તમને ગમતી પ્રવૃત્તિના વિચારોમાં ડૂબેલા રહો. મનની હિંમત વધે એવા જીવનલક્ષી પુસ્તકો વાંચો. સંગીત જરૂર સાંભળો પણ ઉદાસી પ્રેરક કે દુઃખદ ગીત ગઝલો કદી ન સાંભળવા. ઘરમાં સી.ડી. પ્લેયર હોય તો એમાં કોમેડી ફિલ્મો જુઓ. હાસ્ય કલાકારોની કેસેટો સાંભળો. તમારા શહેરમાં 'લાફિંગ

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

ક્લબ' હોય તો એના મેમ્બર જરૂર બનો. એ સિવાય રોજ લાઈબ્રેરીમાં જઈને તમારા રસ-રૂચિ પ્રમાણેના વાંચનની ટેવ રાખો. પ્રભુ ભક્તિથી શાંતિ મળતી હોય તો તેમાં મનને પરોવો. યોગા કરો. નવા નવા મિત્રો બનાવો. તેમની જોડે મળી માનવસેવાની પ્રવૃત્તિમાં રસ લો. રોજ નિયમિત ચાલવા જાઓ. મિત્રો જોડે બેસીને પત્તા જેવી રમત રમો. દિલને આનંદમાં રાખવા તમારા લેવલે શક્ય હોય તે બધું જ કરી છૂટો. તમારી ઉદાસી, ચિંતા, દુ:ખ વગેરેને તમારી જાત સાથે ટકરાતા અટકાવો. ડિપ્રેશનના દરિયામાં ડૂબી મરવા કરતાં પ્રવૃત્તિના સ્વિમિંગ પુલમાં જાતને તરતી રાખશો તો આસાનીથી ડિપ્રેશનનો દરિયો તરી જશો! એ માટે સમાજમાં અથવા તમારી જ્ઞાતિમાં સામે ચાલીને કોઈ મોટી, પડકારરૂપ જવાબદારી સ્વીકારી લો, જે તમને માનસિક રીતે અન્યત્ર રોકી રાખવામાં ઉપયોગી નીવડશે. તમે લોકોના સમૂહ વચ્ચે કામ કરશો તો તમારી જાત અને દુ:ખ વચ્ચે જાણે અજાણ્યે લોકોની હાજરી રહેશે. એ હાજરી તમારી હતાશા માટે અંતરાયરૂપ બની રહેશે!'

વડીલની વાતો બૌદ્ધિક રીતે પણ દિમાગમાં ઉતરે એવી છે. રસોડાની બારીનો પડદો પાડી દેવાથી સૂર્યપ્રકાશ ડાઇનિંગ ટેબલ સુધી પહોંચતો અટકે છે. (અથવા તેની તીવ્રતા ઓછી થઈ જાય છે.) એ રીતે જાહેર જીવનમાં વ્યસ્ત રહેવાથી માનસિક હતાશા પર કાબૂ મેળવી શકાય છે. ઓરડામાં એકલા બેસીને રડતા કોઈ માણસ સમક્ષ મહોલ્લાના પાંચ માણસો હાજર થાય તો શું થાય? તેનું રૂદન અટકી જાય છે. ઠીક તે રીતે માનસિક દુ:ખ અને વ્યક્તિ વચ્ચે અંતરાય ઊભો થાય છે ત્યારે દુ:ખની અસ્ખલિતતા (કન્ટિન્યુઇટી) તૂટે છે. એ જ કારણ છે કે ઘરમાં કોક સ્વજનનું મૃત્યુ થયું હોય ત્યારે તે વ્યક્તિની સાથે તેના નિકટના સ્વજનો થોડા દિવસો સાથે રહે છે. તેમની હાજરી ન હોય તો વ્યક્તિની આંતરિક વેદનાઓ સાથે તેનું તુરત અનુસંધાન થઈ જાય છે.

એક વૃદ્ધની પત્ની મૃત્યુ પામી. વૃદ્ધ ખૂબ એકાકી બની ગયા. દીકરા વહુઓ રોજી રોટીના સંઘર્ષમાં એવા ડૂબ્યાં હતાં કે ઘરમાં એમની કોઈ કાળજી લેતું નહોતું. ક્યારેક કોઈ જોડે વાતો કરવાની ઈચ્છા થતી પણ કોઈ પાસે સમય નહોતો. વખત જતાં એ વૃદ્ધ ડિપ્રેશનનો શિકાર બની ગયા. એક દિવસ એક મિત્રની ખબર કાઢવા એ હોસ્પિટલમાં ગયા. ત્યાં એમણે જોયું તો દર્દીઓની બહુ લાંબી લાઈનો લાગી હતી. અકસ્માતમાં કોઈનો હાથ કપાઈ ગયો હતો, કોઈના આંતરડામાં ચાંદું પડ્યું હતું, કોકનો પગ કોહવાઈ જતાં કાપી નાખવો પડ્યો હતો. કોકના હૃદયમાં કાણું પડ્યું હતું. કોઈને વા થયો હતો. કોઈને દમ હતો. કોઈને હાઈ બ્લડપ્રેશર, તો કોઈના હૃદયનો વાલ્વ પહોળો થઈ ગયો હતો. લોકોના દુ:ખ જોઈ વૃદ્ધ વિચારમાં પડી ગયા. એમાંનું એક પણ દુ:ખ એમને નહોતું. પોતાની માત્ર પત્ની મરી હતી. લોકોના અંગ મરી ગયા હતાં! ફિલ્મ 'અવતાર'ના ગીતની એક પંક્તિ તેમના યાદ આવી ગઈ 'દુનિયામેં કિતના ગમ હૈ...! મેરા ગમ કિતના કમ હૈ....!' એમને લાગ્યું કે પોતાની જાતને દુ:ખી સમજવામાં પોતાની બહુ મોટી ભૂલ થતી હતી. અને એ વૃદ્ધે એજ ઘડીએ એક નિર્ણય કર્યો. ઘરે બેસીને પીડાયા કરવા કરતાં એ રોજ આ હોસ્પિટલમાં આવશે અને દરેક જરૂરતમંદ રોગીઓની, પોતાનાથી થઈ શકે એટલી સેવા કરશે! અને એ વૃદ્ધને ઘડપણમાં જાણે નવો અવતાર મળ્યો. રોગીઓની સેવામાં એમને એવો રસ પડ્યો કે એમની એકલતા અને નીરસતા દૂર થઈ ગઈ!

માણસ પોતાના સ્વજનોને સુખી કરવા જિંદગીભર ઝઝૂમતો રહે છે. ક્યારેક તે બીજાનું ભલું કરવા કોશિશ કરે છે ત્યારે તેના આનંદની માત્રા બેવડાઈ જાય છે. શ્રી મોટાએ કહ્યું છે : 'ક્યારેક તમારા ભાણામાંથી એકાદ રોટલી ભિખારીના ભૂખ્યા બાળકને આપી જોજો... એક દુખિયાના અશ્રુ લૂછી જોજો... તમારા દુ:ખને ભૂલી કોકને મદદરૂપ થવા ઘસાઈ છૂટજો... તમે દુ:ખમાં ડૂબેલા હશો તો પણ થોડીવાર માટે તમારું દુ:ખ ભૂલી જશો...!' વાત ખોટી નથી. દિલમાં આનંદ, ઉત્સાહની ઊર્જા વધે તેવી પ્રવૃત્તિ કરવામાં આવે તો માણસના સમગ્ર ચિત્તતંત્રનું ફોકસિંગ અન્યત્ર વળે છે. ફ્રેંચ ફિલોસોફર સ્ટફિને તો ડિપ્રેશનના ઉપાય માટે વિજાતીય મૈત્રીની સલાહ પણ આપી છે.

આમેય સુખી થવાનો ઉત્તમ ઉપાય એ જ છે કે બીજાના દુ:ખનો વિચાર કરો. બીજાને પડતી તકલીફોનો વિચાર કરો. એવું કહેવાય છે કે દુનિયાનો પ્રત્યેક માનવી સામી વ્યક્તિની મુશ્કેલીનો વિચાર કરે તો અડધું જગત સુખી થઈ જાય! અમેરિકન મનોવૈજ્ઞાનિક સૅન્ટ લોઈડે કહ્યું છે : ડોન્ટ ઍલાવ યોર ડિપ્રેશન ટુ સ્પોઈલ યોર લાઈફ... બેટર યુ કીપ યોરસેલ્ફ બિઝી વિથ અધર્સ સ્માઈલ...!

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫.*
*ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮,*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## રોગ નાબૂદી તથા વ્યસન મુક્તિ

**(અનુસંધાન : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)**

તેમના શરણે જતા હોય છે. તેઓ રોગીઓને તરત કહે છે કે, 'હું ભગવાનને પ્રાર્થના કરીશ. ભગવાન સારું કરશે.' અસંખ્યાત રોગીઓ પૂજ્ય સ્વામીજીએ ભગવાનને કરેલી પ્રાર્થનાથી સાજા થયા છે. રોગ હોય તો ભગવાનને ભાવથી ક્યાંથી ભજી શકે? એ હેતુથી સ્વામીજી રોગમુક્તિ માટે કોઈ રોગી માટે પ્રાર્થે છે.

મારા જીવનનો એક અવિસ્મરણીય પ્રસંગ એટલા માટે અત્રે નોંધું છું કે આજે પણ ભારતીય વૈદિક પરંપરાના કેટલાક વારસદાર મોજૂદ છે અને લોકહિતાર્થે, લોક કલ્યાણના કાર્યો આજ પર્યંત અવિરત કરી રહ્યા છે.

*'સહજાનંદ', ૬/એ, લીમડા લાઈન,*
*સંસ્કાર નગર, ભુજ-૩૭૦ ૦૦૧.*

**Shree Simandhar Shipping Services**
CLEARING FORWARDING & SHIPPING AGENT
407, 4th Floor, Anna Bhuvan, Devji Ratanshi Marg, Mumbai-400 009.
Phone : (Off.) 91-22-2372 6347 • 2231 2422 • Telefax : 2378 2045
C.H.A. No. 11/1024

# રોગ નાબૂદી તથા વ્યસન મુક્તિની સચોટ આધ્યાત્મિક અનુભૂતિઓ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

આજે સમગ્ર જગતમાં અનેકવિધ રોગો અને બીજી તરફ અનેક શત્રુઓની આક્રમકતા વધતી ચાલી છે. આપણા પરિવારમાં કોઈ એક વ્યક્તિ બીમાર પડે તો તેની બીમારી સત્વરે દૂર કરવા પરિવારજનો અસંખ્ય ઉપચારો કરવા તત્પર બને છે. હવામાન પલટાતાં કેટલાક વાઈરસ ઉત્પન્ન થતાં અનેક વ્યક્તિ તેનો ભોગ બને ત્યારે તેને ડૉક્ટરો અને દવાખાનાનો આશ્રય લેવો પડે છે. અચાનક અકસ્માતના સમયે પણ આવો આશ્રય લેવો પડે અને ખાણીપીણી, રહેણીકરણીની કેટલીક કુટેવો રોગને નોતરે છે. ત્યારે નાછૂટકે રોગમાંથી મુક્ત થવા ડૉક્ટરનો આશ્રય અચૂક લેવો પડે.

આપણા ભારત દેશની આ પવિત્ર ભૂમિ સિધ્ધ યોગીઓ, પ્રખર પંડિતો, ત્રિકાળજ્ઞાની ઋષિમુનિઓ, વેદાચાર્યો વડે સંસ્કાર સભર છે. કોઈપણ ગંભીર રોગને સત્વરે નસાડી, રોગીને ક્ષણભરમાં સ્વસ્થ અને તંદુરસ્ત કરવા યોગ શક્તિ, સંકલ્પ શક્તિ, મંત્ર - તંત્ર શક્તિ જેવી અગમ્ય શક્તિઓ ધરાવતા ઋષિમુનિઓ, સંતો અને યોગીઓ તેમની પાસે રહેલી આવી કોઈપણ શક્તિ કે ગૂઢ વિદ્યાનો સત્વરે ઉપયોગ કરી વિવિધ રોગોથી પરેશાન દર્દીને દર્દથી મુક્ત કરાવતા. જે કાર્ય ડૉક્ટર, વૈદ્ય કે હકીમ ત્વરિત પૂર્ણ ન કરી શકે તે અશક્ય કહી શકાય તેવું કાર્ય આ મહાપુરુષો ઘડીના છઠ્ઠા ભાગમાં પાર પાડતા. આપણો આ વૈદિક વારસો આજે પણ યથાવત છે. એના દૃષ્ટાંત સભર મારી આશ્ચર્યસભર આધ્યાત્મિક અનુભૂતિઓની વાત મારે આ લેખમાં કરવાની છે.

હવે તો અત્યંત આધુનિક મનાતા અમેરિકા, રશિયા, યુરોપ આદિ દેશોના વિદ્વાનો, તત્ત્વવેત્તાઓ, તબીબો, સર્જકો અને વૈજ્ઞાનિકોને આપણી આગવી અધ્યાત્મ વિદ્યાનું ઘેલું લાગ્યું છે. હાર્વર્ડ યુનિવર્સિટીના ફિલોસોફીના પ્રોફેસર વિલિયમ જેમ્સ લખે છે કે, 'લોકો ધર્મ અને વિજ્ઞાન વચ્ચે સંઘર્ષની વાતો કરતા. આજે આધ્યાત્મિકતા અર્થાત્ ધ્યાન, ભજન, ભક્તિ, માળા, નામ જપ અને યૌગિક પ્રક્રિયાઓ, માનવીના દર્દો, રોગો, બેચેનીઓને સત્વરે દૂર કરી શકે છે. મનોવૈજ્ઞાનિકો માને છે કે દૃઢ ધાર્મિક શ્રદ્ધા અને પ્રાર્થના વડે ચિંતા, રોગ, તનાવ, બોજ, ભય જેવી અનેક બીમારીઓ દૂર કરી શકાય છે. મનોચિકિત્સક ડૉ. બ્રેલ વર્ણવે છે કે, 'જે વ્યક્તિ સાચા રૂપમાં ધર્મમાં નિષ્ઠા રાખે છે, તેને ક્યારેય માનસિક રોગ લાગુ પડતો નથી.' હેન્રી ફોર્ડે એક સમયે પત્રકારને જણાવ્યું હતું કે, 'ઈશ્વર જ મારા વ્યવસાયની વ્યવસ્થા કરી રહ્યો છે એવો મને દૃઢ વિશ્વાસ છે. મારા તમામ કાર્યો, ઉત્પાદનો સારી રીતે સંપન્ન થઈ રહ્યા છે, એ તેમની કૃપા છે. તેથી મને કોઈ ચિંતા થતી નથી.'

'મોડર્ન મેન ઈન સર્ચ ઑફ અ સૉલ' નામના પુસ્તકમાં ડૉ. કાર્લ શ્રુંગે લખ્યું છે કે, 'છેલ્લા ત્રીસ વર્ષમાં વિશ્વના અનેક દેશોના નાગરિકોએ મારી પાસે ઉપચાર કરાવ્યા છે. મેં દર્દીઓ, રોગીઓની સારવાર દરમ્યાન એક ગૂઢ અભ્યાસ કર્યો છે. તેનું તારણ એ છે કે જેમણે જીવન પ્રત્યે આધ્યાત્મિક દૃષ્ટિકોણ અપનાવ્યો છે, જેમને પોતાના કોઈ કુળદેવ કે દેવીમાં શ્રદ્ધા હતી કે ઈશ્વરમાં શ્રદ્ધા હતી અને જેઓ મનોમન પ્રાર્થના, જપ કરતા, તેઓ અન્યો કરતાં ખૂબજ ઝડપથી સાજા થવા પામ્યા છે.' મહાત્મા બુધ્ધ બાદ ભારતમાં માત્ર મહાત્મા ગાંધીજી જ એક એવા મહાન નેતા હતા કે જેઓ સદાય પ્રાર્થનાની જીવનદાયીની શક્તિથી પ્રેરણા મેળવતા. ભગવાનની અજોડ અમૂલ્ય શક્તિમાં તેમને ખૂબ જ વિશ્વાસ હતો. તેઓ લખે છે કે, 'પ્રાર્થનાના અભાવે વર્ષો પહેલાં હું કદાચ પાગલ બની ગયો હોત.'

આજે દેશ વિદેશમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરો અસંખ્યાત છે. આ સંપ્રદાયના સંત શિષ્યો ભગવા વસ્ત્રો ધારણ કરે છે. ચોવીસ કલાકમાં માત્ર એક વખત લાકડાના પતરમાં ભોજન બધું ચોળી, પાણી નાખી નિસ્વાદ ભોજન લે છે. તુંબડીમાં જળ પીવે છે તેઓ સ્ત્રી, દ્રવ્ય, રસાસ્વાદના ત્યાગી હોય છે. અષ્ટપ્રકારે તેમને બ્રહ્મચર્ય પાળવાનું હોતાં તેઓ ઉર્ધ્વરેતા રહે છે. સત્સંગ, ધ્યાન, ભજન, ભક્તિ અને માનવસેવામાં સમયનું નિર્ગમન કરે છે.

આવા એક મહાન તપસ્વી સંતવર્ય પૂજ્ય ધ્યાની સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી નિરાવરણ દૃષ્ટિએ, નિરાવરણ દેહે યુક્ત એક ત્રિકાળજ્ઞાની સંતવર્ય છે. જેમણે માનવ સેવાને માધવ સેવા માની છે. અનેક નૈસર્ગિક આપત્તિઓ જેવી કે મોરબીમાં પૂર હોનારત, કંડલા - કચ્છ મધ્યે વિનાશક વાવાઝોડું, કચ્છમાં ભીષણ ભૂકંપ સમયે તેઓએ જ્ઞાતિજાતિના ભેદભાવ વિના સૌને સહાયતા પહોંચાડી માનવતાનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. આજે ૯૦ વર્ષની જૈફ વયે યુવાનને શરમાવે તેટલું કાર્ય કરી રહ્યા છે. દેશ વિદેશમાં તેમના બુધ્ધિજીવી લાખો શિષ્યો છે. સ્વપ્રશંસા કે પ્રચાર પ્રસારથી તેઓ યોજનો દૂર રહે છે. છેલ્લા ૪૪ વર્ષથી હું આ મહાન સદ્‌ગુરુના સમાગમમાં છું અને તેમના ઐશ્વર્યથી જ્ઞાત અને અનુભવી છું. વ્યસનો અને રોગોને ટાળવાની તેમની આધ્યાત્મિક શક્તિઓ અલૌકિક છે. ભગવાનના સાધર્મ્યપણાને પામેલા સંતવર્યે ભગવાનનું ધ્યાન સિધ્ધ કરેલું છે.

બીડી, ગુટખા, તમાકુ, દારૂ જેવા અનેક વ્યસનો ધરાવતા વ્યસનિકોને વ્યસનોથી થતા નુકસાનનો, કેન્સર જેવી બીમારીઓનો સચોટ ખ્યાલ આપી, અલ્પ સમયમાં વ્યસનો છોડાવી શકે છે. અનેક રોગીઓ રોગ દૂર કરાવવા

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૫ ઉપર)

*જિંદગીમાં નિષ્ફળતા આવી જ ન હોય તો... કદાચ તમે પૂરતા જોખમો લીધા નથી.*

# ઈનફર્ટિલિટિ - વંધ્યત્વ

• ડૉ. મિલી શાહ (કન્સલ્ટન્ટ ગાયનોકોલેજિસ્ટ એન્ડ ઈન્ફર્ટિલિટિ સ્પેશિયાલિસ્ટ) •

લગ્ન પછી એક વર્ષની અંદર અગર કોઈ યોગ્ય સાધન વાપરવામાં ન આવે છતાં પણ ગર્ભધારણ ન થઈ શકે તેવા સંજોગોમાં તેને વંધ્યત્વ કહે છે.

સ્ત્રી અને પુરુષ બંનેએ વંધ્યત્વના કારણો માટેની તપાસ કરાવવી જરૂરી છે.

- **પુરુષમાં ખામીની તપાસ :**

વંધ્યત્વ વિષયે સ્ત્રી કરતાં પુરુષની તપાસ પ્રમાણમાં સરળ છે.

ઑપરેશનની જરૂર પડતી નથી.

પુરુષની તપાસ માટેના વીર્યને બે-ત્રણ દિવસના સંયમ પછી એક ચોખ્ખી બોટલમાં લેવામાં આવે છે. અડધા કલાક પછી તેનું પૃથ્થકરણ કરી તેના શુક્રકોષોનું પ્રમાણ જાણવામાં આવે છે.

- **સ્ત્રીમાં ખામી અને તેની તપાસ :**

આ સંબંધી સ્ત્રીવર્ગમાં ચાર પ્રકારની ખામી હોય છે :

★ નળીની ખામી

★ અંડાશયની ખામી

★ ગર્ભાશયના મુખની ખામી

★ અન એક્સ્પ્લેઈન ઈનફર્ટિલિટિ - જ્યાં કોઈ કારણ ના હોય.

***સ્ત્રીમાં ખામીની તપાસ જુદી જુદી રીતે કરી શકાય.***

★ નળીની તપાસ

★ એચ.એસ.જી. (H.S.G.)

★ હિસ્ટેરોસ્કોપી તપાસ

★ ગર્ભાશયની અંદરનો મસો (Poly P)

★ ગર્ભાશય ખોલવાની નવી પધ્ધતિ (Tubal cannulation)

★ ગર્ભાશયની અંદરનો પડદો (Septum)

★ લેપ્રોસ્કોપી સર્જરી

★ અંડાશયનું ફિલિંગ

★ ગર્ભાશયની ગાંઠ (Fibroid)

★ અંડાશયની ગાંઠ (Chocolate Cyst)

- **IUI (Intra Uterine Insemination)**

આ વંધ્યત્વ સારવારની એક આધુનિક પદ્ધતિ છે.

આ પદ્ધતિ પ્રમાણમાં સરળ અને સસ્તી છે. તેના દ્વારા સારા પરિણામ મેળવી શકાય છે.

આ પ્રક્રિયામાં સ્ત્રીનું અંડબીજ છૂટું પડ્યા પછી પુરુષના વીર્યના સારા શુક્રકોષોને વીર્યના બીજા ભાગોથી છૂટા પાડવામાં આવે છે અને ખાસ પ્રકારની કેન્યુલા દ્વારા ગર્ભાશયની કેવીટીમાં (પોલાણમાં) મૂકવામાં આવે છે.

જો IUI કર્યા પછી સફળતા ન મળે તો જ ટેસ્ટ ટ્યુબમાં જવું જોઈએ.

- **ટેસ્ટ ટ્યુબ બેબી શું છે?**

ટેસ્ટ ટ્યુબ બેબી અથવા IVF (In Vitro Infertilization) એ ગર્ભ રાખવાની એક આધુનિક પદ્ધતિ છે. જેમાં ગર્ભ શરીરની બહાર બનાવવામાં આવે છે અને પછી તેને ૪૮ - ૫૬ કલાક પછી ગર્ભાશયની કેવીટીમાં પાછો મૂકવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટરમાં વંધ્યત્વ - ઈનફર્ટિલિટિની પ્રાથમિક સારવાર કરવામાં આવે છે અને તેમાં સફળતા પણ મળેલ છે.

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ મેડિકલ સેન્ટર*
*સોમથી શનિ : ૪.૩૦ થી ૬.૦૦*

---

**કચ્છનાં કવિ કુલગુરુ, કચ્છી સાહિત્યનાં ભીષ્મપિતામહ : મહાકવિને**

**– મારા પરમ ગુરુદેવ –**

## પૂ. દુલેરાયભાઈ એલ. કારાણીજીને વંદના

(દુહા)

કવિ કારાણી તારી કચ્છમાં, નથી જડતી કોઈ જોડ;
તારા સાહિત્યની પાંખડીઓ, ખીલી કળાએ સોળ. (૧)
મણા નથી કચ્છ-કલાધરમાં, ગુંજે કાવ્યના કૂંજ;
સંતોને કવિઓના બે ભાગો, તેજ તણા છે પૂંજ. (૨)
ચાર દિશા સમચાર બાવની, ગાંધી-સોનલને કલ્યાણ;
દયાનંદ બાવનીમાં પૂર્યા, ધર્મ તેજનાં પ્રાણ. (૩)
ખેંગાર ને અબડાના નાટક, કચ્છ મહીં પંકાય;
ઝારાને જગડુના નાટકો, ને કહેવત કેમ ભૂલાય. (૪)
કિસ્સા બાવની ને પાપા પગલી, અન્ય મોંઘેરા ગ્રંથ;
આલમને અરપ્યા સઘળાં, પ્રેમ શૌર્યના પંથ. (૫)
ગામેગામનાં પાદર ખૂંદી, મેળવ્યો કચ્છ ઈતિહાસ;
તારી યશકલગીસમ ચમકે, કચ્છ કલાધર ખાસ. (૬)
ધન્ય કરી તે કચ્છ ધરણીને, ધન્ય કરી કચ્છ વાણ;
જોશીલી કચ્છી ભાષાને, આપ્યું જગમાં સ્થાન. (૭)
જ્યાં લગી ધરતીમાં ચમકે, સૂરજ તારા ચંદ;
ચમકશે તારી કૃતિઓ સઘળી, દેશ દેશને વૃંદ. (૮)
કરીએ શાં સન્માનો તમારાં, શબ્દો નથી સમર્થ;
તોયે જનતાનાં ભાવો ઝીલજો, અંતરના એ અરઘ્ય. (૯)
રસ ઝરણાં રસધારો પીરસી, કીધાં તે ઉપકાર;
અક્ષર દેહે અમર 'કારાણી', 'રશ્મિન્' કરે જયકાર. (૧૦)

*રશ્મિનનો રણકાર ભાગ-૧ માંથી સાભાર*

**છપાવનાર : એક શુભેચ્છક - મુંબઈ**

# આપણું આરોગ્ય

• શાંતિલાલ સંઘવી •

*પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયનંદીઘોષ સૂરિજી લખે છે :*

"આજથી ૪૦-૫૦ વર્ષ અગાઉ આપણા ભોજનમાં ઘઉં, બાજરી કે જુવારના રોટલા - રોટલી, થોડા શાકભાજી, દૂધ-દહીં તથા છાશ જોવા મળતા. આપણા ઋષિમુનિઓ તો ફક્ત દૂધ અને ફળો ઉપર રહીને દીર્ઘ અને તંદુરસ્ત જીવન ગાળતા. હવે જીવનશૈલી બદલાઈ ગઈ છે. તે સાથે માણસ જાતજાતની શારીરિક અને માનસિક વ્યાધિઓથી પીડાઈ રહ્યો છે. રોજબરોજના આહારમાં કશી શિસ્ત રહી નથી. તેથી અસંખ્ય યુવક-યુવતીઓ ઉશ્કેરાટ, થાક, અપચો, માથાનો દુઃખાવો, અનિદ્રા, ડાયાબિટિસ, કેન્સર અને સ્થૂળતા જેવા રોગોનો ભોગ બની રહ્યા છે.

હોટેલ, રેસ્ટોરાં અને આધુનિક મોલ વગેરેમાં મળતી જાત જાતની વાનગીઓ આરોગીને યુવાન પેઢી તેમનું આરોગ્ય નામનું મહાકિંમતી કુદરતી ધન બરબાદ કરી રહી છે. આ યુવાન પેઢીને વૈજ્ઞાનિક સમજ આપીને, ચેતવીને જાગૃત કરવાની જરૂર છે.

આજ હેતુસર અમે પાણીપુરી, પીઝા, બ્રેડ, બિસ્કીટ, બટાટાની વેફર, શ્રીખંડ વગેરે ઉપર વૈજ્ઞાનિક પ્રયોગો કરાવીને તેમાં કયા કયા અને કેટલા હાનિકારક જીવાણુઓ હોય છે તેની નક્કર માહિતી મેળવી છે. તેની વીડિયો ફિલ્મ પણ તૈયાર કરાવી છે. આ વૈજ્ઞાનિક પ્રયોગો અને પરીક્ષણો મહારાષ્ટ્ર સરકાર સંચાલિત કસ્તૂરબા હોસ્પિટલ અને ઘાટકોપરની ખાનગી સંઘવી લેબોરેટરીમાં તટસ્થ રીતે કરાવ્યા છે.

અમે સૌપ્રથમ જુવાનિયાઓ અને મહિલાઓની અતિ પ્રિય એવી પાણીપૂરીના પાણી ઉપર માઈક્રોસ્કોપિક પરીક્ષણ કર્યા. ભેળપૂરી અને પાણીપૂરીની દુકાનોમાંથી પાણીપૂરીનું પાણી લીધું. તેમાંથી માત્ર એક જ ટીપું પાણી સ્લાઈડ પર મૂકી જોયું તો તેમાં ઈયળ જેવા આકારનાં અસંખ્ય સૂક્ષ્મ જીવાણુઓ ખદબદતા હતા.

રવા-મેંદાના એક વેપારીના જણાવ્યા મુજબ પાણીપૂરીવાળા પૂરી માટે રવો લેવા આવે ત્યારે સાવ જૂના અને સડેલા રવાની પસંદગી કરે છે. કારણ પૂછતા જણાવ્યું કે જેમ રવો જૂનો અને સડેલો હોય તેમ પૂરી સારી રીતે ફૂલે. ઘરે પૂરી બનાવનાર ગૃહિણીઓનો અનુભવ છે કે તાજા અને શુધ્ધ રવામાંથી બનાવેલી પૂરી બરાબર ફૂલતી નથી. આવી બજારૂ પાણીપૂરી ખાનારને તેથી થનાર નુકસાનની ગંભીરતાનો ખ્યાલ હોતો નથી.

વળી આજકાલ વિશેષ પ્રમાણમાં ખવાતા પીઝામાં પણ અસંખ્ય જીવાણુઓ હોય છે. પ્રથમ તો પીઝાની બનાવટમાં જ મેંદાનો ઉપયોગ થાય છે. પીઝાનો મેંદો પેટમાં - આંતરડામાં ચોંટી જાય છે અને આંતરડાની કુદરતી પ્રક્રિયામાં અવરોધ સર્જાય છે અને પરિણામે દુઃખાવો કે રોગના સ્વરૂપે પ્રગટ થાય છે. આ પીઝાના એક નાનકડા ટુકડાની માઈક્રોસ્કોપિક તપાસ કરવામાં આવી તો જણાયું કે આ વાનગીમાં પણ તંદુરસ્તીને જોખમી એવા જીવાણુઓ લાખોની સંખ્યામાં છે. માઈક્રોસ્કોપમાં આવા જીવાણુઓને હાલતા અને ખદબદતા જોઈ શકાય છે.

મોટાભાગના લોકો આઈસ્ક્રીમ, કેરીનો રસ, શ્રીખંડ વગેરે જમણમાં પસંદ કરતા હોય છે. આઈસ્ક્રીમમાં તથા કેરીના રસ, ટામેટો સોસ વગેરેને લાંબો વખત જાળવી રાખવા માટે તેમાં અમુક પ્રકારના પ્રિઝર્વેટીવ વગેરેનો ઉપયોગ થાય છે. શ્રીખંડ દહીંમાંથી બને છે અને આરોગ્યના કુદરતી નિયમ મુજબ દહીં રાત્રિના સમયે 'અભક્ષ્ય' ગણાય છે.

પ્રયોગ દ્વારા એ પણ જાણવા મળેલ છે કે સુંઠ, હળદર, દૂધી, કાચા કેળાં તથા પાકા કેળાં જીવાણુ મુક્ત હોય છે."

*('નવનીત સમર્પણ', જૂન-૨૦૧૧)*

★

પૂ. મહારાજશ્રીના ઉપર મુજબના લખાણમાં મારે પણ થોડું ઉમેરણ કરવાનું છે. તા. ૧-૪-૨૦૧૨ના 'સંદેશ'માં તથા 'દિવ્ય ભાસ્કર'ના અંકમાં 'જંક ફૂડ'ની નાની યાદી પ્રકાશિત કરવામાં આવી છે. આ યાદીમાં સૌથી પહેલું નામ 'મેગી'નું છે. આ 'મેગી' બહુ પ્રેમથી લોકો આરોગે છે. એટલું જ નહીં, પણ પોતાના વ્હાલા બાળકોને પણ હોંશે હોંશે ખાવા આપીને તેમના આરોગ્યને ગંભીર નુકસાન પહોંચાડે છે. આ ઉપરાંત પીઝા તેમજ અન્ય જંકફૂડની સાથે 'ટોઈલેટ ક્લિનર' એટલે કે પેપ્સી, કોકાકોલા તથા થમ્સઅપ જેવા અતિ નુકસાનકારક પીણાંનો ઉપયોગ કરવામાં આવે છે. અફસોસની વાત એ છે કે ખૂબ જ ભણેલા લોકો - મા-બાપોને આ બાબતની કશી જ જાણકારી નથી અથવા પરવા નથી. તેઓ પોતાના નાની ઉંમરના બાળકોને પણ આ 'ટોઈલેટ ક્લિનર' ખૂબ પ્રેમથી પીવડાવે છે. આ રીતે ખુદ મા-બાપો જ પોતાના બાળકોના આરોગ્યને ગંભીર હાનિ પહોંચાડે છે.

આ ઉપરાંત ઉપર જણાવેલ અખબારોના એ જ અંકમાં ટ્રાન્સ ફેટવાળી વાનગીઓની યાદી પણ આપી છે. બેકરીની તમામ (એટલે કે તમામ) વાનગીઓ ટ્રાન્સફેટ થકી જ બને છે. લોકો બિસ્કીટ, ખારી, નાન ખટાઈ, સફેદ બ્રેડ, ટોસ્ટ વિ. વિ. પ્રેમથી આરોગે છે. આ તમામ ટ્રાન્સફેટ વાળી વાનગીઓ આરોગ્યને ગંભીર અસર કરે છે અને ખાસ તો શરીરમાં ચરબીનો વધારો કરે છે. અને ફરીને એ જ વાત કે અજ્ઞાન અબૂધ મા-બાપો પોતાના બાળકોને પણ આવી નુકસાનકારક ચીજો

***પવનની દિશા તમે બદલાવી શકતા નથી, તમારી નૌકાને જ બરાબર ગોઠવો.***

પ્રેમથી ખવડાવે છે અને તેના આરોગ્યને બગાડે છે. વિશેષમાં આવા મા-બાપો પોતાની જાતને હોશિયાર સમજે છે.

આપણા દેશમાં હજારો (અથવા ઘણી વધારે) મિઠાઈની દુકાનો છે અને એમાં ટનના હિસાબે દરરોજ જાતજાતની મીઠાઈ બને છે ને વેચાય છે. દરેક દુકાનવાળો એક જ જવાબ આપે છે કે અમારી મીઠાઈ શુધ્ધ ઘીમાંથી જ બને છે. જ્યારે હકીકત એ છે કે ૧૦૦માંથી ૧૦૦ ટકા મીઠાઈ બનાવટી ઘીમાંથી જ બને છે. ચોક્ખું શુધ્ધ ઘી કાઢે ક્યાંથી? શુધ્ધ ઘી ના કારખાના તો હોતા નથી. દુઃખની વાત તો એ છે કે મંદિરોમાં બનતા ભગવાનના પ્રસાદ પણ બનાવટી ઘીમાંથી જ બને છે.

આપણે સૌ આવી બાબતો ઉપર કાળજીપૂર્વક ધ્યાન આપીએ અને આપણી ખાણીપીણીની ટેવોમાં યોગ્ય ફેરફાર કરીએ તે આપણા પોતાના જ હિતમાં છે. ફાઈવ સ્ટાર ગણાતા લોકોની નકલ કરવી એ ભૂલ છે. બજારમાં મળતા કેરીના રસ, શ્રીખંડ, માવો, મઠો વિ. ઘણીવાર મહિનાઓ જૂના વાસી હોય છે અને ગંભીર નુકસાનકારક હોય છે. તમામ પ્રકારના જંકફૂડનું પરિણામ માત્ર એક જ - જાતજાતના રોગો તથા શરીરમાં ચરબીનો વધારો.

તમામ પ્રકારના પેકેટ ફૂડમાં તથા તમામ પ્રકારના બોટલ પેક ફૂડમાં પ્રિઝર્વેટીવ હોય જ. અને એ બધા જ ફૂડ મોટાભાગે મહિનાઓ જૂના વાસી હોય છે. એક્સપાયરી તારીખવાળા ફૂડ પેકેટ કંપની પાછા લઈ લે છે અને એ જ ફૂડ નવા પેકેટમાં નવી તારીખ નાખીને ફરી વેચાણમાં મૂકે છે.

કેટલીક દવા કંપનીઓ પણ આ જ કામ કરે છે. કેટલીક મહિલાઓને પોતાના સાવ નાના ધાવણા બાળકને લઈને હોટલમાં ખાતી જોઉં છું ત્યારે મને ભારે ખેદની લાગણી થાય છે. આયુર્વેદ તો કહે છે કે જ્યાં સુધી બાળક ધાવણું હોય (લગભગ સવા વર્ષ) ત્યાં સુધી માતાએ બહારની (હોટલની) એક પણ વાનગી ખાવી ન જોઈએ. ઉપરાંત કોઈ વાસી ખોરાક એટલે કે સવારે બનાવેલી બપોરે અથવા બપોરે બનાવેલી સાંજે અથવા સાંજે બનાવેલી બીજે દિવસે ન ખાવી જોઈએ. તેમણે હંમેશાં તાજી ગરમ રસોઈ જ ખાવી જોઈએ — ફ્રિજમાં રાખેલી ને બીજીવાર ગરમ કરેલી નહીં.

જંક ફૂડ અને આ પ્રકારના નુકસાનકારક પદાર્થો ખાવાથી તેની ઝેરી અસર માતાના ધાવણમાં પ્રવેશે છે અને ધાવણ દ્વારા તે નવજાત શિશુના શરીરમાં પ્રવેશે છે.

આ આખી વાતમાં બાળકનો કશો જ વાંક હોતો નથી. મોટાભાગની ગુજરાતી, તેમાં પણ ખાસ કરીને જૈન મહિલાઓના લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ઓછું હોય છે. આ એક જનરલ ફરિયાદ છે. આ રોગમાં ડૉક્ટરો લોહતત્ત્વની (ફૉલિક એસિડ)ની ગોળીઓ આપે છે. આવી ગોળીઓ ખૂબ લાંબો વખત સુધી લેવાથી પણ ઝાઝો ફરક પડતો નથી અને જંક ફૂડ ખાનાર વ્યક્તિમાં હિમોગ્લોબીન વધે શી રીતે? સાચો રસ્તો એ છે કે હિમોગ્લોબીનની કમીવાળી મહિલાઓએ દરરોજ (રીપીટ — દરરોજ) ૧૦ (દસ) પેશી ખજૂર ખાવી જોઈએ કારણકે વધુમાં વધુ હિમોગ્લોબીન ખજૂરમાં છે. ખજૂર ગરમ લાગે એ માન્યતા ખોટી છે. ખજૂર વિપાકે ઠંડી છે એની ખાતરી આયુર્વેદનું કોઈપણ પુસ્તક વાંચીને દરેક વ્યક્તિ જાતે કરી શકે છે. અમારો જાત અનુભવ જણાવું. મારી પત્નીને આ જ તકલીફ હતી. અમે બેંગ્લોરની જિંદાલના નેચર ક્યોર સેન્ટરમાં સારવાર લેવા ગયા હતા. ત્યાં મારી પત્નીને રોજની ૧૦૦ ગ્રામ (૩૦ દિવસની ૩ કિ.ગ્રા.) ખજૂર ખાવા આપવામાં આવતી હતી. પરિણામે જે સ્ત્રીને ઊંચકીને બાથરૂમ સુધી લઈ જવી પડતી હતી અને ડૉક્ટરોએ આશા છોડી દીધી હતી તે સ્ત્રી બીજા પાંચ વર્ષ સુખેથી જીવી ગઈ — ખજૂરના પ્રતાપે. ઉપરાંત થોડાક નિયમ પાલનના પ્રતાપે. દા.ત. જમ્યા પહેલાં અડધો કલાક પાણી નહિ પીવાનું. જમતી વખતે પાણી નહિ પીવાનું તથા જમ્યા બાદ એક કલાક પછી પાણી પીવાનું. સાંજ પછી દહીં નહિ ખાવાનું. વિરુદ્ધ આહારવાળી વાનગી નહિ ખાવાની, વિ. વિ.

જો નાનપણથી જ આવી ટેવો પાડવામાં આવે તો ઘડપણમાં સુખી થઈ શકાય અને ડૉક્ટરો પાછળનો ખર્ચ પણ બચી શકે. છોકરાઓએ નિયમિત રોજ ઓછામાં ઓછા ૩-૪ કિ.મી. ચાલવું જોઈએ (શક્ય હોય તો.) છોકરીઓએ સ્વરક્ષણ અર્થે કરાટે શીખી લેવું જોઈએ. દરેક છોકરા-છોકરીએ સાહિત્ય, સંગીત તથા કલામાં રસ લેવો જોઈએ. આળસ અને બહાનાબાજી ખૂબ ખરાબ ચીજ છે.

ગાંધીજી રોજની ૧૫ પેશી ખજૂર નિયમિત ખાતા હતા. માતાના ધાવણમાં પણ ડી.ડી.ટી.ના તત્ત્વો મળી આવ્યાની વાત તો જૂની થઈ છે. ખોરાકમાં નુકસાનકારક કેમિકલ્સ - કહેવાતા જંતુનાશકોની અસરથી સાવેસાવ બચવું લગભગ અશક્ય બની ગયું છે. નાની એવી રીલાયન્સ જેવી કંપની પણ આપણી સરકારને ખરીદી લઈ શકે છે તો મોન્સાન્ટો, કારગીલ, સીબા ગાયગી, ઍનરોન વિ. જેવી જાયન્ટ કંપનીઓ અતિ સરળતાથી આપણી સરકારને ખરીદીને પોતાના મનમાન્યા ફાયદાકારક નિર્ણયો લેવડાવે છે. બચવાનો માત્ર એક જ માર્ગ થોડે અંશે રહ્યો છે કે શક્ય હોય ત્યાં સુધી આપણે બધા જ સજીવ ખેતીની ચીજો વાપરીએ. ક્યાં મળે? કોણ જાય? ટાઈમ નથી. એવા બહાના છેવટે તો આપણને પોતાને જ નુકસાન કરે છે. ગાંધી આશ્રમની બરાબર સામે ચુનીભાઈ વૈદ્યનું ઘર છે. ત્યાં ૨૭૫૫૭૧૯૯ અથવા ૨૫૫૧૧૭૬૦ નંબર પર ફોન કરીને પૂછવાથી શ્રી મહાદેવ વિદ્રોહી અથવા નીતાબેન સજીવ ખેતીની મળે એવી ચીજો વિશે તરત માહિતી આપશે અને અત્યારે શી શી ચીજો હાજરમાં છે તે પણ જણાવશે. ઉપરાંત બીજી ચીજો ક્યારે મળશે તે પણ જણાવશે. આ સિવાય શ્રી વરધીભાઈ ઠક્કર પણ સજીવ ખેતીનું વિતરણ - વેચાણ કરે છે. (એનું સરનામું ખોવાઈ ગયું છે પણ પાલડી પાસે છે.) તે સિવાય 'અસલ' નામની સંસ્થા પણ સજીવ ખેતીની ચીજો વેચે છે. બાળકોના પેટમાં કેમિકલવાળી ચીજો ન જાય એ જોવાની જવાબદારી મા-બાપોની છે.

પિત્તળ કરતાં સોનાની કિંમત હંમેશાં વધારે જ હોય એ કોઈને સમજાવવાની જરૂર નથી. સારા કામ માટે આળસ અને બહાનાબાજી એ સૌથી મોટો રોગ છે.

*જો કરવું જ હોય તો રસ્તા હજાર*
*જો ન કરવું હોય તો બહાના હજાર.*

**આર.એચ.-૨, પુણ્યશ્રી ઍપાર્ટમેન્ટ,**
**કાશીરામ અગ્રવાલ હોલની સામે,**
**અમદાવાદ-૩૮૦ ૦૧૫.**
**ફોન : ૨૬૩૦૧૭૨૯**

*જે માપથી તમે બીજાઓને માપતા હશો એ જ માપથી બીજાઓ તમને પણ માપતા હશે.*

# કેન્યા સફારી

## અદ્‌ભુત અને આનંદમય પ્રવાસ

• તરુબેન નરેન્દ્રભાઈ શાહ •

કેન્યા એટલે જ સફારી. વાઈલ્ડ લાઈફને ઉપરથી ખુલ્લી ગાડીમાં બેસીને નજીકથી માણવું... તે સફારી. 'ડિસ્કવરી' ચેનલ પર જોઈએ છીએ તે જ સફારી. કેન્યા જતા પહેલાં ૧૦ દિવસ અગાઉ યલો ફીવરની રસી મૂકાવવી પડે. વિઝા જેટલી જ આ રસી જરૂરી છે.

કેન્યા ઈસ્ટ આફ્રિકાનો એક દેશ છે. એની આજુબાજુ યુગાન્ડા, ટાન્ઝાનિયા, ઈથોપિયા, સોમાલિયા વગેરે દેશ આવેલા છે. આ બધા રાજ્યો હજી ઘણાં પછાત છે. આપણા ગુજરી જેવા બજારો રસ્તામાં જોવા મળે. ત્યાં સ્કૂલ - કૉલેજ સારા એવા પ્રમાણમાં જોવા મળ્યા. એટલે ૧૦ વર્ષ પછી લોકોમાં પરિવર્તન આવશે એમ કહી શકાય. ત્યાંની કરન્સી શિલિંગ છે. એનો વિનિમય દર આપણા ૬૫/- રૂા. બરાબર ૧૦૦ શિલિંગ છે. ત્યાંની મુખ્ય ભાષા સ્વાહિલી અને બીજી ભાષા અંગ્રેજી છે. ત્યાં ટૂરિસ્ટોમાં યુરોપિયન, અમેરિકન, ચાઈનીઝ વધારે જોવા મળે છે. હોટલોનો સ્ટાફ અંગ્રેજી સારું સમજી બોલી શકે છે.

વસતિ મુખ્યત્વે ૬૦ ટકા ક્રિશ્ચિયન, ૩૮ ટકા મુસ્લિમ અને ૨ ટકા હિંદુ તેમજ બીજી પ્રજા છે. ત્યાંની કુલ વસતિ ૪ કરોડ છે. તેની રાજધાની નૈરોબીની વસતિ ૩૦ લાખની છે. ત્યાંના મુખ્ય શહેરોમાં નૈરોબી, નેવાર્ક, નૈવાખા, નુપુરુ, મોમ્બાસા ગણાય. મોમ્બાસા - મોરેશિયસ જેવો જ સુંદર દરિયા કિનારો ધરાવે છે. ત્યાંનો મુખ્ય પાક મકાઈ, ચા અને કોફી છે. રસ્તામાં દરેક જગ્યાએ એક એક કિ.મી. લાંબા ગ્રીન હાઉસ જોવા મળ્યા. સ્થાનિક પ્રજાનો રંગ ખૂબ જ કાળો હોય છે અને માથે નહિવત વાળ હોય છે. શહેરોની સ્ત્રીઓમાં વાળની વીગ વાપરવાનું પ્રમાણ વધારે છે. તેઓ દેખાવે કાળા હોવા છતાં દરેક પ્રકારની ફેશન અપનાવે છે. કપડાં પણ ડાર્ક, બ્રાઈટ કલરના પ્રિન્ટિંગવાળા પહેરે છે.

વર્ષ ૧૯૬૩માં બ્રિટિશ પાસેથી કેન્યા આઝાદ થયું. ત્યાંના અર્થકારણમાં ગુજરાતી પ્રજાનો સિંહફાળો છે તેમ કહી શકાય. દરેક નાના-મોટા સ્થળોમાં ગુજરાતીઓ જોવા મળે છે. હોટલ, ઈન્ડસ્ટ્રીઝ, મૉલ, દુકાનો, સ્કૂલ, કૉલેજ વગેરે સ્થાનોમાં ગુજરાતીઓની માલિકી સારા પ્રમાણમાં છે. કેન્યામાં જાન્યુકી મૉલના ૨૭ આઉટલેટ છે. ત્યાંના રેસ્ટોરન્ટમાં ઈન્ડિયન વાનગીઓ અને ગુજરાતી નાસ્તા ઉપલબ્ધ છે. ત્યાં પાણી કરતાં બીયર, ઠંડા પીણા સસ્તા છે. જમવામાં પણ પાણી ખરીદી, પીવું પડે. ત્યાં દરેક વસ્તુ મોંઘી હોય છે. હાઈવે અને મોટા શહેરો છોડી ક્યાંય પણ પાકા રસ્તા નથી. ગાય, બકરી અને ઘેટાનું પશુધન ત્યાં મોટા પ્રમાણમાં જોવા મળે છે.

અહીંના સ્ટાન્ડર્ડ સમય કરતાં કેન્યા ૨.૩૦ કલાક પાછળ છે. કેન્યા સફારીનો પ્રદેશ છે. એટલે અમેરિકા, યુરોપ કરતાં ત્યાં બિલકુલ અલગ જ અનુભવ માણવા મળે છે. સાદી ગાડીનું કામ જ નહીં. રણગાડી જેવી મોટાં ટાયરવાળી, ઉપરથી ખોલી શકાય તેવી ગાડીમાં વન્ય હિંસક પ્રાણીઓને, એમની નજીક જઈને શાંતિથી જોવાનો એક અલગ પ્રકારનો અદ્‌ભુત અનુભવ થાય છે.

કેન્યા વિશે આટલું જાણ્યા પછી હવે એની સફર શરૂ કરીએ.

મુંબઈથી અમે કુલ છ જણા સવારે ૮.૧૫ વાગે કેન્યા એરલાઈન્સમાં નૈરોબી જવા રવાના થયા હતા. ૯ કલાકના ઉડાન પછી ત્યાંના ૧૧.૪૦ વાગે નૈરોબી પહોંચ્યા. ઍરપોર્ટથી બહાર નીકળ્યા ત્યારે અમારો ગાઈડ કમ ડ્રાઈવર કોંગો ગાડી લઈને હાજર હતો. એ અમારા ૧૦ દિવસના પ્રવાસ દરમ્યાનનો સાથી હતો. દોઢ કલાકે નૈરોબીની મધ્યમાં આવેલ હોટલ જકાર્તામાં પહોંચ્યા. જ્યાં અમારો મુકામ હતો. નૈરોબી હિલ પર વસેલું સ્વચ્છ સુંદર શહેર છે. ત્યાંના ૩૨ માળવાળા બિઝનેસ સેન્ટરમાં વેપાર મેળો ભરાય છે.

શહેરમાં સાઈટ સીઈંગ કરતાં - કરતાં જૈનોનું ઓસવાલ સેન્ટર જોવા ગયા. ભારતમાં પણ જોવા ન મળે એવું વિશાળ, સુંદર, ભવ્ય સેન્ટર છે. એમાં જામનગર તરફના હાલારી જૈનોનો ફાળો મોટો છે. આ ઉપરાંત સ્વામિનારાયણ મંદિર, જલારામ મંદિર, સનાતન મંદિર અને હિંદુ ધર્મ સ્થાનક છે. જૈનો અને સ્વામિનારાયણ સંપ્રદાયની સ્કૂલ-કૉલેજ છે. કચ્છી પટેલોની વસતિ પણ સારી એવી છે. તેઓ મોટેભાગે કન્સ્ટ્રક્શન લાઈનમાં છે.

બીજે દિવસે નૈરોબીથી ૨.૩૦ કલાકના અંતરે માઉન્ટ કેન્યા - નેશનલ પાર્ક ગયા. ત્યાંની Fairmount Kenya Safari Clubમાં અમારો મુકામ હતો. બરફીલા માઉન્ટ કેન્યાની તળેટીમાં આ ભવ્ય ક્લબ છે. ત્યાંની સોસાયટીના રહીશો અને ફિલ્મ સ્ટારનું સભ્યપદ ધરાવતી આ ક્લબનું વાતાવરણ ખૂબ જ આહ્‌લાદક હતું.

ઊંચા-નીચા ઢોળાવ, નાની તળાવડી, ગોલ્ફનું મેદાન, લોન ટેનિસ, સ્વિમિંગ પૂલ, સરુના ઝાડની ભૂલભૂલામણી, જાતજાતના ફ્લાવર, મોર, બતક, વાંદરા — આ બધાથી વાતાવરણ ખૂબ જ મનમોહક લાગે. સાંજે આફ્રિકન ડાન્સ જોયો. ઘોડેસવારી કરી. ઈલેક્ટ્રિકલ ગાડીમાં આખી ક્લબનું ચક્કર માર્યું. અમારો કોટેજ પણ આધુનિક હતો. બીજે દિવસે

*જે માણસને પોતાના અંતરમાંથી શાંતિ નથી મળતી, તેને બહારથી કદી શાંતિ મળતી નથી.*

શરૂ થઈ ગેમ ડ્રાઈવ (સફારી). ૯૦,૦૦૦ એકરના પ્રાઈવેટ પાર્કની અંદર સ્વિટ વોટર ટેન્ટમાં મુકામ કર્યો. બધી જ આધુનિક સગવડતાવાળા ટેન્ટનો અનુભવ ખૂબ જ સરસ રહ્યો. બપોરે ગેમ ડ્રાઈવમાં નીકળ્યા. ચિમ્પાન્ઝી, હાથી, જિરાફ, ઝિબ્રા, બ્લેક વ્હાઈટ રાયનો વગેરેને ખૂબ જ નજીકથી જોવાનો આનંદ અનેરો હતો.

ફરી બીજે દિવસે સેમી ડેઝર્ટ સફારી માટે સાનુરુ ગેમ રિઝર્વ પાર્ક નોર્થ ફ્રન્ટીયર વિસ્તારમાં યુઆસો નાઈન્રો નદી કિનારે ગયા. ત્યાં એક સાથે ૨૫ હાથીના ટોળાને પાણીમાં ગેલ કરતાં જોઈને બેહદ આનંદ અનુભવ્યો. ત્યારબાદ બીજે દિવસે એબડર્સ નેશનલ પાર્કની કન્ટ્રી ક્લબ ગયા. ત્યાંનું વાતાવરણ સિમલા જેવું હતું. ત્યાં મન ભરીને પ્રકૃતિની નજાકતને માણી. રાત્રિના 'ધ આર્ક'માં બોટ આકારના નિવાસમાં રહ્યા. તેની આસપાસ પ્રાણીઓ ફરતા હોય. ત્યાં સાત વર્ષથી નીચેના બાળકોને પ્રવેશ નિષેધ હોય છે. બીજે દિવસે લેક નકુટુમાં પ્રવેશ કર્યો. વ્હાઈટ ફ્લેમિંગોથી ભરેલું વિશાળ તળાવ - ઉપર બ્લ્યુ નીચે વ્હાઈટનો નજારો જોવા જેવો હતો.

બીજે દિવસે ફરી આખરી ગેમ ડ્રાઈવ માટે પ્રયાણ કર્યું. મસાઈમારા ગેમ ડ્રાઈવ. ડિસ્કવરી ચેનલ પર જે વન્ય પ્રાણી જોવા મળે છે તે જંગલ. ત્યાં રહેવાની સરસ સગવડ છે. નિર્ધારિત સ્થળ પર પહોંચતા હાડકા ખોખરા થઈ જાય એવા રસ્તા હતા. અન્ય તરફ ઘાસથી ભરપૂર ખૂબ વિશાળ મેદાન પણ જોવા મળ્યા. જ્યાં દૂરથી આકાશ અને મેદાન એક જ હોય તેવો આભાસ થતો હતો.

ત્યાંની પ્રજા એટલે મસાઈ લોકો. પોતાની આગવી સંસ્કૃતિ. પરંતુ દુનિયાથી તદ્દન અજાણ અને પોતાના જ ડાયરામાં રહેવાવાળા લોકો છે. પશુપાલન, એ તેમનો મુખ્ય વ્યવસાય. ઘરે બેસીને મોતીકામ, કાપડ પર રંગ - ચિત્રકામ અને લાકડાની ચીજવસ્તુઓ બનાવવાનું કામ કરતા હોય છે. બધા જંગલોમાં અલગ તરી આવતું મસાઈનું જંગલ ખૂબ જ વિશાળ અને આંખોને તરબતર કરી નાખે એવું છે. દરેક નેશનલ પાર્કની એન્ટ્રી ફી ૭૦થી ૮૦ ડોલર પ્રતિ દિવસની હોય છે. આ આરક્ષિત પાર્કમાં લાઈટની વ્યવસ્થા નથી. પ્રાણીઓને કારણે વીજળીના થાંભલા નાખ્યા જ નથી. જનરેટરથી જ કામ ચલાવે છે. રાત્રે પ્રાણીઓના અવાજ સંભળાય. સવાર-સાંજ ઠંડક અને બપોરે ખૂબ જ ગરમીનું વાતાવરણ હોય છે. કોઈ જગ્યાએ પંખા પણ જોવા મળે નહીં. આ રીતે ગેમ ડ્રાઈવનો અનુભવ કરીને મસાઈથી નૈરોબી તરફ પ્રયાણ કર્યું. વેલીમાંથી પસાર થવાની મજા આવી. નૈરોબીમાં શ્રી બંસીલાલભાઈ ગડાના પુત્ર શ્રી યતીનભાઈનાં ઘરે ઘણાં દિવસો પછી રોટલી, દાળ, ભાત, શાક, છાશ મનભરીને જમ્યા. ફાલ્ગુનીબેન ત્યાંની માર્કેટમાં સમયની પાબંદી છતાં નાની મોટી ખરીદી માટે લઈ ગયા હતા. એમની સાથે બે કલાક રહ્યા. પછી જેમો કેન્યાટા ઍરપોર્ટ પહોંચી રાત્રે ૧૦.૧૦ કલાકની ફ્લાઈટથી મુંબઈ આવવા રવાના થયા. સવારે ૬.૫૫ વાગે મુંબઈ ઍરપોર્ટ પર આવી ગયા હતા.

આ રીતે આફ્રિકન સફારી અદ્ભુત અનુભવ અને આનંદ સાથે પૂરી થઈ હતી.

*એ/૫, તુલીપ બંગ્લોઝ, સાલ હોસ્પિટલ રોડ, સૂરધારા સર્કલ પાસે, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૨. ફોન : ૨૭૪૮૪૯૦૬*

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ।।

WORK IS WORSHIP

# MA OM PARIVAHAN (P) LTD.

WORK IS WORSHIP

**Chandresh Lodaya : 98502 37317 / 98671 70789**
**Somchand Lodaya : 98671 70794 / 93222 75440**

***SPECIALIST IN HANDLING OF***

- **20' / 40' / 45' EX-IM Containers**
- **ODC, Heavy Machinery Packages – Shifting - Storage.**
- **General / Project Cargo Handling – Transportation Loading - Unloading - Warehousing.**

**HEAD OFFICE**

**A-104, "Sai Classic", Near Palm Acres, Mahatma Phule Road, Mulund (East), Mumbai-400 081. Tel. : 2163 6403 / 05, 21636399 Telefax : 21636394**
**E-mail : maom@vsnl.net • somchand@maom.net**

**Open & Closed Warehousing Facilities at Dahisar - Mori (Near Sheel Phata)**

Dahisar - Mori Warehouse & Workshop
Ramchandra / Sunil Kadam • Cell : 9867170780 / 81 / 84




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : જરા તપાસ કરતા હવાલદાર જગનુજુઠે કો તમાચો કોલા મારે ને થોડીવાર રે'ને બઈયાર કુલા બ તમાચાર મારે? જગન એડો ત કુરો ચેં તેંલા કે અનકે માર ખાણી પઈ?

બચુડો : અધા આંઉ હન હવાલદાર કે મલ્યો ને પૂછ્યો ક આંઈ જગન કે તમાચો કુલા માર્યા? તડેં હવાલદાર ચેં, જગનો રાહું પાડીંધો વો ક પ્રધાનમંત્રી સાવ નકામા અંઈ, કીં કમજા નઈ. અનકે ચાર લકડીયું માર્યો. અતરે હવાલદાર ચેં ક તું મનમોહન સિંહજો અપમાન કંઈયેતો... હલ પોલીસ સ્ટેશન મેં બંધ કેલાઈયાં. ઈ ચેને હકડી થપ્પડ મારે. તડે જગનો ચેં આંઉ ત અમેરિકાજે પ્રધાનમંત્રીજી ગાલ ક્યો તે... અતરે હવાલદાર બ તમાચા મારે ને ચેં તું મુંકે ડફોળ ભનાઈયેં તો. મુંકે ભરાભર ખબર આય ક કેર નકામો આય....

## ખિલજા મ ભલા

શિક્ષક : ચિરાગ, કહે તો ક્રીમિનલ કોને કહે છે?

ચિરાગ : સાહેબ... જે નલમાંથી ક્રીમ આવતું હોય તેને ક્રીમિનલ કહે છે.

☺ ☺ ☺ ☺ ☺

ટ્રાફિક પોલીસ : એઈ ઊભા રહો... આમ ત્રણ ત્રણ જણા એક બાઈક ઉપર જાઓ છો... ખબર નથી, બાઈક ઉપર ત્રણ સવારી જવામાં ગુનો બને છે?

બાઈક ચાલક : હમણાં થોડીવાર પહેલા જ ખબર પડી. એટલે તો આ ત્રીજાને પાછો મૂકવા જઈએ છીએ.

☺ ☺ ☺ ☺ ☺

જગન : સ્ત્રીઓ કોની સૂચનાઓ ધ્યાનથી સાંભળે છે?

છગન : એક માત્ર ફોટોગ્રાફરની.

☺ ☺ ☺ ☺ ☺

શ્રેય : અરે કાકા, તમે ક્યારના આ ઝાડ નીચે બેસીને સિગારેટ પીઓ છો પણ એનો ધુમાડો તો ક્યાંય દેખાતો નથી... એવું તે એમાં શું રહસ્ય છે?

કાકા : બેટા, આ સામાન્ય સિગારેટ નથી, આ તો સી.એન.જી. સિગારેટ છે. એમાં ધુમાડો ન હોય.

☺ ☺ ☺ ☺ ☺

મથુરભાઈ : (વેઈટરને) એય, આ પાણીનો ગ્લાસ પાછો લઈ જા...

વેઈટર : કેમ સાહેબ, એમાં શું ખામી છે?

મથુરભાઈ : ગ્લાસમાં તું આંગળીઓ ડૂબાડીને લાવ્યો છે.

વેઈટર : ઓહ એમ છે... પણ બીજો વેઈટર જે ટાંકીમાં ઊભો રહી પાણી ભરીને આપે છે, એને જોયો હોત તો તમે આ હોટલ છોડીને ભાગી ગયા હોત.

☺ ☺ ☺ ☺ ☺

દાદા : અરે જુવાનિયા, મારામાં એટલી તાકાત છે કે હું એક મુક્કો મારું તો બત્રીસી બહાર આવી જાય.

હરીશ : શું દાદા તમે પણ જબરી ફેંકાફેંક કરો છો... જો એક જ મુક્કામાં બત્રીસી બહાર કાઢી શકો તો હું તમને સો રૂપિયા આપીશ. નહીં તો તમારે મને સો રૂપિયા આપવા પડશે... બોલો શરત મંજૂર છે?

દાદાઃ હા... હા... એમ કહી એક હળવો મુક્કો પોતાના મોં પર મારી બત્રીસી બહાર કાઢી હરીશને બતાવી અને સો રૂપિયા લઈ લીધા.

હરીશ : તમે તો જબરા છો... પણ આખો દિવસ કરો છો શું?

દાદા : બસ બેટા, તારા જેવા ચાર પાંચ મળી જાય છે એટલે મારું ગાડું ગબડ્યા કરે છે.

☺ ☺ ☺ ☺ ☺

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

**GLOBAL MERCANTILE PVT. LTD.**
45/A, Mittal Tower, 4th Floor, "A" Wing, 210, Nariman Point, Mumbai-21.
Tel. : +91-22-4213 1900 (99 Lines) • Fax : +91-22-4213 1919
E-mail : global45a@yahoo.com

# ફ્લેશ ચેનલ

*સંકલન : દિનેશ આર. મહેતા*

## વિદ્યાર્થીઓએ એડમિશન લેતા પહેલાં કોલેજોની માન્યતા વિશે તપાસ કરવી જોઈએ

શિક્ષણ સંસ્થા સરકાર માન્ય છે કે નહીં તેની ખાતરી કર્યા વિના તેમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓનો પોતાનો દોષ ગણાય તેમ જણાવી સુપ્રીમ કોર્ટે ઉમેર્યું હતું કે આવા વિદ્યાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિ રખાય નહીં.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ શ્રી કે.એસ. રાધાકૃષ્ણનન અને શ્રી દીપક મિશ્રાની બનેલી બેન્ચે મધ્ય પ્રદેશની એક શિક્ષણ સંસ્થાને માન્યતા આપવાનો તાજેતરમાં ઈન્કાર કર્યો હતો. સંસ્થાએ તેમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના ભાવિનો વિચાર કરી માન્યતા આપવાની દલીલ કરી હતી, જે સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી.

સુપ્રીમ કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે તે નાના બાળકો નથી. તેઓ ગ્રેજ્યુએટ છે અને પ્રવેશ મેળવતાં પહેલાં તેઓ સંસ્થાની માન્યતા અંગે ખાતરી કરે તે ઈચ્છનીય છે.

બીજી બાબત કહેવી પણ જરૂરી છે તેમ જણાવી સુપ્રીમ કોર્ટે ઉમેર્યું હતું કે શિક્ષણ સંસ્થાએ પોતાનો મૂળ હેતુ ભૂલીને શિક્ષણને વેપારમાં ફેરવીને નાણાં કમાવાની ઈચ્છા રાખી છે. આવું વર્તન હાનિકારક થઈ શકે છે. વળી વિદ્યાર્થીઓ પણ સંસ્થાની માન્યતા જોયા તપાસ્યા વિના ડિગ્રી મેળવવા ઉત્સુક હતાં. તેમને કાયદાની ચિંતા નહોતી. આવું વર્તન પણ ભયંકર હાનિ સર્જી શકે છે તેમ જસ્ટીસ શ્રી મિશ્રાએ જણાવ્યું હતું.

## ટ્રેઈનોની ટિકિટોના કાળા બજાર

ટ્રાન્સફર ઑફ ટિકિટના ઓળા હેઠળ હાલમાં રેલવેની ટિકિટોના ધૂમ કાળા બજાર થઈ રહ્યાની બૂમો ઊઠી છે. રેલવેના જ અમુક સ્ટાફ, ટુર ઑપરેટરો તથા એજન્ટોની સાંઠગાંઠથી આ પ્રકારનું કૌભાંડ ચાલી રહ્યું છે. ટિકિટ વેચ્યા બાદ કોઈપણના નામે ટ્રાન્સફર કરવાની પ્રથા બંધ કરી દેવાની માંગણી તાજેતરમાં જનહિતની એક સંસ્થાએ કરી છે. આ સંબંધમાં તેના દ્વારા પત્રિકા બહાર પાડવામાં આવી છે. અમદાવાદ રેલવે સ્ટેશન પર આ પત્રિકાઓનું તાજેતરમાં વિતરણ કરાયું હતું.

ટિકિટ ફક્ત લોહીનો સંબંધ હોય એ કિસ્સામાં જ અને જરૂરી દસ્તાવેજો ચકાસ્યા બાદ જ ટ્રાન્સફર થવી જોઈએ. એ સિવાયના કિસ્સામાં નામ ફેરબદલ પ્રથા બંધ કરી દેવી જોઈએ, તેવી માંગણી કરવામાં આવી છે.

## માર્ચ-૨૦૧૩ સુધીમાં અમદાવાદમાં કેબલ ડિજિટાઈઝેશનનો અમલ

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે ડિજિટાઈઝેશન માટેના બીજા તબક્કાના અમલીકરણની તૈયારીઓ શરૂ કરી છે. પહેલા ચાર મેટ્રો શહેરોમાં ડિજિટાઈઝેશનનો કાર્યક્રમ ઓક્ટોબરમાં સંપૂર્ણ રીતે અમલી બનાવ્યા બાદ મંત્રાલયે બીજા તબક્કાના અમલ માટે ૩૧ માર્ચ, ૨૦૧૩ની અંતિમ તારીખ નક્કી કરી છે. આ રીતે આગામી ૩૧ માર્ચ સુધીમાં અમદાવાદ સહિત અન્ય કુલ ૩૬ શહેરોના નાગરિકોએ કેબલ નેટવર્કનો ઉપયોગ બંધ કરીને ટી.વી. ચેનલો જોવા માટે સેટ ટોપ બોક્સીઝ લગાવવા પડશે. મંત્રાલયે ચીફ સેક્રેટરીને દરેક રાજ્યોના શહેરો દીઠ નોડલ ઓફિસર નીમવા માટે પત્ર લખી મોકલાવ્યા છે.

## નક્કી થયેલ સાઈઝમાં જ ૧૯ આઈટમનું પેકિંગ જરૂરી

બિસ્કિટ્સ, બેબી ફૂડ્સ, બ્રેડ, બટર, કોફી, પીવાનું પાણી, દૂધ પાવડર સોફ્ટ ડ્રિંક બાળકો માટે સેરેલેક, મીઠું, ખાદ્યતેલ, અનાજ, કઠોળ, ચોખા, ઘઉંનો લોટ, સિમેન્ટ, પેઈન્ટ્સ જેવા ઉત્પાદનોના ઉત્પાદકોએ ૧લી નવેમ્બરથી નવા નિયમો મુજબ જ સ્ટાન્ડર્ડ પેકેજિંગ અને ડેક્લેરેશન ધોરણોનો અમલ કરવો ફરજિયાત ગણાય છે.

સરકારી સાધનોએ જણાવ્યું હતું કે ગ્રાહક છૂટક વેચાણમાં ઉત્પાદનોની સરખામણી કરી શકે તે માટે આ પેકેજિંગ અને સ્ટાન્ડર્ડ સાઈઝનાં ધોરણો લવાયા છે. પૂર્વે ઉત્પાદકો ભાવ ઘટાડવા કરતાં ક્વોન્ટીટી ઘટાડીને પેકેજિંગ એવુંને એવું જ રાખતા હતા જેથી ગ્રાહકોને ક્વોન્ટીટી ઘટાડાઈ હોવાની તુરંત જ જાણ થતી ન હતી.

ઉપરાંત નવા નિયમો મુજબ ઉત્પાદનનાં માસ અને વર્ષ જેવી બાબતો જાહેર કરવા ઉત્પાદકો રબર સ્ટેમ્પનો ઉપયોગ નહીં કરી શકે. વજન, વોલ્યુમ, સંખ્યા, લંબાઈ, પહોળાઈ, જાડાઈ જેવી બાબતો સ્ટાન્ડર્ડ ધોરણો મુજબ જ જાહેર કરવી પડશે. પરિણામે હવે રેડીમેડ શર્ટ અને અન્ય પોશાકો માટે લાર્જ, મિડીયમ, સ્મોલ જેવા સાઈઝમાં લેબલો નહીં ચાલે. તેના બદલે લેબલમાં પરફેક્ટ મેઝરમેન્ટ જરૂરી ગણાશે. ઉપરાંત તે જ ભાવે વધારાની ક્વોન્ટીટી એ જ પેકિંગમાં આપવાની પ્રથાનો પણ નવા નિયમોના અમલથી અંત આવ્યો છે. માત્ર રૂપિયા એકથી દસ સુધીમાં મળતા પેક્સને જ આ નિયમોમાંથી બાકાત રખાયા છે.

JASH Mercantile LLP

101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai-400 077.

Tel. : +91.22.44229100 - 199
Fax : +91.22.44229119
E-mail : info@jashmercantile.com
Website : www.jashmercantile.com

## ભારતના 'મિસાઈલમેન'ને ચીનની યુનિવર્સિટીમાં ભણાવવાનું આમંત્રણ

ભારતના 'મિસાઈલમેન' અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામને ચીનની પ્રખ્યાત પેકિંગ યુનિવર્સિટીમાં ભણાવવાનું તાજેતરમાં આમંત્રણ મળ્યું હતું. ચીનની પહેલી વખતની મુલાકાતે ગયેલા શ્રી કલામ આ પ્રવાસથી ખુશ થયા હતા. આ અંગે શ્રી કલામનું કહેવું હતું કે મૂળભુત રીતે તો તેઓ શિક્ષક છે અને જ્ઞાન વહેંચવું તેમને ગમે છે.

## રેલવેમાં પ્રવાસીઓએ ઓળખકાર્ડ રજૂ કરવું પડશે

ઈન્ટરનેટ મારફતે એટલે કે પેસેન્જર રિઝર્વેશન સીસ્ટમ (પીઆરએસ) દ્વારા લાંબા પ્રવાસની રેલવે ટિકિટ બુક કરાવનારા તમામ પ્રવાસીઓને હવે ૧ ડિસેમ્બરથી મુસાફરી દરમ્યાન ઓરિજનલ ફોટો આઈકાર્ડ સાથે રાખવાનું ફરજિયાત બનાવાયું છે. આ નિયમ તમામ રીઝર્વ્ડ અને સ્લીપર ક્લાસને લાગુ પડે છે.

## ડૉક્ટર, વકીલો માટે રિટર્ન સાથે ઑડિટ રીપોર્ટ ફરજિયાત

એક કરોડનું ટર્નઓવર ધરાવતી અને ટેક્ષ ઑડિટને પાત્ર ગણાતી ભાગીદારી પેઢી હિંદુ અવિભક્ત પરિવાર કે વેપારી પેઢી માટે હવેથી રીટર્નની નકલ સાથે જ ફોર્મ ૩-સીબી અને ૩-સીડી માં સામેલ કરીને ઑડિટ રીપોર્ટ પણ ફાઈલ કરવાનું ફરજિયાત બનાવી દેવામાં આવ્યું છે.

તેવી રીતે ઑડિટને પાત્ર બનતા અને વર્ષે દહાડે ૨૫ લાખથી વધુની ફીની આવક ધરાવતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વકીલ, કન્સલ્ટન્ટ્સ અને ડોક્ટરને માટે પણ ઑડિટ કરેલા રિપોર્ટની નકલ ઓનલાઈન ફાઈલ કરવાનું ફરજિયાત બનાવી દેવાયું છે.

## શિવસેનાના સુપ્રીમો બાળા સાહેબની ચીરવિદાય

હિંદુત્વની રક્ષા માટે અણનમ યોદ્ધાની જેમ સતત ઝઝુમતા રહેલા અને વાઘની ત્રાડથી ભલભલાને ધ્રુજાવતા રહેલા શિવસેનાના સુપ્રીમો બાળાસાહેબ ઠાકરેનું તા. ૧૭-૧૧-૨૦૧૨ના બપોરે બાંદરા ખાતે તેમના નિવાસ સ્થાને નિધન થયું હતું. મરાઠી અસ્મિતાનો પ્રચંડ નાદ ગજાવનારા પ્રખર હિંદુત્વવાદી નેતાનો જીવનદીપ ૮૬ વર્ષે બુઝાઈ ગયો હતો.

શિવસેના અને ભાજપ સાથે મળીને ૧૯૯૪માં મહારાષ્ટ્રમાં સત્તા હાંસલ કરી હતી. તે ઉપરાંત બંને પક્ષોએ ૧૯૯૮ અને ૨૦૦૪માં કેન્દ્રમાં પણ સત્તામાં ભાગીદારી કરી હતી. જોકે, ઠાકરેએ ક્યારે પણ કોઈ હોદ્દો સ્વીકાર્યો નહોતો.

## બેંક ફ્રોડ રોકવા માટે રિઝર્વ બેંક સક્રિય થઈ

તા. ૧-૧-૨૦૧૩થી આઠ જેટલા વિશિષ્ટ સિક્યોરીટી ફિચર્સ સાથેના નવા માઈકર ચેક જ દેશની દરેક રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી અને સહકારી બેંકો દ્વારા સ્વીકારવામાં આવશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંક સાથે કરવામાં આવતા ફ્રોડ રોકવા માટે દરેક બેંકોને આ પ્રકારનો આદેશ આપી દીધો છે. જે વ્યક્તિ કે વેપારીઓએ પોસ્ટ ડેટેડ ચેક લીધા હોય તે તેમની પાર્ટીઓ પાસેથી ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૨ પછી ખાસ સિક્યોરિટી ફિચર્સવાળા નવા માઈકર ચેક લઈ લેવાની કાળજી લેવાની રહેશે. પહેલી જાન્યુઆરીથી જૂના માઈકર ચેક ક્લિયરિંગ હાઉસમાં ક્લિયરિંગ માટે સ્વીકારવામાં આવશે નહીં એમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના જાણકાર સૂત્રોનું કહેવું છે.

## એક નવી ક્રાંતિ.... સ્લેટની જગ્યાએ ટેબ્લેટ

રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીએ વિજ્ઞાન ભવનમાં ભારતમાં બનેલું સસ્તું ટેબ્લેટ પી.સી. આકાશ-૨૦ને તાજેતરમાં લૉંચ કર્યું છે. આ ટેબ્લેટ સરકાર તરફથી વિદ્યાર્થીઓ માટે ભેટ સ્વરૂપે માનવામાં આવી રહ્યું છે. આ પગલું દેશના શૈક્ષણિક જગતમાં ક્રાંતિ સર્જશે. વિદ્યાર્થીઓ તેમના ખિસ્સામાં માત્ર સાત ઇંચની સ્ક્રીન સાથેનું અત્યાધુનિક ટેબ્લેટ લઈને અભ્યાસ કરી શકશે. આની સાથે જ દેશની ઉચ્ચતર શિક્ષણ વ્યવસ્થા વધુ હાઈટેક બનશે. શરૂઆતમાં આ ટેબ્લેટ એન્જિનિયરિંગ કૉલેજો અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને આપવામાં આવશે. તેનો પ્રારંભિક ભાવ રૂા. ૧,૧૩૦/- રાખવામાં આવ્યો છે. આ ટેબ્લેટમાં ૧ જી.એચ.ઝેડ.નું પ્રોસેસર, ૫૧૨ એમ.બી.ની મેમરી અને સાત ઇંચની કેપેસિટેટિવ ટચ સ્ક્રીન અને સામાન્ય કામગીરીના ત્રણ કલાક કામ કરે તેવી બેટરી છે. સી-ડેકના સક્રિય સપોર્ટથી આઈ.આઈ.ટી. - બોમ્બેએ આ ટેબ્લેટને વિકસાવેલ છે. અગર રાજ્ય સરકારો વધુ સબસિડી માટે સંમત થશે તો 'આકાશ'નું મફત વિતરણ થઈ શકે તેમ છે.

## મારિયા શારાપોવા ભારતમાં

મારિયા શારાપોવા એક એવું નામ છે, જેની સાથે ટેનિસ અને ગ્લેમર બંને સમાન રીતે જોડાયેલા છે. પ્રથમ વખત તાજેતરમાં ભારત આવેલી શારાપોવાએ દક્ષિણ ભારતની લોકપ્રિય વાનગી ઢોસા પ્રત્યેનો પોતાનો પ્રેમ જાહેર કર્યો હતો. ૬ ફૂટ ૨ ઇંચની ઊંચાઈ ધરાવતી વિશ્વની બીજા નંબરની ટેનિસ ખેલાડીએ જણાવ્યું હતું કે અહીં આવીને મને ખૂબ સારું લાગ્યું. મેં અહીં આવવામાં ઘણું મોડું કર્યું. આ વર્ષ મારા માટે ઘણું સારું રહ્યું કારણકે નવરાશના સમયનો ફાયદો ઊઠાવી હું અહીં આવી શકી. શારાપોવા એક પ્રચાર કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભારત આવી હતી.

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

## બ્રિટનમાં વિદ્યાર્થીઓને કેલ્ક્યુલેટરનો વપરાશ કરવા માટે પ્રતિબંધ તેમજ વિદ્યાર્થિનીઓને વધુ પડતા ટૂંકા સ્કર્ટ પહેરવાની શાળામાં મનાઈ

ભારતમાં આધુનિકીકરણના નામે પશ્ચિમના દેશોનું આંધળું અનુકરણ કરવાનો વાયરો ફૂંકાઈ રહ્યો છે અને શિક્ષણ જગત પણ એમાંથી બાકાત નથી. આપણે ત્યાં શાળાઓમાં સ્કર્ટને યુનિફોર્મનો ભાગ બનાવી દેવાયો છે અને એક સમયે પા, દોઢા વગેરે ઘડીયા મોઢે હોઈ સરવાળા, ગુણાકાર જેવી ગણતરીઓ મોઢે થતી. પરંતુ હવે આપણા દેશમાં ગણિતની સામાન્ય ગણતરીઓ કરવા માટેની અસરકારક અને સરળ પદ્ધતિઓ ભૂલીને કેલ્ક્યુલેટર અને કોમ્પ્યુટર જેવા આધુનિક માધ્યમોનો વપરાશ વધવા લાગ્યો છે. બીજી બાજુ બ્રિટનના શિક્ષણ મંત્રીએ પ્રાથમિક શાળાના બાળકોને કેલ્ક્યુલેટર વાપરવા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય તાજેતરમાં જાહેર કર્યો છે. ભારતમાં આધુનિકીકરણના નામે ટૂંકા વસ્ત્રો પહેરવા એ આજકાલ ફેશન ગણાવા લાગી છે ત્યારે બ્રિટનની શાળામાં વિદ્યાર્થિનીઓને સ્કર્ટ પહેરવા ઉપર જ તાજેતરમાં પ્રતિબંધ લગાવ્યો છે.

## અમેરિકામાં આરોગ્ય સેવા સસ્તી કરવા ૭૫ ટકા ઉપયોગ જનરિક દવાનો

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખપદે શ્રી ઓબામાની બીજી ઈનિંગ્સથી ગુજરાતની ફાર્મા કંપનીઓ ખુશ છે કારણકે અમેરિકામાં આરોગ્ય ક્ષેત્રે વધી રહેલા તોતિંગ ખર્ચાઓ પર કાબૂ મેળવવા શ્રી ઓબામા જનરિક દવાઓનો વપરાશ વધે તેવી પોલિસી લાવ્યા હતા. શ્રી ઓબામા ફરી ચૂંટાતા આ પોલિસી ચાલુ રહેશે. આથી ગુજરાતમાંથી જનરિક દવાઓની નિકાસમાં વધારો થશે એમ ફાર્મા ઉદ્યોગના અગ્રણીઓનું કહેવું છે. હાલ અમેરિકાનું જનરિક દવાઓનું માર્કેટ ૩૫૦ અબજ ડૉલર અંદાજવામાં આવે છે અને ૨૦૧૫ સુધીમાં તે ૧૨થી ૧૩ ટકાના દરે વધવાની ધારણા છે. ડૉ. રેડ્ડી, સન ફાર્મા, કેડિલા ફાર્મા, ટોરેન્ટ કેડિલા હેલ્થકેર, લુપીન સહિતની સંખ્યાબંધ કંપનીઓ જનરિક દવાઓની નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ૨૦૧૫માં સંખ્યાબંધ દવાઓની મુદત પૂરી થવાની હોઈ ભારતની જનરિક દવાઓની નિકાસની સંભાવનાઓ ખૂબ જ વધી ગઈ છે.

ઍલીસ ફાર્માના ડિરેક્ટર શ્રી અતુલ શાહના કહેવા પ્રમાણે ભારતમાંથી હાલ ૧૩.૨ અબજ ડોલરની જનરિક દવાઓ નિકાસ થાય છે. તેમાં ૨૮ ટકાનો ફાળો ગુજરાતનો છે. એટલું જ નહીં, ભારતમાંથી અમેરિકામાં જે દવાઓની નિકાસ થાય છે તેમાં લગભગ ૧૫ ટકાનો ફાળો ગુજરાતનો છે.

**હાલ અમેરિકામાં ડોક્ટરોને દર્દી માટે પ્રિસ્ક્રિપ્શનમાં જનરિક ડ્રગનું નામ જ લખવાનો નિયમ છે અને બ્રાન્ડ નામ લખવા પર મનાઈ છે.**

**અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટે આ પોલિસી અમલી બનાવતા પહેલાં ૧૯૯૬થી ૨૦૦૭ની વચ્ચે કુલ ૨૦૭૦ હ્યુમન સ્ટડી કરાયા હતા. આ અભ્યાસમાં માલૂમ પડ્યું કે જનરિક દવા અને મોંઘીદાટ બ્રાન્ડેડ દવાની અસર રોગોની સારવારમાં એકદમ સરખી છે. આ અભ્યાસના આધારે પૂરા અસરકારક જનરિક દવાઓને યુ.એસ.એફ.ડી.એ.ની માન્યતા મળે પછી જ તેના વેચાણને મંજૂરી અપાય છે. બ્રાન્ડેડ દવાની સરખામણીએ જનરિક દવા ૮૫ ટકા સસ્તી હોવા છતાં અસરકારકતા સમાન છે. અમેરિકામાં જનરિક દવાઓનું ઉત્પાદન ઓછું થતું હોઈ તેની આયાત કરવી પડે છે.**

*(વર્તમાન પત્રોમાંથી)*

## માત્ર ભણવાથી જ વૈજ્ઞાનિક નથી બની શકાતું

જો શિક્ષણ જ વિદ્યાર્થીઓને મહાન બનાવતું હોત તો આઈન્સ્ટાઈન, રામાનુજન, ફેરેડે, ઍડિસન, બનાખ જેવા અભ્યાસમાંથી નીકળી ગયેલ વિદ્યાર્થીઓ મહાન વિજ્ઞાનીઓ બન્યા ન હોત. વિજ્ઞાની બનવાની એક પ્રક્રિયા હોય છે. તે જિજ્ઞાસા, નિષ્ઠા, મૌલિક વિચારશક્તિ અને તે માટે તેને વળગી રહેવાની ધૂન પર આધાર રાખે છે.

અભ્યાસ તો ગમે ત્યારે આત્મસાત્ થાય. જો અભ્યાસ જ માણસને વિજ્ઞાની બનાવતો હોત તો સારી રીતે ભણાવી શકનાર પ્રાધ્યાપકો જ વિજ્ઞાનીઓ બની ગયા હોત. એવા ઘણા પ્રાધ્યાપકો છે, જે સરસ રીતે ભણાવી શકે છે, પણ તેમાંના ૯૯ ટકા વિજ્ઞાનીઓ નથી હોતા.

કોચીંગ ક્લાસીસ કે આઈ.આઈ.ટી. માટે ભણાવનારા સારી રીતે ભણાવી શકે, તેમની પાસે દીર્ઘદૃષ્ટિ કે કલ્પનાશીલતા નથી હોતી. તેઓ ચીલો ચાતરીને વિચારવાવાળા નથી હોતા.

ઘણા વિજ્ઞાનીઓ ઓછું ભણ્યા હોય છે પણ તેઓએ વિચારેલું વધારે હોય છે. ઘણા જ્ઞાનની સપાટી પર તરવાવાળા હોય છે, તો ગણ્યાગાંઠ્યા ઊંડાઈ માપવાવાળા હોય છે.

*ડૉ. જે. જે. રાવલ*

JAYANT STEEL
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar, Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

## ‘મંગલ મંદિર’માં હાસ્ય-વિનોદ, વ્યંગને સ્થાન આપવું જરૂરી

એક ખ્યાલ મનમાં અચાનક આવે છે. ‘મંગલ મંદિર’ના સળંગ ૧૦થી ૧૨ અંકો તપાસી જુઓ. તેમાં ક્યાંય પણ, કોઈના પણ લખાણમાં હાસ્ય-વિનોદ, વ્યંગ, કટાક્ષ દર્શક એક પણ લખાણ અથવા કહો કે એક પણ વાક્ય વાંચવા મળતું નથી. આખા ને આખા અંકો સ્વસ્થ, સમતોલ અને ગંભીર પ્રકારના લેખોથી સમૃધ્ધ હોય છે.

આ બાબતે વિચારતાં મનમાં બે કારણ ઊગી નીકળે છે.

**૧.** ‘મંગલ મંદિર’ના તંત્રી મંડળમાં તેમજ તેમના સમગ્ર લેખક સમુદાયમાં વિનોદવૃત્તિનો જ અભાવ હશે.


પરંતુ આ કારણ સાચું ન હોઈ શકે. કારણકે લગભગ દરેક માણસમાં ઓછા કે વધારે પ્રમાણમાં વિનોદવૃત્તિ રહેલી તો હોય જ છે. કદાચ જગતમાં એક બે ટકા લોકો જ એવા હશે, જેનામાં હાસ્યવૃત્તિ સમૂળગી ન હોય. ‘મંગલ મંદિર’માં એવું એક પણ વાક્ય વાંચવામાં આવતું નથી જે વાંચીને મનમાં હાસ્ય ફૂટી નીકળે અને હોઠ મરક મરક થવા લાગે અને આપણને વિનોદ ભટ્ટ, તારક મહેતા, રતિલાલ બોરીસાગર, રિદ્ધિ દેસાઈ કે શાહબુદ્દીન રાઠોડ આપોઆપ યાદ આવી જાય.

**૨.** બીજું કારણ એ હોઈ શકે કે ટ્રસ્ટીઓ તથા તંત્રીશ્રીઓએ ‘મંગલ મંદિર’ના નીતિ નિયમોમાં જ એવું નક્કી કરેલ હોય કે જે લખાણમાં હાસ્ય વિનોદ તથા વ્યંગ કે કટાક્ષ જેવા શબ્દો કે વાક્યો હોય તે લખાણને લેવા નહીં.

આ કારણ પણ જલદી ગળે ઉતરે એવું તો નથી. અખો, કબીર, ધીરો, ભોજો, દલપતરામ, રામનારાયણ પાઠક, નર્મદ તથા અન્ય ઘણાએ જોરદાર ટીકાઓ, વ્યંગ, ચાબખા કે કટાક્ષો, સેટાયર જેવા લેખો, કવિતાઓ, ભજનો વગેરે લખેલ છે જ. આપણી એ સમૃધ્ધ પરંપરા રહેલી છે. તો પછી હાસ્ય વિનોદ અને વ્યંગ કટાક્ષને સંપૂર્ણપણે અવગણવાનું શું કારણ હશે?

જે જે માન્ય લેખકો છે અને જે લોકો ગંભીર વિષયો પર લખવાની માસ્ટરી ધરાવે છે તેઓ પણ પોતાના લખાણમાં વચ્ચે વચ્ચે એવા ઠુમકા મૂકી દે છે કે આપણને હસવું આવી જ જાય.

‘મંગલ મંદિર’ના તંત્રી સહિત કોઈ લેખકના લખાણમાં આવા કોઈ ‘ઠુમકા’ આવે તો તેને રદ કરવામાં ન આવે એવી એક આશા મનમાં જાગે છે. થોડા પ્રમાણમાં પણ હાસ્ય - વિનોદ - વ્યંગ - કટાક્ષ વગેરેને મંગલ મંદિરમાં જો સ્થાન મળે તો મને તો ગમે. મંગલ મંદિરમાં નિયમિત આવતા રમૂજી ટુચકાઓ ઉપરાંત, લેખોમાં અને પત્રોમાં.




થોડાક મહિના પહેલા મેં “જે રીતે બંગાળની સંસ્કૃતિ મુજબ મમતા બેનરજી માટે ‘દીદી’ શબ્દ વપરાય છે અને જે રીતે ઉત્તર પ્રદેશની રીત મુજબ માયાવતી માટે ‘બહેનજી’ શબ્દ વપરાય છે અને જે રીતે તામિલનાડુમાં ત્યાંની સભ્યતા મુજબ ‘અમ્મા’ શબ્દ વપરાય છે તેજ પ્રમાણે ગુજરાતની સંસ્કૃતિ મુજબ માનનીય મહિલાઓ માટે ‘બા’ શબ્દ મેં સોનિયા બા, મીરાં બા, પ્રતિભા બા, સુષ્મા બા જેવા શબ્દોનો પ્રયોગ અપવાદરૂપે પ્રયોગ કરેલો. પણ એ પ્રયોગ નાપાસ થયેલો. હાલમાં પુરુષ મહાનુભાવો માટે ‘બાપા’ શબ્દ (કેશુબાપા) વપરાય જ છે. અને તે માનાર્થે જ વપરાય છે. તેવી જ રીતે નિશ્ચિતપણે આપણે ‘બા’ શબ્દ પણ ગુજરાતીમાં - ગુજરાતમાં ‘બા’ શબ્દ માનાર્થે વાપરી જ શકાય એમ મને લાગે છે. સોનિયા ગાંધી માટે ‘સોનિયા બા’ કેવું મીઠું લાગે? અને સોનિયાજીને તેમજ માજી રાષ્ટ્રપ્રમુખ પ્રતિભાજીને, સુષ્મા સ્વરાજજીને તથા સ્પીકર મીરાં કુમારજીને આપણે ‘બા’ કહીએ તો તેઓ પોતે પણ ગુજરાતીઓ પ્રત્યે કેટલો બધો આત્મીયભાવ અનુભવે? ‘મંગલ મંદિર’માં હળવા લખાણને પણ સ્થાન મળે તો સારું. કારણકે આપણા દેશના લોકોની પ્રકૃતિ જ એવી છે કે જ્યાં સુધી વાંસામાં સોળ ઊઠે એવા ચાબખા મારવામાં ન આવે ત્યાં સુધી મોટાભાગના જાગે જ નહીં ને ઊઠે જ નહીં.

ગંભીર બનીને, મોઢું બગાડીને આવા ચાબખા મારવા કરતાં હસતાં હસતાં મારવાથી વાગે ઓછા અને પરિણામ જલ્દી આવે - જાગે વહેલા.

આપણી રીતભાત, આપણી માન્યતાઓ, આપણી ટેવો, આપણી ખાણીપીણી, વાણી વર્તન વગેરે બાબતો ઉપર જ્યાં જ્યાં જ્યારે જ્યારે હળવા કટાક્ષ વ્યંગ થતા રહે તો સારું પરિણામ ધીરે ધીરે આવે એમ માની શકાય.

આશા રાખું છું કે આ વિષય પર તંત્રી મંડળ ઉદારતાથી વિચારશે. એવા ચાબખા જરૂર હોઈ શકે છે કે જેનાથી વાંસે સોળ તો ઊઠે પણ દુઃખે નહીં.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

***નોંધ : (૧) ‘મંગલ મંદિર’માં હળવાશની ક્ષણોમાં, ‘બચુડો’ અને ‘બાલુડેં જ્યું ગાલિયું’ નામની કોલમો વર્ષોથી પ્રસારિત કરવામાં આવે જ છે. જેમાં હાસ્ય - વિનોદ અને વ્યંગની રંગત વાંચકવર્ગ મેળવી શકે છે. (૨) ‘મંગલ મંદિર’માં કોઈપણ પ્રકારના લેખ પર પ્રતિબંધ નથી. લેખક મહાશયો હાસ્ય, વિનોદ, વ્યંગ, કટાક્ષ વગેરે પ્રકારના લેખો મોકલી શકે છે. યોગ્ય હશે તો જરૂરથી પ્રસારિત કરવામાં આવશે.***

***– મુખ્યતંત્રી)***

• • • • •

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAN MAN® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

## 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ'ને શુભેચ્છા

આપ સૌ શરીરે સ્વાસ્થ્યમય રહો અને મન પરમ શાંતિ અને આનંદનો અનુભવ કરે એ જ નવ વર્ષની શુભ કામના.

'મંગલ મંદિર'ના અંક નિયમિત મળે છે. માહિતીસભર લેખો આપવા બદલ તંત્રી મંડળને અભિનંદન અને લેખકોને પણ ખૂબ ખૂબ અભિનંદન.

*જેઠાલાલ વી. ગંગર 'મંગલમ્' - મુંબઈ*

● ● ● ● ●

## સમાજનું ઋણ અદા કરીએ

આપણા સૌ ઉપર વડીલો, ગુરુઓ અને વિશ્વ સમસ્તનું ઋણ છે એવી સરસ વાત કરતો શ્રી ગુલાબ રાંભિયાનો લેખ 'ઋણ મુક્તિ', મંગલ મંદિરના માસ ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં વાંચ્યો. ઘણો ગમ્યો.

વડીલો અને ગુરુઓનું ઋણ તો જાણે-અજાણે, આપણે આપણી શક્તિ અનુસાર ચૂકવવા તત્પર હોઈએ છીએ. પણ સમાજના ઋણ બાબતે આપણે થોડા ઉદાસીન છીએ. કદાચ બેધ્યાન છીએ.

હું બડાશ મારું છું, ડંફાસ મારું છું, એવી ટીકાની દરેક સંભાવના હોવા છતાં પણ, આ ઋણ કેટલી સહજ રીતે ઉતારી શકાય, તે હું કહીશ. પત્રલેખક તરીકે મારું નામ નહિ લખવાની તંત્રીશ્રીને વિનંતી કરી જ છે.

બે-ત્રણ દાખલા આપીશ, જેમાં પૈસો પણ ખર્ચ્યા વગર તમે કોઈને મદદ કરી શકો છો, એ ઋણનો ભાર હળવો કરી શકો છો, સમાજનો આભાર વ્યક્ત કરી શકો છો.

**૧.** બરોબર મારી આગળ, બસમાંથી કાકા-કાકી ઉતરે છે. પંદરેક ડગલાં ચાલીને કાકા ચપ્પલ ઉતારીને કાકીને કહે છે : લે, હવે તું પહેર. ઉનાળાની બપોર છે. થોડુંક ચાલીને કાકી કહે : લ્યો હવે તમે પહેરો. ના તું પહેર, ના તમે પહેરો.... છેવટે સમાધાન એવું થયું કે બંને જણે એક એક ચપ્પલ પહેરવું. આવું જોઈને કોની આંખમાં આંસુઓ ન આવે? બંને આધેડોના હાથમાં મેલી થેલીઓ હતી. બસમાંથી ઉતર્યા ત્યારથી મેં બધું જ જોયું હતું. મારું નસીબ ખરેખર સારું કે સાંજે આવતા ચપ્પલ વેચનારા ગાડીવાળા ભાઈ આજે બળબળતી બપોરે, ડેપોની સામે જ હાજર હતા. મેં કાકાને હળવેકથી કહ્યું : 'અહીં આવો, તમને ચપ્પલ અપાવવા છે.' તેમણે હૃદયપૂર્વકની પણ મક્કમ ના કહી. ના પાડવામાં પણ ચડસા ચડસી થઈ. કાકી : 'આમ લેવાય નહિ હોં.' કાકા : 'ભઈલા, રહેવા દે.' મહા મહેનતે તેઓ માન્યા. બોલો, રૂા. ૧૮/-ની ચપ્પલમાંથી મને લાખ રૂપિયાનો આનંદ મળ્યો. કેટલો સસ્તો? મારા ચિત્તે મને કહ્યું : 'ગાંડિયા, નાના આઈસ્ક્રીમના કપના રૂા. ૨૦/- ખર્ચે છે, ત્યારે ૧૮/- રૂપરડી આપીને તેં શી ધાડ મારી?' હું શરમાઈ ગયો.

**૨.** પરચૂરણની ભારે ખેંચ હતી તે દિવસોની આ વાત છે. રૂા. ૧૦ની નોટ હાથમાં પકડીને છોકરો ટિકિટ માગે છે. 'રૂપિયો છૂટો નથી તો ઉતરી જા.' આટલું બોલતાં તો ઘંટી વાગી ને બસ ઊભી રહી ગઈ. હું બહુ દૂર નહિ ને બહુ નજીક નહિ, એટલે મામલો સમજતા વાર લાગી. ઝડપથી આગળ વધીને કંડક્ટરને રૂપિયો હાથમાં આપીને ટિકિટ આપવા કહ્યું. ઘંટી ફરી વાગી અને બસ ચાલુ! છોકરાને નિરાંત થઈ. મને વધુ થઈ. સમયસર એક રૂપરડી ખરચવાનો આનંદ થયો.

**૩.** આ વાત પણ બસની જ છે. કેમકે હું છેલ્લા ૨૦-૨૨ વર્ષથી બસનો જ પ્રવાસી રહ્યો છું. આ કિસ્સાની નવી વાત એ છે કે અહીં એક નવો પૈસો સુદ્ધાં પણ ખરચાયો નથી. મારી બાજુમાં જ મંદબુદ્ધિની ૧૨-૧૩ વર્ષની છોકરી આવીને બેઠી. કંડક્ટરે 'ટિકિટ' કહ્યું એટલે પેલી છોકરીએ એના ટિકિટ બોક્ષ પર જોરથી થપાટ મારીને હસી પડી. કંડક્ટર ભાઈનો મિજાજ ગયો. ઘંટડી વગાડીને તરત છોકરીને ઉતરી જવા કહ્યું. હું બોલ્યો : જરાક જ દૂર પોલીસ ચોકી છે, ત્યાં આને સોંપી દો ને. તાડૂકીને મને કહે : દયા આવતી હોય તો તમે પણ સાથે ઉતરી જાવ. આ સોના જેવી સલાહે મને મારી ફરજ તરફ સભાન કર્યો. આવી રીતે પણ ઈશ્વર મદદ કરતો હોય છે. અમે બંને ઉતરી ગયા. પોલીસચોકી બસ્સો ડગલાં છેટી, પણ પેલું ગાંડુ માણસ માને? મને ગાંઠે? રસ્તે જતા તમારી જેવા સારા માણસની મદદથી જેમતેમ ચોકીએ તો પહોંચ્યા. ત્યાં પાછો ભગવાન ભટકાઈ ગયો. છોકરીના ગળામાંથી દોરામાં પરોવેલું સરનામાનું ટૅગ એણે શોધી કાઢ્યું! ઓહ! આ છોકરી તો જુહાપુરાની છે. મને કહે : તમે જાવ, હું એને ઘેર પહોંચાડી દઈશ. મારું મન ન માન્યું. હું ખોટું બોલ્યો. 'સાહેબ, હું નવરો છું. તમે કહો તો હું મદદ કરું?' બીજી રીતે મને ખાતરી આપતાં હોય તેમ કહે : ઊભા રહો. અમે એ છોકરીને લઈને માર્ગની બીજી બાજુએ ક્રોસ કરીને કોઈની વાટ જોતા ઊભા. બે-ત્રણ મિનિટમાં તો એક ઓળખીતા રિક્ષાવાળાને ઊભો રાખીને કહ્યું : 'ચાચા, આને ૪૧૮માં પહોંચાડજો ને.' છોકરીને રવાના કરીને મને કહે : ચાચાને હું ઓળખું છું. બરોબર એના ઘરે મૂકી આવશે. રાજી થતાં થતાં મેં તો ઓફિસની વાટ પકડી. પેલા ટૅગમાં જુહાપુરાની સોસાયટી અને ઘરનો નંબર હતો!

હજી છેલ્લી વાત. સમાજના ઋણ ઉતારવાના સાદા રસ્તા છે, ઘણા છે. કોઈ સૂરદાસ (ચક્ષુહીન)ને અથવા કોઈ નબળા, અશક્ત કે વયોવૃદ્ધ વ્યક્તિને રસ્તો ક્રોસ કરાવો. કોઈ સૂરદાસને એની બસમાં ચડાવી દો. તમારી ૫-૧૦ મિનિટ ભલે બગડે. ક્યારેક એવા ઈસમની સાથે થોડું ચાલી જઈને એની જગ્યાએ દોરી જાવ કે મકાનની સીડી સુધી મૂકી આવો. એને ઘણી રાહત થશે. આ સિવાય રોજ જેના સંપર્કમાં આવીએ છીએ તેવા મકાનના, કમ્પાઉન્ડના કે રસ્તાના ઝાડુવાળા, આપણે ત્યાંનો ઘરકામવાળો, છાપાવાળો છોકરો, આપણી ઑફિસના પ્યુનભાઈ, નાના ફેરિયા, કચરો વીણનારા જે અવારનવાર તમને મળી જાય છે તેમને તમે કરેલી નાની મોટી સહાયની ઉપરવાળો પાકી નોંધ લેતો હોય છે. એ પણ ક્યારેક ઈચ્છતો જ હશે કે મને હાથ જોડવાવાળાના બે હાથ કરતાં કોઈને સહાય કરવા લંબાયેલો

JNK Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 25202001 • Fax : (022) 25202002
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

એક હાથ મને વધુ ગમે તેવું આ લોકો સમજે, અને બે ને બદલે એક જ હાથનો ઉપયોગ કરે.

અને હા, આવી નાની નાની વાતોની ઉપરવાળો બહુ ચીવટથી નોંધ લેતો હોય છે અને રાજી પણ થતો હોય છે. વળી એનો રાજીપો બીજી જ ક્ષણે આપણને ક્યારેક બતાડી પણ દેતો હોય છે. જ્યારે આપણે ધન્ય થયાનું ગૌરવ લઈએ છીએ. એ ગુસ્સે ભરાય છે, તેના કરતાં રાજી તરત થઈ જાય છે!

શ્રી ગુલાબચંદભાઈએ કહ્યું છે તેમ, કોઈને ટેકારૂપ થઈએ છીએ ત્યારે શુભના વર્તુળમાંથી બીજું વર્તુળ રચાતું હોય છે અને વિસ્તરતું જ જાય છે. આપણે માત્ર સભાન થવાની જરૂર છે, થોડીક! આવી નાની લાગતી મોટી વાત રાંભિયાભાઈએ દાખલા સાથે સરળતાથી સમજાવી દીધી. મને બે વાતો લખવાનો પાછો મોકો આપ્યો. તેમનો ઘણો આભાર.

*'મંગલ મંદિર'નો એક વાચક*

• • • • •

## સંગીતકાર પદ્મશ્રી આણંદજીભાઈને અભિનંદન

'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં પદ્મશ્રી આણંદજી વીરજી શાહને મહારાષ્ટ્ર રાજ્ય સરકાર દ્વારા લતા મંગેશકર ઍવોર્ડ પ્રાપ્ત થયો તેની વિગત વાંચી મને તથા કચ્છીઓમાં ખુશી થઈ છે.

કચ્છના નેતા પ્રાણલાલ શાહના પ્રેસમાં હું કામ કરતો હતો ત્યારે કલ્યાણજીભાઈ સંગીતનો કાર્યક્રમ આપવા આવ્યા હતા ત્યારે હાર્મોનિયમ પર 'આવારા'નું 'ઘર આયા મેરા પરદેશી...' તથા 'હમલોગ'નું 'છુન છુન બાજે પાયલ મોરી...' લતા મંગેશકરે ગાયેલા ગીતોની ધૂન વગાડી દર્શકોને ખુશ કર્યા હતા. આજે લતા મંગેશકર ઍવોર્ડ આણંદજીભાઈને મળે છે.

પ્રાણલાલ શાહ સાથે હું મુંબઈ ગયો ત્યારે તેના મિત્રના ફ્લેટમાં તેના પરિવાર સાથે હું રહ્યો હતો. તે અરસામાં મેં 'અનારકલી' નોવેલ્ટીમાં જોઈ હતી. એકવાર ગીરગામના કોર્નર પર સંગીતકાર કલ્યાણજીભાઈ બસ પકડવાની રાહ જોતા હતા ત્યારે મેં અનુમાન કર્યું કે 'નાગિન'નું બીન વગાડવા સ્ટુડિયોમાં જતા હશે. ભુજ આવ્યા ત્યારે મેં પૂછ્યું અને મારું અનુમાન સાચું ઠર્યું. કલ્યાણજીભાઈના પિતાશ્રીની કરિયાણાની દુકાન ગીરગામમાં હતી. ક્યારેક આણંદજીભાઈ પણ નજરે પડતા.

આજ વિસ્તારમાં રાજેશ ખન્નાનો ઉછેર પાલક માતા-પિતા સાથે થયો હતો. ઠાકુરદ્વારના મંદિરે દર્શન કરવા મેં બાળવયે જોયો હતો. કલ્યાણજી - આણંદજીને કલ્પના ન હતી કે રાજેશ ખન્નાની ફિલ્મો રાઝ, સફર વિ.માં પોતાનું સંગીત હશે.

કચ્છમાં નાની બચત યોજનાના લાભાર્થે કલ્યાણજી - આણંદજીનો સંગીત કાર્યક્રમ યોજાયો ત્યારે મહેન્દ્ર કપૂર, ચંચલ, અલકા યાજ્ઞિક તથા કિશોરકુમાર જેવા મહાન ગાયકોને કચ્છ લઈ આવવાનું માન બંધુ બેલડીને ફાળે જાય છે. આણંદજીભાઈને ઉપરોક્ત ઍવોર્ડ પ્રાપ્ત થયો તે બદલ અભિનંદન.

*તુલસીદાસ જે. શાહ - ભુજ, કચ્છ*

• • • • •

## અનુરોધ

### શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની લાઈબ્રેરીના પુસ્તકોનો વાંચકવર્ગ ઉપયોગ કરે

'મંગલ મંદિર'ના તમામ વાંચક ભાઈ-બહેનોને મારે એક અનુરોધ કરવાનો છે. હવે આપણા સમાજની લાઈબ્રેરીમાં ઘણા ઉત્તમ પુસ્તકોનો સમાવેશ થઈ ચૂક્યો છે. આ પુસ્તકોનો આપણે સૌ પૂરો લાભ લઈએ તે આપણા ફાયદામાં છે. ટી.વી. આપણો ઘણો સમય લઈ લે છે. આ સમય ઓછો કરીને વાંચવામાં સમય ગાળી શકાય. અત્રે મારે નીચેના ત્રણ પુસ્તકો વાંચવા માટે સૌને ખાસ આગ્રહપૂર્વક વિનંતી કરવાની છે.

૧. "પ્રકાશની પગદંડીઓ". લેખક : પ્રકાશ આમ્ટે
ગુજ.અનુ. : સંજય ભાવે, સ્વમાન પ્રકાશન
આ પુસ્તક વાંચીને તમે સૌ અનહદ આનંદ અનુભવશો, તો બીજું પુસ્તક છે :

૨. "ઓર્કિડ, ઈટલી અને હું" લેખક : વિઠ્ઠલ કામત, ઈમેજ પ્રકાશન.
આ બંને પુસ્તકો વાંચ્યા પછી જો તમારો આનંદ બેવડાય, તો ત્રીજું પુસ્તક છે :

૩. "સંબંધના સરોવર". સંપાદક : સુરેશ દલાલ, ઈમેજ પ્રકાશન.

મને તો ખાતરી છે કે જે આ ત્રણ પુસ્તકો વાંચશે તે આનંદથી ઝૂમી ઊઠશે. વિશેષમાં આ પુસ્તકોની કિંમત પણ ઘણી સસ્તી છે.

પ્રથમ લખેલા પુસ્તક 'પ્રકાશની પગદંડીઓ'ની અત્યારે બાવીસમી આવૃત્તિ ચાલી રહી છે! આ એક વિક્રમ છે.

કોણ લેવા જાય? ક્યાં લેવા જાય? ટાઈમ નથી — આ બહાના ઘણા જૂના છે. આપણને જ્યારે પણ કશાકમાંથી થોડું ઘણું વળતર મળવાનું હોય કે લાભ થવાનો હોય ત્યારે આપણને એકેય બહાના નડતા નથી. જો કે મારી ઈચ્છા તો એવી કે આપણે સૌ આ ત્રણે પુસ્તકો ખરીદીને ઘરમાં વસાવીએ. પરંતુ જો કોઈની ખરીદવાની ઈચ્છા ન જ હોય તો ઘણું કરીને આ ત્રણે પુસ્તકો આપણા સમાજની લાઈબ્રેરીમાં છે તેનો લાભ પણ લઈ શકાય છે. સારા પુસ્તકો ક્યારેય મોંઘા હોતા નથી.

*કરવું જ હોય તો રસ્તા હજાર*
*ન કરવું હોય તો બહાના હજાર.*

આ ત્રણેય પુસ્તકોમાં જરાપણ કંટાળાજનક ફિલસૂફી નથી. હાથમાં લીધા પછી મૂકવાનું મન નહિ થાય.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294

**PRIYANKA ROADLINES** **PRAVIN ROADLINES**

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

# અન્ય સંસ્થાઓના સમાચાર

## HOST FAMILY PROGRAM - KOJAIN UK

*Jai Jinendra,*

Taking inspiration from Kojain US's highly successful Host Family program, Kojain' UK started their own Host Family program in Feb. 2012. We couldn't have managed this without the kind support and blessings of so many people. Let me thank a few - Sangita Rajesh Gala (Gaam: Sadau) for coordinating with students in Mumbai and being a guiding light for them. Dami Rambhia (Gaam: Undoth) for his encouragement and support and Manek Sangoi (Gaam: Nangalpur) for his undying vision for Kojain UK and offering his valued suggestions and inputs. I would also like to specially thank (Adha) - Liladhar Gada for writing about Host Family program in his Oct 2012 article - Pag mein Bhamri.

This year, we are proud to have assisted / guided 12 students who availed of the Host Family program. We wish all these students the very best in their studies and a successful career ahead.

Here is some feedback we have received from the students.

**Abhishek Girish Nagda (Gaam: Naredi)** - University of Strathclyde, UK : The whole Host Family experience was just memorable. I think this program gives a great start up before we start our studies in a new country.

**Darshan Samir Chheda (Gaam: Kandagra)** - University of Southampton, UK : The Host family experience was amazing. Thanks to this program and my host family, I have been able to settle in really quickly and feel safe in this new city. There is nothing better one can ask for.

**Zalak Bharat Shethia (Gaam: Wadala)** - London College of Fashion, UK : My family and I don't have words to say for the support and love we have received from everybody in Kojain UK. I absolutely feel that I am in my home and this is my family.

**Aditi Jayesh Gala (Gaam: Toda)** - University of Warwick, UK : My host family was very helpful and guided me at every step since they knew their way around in the UK.

**Bhavya Mulchand Gala (Gaam : Sadau)** - Birkbeck, University of London, UK : It is really a big thing to take time out of our busy lives today for a stranger. I never really felt like a stranger at my host family's place and had a nice and warm welcome. It was a great experience for me.

I am overwhelmed to read some of this feedback and we are glad we could help. I want to also thank each Host family for their generosity, time and contribution towards the students. Let's keep this wonderful exchange going for the years to come. If you have any additional feedback about this program, please feel free to write to me at mail@paras.me

***Paras Jagdish Mamania for Kojain UK group***
***(Gaam: Bhujpur)***

## ૨૩ ડિસેમ્બરે અંજારમાં દ્વિવિધ સાહિત્ય સમારોહ

કચ્છી સાહિત્ય અકાદમી - ગાંધીનગર તથા સ્વ. કૈલાસ અંતાણી શિક્ષણ સાહિત્ય ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'કચ્છી ભાષામાં અનુવાદ' એ મુખ્ય વિષય પરત્વે તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ અંજાર ખાતે એક પરિસંવાદ યોજાનાર છે. જેમાં સવારના ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધીની બે બેઠકોમાં કચ્છના લબ્ધપ્રતિષ્ઠ ગુજરાતી કવિ - અનુવાદક શ્રી રમણિક સોમેશ્વર અનુવાદકળા તેમજ અનુવાદ વિષયક સ્વાનુભવ વિશે મુખ્ય વક્તવ્ય પ્રસ્તુત કરશે. જ્યારે અન્ય વક્તાઓ સર્વશ્રી નારાયણ જોશી 'કારાયલ', રવિ પેથાણી 'તિમિર', સંજય ઠાકર અને વિશ્રામ ગઢવી – કચ્છીમાં થયેલા વિવિધ અનુવાદ વિશે તેમજ જાણીતા કચ્છી અનુવાદક શ્રી ગૌતમ જોષી 'મૂજી કેફિયત' નિબંધ પ્રસ્તુત કરશે. બેઠકના અધ્યક્ષ તરીકે ડૉ. કાંતિ ગોર 'કારણ' તેમજ જયંતી જોશી 'શબાબ'; જ્યારે સમારંભ અધ્યક્ષ તરીકે પૂર્વ ઍકાદમી અધ્યક્ષ અને 'કચ્છમિત્ર'ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી અને મુખ્ય મહેમાન તરીકે ઍકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહેશે. પરિસંવાદના સંયોજક તરીકે શ્રી ગજેન્દ્ર અંતાણી અને શ્રી અમૃત મહેશ્વરી છે.

સાંજે ૫ વાગે વરિષ્ઠ કચ્છી સાહિત્યકાર શ્રી પ્રભાશંકર ફડકે દ્વારા કચ્છી સાહિત્ય ઍકાદમી દ્વારા પ્રકાશિત મરાઠી જ્ઞાનેશ્વરી ગીતાના કચ્છી અનુવાદ ગ્રંથનો પ્રાકટ્યોત્સવ પણ ઉપરોક્ત મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાશે, તેમ સંસ્થાની એક પ્રેસનોટમાં શ્રી પ્રભાશંકર ફડકે દ્વારા જણાવવામાં આવ્યું છે. ■

*સુંદર વ્યક્તિત્વ અને પ્રભાવશાળી ચહેરાને કોઈની ભલામણની જરૂર નથી.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**નવેમ્બર – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- ચંદ્રકાંત આર. મહેતા — વડોદરા

#### ૩ વર્ષનું લવાજમ

- વલ્લભજી પ્રેમજી શાહ — ભાયખલા, મુંબઈ

#### ૫ વર્ષનું લવાજમ

- રમણિકલાલ ધનજી હરિયા — માટુંગા, મુંબઈ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- ભાલચંદ્ર એન. દવે — ઑપેરા હાઉસ, મુંબઈ
- રોહન લક્ષ્મીચંદ લોડાયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- નયન લક્ષ્મીચંદ લોડાયા — નાગપુર, મહારાષ્ટ્ર
- તરલાબેન લાપસિયા — મુલુંડ, મુંબઈ
- રમેશ રવિલાલ મહેતા — ગાંધીધામ, કચ્છ

#### ૩ વર્ષનું લવાજમ

- વિમલ પી. મામણિયા — બાંદ્રા (વેસ્ટ), મુંબઈ
- જયેશ કાંતિલાલ મહેતા — ભચાઉ, કચ્છ
- દીનાબેન ચેતનભાઈ શાહ — મલબારહિલ, મુંબઈ

#### ૫ વર્ષનું લવાજમ

- ચંદ્રકાંત એ. શાહ — ગોપાલપુરી, ગાંધીધામ
- લહેરચંદ આણંદજી ખોના — ગોપાલપુરી, ગાંધીધામ
- પ્રકાશ બી. છેડા — દહાણું રોડ, મહારાષ્ટ્ર

#### આજીવન લવાજમ

- ભરત ઝવેરચંદ લોડાયા — ગાંધીધામ, કચ્છ

## 'મંગલ મંદિર'ના પૂરા થતાં લવાજમની વિગત

**ડિસેમ્બર-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી**

- ભરત અમૃતલાલ મહેતા — ભુજ, કચ્છ
- દીપક પારેખ — ભુજ, કચ્છ
- નવીન અમૃતલાલ વોરા — ભુજ, કચ્છ
- રવિલાલ નેણશી વોરા — ભુજ, કચ્છ
- અરિહંત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ — ભુજ, કચ્છ
- હસમુખ ચુનીલાલ મહેતા — ભુજ, કચ્છ
- સુરેશ એમ. મહેતા — ભુજ, કચ્છ
- કૌશિક ભગવતીદાસ મહેતા — ભુજ, કચ્છ
- જયેશ હીરાચંદ લાલકા — ભુજ, કચ્છ
- ડૉ. ચુનીલાલ ભારમલ વોરા — ગાંધીધામ, કચ્છ
- પારસમલ નાહટા — ગાંધીધામ, કચ્છ
- અભિષેક નાગડા — મુંદ્રા, કચ્છ
- હરીશ લીલાધર પટવા — માંડવી, કચ્છ
- હીરજી મૂરજી કારાણી — માંડવી, કચ્છ
- સંજય પ્રેમજી શાહ — માંડવી, કચ્છ
- મનસુખલાલ દેવજી ગાંધી — માંડવી, કચ્છ
- રાજેશ વસંતલાલ દોશી — માંડવી, કચ્છ
- મીતા મેહુલભાઈ ત્રિવેદી — મણિનગર, અમદાવાદ
- શામજી રવજી નાગડા — વડોદરા
- શાંતિલાલ કલ્યાણજી લોડાયા — વડોદરા
- અનુપ શાંતિલાલ ચંદુરા — સુરત
- નીતિન વસનજી છેડા — સાંતાક્રુઝ, મુંબઈ
- સુરેશ નાનજી ધરોડ — અંધેરી (ઈસ્ટ), મુંબઈ
- જયેશ આર. છેડા — કાંદિવલી (વેસ્ટ), મુંબઈ
- નૂતન નિલેશ લાપસિયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- શાંતિલાલ દેવજી શાહ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- વસનજી દેરાજ કારાણી — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

## આત્મખોજ

જિંદગીના ઉત્તમ વર્ષોને આપણા સુખ અને સગવડ ખાતર ખર્ચી નાખનાર મા-બાપને વૃધ્ધાવસ્થામાં એકાદ સુખની ક્ષણ ન સાંપડે તેવું વર્તન કરીએ છીએ. જિંદગીની તમામ મૂડી આપણાં ઉછેર અને શિક્ષણ પાછળ ખર્ચી નાખનાર મા-બાપને વૃધ્ધાવસ્થામાં પૈસા - પૈસા માટે મોહતાજ કરી દઈએ છીએ. બાલ્યાવસ્થામાં લાગણી, પ્રેમ, હૂંફ આપનાર મા-બાપને વૃધ્ધાવસ્થામાં પ્રેમ, હૂંફ, લાગણીની જરૂર છે ત્યારે વાતે વાતે તિરસ્કૃત કરીએ છીએ. જિંદગીના કેટલાંય વર્ષો સુધી પ્રેમથી જતન કરનાર મા-બાપને પાંચ વર્ષ પણ પ્રેમથી ન પાળી શકીએ? રે માનવ! તું ક્યારેય આત્મખોજ નહીં આદરે? ■


સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર

cps

**કમર્શિયલ પેકીંગ સર્વિસીસ**

સ્થાપના ૧૯૫૮

ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ

53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ,
જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ બંગાળ તથા બાંગ્લાદેશની સીમા પર આવેલા બહાનગર શહેરમાં માત્ર મુસ્લિમો માટે એક અતિ આધુનિક હોસ્પિટલ ખોલવાનું જાહેર કર્યું છે. એ હોસ્પિટલમાં મેડિકલ કૉલેજ પણ હશે. ***(સાધના, તા. ૨૯-૯-૧૨)***

(૨) ઈરાનની ખોરાદ નામની સંસ્થાના વડા ધર્મગુરુ હસન સનેઈએ જાહેર કર્યું છે કે જે કોઈ લેખક સલમાન રશ્દીની હત્યા કરી નાખશે તેને ૩૩ લાખ ડોલરનું ઈનામ આપવામાં આવશે. ***(સાધના, તા. ૨૯-૯-૧૨)***

(૩) પંજાબની વિધાનસભામાં ૩૦ કાગડાઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. સ્પીકર ચરણજીતસિંહે પંજાબના જોગા નામના ગામે ક્રશીંગ ફેક્ટરીમાં મૃત્યુ પામેલા ૩૦ કાગડાઓને શ્રદ્ધાંજલિ આપતાં તેમનું એક મેમોરિયલ બનાવવા માટે એક કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી. ***(સાધના, તા. ૨૯-૯-૧૨)***

(૪) ઈન્ડેન એલ.પી.જી. ગેસ એજન્સીના ટ્રાન્સપેરન્સી પોર્ટલ દ્વારા જાહેર કરવામાં આવેલ છે કે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીના કાર્યાલયમાં ત્યાં બનતી ચ્હા (માત્ર ચ્હા) માટે મહિને ૮ સિલિન્ડર વપરાય છે. ***(સાધના, તા. ૨૯-૯-૧૨)***

(૫) મુંબઈ કલ્યાણના ગણેશવાડીના ૪૧ વર્ષના નારાયણ પાટીલે કસાબને ફાંસીએ ચડાવવાની માંગણી કરતા રોજનો એક પત્ર રાષ્ટ્રપ્રમુખ, વડાપ્રધાન તથા ગૃહપ્રધાનને લખે છે. દરેક પત્ર પર રૂા. ૫/-ની ટિકિટ લગાડે છે. અત્યાર સુધીમાં તેણે ૧૩૬૬ પત્રો લખ્યા છે. ***(સાધના, તા. ૨૯-૯-૧૨)***

(૬) પીવાનું પાણી મેળવવા માટે લાંબા અંતરનું રઝળપાટ કરવું પડે છે. તેવા ગામોમાં બનાસકાંઠાના ૧૮૧ ગામો, સાબરકાંઠાના ૧૫૩, પાટણના ૮૭, રાજકોટના ૬૨, અમરેલીના ૫૮, કચ્છના ૫૧, ભાવનગરના ૨૫, પોરબંદરના ૯, અમદાવાદના ૫, જામનગરના ૫ તથા જૂનાગઢ જિલ્લાના ૩૭૧ ગામોના લોકો છે. ***(લોક સ્વરાજ, ઓક્ટોબર-૨૦૧૨)***

(૭) ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ શ્રી આદર્શ પાલ શરાબની પરમિટ ધરાવે છે. કુલપતિશ્રીએ ખુલાસો કર્યો છે કે એ પરમિટ મિત્રો માટે છે! ***(નયા માર્ગ, તા. ૧-૧૦-૧૨)***

(૮) હિંદુસ્તાનમાં એક લાખ બાળકોના જન્મ દીઠ ૨૩૦ માતાઓ મૃત્યુ પામે છે. જર્મનીમાં આ પ્રમાણ ૭ છે. સ્પેનમાં ૬ છે, અમેરિકામાં ૧૨ છે, સ્વીડનમાં માત્ર ૫ છે. પાકિસ્તાનમાં ૨૬૦ છે. ***(નયા માર્ગ, તા. ૧-૧૦-૧૨)***

(૯) બિહારના સમસ્તીપુરમાં ૧૯૭૫માં થયેલ એક બોમ્બ ધડાકામાં એક મંત્રીશ્રીની હત્યા થઈ હતી. આ કેસ હજુ ૩૭ વર્ષથી ચાલુ છે જેનો ચુકાદો આવ્યો નથી. આ કેસના કુલ્લે ૩૪ સાક્ષીઓમાંથી ૩૧ સાક્ષીઓ ગુજરી ગયા છે. ***(નયા માર્ગ, તા. ૧-૧૦-૧૨)***

(૧૦) મુંબઈ મહાનગર પાલિકાએ છેલ્લા છ માસમાં જાહેરમાં થુંકવાના અપરાધ બદલ કુલ્લે એક લાખ દસ હજાર લોકો પાસેથી આશરે સવા બે કરોડ જેટલો દંડ વસૂલ કર્યો છે. ***(ચિત્રલેખા, તા. ૧૫-૧૦૧૨)***

(૧૧) આપણા દેશના પ્રધાનમંત્રી બાળકોના કૂપોષણને 'રાષ્ટ્રની શરમ' ગણાવે છે. તેમના જણાવ્યા પ્રમાણે દેશના ૫ વર્ષથની નીચેના ૪૬ ટકા બાળકો હાલ કૂપોષણથી પીડાય છે. ***(અનસૂયા, તા. ૬-૧૦-૧૨)***

(૧૨) કેરળ કોંગ્રેસના મુખ્યમંત્રી ઓમન ચાંડીએ તા. ૨૬-૬-૨૦૧૨ના વિધાનસભામાં લેખિત જવાબમાં જણાવ્યું કે વર્ષ ૨૦૦૬થી અત્યાર સુધીમાં રાજ્યમાં ૭૭૧૩ લોકોને ઈસ્લામમાં મતાંતરીત કરવામાં આવેલ છે. કુલ મતાંતરીતમાંથી સ્ત્રીઓની સંખ્યા ૨૬૮૮ છે. તેમાંથી ૨૧૯૬ સ્ત્રીઓ હિંદુ છે અને ૪૯૨ ખ્રિસ્તી છે. ***(વિશ્વ હિંદુ સમાચાર, ઓક્ટોબર-૨૦૧૨)***

(૧૩) ગાંધીજીની 'નઈ તાલીમ' શિક્ષણ યોજના અનુસાર આજે ગુજરાતમાં ૬૧૦ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા (પ્રાથમિક), ૮૩ ઉ.બુ. આશ્રમ શાળા (માધ્યમિક), ૫૫૬ ઉ.બુ. વિદ્યાલય, ૫૨ ઉચ્ચતર ઉ.બુ. વિદ્યાલયો, ૪૪ બુનિયાદી અધ્યાપન મંદિર, ૨૪ ગ્રામ મહાવિદ્યાલય અને ૩૦૦થી વધુ વિવિધ વર્ગોના છાત્રાલયો ચાલી રહ્યા છે. આ સંસ્થાઓમાં સરકારી ઔપચારિક ભણવાનું નથી. પણ ખેતી, બાગાયત, ગૌશાળા, શ્રમદાન, સફાઈ, ખાદીકામ અને વિવિધ ગ્રામોદ્યોગની તાલીમ અપાય છે. છાત્રાલયોમાં સંપૂર્ણ સ્વાવલંબનની તાલીમ અપાય છે. ***('ભૂમિપુત્ર', તા. ૧-૯-૧૨)***

*(ગુજરાતમાં નક્સલવાદ ફૂલ્યોફાલ્યો નથી તેનું મુખ્ય કારણ ઉપર જણાવેલ સંસ્થાઓ હોઈ શકે છે.)*

(૧૪) દિલ્હીની જામા મસ્જિદનું વીજળી કનેક્શન કાપી નાખવામાં આવેલ છે કારણકે તેણે છેલ્લા ત્રણ વર્ષથી વીજળીનાં બીલ ભરેલ નથી. ટોટલ બીલની રકમ સવા ત્રણ કરોડ જેટલી

LIC
LIFE INSURANCE CORPORATION OF INDIA
भारतीय जीवन बीमा निगम

**Kantilal K. Shah**
Member of the Branch Manager's Club for Agents
**LIFE INSURANCE CORPORATION OF INDIA**
**Off. :** 101, Bhagtani Bhuvan, Plot No. 71, Sector 1/A, Gandhidham, Kutch. **M. : 94274 58520**

છે અને છતાં મસ્જિદમાં જે જગ્યાએ નમાઝ અદા કરવામાં આવે છે તે જગ્યાએ વીજ પુરવઠો ચાલુ રાખવામાં આવેલ છે! *(સાધના, તા. ૬-૧૦-૧૨)*

(૧૫) નેપાળમાં સીપીએમ - માઓવાદી સંગઠન દ્વારા નેપાળમાં હિંદી ફિલ્મો, હિંદી સંગીત ઉપરાંત હિંદની નંબર પ્લેટવાળા વાહનો પર પ્રતિબંધ લગાડવામાં આવેલ છે. નેપાળના દસ જિલ્લાઓમાં હિંદની નંબર પ્લેટવાળા સંખ્યાબંધ વાહનોને આગને હવાલે કરી દેવામાં આવ્યા છે. *(સાધના, તા. ૬-૧૦-૧૨)*

(૧૬) દુનિયામાં દર વર્ષે ૯ કરોડ જેટલા ગર્ભપાત થાય છે. હિંદમાં તે સંખ્યા ૬૫ લાખ જેટલી છે. આપણા દેશમાં ૨૦૧૧ના વર્ષમાં દર કલાકે (રીપીટ દર કલાકે) ૧૬ માણસો એમ કુલ્લે એક લાખ પાંત્રીસ હજાર વ્યક્તિઓએ હતાશ થઈને આત્મહત્યા કરી હતી. તેમાં ૧૪૦૦૦થી વધારે ખેડૂતો હતા. *(અખંડ આનંદ, સપ્ટેમ્બર-૨૦૧૨)*

(૧૭) આર.ટી.આઈ. કાર્યકર્તા શ્રી રમેશ શર્માએ આર.ટી.આઈ. મારફતે મેળવેલ માહિતી મુજબ સોનિયા ગાંધીની વિદેશ યાત્રાઓ પાછળ ભારતીય એમ્બેસીઓએ તેમની હોટેલ, ગાડી તથા ટેલિફોન પાછળ ૮૦ લાખ રૂા. ખર્ચ કરેલ છે. *(સાધના, તા. ૧૩-૧૦-૧૨)*

(૧૮) ઉત્તર પ્રદેશનાં કિસનગંજ જિલ્લા જેલમાં બિસાહાનાથ નામના કેદીનું મૃત્યુ થયું. આ કેદી મરીને ભૂત થયો એવી માન્યતા અન્ય કેદીઓમાં ફરી વળી. આ ભૂતને ભગાડવા માટે જેલ સુપ્રિન્ટેન્ડન્ટે ઈમામુદ્દીન નામના ભૂવાને બોલાવીને તાંત્રિક વિદ્યાનો ઉપયોગ કર્યો. *(સાધના, તા. ૧૩-૧૦-૧૨)*

(૧૯) 'કહો ના પ્યાર હૈ' નામની ફિલ્મને મળેલ સફળતા પછી તેના હીરો રિતિક રોશનને આવતા વેલેન્ટાઈન ડે વખતે દેશભરમાંથી ૩૦,૦૦૦ યુવતીઓએ લગ્ન માટેનો પ્રસ્તાવ મોકલ્યો હતો! *(સંદેશ, તા. ૨૧-૧૦-૧૨)*

*(શું કહેવું? આ છે આપણા દેશની છબી!!)*

(૨૦) કેન્દ્રની યુ.પી.એ. સરકારે પ્રથમ ત્રણ વર્ષ પૂરા કર્યા તેની ઉજવણીમાં મહેમાન દીઠ કેટલો ખર્ચ થયો? એવી એક આર.ટી.આઈ. અરજીના જવાબમાં સરકારે જણાવેલું કે રૂા. ૭૭૨૧/-નો ખર્ચ થયો. *(દિવ્ય ભાસ્કર, તા. ૨૧-૧૦-૧૨)*

(૨૧) આર.ટી.આઈ. હેઠળ કરેલી એક અરજીના જવાબમાં નવી દિલ્હીની કલાવતી સારન હોસ્પિટલ તરફથી જવાબમાં જણાવ્યા મુજબ છેલ્લા પાંચ વર્ષમાં આ હોસ્પિટલમાં દસ હજાર બાળકોનાં મૃત્યુ થયા છે. *(દિવ્ય ભાસ્કર, તા. ૨૧-૧૦-૧૨)*

(૨૨) બેંગ્લોરના ઈન્ફોસીસ ફાઉન્ડેશનના ચેરપર્સન સુધા મૂર્તિએ લોકો જાહેરમાં સંડાસ ન કરે એ હેતુથી બેંગ્લોરની ફૂટપાથ પર ૮૦ જેટલાં જાહેર સેનીટેશન સુવિધા સંકુલ ઊભા કર્યા છે. પુરુષો માટે અલગ તથા સ્ત્રીઓ માટે પણ અલગ. *(નયા માર્ગ, તા. ૧૬-૧૦-૧૨)*

(૨૩) કચ્છના ભુજ તાલુકાના સરલી ગામના જાદવજી દેવરાજ તથા દિનેશ રાબડિયાએ સજીવ ખેતી કરીને ૧૪ કિલો વજનનું તરબુચ ઊગાડી કચ્છનું નામ રોશન કર્યું છે. *(વિવેકપંથી, ઓગસ્ટ-સપ્ટે. ૨૦૧૨)*

(૨૪) આર.ટી.આઈ. દ્વારા મળેલ માહિતી મુજબ માજી રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલે પોતાના શાસનકાળ દરમ્યાન કુલ્લે ૨૨ દેશની વિદેશયાત્રા પાછળ ૨૦૫ કરોડ રૂપીયાનો ખર્ચ કર્યો હતો. વિદેશ યાત્રાઓમાં તેમના પતિ તથા અન્ય સગાંઓ પણ સામેલ હતા. *(દિવ્ય ભાસ્કર, તા. ૨૩-૧૦-૧૨)*

(૨૫) ફાંસીની સજા પામેલો આતંકવાદી કસાબે આર્થર રોડ જેલમાં સ્ટારબક્સ કોફી અને સાથે પોતાનો મનપસંદ બિરિયાનીની માંગણી કરી છે. આથી જેલતંત્ર ચિંતામાં મૂકાઈ ગયું છે. જ્યારે સ્ટારબક્સ કંપની ઉત્સાહિત થઈ ગઈ છે. *(સીટી ભાસ્કર, તા. ૨૫-૧૦-૧૨)*

(૨૬) જાપાને નિર્ણય કર્યો છે કે વર્ષ ૨૦૪૦ સુધીમાં તેના ૫૦ અણુ રીએક્ટરો સંપૂર્ણ બંધ કરી દેવામાં આવશે. ફ્રાન્સે નિર્ણય કર્યો છે કે પોતાને ત્યાં અત્યારે ૭૫% વીજળી અણુ દ્વારા મળે છે તે ૨૦૨૫ સુધીમાં ઘટાડીને ૨૫% સુધી મર્યાદિત કરશે. જર્મનીએ નિર્ણય કર્યો છે કે ૨૦૨૨ સુધીમાં ત્યાંના તમામ અણુ વીજ મથકોને સંપૂર્ણ બંધ કરી દેવામાં આવશે. ભારત સરકારે રશિયા સાથે અણુ વીજમથક સંબંધેના કરારની વિગતો આપવાની આર.ટી.આઈ. હેઠળ કરેલી અરજીનો જવાબ આપવાની ના પાડેલ છે. *(ભૂમિપુત્ર, તા. ૧૬-૧૦-૧૨)*

(૨૭) હૈદ્રાબાદના સી.બી.આઈ. જજ ટી. પટ્ટાભી રામારાવ પાંચ કરોડની લાંચ લેવા માટે પકડાઈ જતાં સેવા નિવૃત્ત કરવામાં આવેલ છે. *(વિવેકપંથી, ઓગસ્ટ-સપ્ટે. ૨૦૧૨)*


(૨૮) થાઈલેન્ડમાં ૧૯૯૭ની સાલમાં વિદેશી કંપનીઓ (એફ.ડી.આઈ.)ને પરચૂરણ માલની દુકાનો ખોલવાની છૂટ આપવામાં આવી. માત્ર પાંચ જ વર્ષમાં ત્યાં અનાજ - કરિયાણાની ૬૦ ટકા જૂની દુકાનો બંધ થઈ ગઈ. અને બ્રિટનમાં પણ મલ્ટીબ્રાન્ડ રીટેલમાં મોટી કંપનીઓને દુકાનો ખોલવાની છૂટ આપ્યા પછી ૫૦ ટકા જેટલી જૂની દુકાનો બંધ થઈ ગઈ છે. *(ગુજરાત સમાચાર, તા. ૨૯-૯-૧૨)*

Sathwara Construction
**Engineers & Contractors**

C/174, Ambica Krupa Society,
Nr. Someshwar Tenament, Ranip,
Ahmedabad.
**Ph. : (079) 27525366**
**Mobile : 98985 76892**

## શબ્દ રમત-૭૭

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧૨-૨૦૧૨*

### આડી ચાવીઓ

૧. કામઠું, ધનુષ (૩)
૩. અજવાળું (૩)
૬. બહાર જતું કે મોકલાતું (૩)
૯. પાસ નહીં તેવું (૩)
૧૦. જનાવર કસરત વગેરે ખેલનો તમાસો (૪)
૧૧. એક વિદેશી દારૂ (૨)
૧૨. સ્વાદ, માધુર્ય, આસક્તિ (૨)
૧૩. મહત્તા, આદર, ગાંભીર્ય (૩)
૧૫. પરોપકાર વૃત્તિથી કરેલી દેણગી, ભેટ (૨)
૧૮. સ્તુતિ, ભક્તિકાવ્ય (૩)
૨૦. પ્રીતિ, ભાવ, સ્નેહ (૨)
૨૧. કિંમત, દર (૨)
૨૨. લોહી, શોણિત (૨)
૨૪. વરસાદની ફરફર (૪)
૨૬. માનવ, મનુષ્ય (૨)
૨૭. રાત્રિ, રજની (૨)
૨૮. બત્તી, દીવેટ (૨)
૨૯. જગત, દુનિયા (૨)
૩૧. સૂઝ, સમજણ (૪)
૩૪. __________ અમર છે (૨)
૩૬. સુગ્રીવનો મોટો ભાઈ, રક્ષક, પાલક (૨)
૩૭. વરદાન, પતિ (૨)
૩૯. લીન, આસક્ત (૨)
૪૨. સગાઈ, સંબંધ (૪)
૪૩. પકડવું તે (૩)
૪૪. કૂંચી, ઉપાય (૨)
૪૬. કહાની, હકીકત (૨)
૪૮. મગદૂર (૩)
૪૯. કામ, કાર્ય (૩)
૫૦. સહેવું, ખમવું તે (૩)
૫૧. સોનું (૩)

### ઊભી ચાવીઓ

૨. મહિનો (૨)
૩. જન્મ કે ઉત્પત્તિની ક્રિયા (૩)
૪. મોટર (અં.) (૨)
૫. બાજ (૩)
૭. દેવદેવીએ પ્રસન્ન થઈ આપેલું વરદાન (૪)
૮. અનિચ્છા, અભાવ (૩)
૯. દોજખ (૩)
૧૪. રક્ષણ, રાખડી (૨)
૧૬. સરોવર કે નદીમાંથી ખોદેલો મોટો કાંસ (૩)
૧૭. હોમ, યજ્ઞ (૩)
૧૮. થર, પડ (૨)
૧૯. સમય (૨)
૨૩. વાર્તા, વાતચીત (૨)
૨૫. અણું, કસ્તર, થોડું (૨)
૨૮. વાંદરો (૩)
૩૦. એક શાક (૩)
૩૨. શરીરની ગરમી વધવાનો એક રોગ (૨)
૩૩. ઉનું, ઉષ્ણ (૩)
૩૫. ડહાપણ, ચતુરાઈ (૪)
૩૬. ત્રણ ફૂટ લંબાઈનું માપ, વિલંબ (૨)
૩૮. વસ્તુની કિંમત કે ભાવ, તેની વધઘટ (૪)
૪૦. છબી, મિત્ર (૪)
૪૧. સુંઘવાની ઈન્દ્રિય, શ્વાસ લેવાની ઈન્દ્રિય (૨)
૪૩. પડતી, હાર (૩)
૪૫. બહાદુર ભાઈ, વીરો (૨)
૪૬. કેવું સારું! શાબાશ! એવો પ્રશંસાનો ઉદ્‌ગાર (૨)
૪૭. શરીર, દેહ (૨)
૪૮. સંકલ્પ - વિકલ્પ કરવાની ઈન્દ્રિય (૨)

સ્થાપના : ૧૯૮૪
કે.કે. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

# અબડાસા ગૌશાળા ટ્રસ્ટ

ગામ : રાપરગઢવાળી, અબડાસા (કચ્છ)

## એક આદર્શ ગૌસંવર્ધન શાળા



ગીર ગાય



દેશી ગાય



થરપારકર ગાય



કાંકરેજ ગાય

**વિપુલ લોડાયા : મો. ૦૯૯૭૯૫ ૨૩૯૯૭**

**● ટ્રસ્ટીશ્રીઓ ●**

**મોહનભાઈ રાંભિયા (વિંઝાણ)**

**વસંતભાઈ શાહ (લાયજા)**

**હિતેશભાઈ મોતા (રાપરગઢ)**

### સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૦નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૨૭. નવીન શામજી લાલકા - ગદગ
૨૮. મીના પુંકેશ નાગડા - વડોદરા

### ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૧નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૨૦. જ્યોતિ લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૨૧. આરતી લક્ષ્મીચંદ મૈશેરી - અમદાવાદ
૨૨. કિંજલ તિલકચંદ મૈશેરી - અમદાવાદ
૨૩. કિરણ હરખચંદ ગાલા - ઉમરગામ
૨૪. લતા દિનેશ શાહ (મોમાયા) - પુના
૨૫. મીના પુંકેશ નાગડા - વડોદરા
૨૬. કામિની પરેશ ગાલા - વડોદરા

### નવેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૨નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. ઉષા નીતિન હરિયા - વડોદરા
૨. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૩. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૪. સુરેન્દ્ર બી. જૈની - અમદાવાદ
૫. ચંદ્રકાંત ભવાનજી મૈશેરી - અમદાવાદ
૬. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૭. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૮. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૯. તરૂણ પ્રતાપ દંડ - અમદાવાદ

**જ્યારે આપણામાં સ્વાર્થવૃત્તિનો અભાવ હોય ત્યારે આપણું સર્વોત્તમ કાર્ય પરિપૂર્ણ થાય છે અને આપણો શ્રેષ્ઠ પ્રભાવ સિદ્ધ થાય છે.**

## સુડોકુ

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

સુડોકુ ક્રમાંક-૧૦૩૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૧૨-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જાન્યુઆરી-૨૦૧૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**<u>શરતો</u> :** ૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

### ક્રમાંક - ૧૦૩૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૭ | | ૫ | ૩ | | ૨ |
| | ૧ | | | ૯ | | | | |
| ૨ | | | ૩ | | | ૮ | | ૫ |
| | ૨ | | ૪ | ૭ | | ૯ | | |
| | ૯ | | | | | | ૨ | |
| | | ૬ | | ૫ | ૨ | | ૩ | |
| ૪ | | ૯ | | | ૭ | | | ૬ |
| | | | | ૨ | | | ૫ | |
| ૮ | | ૨ | ૬ | | ૪ | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | | ૫ | ૯ | | |
| | ૩ | | | ૯ | | ૫ | ૧ | |
| | | ૫ | ૮ | | ૪ | | ૩ | |
| ૮ | | | ૯ | | | ૭ | ૬ | |
| ૫ | | | | ૮ | | | | ૪ |
| | ૬ | ૯ | | | ૨ | | | ૫ |
| | ૮ | | ૩ | | ૧ | ૪ | | |
| | ૪ | ૧ | | ૨ | | | ૭ | |
| | | ૭ | ૪ | | | | | ૩ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | ૫ | | | ૩ |
| | | | | ૬ | | ૧ | ૪ | |
| | ૫ | ૭ | | | ૩ | | | |
| | | ૮ | ૯ | | | ૬ | ૧ | |
| | | | | ૭ | | | | |
| | ૯ | ૪ | | | ૧ | ૮ | | |
| | | | ૫ | | | ૪ | ૯ | |
| | ૪ | ૯ | | ૮ | | | | |
| ૧ | | | ૭ | | | | ૨ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૧ | | | | |
| | ૭ | ૮ | ૯ | | | | | ૫ |
| ૨ | | | ૪ | | | ૯ | | |
| ૪ | ૮ | ૬ | | | ૭ | | | |
| | | ૫ | | ૪ | | ૨ | | |
| | | | ૧ | | | ૬ | ૮ | ૪ |
| | | ૨ | | | ૧ | | | ૩ |
| ૮ | | | | | ૨ | ૧ | ૫ | |
| | | | | ૮ | | | ૬ | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૩૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૯ | ૩ | ૪ | ૮ | ૬ | ૧ | ૫ |
| ૬ | ૪ | ૮ | ૯ | ૧ | ૫ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૧ | ૫ | ૬ | ૨ | ૭ | ૪ | ૮ | ૯ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૯ | ૬ | ૧ | ૭ | ૮ |
| ૮ | ૯ | ૭ | ૧ | ૫ | ૪ | ૩ | ૬ | ૨ |
| ૧ | ૬ | ૨ | ૭ | ૮ | ૩ | ૯ | ૫ | ૪ |
| ૭ | ૮ | ૧ | ૪ | ૩ | ૯ | ૫ | ૨ | ૬ |
| ૪ | ૨ | ૬ | ૫ | ૭ | ૧ | ૮ | ૯ | ૩ |
| ૯ | ૫ | ૩ | ૮ | ૬ | ૨ | ૭ | ૪ | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૩ | ૭ | ૬ | ૪ | ૮ | ૨ | ૫ |
| ૪ | ૭ | ૫ | ૮ | ૧ | ૨ | ૬ | ૩ | ૯ |
| ૨ | ૬ | ૮ | ૫ | ૯ | ૩ | ૪ | ૧ | ૭ |
| ૧ | ૯ | ૬ | ૩ | ૮ | ૫ | ૭ | ૪ | ૨ |
| ૫ | ૨ | ૭ | ૬ | ૪ | ૯ | ૩ | ૮ | ૧ |
| ૮ | ૩ | ૪ | ૨ | ૭ | ૧ | ૯ | ૫ | ૬ |
| ૭ | ૪ | ૧ | ૯ | ૫ | ૮ | ૨ | ૬ | ૩ |
| ૬ | ૫ | ૨ | ૪ | ૩ | ૭ | ૧ | ૯ | ૮ |
| ૩ | ૮ | ૯ | ૧ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૯ | ૮ | ૬ | ૫ | ૨ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૫ | ૪ | ૧ | ૨ | ૬ | ૭ | ૯ |
| ૪ | ૨ | ૬ | ૯ | ૭ | ૩ | ૫ | ૧ | ૮ |
| ૨ | ૩ | ૭ | ૧ | ૫ | ૬ | ૯ | ૮ | ૪ |
| ૮ | ૫ | ૧ | ૩ | ૪ | ૯ | ૭ | ૨ | ૬ |
| ૯ | ૬ | ૪ | ૭ | ૨ | ૮ | ૧ | ૩ | ૫ |
| ૧ | ૯ | ૩ | ૬ | ૮ | ૭ | ૪ | ૫ | ૨ |
| ૫ | ૪ | ૮ | ૨ | ૯ | ૧ | ૩ | ૬ | ૭ |
| ૬ | ૭ | ૨ | ૫ | ૩ | ૪ | ૮ | ૯ | ૧ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૬ | ૩ | ૧ | ૭ | ૫ | ૯ | ૪ |
| ૭ | ૫ | ૧ | ૮ | ૪ | ૯ | ૩ | ૬ | ૨ |
| ૩ | ૪ | ૯ | ૬ | ૫ | ૨ | ૧ | ૭ | ૮ |
| ૧ | ૯ | ૮ | ૫ | ૭ | ૬ | ૨ | ૪ | ૩ |
| ૪ | ૬ | ૨ | ૯ | ૩ | ૧ | ૮ | ૫ | ૭ |
| ૫ | ૭ | ૩ | ૨ | ૮ | ૪ | ૯ | ૧ | ૬ |
| ૯ | ૧ | ૪ | ૭ | ૨ | ૩ | ૬ | ૮ | ૫ |
| ૬ | ૨ | ૫ | ૪ | ૯ | ૮ | ૭ | ૩ | ૧ |
| ૮ | ૩ | ૭ | ૧ | ૬ | ૫ | ૪ | ૨ | ૯ |

*તમે હસો તો બીજા પણ હસશે, રડતા હશો તો એમાં લગભગ એકલા હશો.*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## દુનિયાની દસ સૌથી મોંઘી કલાકૃતિઓ

| | પેઈન્ટિંગ/સ્કલ્પચર | રચયિતા | કિંમત (રૂ.માં) |
|---|---|---|---|
| ૧. | ધ સ્ક્રીમ (૧૮૭૫) | એડવર્ડ મંચ | ૬.૫૪ અબજ |
| ૨. | ન્યુડ, ગ્રીન લીવ્સ એન્ડ બસ્ટ (૧૯૩૨) | પિકાસો | ૫.૮૩ અબજ |
| ૩. | લો હોમક ક્યુઈ માર્શ (૧૯૬૧) | અલ્બર્ટો જિયોકોમેટી | ૫.૭૭ અબજ |
| ૪. | બોય વીથ એ પાઈપ (૧૯૦૫) | પિકાસો | ૫.૭૨ અબજ |
| ૫. | આદેલ બ્લોશ બોયર-૨ (૧૯૧૨) | ગુસ્તાવ ક્લિટ | ૪.૭૮ અબજ |
| ૬. | ટ્રિપ્ટીશ (૧૯૭૬) | ફ્રાંસિસ બૈકન | ૪.૬૮ અબજ |
| ૭. | ચીની પ્રોક્લેન વાસ (૧૮મી સદી) | કિયાત લોન્ગ યુગ | ૪.૬૭ અબજ |
| ૮. | ડોરા માર અયૂચટ (૧૯૪૧) | પિકાસો | ૪.૫૬ અબજ |
| ૯. | ડૉ. પોલ ગેશેટ પોટ્રેટ (૧૮૯૦) | વિન્સેન્ટ વેન ગોગ | ૪.૫૧ અબજ |
| ૧૦. | લે બાસિન ઓક્સ નિફિયાસ (૧૯૧૯) | ક્લોડે મોનેટ | ૩.૬૩ અબજ |

## સૌથી શ્રીમંત નેતાઓ

| | નેતાનું નામ | દેશ | સંપત્તિ |
|---|---|---|---|
| ૧. | માઈકલ બ્લૂમ બર્ગ | અમેરિકા | ૨૨ અબજ ડોલર |
| ૨. | મિખાઈલ પ્રોખોરોવ | રશિયા | ૧૩.૨ અબજ ડોલર |
| ૩. | બિદજિના ઈવાનિશવિલિ | જ્યોર્જિયા | ૬.૪ અબજ ડોલર |
| ૪. | સિલ્વીયો બ્લુસ્કોની | ઈટાલી | ૫.૮ અબજ ડોલર |
| ૫. | હેનરી રોસ પેરટ સિનિયર | અમેરિકા | ૩.૫ અબજ ડોલર |
| ૬. | આંદ્રે ગુરિએવ | રશિયા | ૩.૫ અબજ ડોલર |
| ૭. | નગુઈબ સાવિરિસ | મિસર | ૩.૧ અબજ ડોલર |
| ૮. | નાજિબ મિકાતી | લેબેનોન | ૩ અબજ ડોલર |
| ૯. | સેબેસ્ટિયન પિનેરા | ચિલી | ૨.૪ અબજ ડોલર |
| ૧૦. | જેક ગ્રીન | અમેરિકા | ૨.૧ અબજ ડોલર |

## શબ્દ રમત-૭૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | બુ | રી | | પ્ર | ણા | લિ | | અ | ને | ક | |
| ત્કા | | વા | ચ | કા | | બા | ત | મી | | રે | વા |
| ર | મૂ | જ | | શ | ખ | સ | | ર | મ | ણ | |
| | ર | | | | પ્પ | | | | હે | | ઘા |
| જો | ખ | મ | | ચ | ર | મ | | આ | ક | ડો | |
| બ | | કા | ગ | ડા | | ના | ર | દ | | લ | ઘુ |
| ન | વી | ન | | ઇ | સા | ઈ | | ત | ગ | ર | |
| | ત | | | | દ | | | | હ | | ર |
| બ | ક | રું | | પ | ડી | કું | | મા | ન | વ | તા |
| ળે | | ધ | નિ | ક | | જ | મા | ત | | જ | શ |
| વ | ચ | ન | | ડ | ગ | ર | | મ | હા | ન | |
| | ક્ર | | ચા | | જ | | ઝૂ | | ર | | |

*સપ્ટેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૪ના સમય મર્યાદા બાદ મળેલ ઉકેલ મોકલાવનારના નામ*

૨૬. નવીન શામજી લાલકા - ગદગ

*ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૫ના સમય મર્યાદા બાદ મળેલ ઉકેલ મોકલાવનારના નામ*

૧૫. વાસંતી સુરેશ શાહ - ભુજ બધા સાચા

૧૬. હીરેન વીરચંદ શાહ - અમદાવાદ ૪ ભૂલ

*નવેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૬ના ઉકેલ મોકલાવનારના નામ*

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ બધા સાચા

૨. ચંદ્રા મહેન્દ્ર શાહ - ભટ્ઠા, અમદાવાદ બધા સાચા

૩. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ બધા સાચા

૪. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ બધા સાચા

૫. શાંતિભાઈ વ. શાહ - અમદાવાદ ૧ ભૂલ

૬. સરોજ જયેશ શાહ - અમદાવાદ ૧ ભૂલ

**પ્રેમની સર્વશક્તિમત્તામાં શ્રદ્ધા રાખો. શું તમારી પાસે પ્રેમ છે? તો તમે સર્વશક્તિમાન છો. શું તમે સંપૂર્ણપણે નિઃસ્વાર્થી છો? જો એવું હોય તો કોઈપણ વ્યક્તિ તમારો પ્રતિકાર કરી શકે નહીં. ચારિત્ર જ સર્વત્ર ફળદાયી નીવડે છે.**

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

★ **ગાંધીધામમાંથી નકલી નોટો પકડાઈ :** કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામ ખાતે તાજેતરમાં સ્પેશિયલ ઑપરેશન ગ્રુપ દ્વારા ફરી એકવાર એક લાખની નકલી નોટોના જથ્થા સાથે મૂળ બિહારના બે શખ્સોને પકડવામાં આવ્યા હતા. રૂા. ૧૦૦૦ અને રૂા. ૫૦૦ની ચલણી નોટો બજારમાં વટાવે તે પહેલા જ તેઓ પોલીસની પકડમાં આવી ગયા હતા. નવાઈની વાત એ હતી કે, પકડાયેલા આરોપીઓમાંના એક શખ્સના પત્ની અને ભાઈ હાલ ભુજની પાદરા જેલમાં છે. તેમને જામીન કરાવવા માટે આ બંને શખ્સો ગાંધીધામ આવ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

★ **ઈરાનમાં આંતરરાષ્ટ્રીય બાળ ફિલ્મોત્સવ - બે કચ્છી વ્યક્તિ :** ઈરાન ખાતે તાજેતરના ૨૬મા આંતરરાષ્ટ્રીય બાળ ફિલ્મોત્સવમાં ઈટાલી, સ્પેન, જર્મની, ટ્યુનિશિયા, લેબનોન, શ્રીલંકા જેવા દેશોની ફિલ્મી હસ્તીઓ ઉપસ્થિત હતી. તેમની સાથે બે કચ્છી વ્યક્તિઓ સામેલ હતા. જેમાં એક હતા કચ્છી દિગ્દર્શક શ્રી વિનોદ ગણાત્રા અને બીજા કચ્છી બાળ કલાકાર શ્રી મીત સંજય ઠક્કર. તેઓશ્રી બાળ ફિલ્મોત્સવમાં જ્યુરી તરીકે ઉપસ્થિત હતા.

બાળ ફિલ્મોત્સવના અંતિમ દિને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયાની સામે કુલ ૨૭ જ્યુરીની મુલાકાત ગોઠવાઈ હતી. તેમાં એક પત્રકારે મીતને હિંસક ફિલ્મો વિશે પ્રશ્ન પૂછતાં, તેના જવાબમાં આ કચ્છી બાળકે કોઈપણ હિચકિચાટ વગર કહ્યું કે, 'હું ગાંધીજીના દેશનો છું. બાપુના અહિંસા, પ્રેમ અને ભાઈચારાના સંદેશ સાથે જો ફિલ્મો બને તો લોકોને વધુ સ્પર્શી શકે.' આ સાંભળીને ઉપસ્થિત તમામ લોકો અને પત્રકારોએ ઊભા થઈને તાળીઓના ગડગડાટ સાથે તેના જવાબને વધાવી લીધો હતો.

★ **પૂર્વ કચ્છમાં દેશ-વિદેશનાં પક્ષીઓ :** પૂર્વ કચ્છમાં આ વખતે કુંજ, પેલિકન, ચમચા, બગલા, ઢોંક, વૈયા અને સારસ સહિતના વિદેશી પક્ષીઓએ ચોબારી વિસ્તારમાં તાજેતરમાં પડાવ નાખ્યો છે. જેમાં બસ્ટાર્ડ (ઘોરાડ) દેખાતા પ્રકૃતિ પ્રેમીઓ રોમાંચ અનુભવી રહ્યા છે. બીજી તરફ વાગડ વિસ્તારમાં ઘુડખર, હરણ, નાર, જરખ, લોંકડી અને રણ લીલોડીના કારણે આકર્ષણનો કેન્દ્ર બન્યો છે.



સંકલન : દિનેશ આર. મહેતા

★ **વહાણની પ્રતિકૃતિ :** હજારોની મેદનીને આકર્ષતી માંડવી ખાતેની 'આપણી નવરાત્રિ'ના અવસરે પ્રદર્શનાર્થે રસિકો માટે મૂકાયેલી વહાણની એક પ્રતિકૃતિ જોતાં જ મસ્કત સ્થિત સ્થાનિકના શેઠ શ્રી કનકસિંહ ખીમજીએ રૂા. ૯૦ હજારમાં ખરીદી લીધી હતી અને હવે એ કૃતિ મસ્કતના શો રૂમની શોભા વધારશે. આ રીતે આજે પણ 'વહાણ' માંડવી માટે રોજગારીનો શ્રેષ્ઠ વિકલ્પ રહ્યો છે.

★ **માંડવીના તબીબનું સંશોધન પત્ર :** વિશ્વભરનાં સ્ત્રીરોગ નિષ્ણાત ડૉક્ટરો માટે દર ત્રણ વર્ષે યોજાતી એફ.આઈ.જી.ઓ. (ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ ઓલસ્ટ્રેટીયન એન્ડ ગાયનેકોલોજિસ્ટ)ની ઈટાલી ખાતે કોન્ફરન્સમાં માંડવીના ગાયનેકોલોજિસ્ટ ડૉ. પુનીતભાઈ ખત્રીએ સતત બીજીવાર ભાગ લઈને પોતાનું સંશોધન પેપર તાજેતરમાં રજૂ કરી કચ્છને ગૌરવ અપાવ્યું છે.

★ **હમીરસરમાં જળચરો :** ભુજનું ઐતિહાસિક હમીરસર તળાવ પક્ષી અભયારણ્યસમું ભાસી રહ્યું છે. પાછોતરા વરસાદને પગલે કચ્છના જળાશયોમાં પૂરતું પાણી ન હોવાથી અલગ અલગ જાતિના પક્ષીઓએ પડાવ નાખ્યો છે. જેમાં ભારતમાં પક્ષીઓની દુર્લભ થતી જાતિની યાદીમાં આવતા રૂપેરી પેણનો પણ સમાવેશ થાય છે. હમીરસરના એક ભાગ તરીકે બનેલા છતરડીવાળા તળાવના છીછરા પાણીનો લાભ આ પક્ષીઓ લઈ રહ્યા છે.

★ **કોર્ટમાં ગયા પહેલા જ નિવેડો :** અદાલતના દરવાજા ચડ્યા પછી કેસનો નિકાલ આવતાં વરસો લાગી જાય તેવું બનતું હોય છે. આજે કાનૂની પ્રક્રિયા પણ ખર્ચાળ બની છે ત્યારે મધ્યસ્થીકરણની મદદથી નાણાં તેમજ કિંમતી સમય બચાવીને સમાધાન શક્ય છે. એ જોતાં મધ્યસ્થીની પ્રણાલી ન્યાયતંત્રના હાથ મજબૂત કરી તાત્કાલિક અસરથી ન્યાય અપાવતું શાંતિશસ્ત્ર છે તેવું કચ્છની મુલાકાતે આવેલા ગુજરાત વડી અદાલતના ન્યાયમૂર્તિ ભાસ્કર ભટ્ટાચાર્યએ તાજેતરમાં ભુજ ખાતે જણાવ્યું હતું.

★ **બિદડા ટ્રસ્ટને રાષ્ટ્રીય ઍવોર્ડ :** આરોગ્ય સેવાઓ અને વિકલાંગોની ઉત્તમ સેવા કરવા માટે વર્ષ ૨૦૧૨નો રાષ્ટ્રીય


LIC
LIFE INSURANCE CORPORATION OF INDIA
भारतीय जीवन बीमा निगम

જીતેન્દ્ર શરદ મોમાયા
L.I.C. એજન્ટ
D.C.S. ૧૫૯, આદિપુર, કચ્છ–૩૭૦ ૨૦૫. મો. ૯૮૨૫૨ ૫૮૦૩૨

એવોર્ડ શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટને આપવાની કેન્દ્ર સરકારે તાજેતરમાં જાહેરાત કરી છે.

દેશના રાષ્ટ્રપતિના હસ્તે ૩જી ડિસેમ્બરે એવોર્ડ એનાયત થવાનો છે. કચ્છમાં બિદડા ગામે કાર્યરત સંસ્થાના પરિસરમાં વર્ષ ૨૦૦૧ના ભૂકંપ પછી ઈજાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ખાસ પુનર્વસન કેન્દ્રની ત્યાં શરૂઆત કરવામાં આવી હતી. જ્યાં દર્દીઓની સારવાર માટે તમામ સુવિધા વિકસાવવામાં આવી છે અને પ્રતિ વર્ષ લગભગ ૪૦ હજારથી વધુ દર્દીઓને સારવાર આપવામાં આવે છે. જેમાં દર વર્ષે ૧૦થી ૧૧ હજાર દર્દીઓને વિનામૂલ્યે તમામ સેવા આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૧ના ભૂકંપમાં ઈજાગ્રસ્તોને શરૂઆતથી જ સારવાર અપાઈ હતી અને અત્યાર સુધી અપાઈ રહી છે.

★ **કચ્છ પ્રવાસીઓથી છલકાયું :** ‘હલ્લો કચ્છી કચ્છમેં’ એ સૂત્રની સીધી અસર રૂપે વિક્રમ સંવત ૨૦૬૮ને વિદાય આપવા અને ૨૦૬૯ને આવકાર આપવા સમગ્ર કચ્છમાં ગુજરાતના તેમજ અન્ય રાજ્યોમાંથી હજારો સહેલાણીઓ આવ્યા હતા. આ કારણે ભુજ - માંડવી - ગાંધીધામમાં હોટલોમાં રૂમ ઓછા પડ્યા હતા. અનેક ધર્મશાળાઓ અને ધાર્મિક જગ્યાઓ પ્રવાસીઓથી ઊભરાઈ ગઈ હતી. વિવિધ પ્રકારના ધંધાર્થીઓને તડાકો પડ્યો હતો. કચ્છી હસ્તકળા, કારીગરી, માટીકામ, અજરખ પ્રિન્ટ અને ચર્મકળા ક્ષેત્રે સંકળાયેલા ધંધાર્થીઓને ખાસ્સી એવી ઘરાકી મળી હતી. ધોરડો, રણ, કાળા ડુંગર, નારાયણ સરોવર અને માતાના મઢ જેવા સ્થળોએ પ્રવાસીઓનો ધસારો રહ્યો હતો.

★ **ગૌસેવા સંસ્થાઓ :** કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે અછત પરિસ્થિતિ ઊભી થતાં રાજ્ય સરકાર દ્વારા નિયમાનુસાર પશુ કેમ્પો શરૂ કરવાની અને ગૌશાળા પાંજરાપોળોના પશુઓને ઘાસચારા માટે સહાય, સબસિડીની જાહેરાત કરી હતી. પણ હજુ સુધી સહાય ન ચૂકવી છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ ‘રાતા તળાવ વાલરામજી મહારાજ ગૌશાળા પાંજરાપોળે’ જિલ્લા કલેક્ટરને તાજેતરમાં લખી મોકલી આ બાબતે યોગ્ય ન્યાય માટે અપીલ કરી છે.

★ **આગામી વિધાનસભા ચૂંટણી :** આગામી વિધાનસભા ચૂંટણી માટે સમગ્ર કચ્છમાં ૫૭૦૦ જેટલા કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. કચ્છ જિલ્લાના ૧૫૫૨ પોલિંગ બૂથ માટે અબડાસા ૮૯૧, માંડવી ૭૧૨, ભુજ ૧૨૫૮, અંજાર ૫૪૫, ગાંધીધામ ૧૦૩૬ અને રાપર માટે ૧૨૫૮ કર્મચારીઓની પસંદગી કરવામાં આવી છે.

★ **કચ્છીની વરણી :** ગુજરાત વાણિજ્યવેરા પંચના અધ્યક્ષપદે મૂળ કચ્છ વાગડના વતની અને ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી કે.એ. પુજની રાજ્ય સરકારે નિમણૂક કરી છે. તેમણે પોતાનો કાર્યભાર સંભાળી લીધો છે. તેઓ નવેમ્બર ૨૦૦૧ થી ૨૦૧૧ સુધી હાઈકોર્ટમાં કાર્યરત હતા.

*(વર્તમાન પત્રોમાંથી)*

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

**કચ્છજો માડુ...**

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.

*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**
CLEARING, FORWARDING
SHIPPING & TRANSPORT AGENT
277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
Tel. : 2266 3096 / 97, 3254 7879
Fax : 4347 0219
E-mail : mayurpeermumbai@yahoo.in
Website : www.burleighintl.com

# સમાજ દર્પણ

## ફોન નંબર ફેરફાર

- **વિજય રતનલાલ શાહ**
  ફોન : ૨૨૮૦૦૦૪૯

## સગપણ

- **તા. ૨૭-૯-૨૦૧૨**
  **પાયલ શશીકાંત નેમજી ગાલા (ટોડા - અમદાવાદ)**
  **વિધ્યર્થ પ્રવીણ નાગરદાસ વોરા (મતીરાળા - અમદાવાદ)**
  *અભિનંદન!*

## ટ્વિન્સ પુત્ર જન્મ

- **તા. ૩-૮-૨૦૧૨**
  **'શ્લોક' ખ્યાતિ પ્રતીક ભોગીલાલ ત્રેવડિયા (કાનમેર - અમદાવાદ)**
  **'સ્પર્શ' ખ્યાતિ પ્રતીક ભોગીલાલ ત્રેવડિયા (કાનમેર - અમદાવાદ)**

## સાભાર સ્વીકાર

★ *સંઘવી શાંતિલાલ ઉજમશી તરફથી*
પૌત્રી ચિ. આયુષી અજય સંઘવી એસ.એસ.સી.ની પરીક્ષામાં સમાજમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ તથા
પૌત્રી ચિ. નેશા સંદીપ સંઘવીને ડૉક્ટર (ડેન્ટીસ્ટ - B.D.S.)ની ડિગ્રી પ્રાપ્ત થતાં સમાજને રૂા. ૧૦૦૧/- ભેટ આપેલ છે.

★ શ્રી શશીકાંત નેમજી ગાલા (ટોડા - અમદાવાદ) તરફથી તેમની સુપુત્રી ચિ. પાયલના સગપણ નિમિત્તે રૂા. ૨૫૧/-ની ભેટ પ્રાપ્ત થયેલ છે.

ખૂબ ખૂબ આભાર સાથે ભેટોનો સ્વીકાર કરવામાં આવેલ છે.

## જલારામ અન્નક્ષેત્ર

★ શ્રી કાંતિલાલ લાલજી સંઘોઈ પરિવાર - લાલબાગ, મુંબઈ તરફથી રૂા. ૧,૦૮,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

★ શ્રી કેશવજીભાઈ મૂળજી રાંભિયા પરિવાર - સોલાપુર (મહારાષ્ટ્ર) તરફથી રૂા. ૧,૦૮,૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે.

*ઉપરોક્ત સર્વે દાતાશ્રીઓનો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય શ્રી સતીશ વોરાની ગુજરાત હાઈકોર્ટમાં નિમણૂક થઈ



**શ્રી સતીશભાઈ હેમચંદ વોરા**

કચ્છના ન્યાયતંત્ર માટે નોંધનીય ઘટનામાં મૂળ કચ્છ ભુજના અને હાલે અમદાવાદ સિટી સિવિલ કોર્ટમાં પ્રિન્સિપાલ જજ તરીકેનો કાર્યભાર સંભાળતા શ્રી સતીશભાઈ હેમચંદ વોરાની ગુજરાત હાઈકોર્ટમાં અધિક ન્યાયમૂર્તિ તરીકે રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરવામાં આવી છે.

૧૯૮૭માં સનદ્ લીધા બાદ દસ વરસ સુધી વકીલાત વ્યવસાયમાં સક્રિય રહ્યા પછી ૧૯૯૭માં શ્રી વોરાની અમદાવાદ સિટી સિવિલ કોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે સીધી નિમણૂક કરાઈ હતી.

ત્યારબાદ ૨૦૦૬માં વડી અદાલતના ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેલના રજિસ્ટ્રાર તરીકે નિયુક્ત થઈને બે વરસ સુધી કામ કરતા શ્રી વોરા હાઈકોર્ટ તેમજ રાજ્યના ન્યાયતંત્રના કોમ્પ્યુટરાઈઝેશનમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

વર્ષ ૨૦૦૮માં તેઓની સી.બી.આઈ.ના ખાસ ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક થઈ હતી. ૨૦૦૯માં સુપ્રીમ કોર્ટના નિર્દેશથી નરોડા ગામ રમખાણ કેસ ચલાવવા સીધી નિમણૂક કરાઈ હતી. ૨૦૧૧થી અમદાવાદ સિટી સિવિલ કોર્ટના પ્રિન્સિપાલ જજ તરીકે ફરજ બજાવી રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી સતીશભાઈ વોરા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય છે.

તેઓશ્રીની ઉપરોક્ત નિમણૂક બદલ ખૂબ ખૂબ અભિનંદન.

**પાંચ છોકરાઓને એક માતા-પિતા ઉછેરી શકે છે, પરંતુ પાંચ છોકરાઓ એક માતા-પિતાને સાચવી શકતા નથી.**
**આનું નામ જ કલિયુગ!**

*વિકાસના માર્ગની મોટામાં મોટી જડીબુટ્ટી એક જ છે - આત્મવિશ્વાસ.*

## ઝળહળતી સિદ્ધિ - અભિનંદન!



### શ્રી કેતન ચંદ્રકાંત શાહ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી અને ખજાનચી શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) તથા શ્રીમતી સરલાબેન શાહના સુપુત્ર પ્રોફેસર શ્રી કેતન શાહે ઈકોનોમિક્સ / આર્ટસ ફેકલ્ટીમાં યુનિવર્સિટીની ઉપાધિ મેળવવા તેમના ગાઈડ ડૉ. પી. પી. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ લખેલો સૈદ્ધાંતિક પ્રબંધ - થીસિસ "Economics of Kautilya (Chanakya) and its Relevance in Modern Times" ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા તા. ૨-૧૧-૨૦૧૨વાળા પત્રથી માન્ય થતાં તેમને ડૉક્ટર ઑફ ફિલોસોફી — પીએચ.ડી.ની પદવી પ્રદાન કરવામાં આવી છે.

શ્રી કેતન શાહને આ નિમિત્તે ખૂબ ખૂબ અભિનંદન. તેઓશ્રી શૈક્ષણિક અભ્યાસ અને કારકિર્દી ક્ષેત્રે હજુ વધારે ઉચ્ચ સોપાનો સર કરે તેવી શુભેચ્છા.

*તેમના થીસિસનો સારાંશ.....*

The modern day western economic writers have much in parallel to the economics present in Kautilya's Arthasastra and the possibility of transfusion of this knowledge in ancient times to the western world cannot be denied. So Kautilya very justly deserves the title – "Father of Modern Economic Science". Although written some 2300 years ago, Kautilya's economics is as much relevant today as it was then. In fact, the present socio - economic malady urgently calls for implementing many of the Kautilya's policy prescriptions. One finds in it pragmatism of suggestions laid down by the Kautilya which if implemented has the potential to lift the economy to higher levels of social and economic prosperity. ■

**કાર્ય કરવું એ ઘણું સારું છે. પરંતુ તે વિચારમાંથી આવે છે... માટે મસ્તિષ્કને ઉન્નત વિચારોથી, સર્વોચ્ચ આદર્શોથી ભરી દો; તેમને અહર્નિશ તમારી દૃષ્ટિ સમક્ષ રાખશો તો તેમાંથી જ મહાન કાર્યોનો જન્મ થશે.**

## અભિનંદન!

### લીઓનિદસ ચોકલેટ્સ
### શ્રી દર્શિત કાંતિલાલ આર. શાહના સાહસનું દ્વિતીય સોપાન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી કે.આર. શાહના સુપુત્ર શ્રી દર્શિતે તેમના ધંધાકીય દ્વિતીય સોપાનનો શુભારંભ સોમવાર, તા. ૨૨-૧૦-૨૦૧૨ના રોજ સાંતાક્રુઝ - મુંબઈ ખાતે અનેક શુભેચ્છકોની ઉપસ્થિતિમાં કરેલ હતો.

આપણે જેની કલ્પના પણ ના કરી શકીએ તેવી ઉચ્ચ કક્ષાની માત્ર ઈમ્પોર્ટેડ ચોકલેટનો રીટેઈલ તથા હોલસેલ કાઉન્ટર તેઓએ પ્રીમિયમ પ્રલાઈન્સ પ્રા.લિ. નામથી કેમ્પસ કોર્નર, મુંબઈ ખાતે અગાઉ શરૂ કરેલ હતો.

તેઓના દ્વિતીય સોપાનમાં સાંતાક્રુઝ ખાતે લીઓનિદસ ફ્રેશ બેલ્જિયન ચોકલેટ્સના વૈભવી શો રૂમનો શુભારંભ થયેલ છે.

શ્રી દર્શિતને આ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન.

તેઓશ્રી સદાયે ઈનોવેટીવ રહી નવી નવી પ્રગતિ સાધતા રહે તેવી શુભેચ્છા.

કોઈને પણ ઉચ્ચ કક્ષાની ઈમ્પોર્ટેડ ચોકલેટની જરૂરિયાત હોય તો તેઓ કેમ્પસ કોર્નર - મુંબઈ (ફોન : ૦૨૨-૨૩૮૮૩૪૩૨ / ૩૩) અને સાંતાક્રુઝ (૦૨૨-૨૬૧૮૦૯૯૨ / ૭૨૦૮૦૯૦૯૯૨) નંબર પર સંપર્ક સાધી શકે છે. ■

## આંખનું સુકાયેલું ઝરણું ફરી ઝળહળી વહેતું થયું

આજથી ૧૦ વર્ષ પહેલા મારી જમણી આંખમાં દેખાવાનું ઓચિંતુ ઓછું થવા લાગ્યું. જરૂરી સારવાર ચાલુ કરતાં ડાબી આંખમાં પણ દેખાવાનું ઝડપથી ઓછું થવા લાગ્યું. મેં મગજના, આંખના, ઓપ્થો ન્યુરો, ડાયટીસિયન વગેરે અલગ અલગ ક્ષેત્રના વડોદરા, અમદાવાદ, મુંબઈ, પુના, ચેન્નાઈ (મદ્રાસ)નાં નિષ્ણાત ડોક્ટરોની સારવાર લેવા છતાં પરીણામ શૂન્ય અને બંને આંખોમાં ઝડપથી દૃષ્ટિ ઓછી થવા લાગી. વિવિધ પ્રકારના ટેસ્ટ લંડન (યુ.કે.)માં પણ કરાવેલા. મારી ડાબી આંખમાં ૫% અને જમણી આંખમાં ૨૦% વિઝન થઈ ગયું. હું ઝડપથી અંધાપા તરફ જઈ રહ્યો હતો.

ડૉ. શ્રી ઉપેન્દ્રભાઈ એસ. શાહનો સંપર્ક કરતાં તેમણે મને કુદરતી ઉપચારોની વિવિધ પધ્ધતિ દ્વારા સારવાર શરૂ કરી અને આજે ૨૮ દિવસની સારવાર પછી મારી બંને આંખોમાં ખૂબજ સરસ સુધારો જણાયો. અને મારી ખોવાયેલી દૃષ્ટિ પરત મળવા માંડી. હું હવે અખબારોના હેડિંગ વગેરે વાંચી શકું છું. ૧૦ ફૂટ સુધીનું અંતર સારી રીતે ખ્યાલ કરી શકું છું. મારૂં અંગત કામ પણ ઘરના સભ્યોની મદદ વગર કરી શકું છું જે હવે મને નવી જિંદગી મળ્યા બરોબર છે.

ડૉ. ઉપેન્દ્રભાઈનું સચોટ નિદાન, વિવધ ટેકનિક અને સાધનોથી કરાતી નેચરોપથી ટ્રીટમેન્ટ, નિઃસ્વાર્થ કર્તવ્યનિષ્ઠા, દિલ અને લાગણીસભર માનવતાવાળું હૃદય એ બધું જ મને ફળીભૂત થયું. ટ્રીટમેન્ટનો બીજો તબક્કો દિવાળી પછી શરૂ થશે અને મને વિશ્વાસ છે કે મને સંપૂર્ણ દૃષ્ટિ પાછી મળશે.

*અમદાવાદ, તા. ૨૭-૧૦-૨૦૧૨* — *મહેન્દ્ર રાજ્યગુરૂ*

**ડૉ. ઉપેન્દ્રકુમાર એસ. શાહ (ND)** — **અરિહંત સારવાર કેન્દ્ર**
**મો. ૦૯૪૨૬૫ ૫૫૩૦૫** — "દીપિકા", માણેકવાડી સ્ટેશન રોડ, ભાવનગર.

# Expressions (એક્સ્પ્રેશન્સ) – ઈન્ટરનેશનલ ફૉક ડાન્સ ફેસ્ટિવલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત દેઢિયાની પુત્રી શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ છેલ્લા કેટલાંયે વર્ષોથી "સ્પંદન" નામની એક કલ્ચરલ સંસ્થા ચલાવી રહેલ છે કે જે ગુજરાતમાં વધુને વધુ યુવાઓને ફૉક ડાન્સ - લોકનૃત્યો શીખવી રહેલ છે. આજ સુધી અનેક યુવા - યુવતીઓ આ સંસ્થાના નેજા હેઠળ પારંગત કલાકર બનીને બહાર નીકળેલ છે અને તેઓ પણ અનેક સ્થળે કોરિયોગ્રાફી કરતા રહે છે અને અન્ય કલાકારોને ઉત્તેજન આપતા હોય છે.



**શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ**

શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ 'સ્પંદન'ના નેજા હેઠળ પોતાનું આગવું કલાકાર ગ્રુપ લઈને દુનિયાના અનેક દેશોના ફૉક ડાન્સ ફેસ્ટીવલમાં ભાગ લેવા વર્ષમાં એક કે બે વખત જાય છે અને ભારતની સંસ્કૃતિથી ત્યાંના લોકોને માહેર કરે છે. ચિ. ફાલ્ગુનીને આપણે કલ્ચરલ એમ્બેસેડર પણ કહી શકીએ. આ પ્રકારની પ્રવૃત્તિ તેઓ છેલ્લા પંદરેક વર્ષથી ચલાવી રહ્યા છે. અત્યાર સુધી તેઓએ પોલેન્ડ, યુક્રેઈન, બેલ્જિયમ, નેધરલેન્ડ, ઈટાલી, તુર્કી, સાઈપ્રસ, ક્રોએશિયા, જર્મની, ફ્રાંસ, ઝેક રીપબ્લિક જેવા અનેક દેશોમાં જઈ ભારતીય સંસ્કૃતિ અને ફૉક ડાન્સની રજૂઆત કરેલ છે અને જે તે દેશવાસીઓને ભારતીય સંસ્કૃતિથી અવગત કરેલ છે. દર વર્ષે આ પ્રકારનો કાર્યક્રમ એક મહિનાથી દોઢ મહિનાનો રહેવા પામે છે.

સામાન્ય રીતે ભારતના વિવિધ રાજ્યોમાંથી માત્ર ગુજરાત અને પંજાબ જ પોતાના આ પ્રકારના કલાકારોને દુનિયાના વિવિધ દેશોમાં દર વર્ષે મોકલતા હોય છે. ગુજરાતમાં આ પ્રકારના કાર્યો કરતી મોટા ભાગની સંસ્થાઓ અમદાવાદમાં હોય છે. દર્પણ એકેડેમી (મલ્લિકા સારાભાઈ), પનઘટ (ચેતન શાહ) અને શિલ્પગ્ય જેવી સંસ્થાઓ પોતાના કલાકારોને અન્ય દેશમાં મોકલતી હોય છે. પણ 'સ્પંદન' એવી સંસ્થા છે કે જે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર અન્ય દેશમાં કરતી આવેલ છે.

છેલ્લા પાંચેક વર્ષથી સ્પંદનના ફાલ્ગુની હીરેન તથા તેના અન્ય ટ્રસ્ટીઓના મનમાં એક વિચાર ઘૂમરાયા કરતો હતો કે જે રીતે અન્ય દેશો પોતાના દેશમાં બીજા દેશોના ફૉક ડાન્સ કલાકારોને બોલાવી પોતાના દેશની જનતાને અન્ય દેશોની કલાથી માહિતગાર રાખવા કોશિશ કરે છે એ રીતે આપણે પણ કેમ અન્ય દેશોની લોક સંસ્કૃતિને આપણા દેશના નાગરિકો સમક્ષ રજૂ કરી સાંસ્કૃતિક સંબંધથી એકબીજાના દેશને કેમ જોડી ના શકીએ? આ વિચાર છેવટે ચાલુ વર્ષે અમલમાં મૂકવાનું સ્પંદનના ટ્રસ્ટીઓએ નિર્ણય લીધો અને તેના પરિણામે તા. ૨-૧-૨૦૧૩થી તા. ૧૩-૧-૨૦૧૩ એટલે કે લગભગ ૧૧ દિવસ સુધી કેનેડા, ઈસ્ટોનિયા, ઉઝબેકિસ્તાન, ઝેક રીપબ્લિક, ઈટાલી જેવા દેશોમાંથી ત્યાંના લગભગ ૫૦થી ૭૦ની સંખ્યાના ફૉક ડાન્સ - લોક નૃત્ય કલાકારો 'સ્પંદન'ના મહેમાન બનીને અમદાવાદની મુલાકાતે આવે છે.

અન્ય દેશોના કલાકારો સાથે ગુજરાતના અન્ય ૩-૪ ગ્રુપના કલાકારોને પણ એકત્રિત કરવામાં આવશે અને અમદાવાદમાં ૭, સુરતમાં ૨ અને વડોદરમાં ૧ વખત આ પ્રકારના કાર્યક્રમો રજૂ કરવાના આયોજનો ગોઠવવામાં આવેલ છે.

અગાઉ વર્ષ ૧૯૮૫માં આઈ.સી.સી.આર.ની મદદથી દર્પણ એકેડેમીએ આવો સફળ પ્રયાસ કરેલ હતો અને ત્યારબાદ આજે ફરી આ પ્રયાસ સ્પંદન દ્વારા હાથમાં લેવામાં આવી રહેલ છે. સ્પંદન કોઈ પણ સરકારી સહાય વગર આ પ્રકારનો કાર્યક્રમ યોજવા માગે છે તે તેની વિશેષતા બની રહેલ છે. સ્પંદનને અમદાવાદની લાયન્સ ક્લબ - ૩૨૩બી ડિસ્ટ્રિક્ટ, ટુરિઝમ કોર્પોરેશન, કર્ણાવતી ક્લબ, જીતો, ગુલમહોર ગ્રીન તેમજ વડોદરાની પોલો ક્લબ (મીના ડોડેજા) અને સુરતના જગદીશ પુરોહિતે સહાયભૂત થવાની તૈયારી દાખવેલ છે.

આ કાર્યક્રમોની સાથે સાથે વિદેશના કલાકારોને અમદાવાદમાં હેરિટેજ વૉક કરાવવામાં આવશે અને સરખેજના રોજા, ગાંધી આશ્રમ, અડાલજની વાવ, પાટણની રાણકી વાવ અને સહસ્ત્રલિંગ તળાવ તેમજ મોઢેરાનું સૂર્ય મંદિર જેવા ભારતીય સંસ્કૃતિના જોવાલાયક સ્થળોની મુલાકાતે પણ લઈ જવામાં આવશે.

કચ્છી દીકરી શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહની 'સ્પંદન' સંસ્થાના ટ્રસ્ટીઓ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, હીરેન શાહ, સંદીપ મહેતા, નવદીપ શાહ તેમજ અન્ય કાર્યકરો પ્રદીપ મહેતા, રોહિત સંઘવી, વિમેશ શાહ, વિશાલ શાહ વગેરે આ કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડે એ રીતે કાર્યરત છે.

ઈન્ટરનેશનલ ફૉક ડાન્સ ફેસ્ટિવલના સમયે આપણે 'સ્પંદન'ના ફાલ્ગુની, હીરેન, તેમના સમગ્ર ટ્રસ્ટ મંડળને તથા કાર્યકારી સમિતિને શુભેચ્છા પાઠવીએ કે તેઓ સફળતાપૂર્વક આ કાર્યક્રમ પાર પાડે. તેટલું જ નહીં, પણ એકબીજાની સંસ્કૃતિના આદાન પ્રદાનથી વિશ્વના વિવિધ દેશોનો નાતો ખૂબ જ નજદીકનો બની રહે, તેવી અપેક્ષા રાખીએ.

*તંત્રી મંડળ – મંગલ મંદિર*

*સો સો વીંછીના દંશ કરતાં એક કડવા વેણની ચોટ વધારે હોય છે.*

# પરિચય મિલન સમિતિ

## હાર્દિક આમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે લગ્નોત્સુક યુવક / યુવતીઓનો એક પરિચય મિલન કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં આપશ્રીને પધારવા માટેનું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

**રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ ● સમય : સવારના ૯ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી.**

★ **સમારંભ અધ્યક્ષ** : **ડૉ. ઈલાબેન મનોજ દેઢિયા (પ્રમુખશ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈ)**

★ **મુખ્ય મહેમાનશ્રીઓ** :
- **શ્રી લહેરચંદ નેમચંદ મહેતા** — પ્રમુખ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરત
- **શ્રી જીતેન ખીમજી લાલન** — ઉપપ્રમુખ, શ્રી મધ્યપ્રદેશ ક.વી.ઓ. સમાજ - જબલપુર
- **શ્રી પારસ પદમશી મૈશેરી** — ટ્રસ્ટી, શ્રી ક.દ.ઓ. મહાજન - મુંબઈ

★ **અતિથિ વિશેષશ્રીઓ** :
- **શ્રી દીપક દામજી પોલડિયા** — માનદ્ મંત્રી, શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ - ભુસાવલ
- **શ્રી ભદ્રેશભાઈ બાબુલાલ શાહ** — પ્રમુખ, શ્રી વીસા ઓસવાલ જૈન ગુર્જર જ્ઞાતિ - ભુજ કચ્છ
- **શ્રી કિરણ ધરમશી પારેખ** — ટ્રસ્ટી, શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ - સુરત

*કાર્યક્રમની વિગત નીચે મુજબ છે*

- સવારે ૯.૦૦ : રજિસ્ટ્રેશન તથા અલ્પાહાર
- સવારે ૯.૩૫ : દીપ પ્રાગટ્ય
- સવારે ૯.૪૦ : આવકાર પ્રવચન — શ્રી અશોક મહેતા (પ્રમુખશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ)
- સવારે ૯.૪૫ : અતિથિ વિશેષશ્રીઓનાં પ્રવચનો
- સવારે ૧૦.૩૦ : સમારંભના પ્રમુખશ્રીનું પ્રવચન
- સવારે ૧૦.૩૫ : આભારવિધિ — શ્રી પ્રતાપ નારાણજી દંડ (માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ)
- સવારે ૧૦.૪૦ : ઉમેદવારોના સ્વમુખે પરિચય
- બપોરે ૧.૦૦ થી ૩.૦૦ : ભોજન વિરામ
- બપોરે ૩.૦૦ : લગ્નોત્સુક યુવક યુવતીઓનો પરિચય તથા બેઠક
- સાંજે ૭.૦૦ : સંમેલનની પૂર્ણાહુતિ
- સાંજે ૭.૩૦ : ભોજન તથા વિસર્જન.

**● કાર્યક્રમ સ્થળ ●**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**શ્રી હીરજી પાસુભાઈ શાહ**
કન્વીનર
પરિચય મિલન સમિતિ

**શ્રી અશોક સાકરચંદ મહેતા**
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**શ્રી પ્રતાપ નારાણજી દંડ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સામૂહિક શ્રદ્ધાંજલિ સભા

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વર્ષ ૨૦૧૨ દરમ્યાન સમાજ પરિવારના સદ્‌ગત થયેલ આત્મજનના શ્રેયાર્થે રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર સવારમાં ૯.૩૦થી ૧૧.૦૦ દરમ્યાન એક સામૂહિક પ્રાર્થના સભાનું આયોજન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ગોઠવવામાં આવેલ છે.

સમાજ પરિવારના આપણા જ આત્મજનને શ્રધ્ધાંજલિ અર્પવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દરેક સભ્ય પરિવારને શ્રી કચ્છી જૈન ભવન પર સમયસર ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવે છે.

અમદાવાદના નામી સંગીતકારો અને ભાવમય વાતાવરણમાં ભવ્ય સૂરાવલીથી રજૂ થનાર શ્રધ્ધાંજલિ ગીતોના સમયે આપણા સહુની ઉપસ્થિતિ આ કાર્યક્રમને તેમની ચરમ સીમાએ પહોંચાડી શકશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની વિવિધ સમિતિઓના સભ્યો જેવી કે મહિલા ઉત્કર્ષ સમિતિ, યુવા વિકાસ સમિતિ, ઈતર ડેવલપમેન્ટ સમિતિ, વયસ્ક સમિતિ વગેરે દરેક પ્રકારની સમિતિના દરેક સભ્યોને તેમજ શ્રી કચ્છી જૈન મહિલા મંડળના દરેક સભ્ય બહેનોને પણ આપણા જ આત્મજનને શ્રધ્ધાંજલિ અર્પવા સમયસર ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૨ દરમ્યાનના સદ્‌ગત સભ્યોના જે નામો અમારી પાસે છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | | | અવસાનની તારીખ |
|---|---|---|---|---|
| ૧. | કિશોર વાલજી હીરજી છેડા | જસાપુર | - અબડાસા | મંગળવાર, તા. ૧૦-૦૧-૨૦૧૨ |
| ૨. | રવિલાલ પોપટલાલ પારેખ | મુંદ્રા | - અમદાવાદ | શુક્રવાર, તા. ૦૩-૦૨-૨૦૧૨ |
| ૩. | શાંતિલાલ વેલજી કરમશી ગાલા | સાડાઉ | - અમદાવાદ | સોમવાર, તા. ૨૦-૦૨-૨૦૧૨ |
| ૪. | પ્રવીણ પ્રેમજી લોડાયા | સુજાપુર | - અમદાવાદ | સોમવાર, તા. ૧૨-૦૩-૨૦૧૨ |
| ૫. | હિંમતલાલ કેશવજી શાહ | ભુજ | - અમદાવાદ | સોમવાર, તા. ૧૯-૦૩-૨૦૧૨ |
| ૬. | દેવકુંવરબહેન માણેકજી જેઠાભાઈ દંડ | વરાડિયા | - અમદાવાદ | રવિવાર, તા. ૧૩-૦૫-૨૦૧૨ |
| ૭. | સૂરજલાલ મોતીલાલ મહેતા | માંડવી | - અમદાવાદ | શુક્રવાર, તા. ૦૮-૦૬-૨૦૧૨ |
| ૮. | સુંદરબહેન લક્ષ્મીચંદ દેવરાજ દંડ | સાંધવ | - અમદાવાદ | શુક્રવાર, તા. ૨૯-૦૬-૨૦૧૨ |
| ૯. | પ્રેમીલાબહેન માયાચંદ સંઘવી | આડેસર | - અમદાવાદ | શનિવાર, તા. ૧૮-૦૭-૨૦૧૨ |
| ૧૦. | મગનલાલ ધનજી ગડા | નાના ભાડિયા | - અમદાવાદ | મંગળવાર, તા. ૦૪-૦૯-૨૦૧૨ |
| ૧૧. | પોપટલાલ નેણશી ધરોડ | પત્રી | - અમદાવાદ | શનિવાર, તા. ૦૮-૦૯-૨૦૧૨ |

એ સિવાય કોઈ નામ શરતચૂકથી બાકી રહી જતા હોય તો તે વહેલી તકે મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

દરેક સદ્‌ગત પરિવારના સભ્યોને વિનંતી કે પોતાના પરિવારની અવસાન પામેલ વ્યક્તિની મોટી સાઈઝની ફ્રેમવાળી તસવીર તા. ૧૧-૧-૨૦૧૩ના સાંજ સુધી શ્રી કચ્છી જૈન ભવન પર પહોંચતી કરવી જરૂરી છે. શ્રધ્ધાંજલિના સમય બાદ તે ફોટો ફ્રેઈમ પરત લઈ જઈ શકાશે.

આ પ્રસંગનો નકરો રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. શક્ય વધુ તેટલા નકરા લેવાની ગણના રાખવામાં આવેલ છે. કોઈ પણ સભ્ય આ કાર્યક્રમના નકરામાં ભાઈ લઈ શકે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

*માણસ માત્રની કરુણતા એ છે કે એ પોતે જ પોતાની આસપાસ કરોળિયાનાં જાળાં રચે છે.*

## વિના મૂલ્ય ફોર્મ – ભરીને તાત્કાલિક મોકલાવવા અપીલ

### કચ્છી બિઝનેસ ડિરેક્ટરી – કચ્છી યલો પેજિસ

★

સૂચિત યલો પેજિસ ડિરેક્ટરીમાં દરેક પેઢીઓ, પ્રોફેશનલ વ્યક્તિઓ, સરકારી તેમજ કોર્પોરેટ ક્ષેત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓની જરૂરી વિગતોનો સમાવેશ કરવામાં આવનાર છે.

સમાજના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં ઉપરોક્ત ડિરેક્ટરી સંબંધી વિગત આ અગાઉ પ્રસારિત થયેલ છે. તેમજ માસ ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં ત્રણ પ્રકારના ફોર્મ્સ પણ પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે.

અમદાવાદ સ્થિત લગભગ ૩૦ જેટલા ઘટક સમાજોને ઉપર મુજબના ફોર્મ મોકલાવવામાં આવ્યા હતા. અમને જણાવતા આનંદ થાય છે કે તેમાંથી મોટા પ્રમાણમાં ફોર્મ જરૂરી વિગતો સાથે અત્રે મળ્યા છે. તે માટે તેઓનો ખૂબ ખૂબ આભાર. આમ છતાં હજુ કેટલાક સમાજો / સંસ્થાઓ તરફથી તે પ્રકારના ફોર્મ આવવાના બાકી રહે છે, જે હવે તાત્કાલિક મોકલાવી આપવામાં આવશે તેવી અપેક્ષા રાખીએ છીએ.

તેવી રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનોમાંથી કેટલાક ફોર્મ - તેની વિગત સાથે મળ્યા છે. આ બાબતે તુરત કાર્યવાહી કરવા માટે તેઓનો ખૂબ ખૂબ આભાર. હજુ મોટાભાગના પરિવારજનો તરફથી જરૂરી ફોર્મ આવવાના બાકી છે. તેઓ દરેકને ખાસ અપીલ કરવામાં આવે છે કે, તેમને સંબંધિત ફોર્મ - યોગ્ય વિગત સાથે અત્રે પ્રથમ તકે મોકલાવી આપે.

ઉપરોક્ત ડિરેક્ટરીનું વિમોચન ખૂબ જ નજદીકના સમયે કરવાનું હોતાં, ભરેલ ફોર્મ પરત મેળવવાની કાર્યવાહી, આવેલ ફોર્મની વિગતોની ચકાસણી કરીને વ્યવસ્થિત રૂપે તૈયાર કરીને પ્રિન્ટિંગ કામ માટેની કામગીરી અગ્ર ધોરણે ચાલુ છે.

જે પરિવારમાં એકથી વધુ બિઝનેસ હોય અથવા ઉપર જણાવેલ કોઈ અલગ ક્ષેત્રમાં હોય તો તેમણે અલગ - અલગ ફોર્મમાં જરૂરી વિગત લખવાની રહે છે. તે માટેના ફોર્મની ફોટો નકલ કરાવીને અથવા તો શ્રી કચ્છી જૈન ભવન પરથી ફોર્મ મેળવીને આ બાબતે સંપૂર્ણ સાથ - સહકાર આપવા નમ્ર અપીલ છે. જેથી ડિરેક્ટરીનું નિર્ધારીત સમયે વિમોચન થઈ શકે.

પ્રિન્ટીંગ કામના બીજા તબક્કા બાદ આવેલ ફોર્મની વિગતોનો ડિરેક્ટરીમાં સમાવેશ કરવાનું શક્ય બનશે નહીં.

સૂચિત ડિરેક્ટરી - દરેક સ્થળે જશે એટલે તેમાં સામેલ થયેલ વિગતને સારી પ્રસિધ્ધિ મળશે. દરેક ફોર્મની વિગત વિના મૂલ્યે "કચ્છી બિઝનેસ ડિરેક્ટરી"માં પ્રસારિત કરવામાં આવશે.

આપના કામધંધાને અનુરૂપ જાહેરાત પણ ઉપરોક્ત ડિરેક્ટરીમાં આપી, આપશ્રી આપના ધંધાનો પ્રચાર અમદાવાદ સ્થિત કચ્છી પરિવારોમાં સારી રીતે કરી શકશો. કચ્છી યલો પેજિસમાં મલ્ટી કલર ફુલ પેઈજ અથવા તો આપશ્રીની અનુકૂળતા મુજબની જાહેરાત પણ સત્વરે મોકલાવી આપવા આપશ્રીને અપીલ કરવામાં આવે છે.

***"કચ્છી યલો પેજિસ – કચ્છી બિઝનેસ ડિરેક્ટરી"માં જાહેરાતના દર નીચે મુજબ રાખવામાં આવેલ છે.***

- કવર પેઈજ - ૨ — રૂા. ૪૦,૦૦૦/- — અપાઈ ગયેલ છે
- કવર પેઈજ - ૩ — રૂા. ૩૦,૦૦૦/-
- કવર પેઈજ - ૪ — રૂા. ૫૦,૦૦૦/- — અપાઈ ગયેલ છે
- કવર પેજ-૨ની સામેનું પાનું (મલ્ટી કલર) — રૂા. ૩૦,૦૦૦/- — અપાઈ ગયેલ છે
- કવર પેજ-૩ની સામેનું પાનું (મલ્ટી કલર) — રૂા. ૨૦,૦૦૦/-

**મલ્ટી કલર**

- અંદર આખું પાનું — રૂા. ૧૫,૦૦૦/-
- અંદર અડધું પાનું — રૂા. ૮,૦૦૦/-
- અંદર ક્વાર્ટર પાનું — રૂા. ૫,૦૦૦/-

**બ્લેક એન્ડ વ્હાઈટ**

- અંદર આખું પાનું — રૂા. ૧૦,૦૦૦/-
- અંદર અડધું પાનું — રૂા. ૬,૦૦૦/-
- અંદર ક્વાર્ટર પાનું — રૂા. ૩,૫૦૦/-
- અંદર ૧" સાઈઝ બોટમ પટ્ટી — રૂા. ૧,૦૦૦/-

***દરેક વ્યક્તિ પોતાના કામ-ધંધાને અનુરૂપ યોગ્ય જાહેરાત તેની વિગત સાથે શ્રી કચ્છી જૈન ભવન પર મોકલાવી આપે તેવો આગ્રહ રાખવામાં આવે છે.***

**મનુભાઈ શાહ**
**કન્વીનર - કચ્છી યલો પેજિસ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# રઢિયાળી રાત્રિ

## શરદ પૂનમના કાર્યક્રમનો અહેવાલ

પૂર્ણતા અને જીવનની ચોખ્ખાઈ એટલે શરદ પૂનમનો ચંદ્ર. સોળે કળાથી ખીલેલા ચંદ્રની ચાંદની સાથે કદી ના ભુલાય તેવો પ્રસંગ 'શરદ રસોત્સવ'નો હોય છે.

શરદ પૂનમની રઢિયાળી રાત્રિએ ચારે કળાએ પૂર્ણ સ્વરૂપે ખીલેલા ચંદ્રની શીતળ ચાંદનીમાંથી અનરાધાર રીતે અમૃતની વર્ષા થતી હોય છે... ચંદ્ર દરેકના દિલ - મનને શાંતિ આપતો હોય છે. આ રાત્રિના ચંદ્ર પૃથ્વીથી વધુ નજીક હોતાં સમગ્ર વાતાવરણમાં શીતળતા ફેલાવે છે. આ રીતે, શરદ પૂનમની રાત્રિ શીતળતાના અનુભવ સાથે આનંદમગ્ન થવાનો એક અનેરો અવસર બની જાય છે. એટલું જ નહીં, તે રાત્રિના મન શાંત અને પ્રફુલ્લિત થાય છે તેમજ શીતળ ચાંદની સૌને આનંદમય બનાવી પ્રકૃતિની ગોદમાં આળોટવાનો પ્રસંગ ઊભો કરે છે. લોકો ચંદ્રમાની શીતળતામાં જાગરણ પણ કરતા હોય છે અને રઢિયાળી રાત્રિમાં નદી અથવા દરિયા કિનારે ફરવા પણ નીકળી પડે છે.

આ પ્રકારના રૂડા અવસરની મજા માણવા આ વર્ષે પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિએ શ્રી કચ્છી જૈન ભવનમાં સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨ના શરદ પૂનમની ઉજવણી અર્થે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

ઉપરોક્ત આહ્લાદક વાતાવરણમાં સમાજ પરિવારજનોની સારી એવી ઉપસ્થિતિની વચ્ચે શરદ રાસોત્સવનો પ્રારંભ થયો હતો. મ્યુઝિક - ઑરકેસ્ટ્રા અને ગાયક વૃંદના સૂરના સથવારે બાળકો, યુવાનો અને વડીલ વર્ગે પણ પરંપરાગત સુશોભિત વિવિધ ડ્રેસિસમાં ધીરે ધીરે ગરબા - રાસની જમાવટ કરી હતી. સૂર સંગીતના તાલે ખેલૈયાઓ પૂરજોશમાં રાઉન્ડ રમી રહ્યા હતા ત્યારે પ્રેક્ષકો પણ મસ્તીથી ઝૂમી ઊઠતા હતા.

રાત્રિ જામતી ગઈ તેમ તેમ રાસ-ગરબાની રમઝટ પરાકાષ્ઠાએ પહોંચી હતી. વચ્ચે બ્રેક સમયમાં ગરમાગરમ ગોટા અને દૂધ-પૌંઆ આરોગવાની સૌને મજા પડી હતી. જ્યારે ચંદ્રના શીતળ કિરણો દૂધ-પૌંઆ પર પડે છે ત્યારે તે શીતળ બને છે. તે આરોગવાથી શરીરની ગરમી દૂર થતી હોય છે અને મનને પ્રફુલ્લિત તેમજ આનંદમય બનાવી પ્રકૃતિની ગોદમાં ઝુમવાનો અવસર સાંપડતો હોય છે. આખરી રાઉન્ડમાં લયબદ્ધ તાલની સાથે સહુએ મનોમન તાલ પુરાવીને દાંડિયા-રાસની રમઝટ બોલાવી હતી.

કાર્યક્રમમાં નિર્ણાયકોના નિર્ણય મુજબ વિવિધ સ્પર્ધાઓમાં તેનાં ગ્રુપ પ્રમાણે ગૂર્જર દાંડિયા રાસ હરીફાઈના ઈનામો આપવામાં આવ્યા.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, સહમંત્રીશ્રી, સહ ખજાનચીશ્રી, ટ્રસ્ટીગણશ્રી, કારોબારી સમિતિના સભ્યોશ્રી તેમજ વિવિધ સમિતિના સભ્યોશ્રી વગેરે ઉપસ્થિત હતા.

યુવા વિકાસ સમિતિના કાર્યકરો સર્વશ્રી નવીન લાલકા, પીયૂષ સાવલા, વિમેશ શાહ, શ્રીમતી સ્મિતાબહેન શાહ તેમજ અન્ય સભ્યશ્રીઓની મહેનત કાર્યક્રમના આયોજનમાં સ્પષ્ટપણે જણાઈ આવતી હતી. તે સિવાય, જમણવાર સમિતિના શ્રી સંદીપ મહેતા અને અન્ય સર્વે સભ્યશ્રીઓની જહેમતથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

***– દિનેશ આર. મહેતા***

## એક અનોખું પુસ્તકાલય

દૂર દેશના કોલંબિયાના ઘનઘોર જંગલમાં સાચો પુસ્તક પ્રેમી લુઈસ નામનો માણસ રહે છે. એક પુસ્તક વંચાઈ જાય કે તરત બીજું લઈ આવે. ઘર નાનું. પુસ્તકોથી ઉભરાય. પત્નીનું નામ ડાયના. તે બિચારી વારંવાર પુસ્તકોને અહીંથી ત્યાં મૂક્યા કરે. શું કરે? ઘરમાં જગ્યા જ ન હતી. એકવાર ડાયના થાકીને લુઈસને કહી બેઠી કે, 'આટલા પુસ્તકોનું કરીશું શું? શું રોજના ભોજનમાં લઈશું?'

લુઈસ વિચારતો રહ્યો. એને લાગ્યું કે જંગલમાં પહાડની પેલે પાર રહેતા લોકો કે જેમની પાસે પુસ્તકો નથી તેમના માટે લઈ જાઉં તો કેવું સારું? તેણે વિચારનો અમલ કર્યો. બે ગધેડા ખરીદ્યા. તેના પર સ્ટેન્ડ બનાવ્યું. તેના પર પુસ્તકો ગોઠવ્યા. સ્ટેન્ડ પર લખ્યું : 'ગધેડા પુસ્તકાલય.'

લુઈસ દર અઠવાડિયે પેલે પાર વસતા ગામોમાં 'ગધેડા પુસ્તકાલય' લઈને જાય. દરેકને પુસ્તકો વાંચવા આપે. આમ ચાલવા લાગ્યું.

એકવાર રસ્તામાં ડાકુઓ ભેટી ગયા. લુઈસે તેમને જણાવ્યું કે, તેની પાસે પુસ્તકો સિવાય કશું જ નથી. મને જવા દો, બાળકો મારી રાહ જોતા હશે. છેવટે ડાકુઓ એક પુસ્તક ઉઠાવીને ચાલતા થયા!

આમ પુસ્તકો વહેંચી મોડી સાંજે પોતાના ઘેર પાછો ફરે. ભૂખ્યા ગધેડાને ખાવાનું આપે. પત્ની ડાયેના ભોજન પીરસે. જમીને દીવાના અજવાળે પુસ્તક વાંચવા બેસી જાય!

***નોંધ :*** *આ સત્યકથા કોલંબિયાના નાના ગામમાં રહેતા લુઈસ સારીએનાની છે. વર્ષ ૨૦૦૦માં માત્ર ૭૦ પુસ્તકોથી શરૂ કરેલી યાત્રા આજની તારીખે ૫૦૦૦ ઉપરાંત પુસ્તકોથી ચાલી રહી છે.*

***('નયા માર્ગ', તા. ૧૬-૯-૨૦૧૨માંથી)***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# અહેવાલ — નૂતન વર્ષ મિલન સમારંભ

## શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો આઠમો મુખ્ય કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો આઠમો મુખ્ય કાર્યક્રમ — વર્ષ ૨૦૬૯ના નૂતન વર્ષ મિલન સમારંભનો કાર્યક્રમ — બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ના સાંજના ૫.૦૦થી ૮.૦૦ દરમ્યાન શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાળા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન પાલડી, અમદાવાદ ખાતે ભારે ઉત્સાહ અને ઉમંગપૂર્વકના વાતાવરણમાં ઉજવાઈ ગયો. આ કાર્યક્રમના મુખ્ય સ્પોન્સરર શ્રી લવજી સ્વરૂપચંદ મહેતા પણ આ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા.

ગત તા. ૨૧-૧૦-૨૦૧૨ના રોજ ઉજવવામાં આવેલ નવરાત્રિ મહોત્સવ કે જેમાં અમદાવાદ સ્થિત કચ્છી પરિવારોના ૩૦૦૦થી પણ વધુ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા — તે કાર્યક્રમની વિડિયો કેસેટ આ સમારંભ દરમ્યાન દર્શાવવામાં આવેલ હતી અને જેઓ નવરાત્રિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા, તેઓએ આ કાર્યક્રમની ઝલક માણી હતી. નવરાત્રિ કાર્યક્રમમાં ઉપસ્થિત જનસમુદાયે પણ આ વીડિયો કેસેટ માણી આનંદ વ્યક્ત કર્યો હતો.

આજના કાર્યક્રમમાં અમદાવાદના વિવિધ વિસ્તારોમાં વસવાટ કરતા કચ્છી જૈન પરિવારોના ૫૧૮ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં દર વર્ષે ઉપસ્થિત રહેનારની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે. કદાચ આવતા વર્ષથી નૂતન વર્ષ મિલન સમારંભ અંગેની વ્યવસ્થામાં ફેરફાર કરવો જરૂરી બની રહેશે. ૪૫૦ વ્યક્તિઓએ ભોજન સમારંભની લિજ્જત માણી હતી. દીપોત્સવી ત્યોહારના કારણે અનેક પરિવારો બહારગામ ફરવા અર્થે જતા હોય છે. જેથી આ સમારંભમાં ઉપસ્થિત રહી શકતા નથી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળના મોટાભાગના સભ્યો — શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ કું. ગોસર, શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી કે.આર. શાહ, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી અશ્વિન હીરજી સાવલા, શ્રી મણિલાલ કું. ગોસર, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, શ્રી કલ્યાણજી રવજી રાંભિયા, શ્રી આણંદજી વેલજી વીરા, શ્રી નવીન વેરશી હરિયા — સહપરિવાર ઉપસ્થિત રહેલ હતા. કારોબારી સભ્યો શ્રી રજનીભાઈ પારેખ, શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી હીરેન શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી સંદીપ મહેતા, શ્રી નવીનભાઈ લાલકા, શ્રી વિમેશ શાહ, શ્રીમતી સુલુબેન શાહ, શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા, શ્રી પદમશીભાઈ ડાઘા, શ્રી કિશોર મૂળજી લાલકા, શ્રી નિરંજન મૈશેરી વગેરે સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી ધીરજભાઈ સોમપુરા, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી સુનીલભાઈ દાવડા, શ્રી પ્રેમજીભાઈ પટેલ વગેરેની હાજરી નોંધપાત્ર હતી. કચ્છમિત્ર - ભુજના મેનેજર શ્રી શૈલેષભાઈ કંસારા પણ આ કાર્યક્રમમાં સપરિવાર સવિશેષપણે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સહુએ આ કાર્યક્રમને ઉમંગભેર માણ્યો હતો. નૂતન વર્ષે એકબીજાને રૂબરૂમાં નૂતન વર્ષના અભિનંદન આપી મોટી સંખ્યામાં લોકોને મળવાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

જમણવાર સમિતિએ ભોજન સમારંભની વ્યવસ્થા સુપેરે પાર પાડી હતી. શ્રી સંદીપ મહેતા, શ્રી રોહિત સંઘવી, શ્રી પીયૂષ પારેખ, શ્રી પ્રદીપ મહેતા, શ્રીમતી અમીબેન શાહ, ડૉ. કેતન શાહ, શ્રી નવીન લાલકા વગેરેએ આ જવાબદારી નિભાવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજર શ્રી પરાશર વ્યાસ તથા સ્ટાફના અન્ય સભ્યો પણ યોગ્ય વ્યવસ્થા જાળવવામાં કાર્યરત રહ્યા હતા.

ઉત્સાહ અને ઉમંગના વાતાવરણમાં સહુ છૂટા પડ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો નવમો મુખ્ય કાર્યક્રમ — સમાજના બાળકો દ્વારા રજૂ કરવામાં આવનાર મનોરંજન કાર્યક્રમ કે જે તા. ૨-૧૨-૨૦૧૨ના રોજ ટાઉનહોલ ખાતે ઉજવવામાં આવનાર છે, તેના પાસ વિતરણની શરૂઆત પણ આજથી આ સમારંભના સમયે કરવામાં આવેલ હતી. અનેક લોકોએ પોતાની જરૂરિયાત મુજબના પાસ મેળવેલ હતા. ■

તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# નૂતન વર્ષ મિલન સમારંભ કાર્યક્રમની તસવીરી ઝલક



નૂતન વર્ષ મિલન સમારંભમાં ઉપસ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારી સમિતિના સભ્યશ્રીઓ તેમજ અન્ય સમાજ પરિવારજનના સભ્યશ્રીઓ. ડાબેથી શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી લવજી સ્વરૂપચંદ મહેતા, શ્રી નરેન્દ્રભાઈ મહેતા, શ્રી અશોક મહેતા, શ્રી મણિલાલ ગોસર, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નવીનભાઈ હરિયા, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી ભોગીલાલભાઈ કોરડિયા, શ્રી કલ્યાણજીભાઈ રાંભિયા, શ્રી કે.ડી. શાહ, શ્રી દિનેશભાઈ મણિલાલ શાહ તથા શ્રી ધીરજલાલ કરશનજી સંઘવી.



*ડાબેથી* : નૂતન વર્ષ સમારંભના સ્પોન્સરર શ્રી લવજી સ્વરૂપચંદ મહેતા, શ્રી અશોકભાઈ મહેતા અને શ્રી મણિલાલભાઈ ગોસર




*ડાબેથી* : શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી ધીરજભાઈ સોમપુરા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી કૈલાસદાનભાઈ ગઢવી તેમજ 'કચ્છશ્રુતિ'ના તંત્રી શ્રી ભરતભાઈ ઓઝા.



*ડાબેથી* : શ્રી ધીરજલાલભાઈ સોમપુરા, શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી શૈલેષભાઈ કંસારા, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મણિલાલભાઈ ગોસર.



*ડાબેથી* : શ્રી સંદીપભાઈ મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર વગેરે.



જમણવાર સમિતિના કન્વીનરશ્રી સાથે સમિતિના અન્ય સભ્યશ્રીઓ.
*ડાબેથી* : શ્રી વિમેશ શાહ, શ્રી સંજય સંઘવી, શ્રી પ્રદીપ મહેતા, શ્રી પીયૂષ પારેખ, ડૉ. કેતન શાહ, શ્રી સંદીપ મહેતા, શ્રી રોહિત સંઘવી, શ્રી અલ્પેશ મહેતા તથા શ્રી પીયૂષ સાવલા.

## અમદાવાદનું આગવું આકર્ષણ એટલે....

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ ખાતે "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"

### ઈમેજ ઇંગ્લિશ સ્કૂલ - ઈસનપુરનાં ૬૦૦ વિદ્યાર્થીઓ મ્યુઝિયમની મુલાકાતે

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેની સુવર્ણ જયંતીની ઉજવણીના વર્ષ દરમ્યાન તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ કરવામાં આવેલ.

ઉપરોક્ત મ્યુઝિયમમાં કચ્છ જિલ્લાને સંબંધિત માહિતી તેમજ ભૂસ્તર, જીવ અશ્મિઓ, વહાણવટા, માટી કલા, કચ્છી ચલણ, વાજિંત્રો, વિવિધ સ્થાનિક ગ્રામીણ કોમોના ડાયોરમા, બે-મિશાલ હસ્તકલાના અદ્ભુત નમૂના અને વિવિધ વિભાગો દરરોજ સંખ્યાબંધ લોકો નિહાળીને આ સાહસની તારીફ કરી રહ્યા છે.

એક નવી અજાયબી.... કચ્છ દર્શન. અને કચ્છ દર્શન એટલે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ - અમદાવાદ શહેરમાં સર્વપ્રથમ આકાર પામેલું અને જોવાલાયક સ્થળોની યાદીમાં હવે તેની ગણતરી અગ્રક્રમે થઈ રહી છે.

આ કારણે તાજેતરમાં ઈમેજ ઈંગ્લિશ સ્કૂલ - ઈસનપુરના ૬૦૦ વિદ્યાર્થીઓ અને સ્કૂલના સ્ટાફે મુલાકાત લઈને તેની ખૂબ પ્રશંસા કરી હતી. વિદ્યાર્થીઓએ મ્યુઝિયમના વિવિધ વિભાગો રસપ્રદ રીતે નિહાળીને જરૂરી માહિતી મેળવી હતી. તેમના વર્ગ શિક્ષકોએ પોતાની પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે, આ મ્યુઝિયમ વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક સમું છે. મ્યુઝિયમના વિવિધ વિભાગોમાં કરવામાં આવેલ રજૂઆત પ્રત્યે તેઓએ પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

ઉપરોક્ત સ્કૂલના વર્ગ શિક્ષકો સાથે વિદ્યાર્થીઓની મુલાકાત અમદાવાદના શ્રી વિજયભાઈ ભવાનજી દેઢિયાની પ્રેરણાથી યોજાઈ હતી અને ટ્રસ્ટી શ્રી કલ્યાણજી રવજી રાંભિયાએ દરેક પ્રકારની વ્યવસ્થા કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર
## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે

## સમજના નોંધાયેલા સભ્ય પરિવારજનોના બાળકો માટે રસીકરણની શૃંખલામાં વધારાની રસીઓની ખાસ યોજના

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિકાસયાત્રાનું સુવર્ણ જયંતી વર્ષ ચાલી રહ્યું છે. માત્ર આ ૫૦મા વર્ષ દરમ્યાન (એપ્રિલ - ૨૦૧૩ સુધી) નીચે જણાવેલ બે રસીઓ સમાજના નોંધાયેલ સભ્ય પરિવારજનના બાળકોને નિઃશુલ્ક મૂકવાની એક ખાસ વધારાની યોજના જાહેર કરવામાં આવે છે.

- **ન્યુમોનિયાની (ન્યુમોકોકલ) રસી :** ૩ ડોઝ અને ૧ બુસ્ટર ડોઝ. આ રસી સામાન્યતઃ ત્રણ ડોઝ દોઢ માસે, અઢી માસે અને સાડા ત્રણ માસે તેમજ બુસ્ટર ડોઝ દોઢ વર્ષે બાળકને આપી શકાય.

  અગર બાળકને દોઢ, અઢી કે સાડા ત્રણ માસે આ રસી ન મૂકાયેલ હોય તો દોઢ કે બે વર્ષે ફક્ત એક સીંગલ ડોઝ મૂકી શકાય.

- **રોટા વાઈરસ (ઝાડાની રસી) :** ૨ ડોઝ. આ રસી સામાન્યતઃ દોઢ અને અઢી માસે અથવા અઢી અને સાડા ત્રણ માસે બાળકને આપી શકાય.

ઉપરોક્ત રસીની અંદાજિત કિંમત રૂા. ૩૫૦૦ અને રૂા. ૧૦૦૦ અનુક્રમે (પ્રતિ ડોઝ) હોય છે.

આપ સૌને સુવિદિત છે તે મુજબ અત્યારે અમલમાં છે તે પ્રથા અનુસાર સમાજના નોંધાયેલા સભ્ય પરિવારજનોના બાળકોને મેડિકલ સેન્ટરના બાળ વિભાગમાં ૦ થી ૧૦ વર્ષના બાળકોને નક્કી થયા મુજબ નીચે જણાવેલ રસી નિઃશુલ્ક મૂકી આપવામાં આવે છે.

**ઓરલ પોલિયો, ત્રિગુણી રસી, હિપેટાઈટીસ-બી (ઝેરી કમળો), એચ.આઈ.બી. (મગજનો તાવ), મિઝલ્સ (ઓરી), એમ.એમ.આર., ચિકન પોક્સ (અછબડા), ટાઈફોઈડ અને હિપેટાઈટીસ-એ (સાદા કમળા).**

ઉપરોક્ત બાબતે વધુ વિગત અર્થે મેડિકલ સેન્ટરનો સંપર્ક કરી શકાય છે.

***કન્વીનર : કાંતિલાલ વેલજી સાવલા, તબીબી સેવા સમિતિ***

*તમે અંદરની ગંદકીને બહાર ન કાઢો ત્યાં સુધી તમને પ્રાર્થના કરવાનો કોઈ અધિકાર નથી.*

## શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ

### "જીવન કૌશલ્ય"

**(૨૬થી ૪૫ વર્ષની વ્યક્તિઓ માટે ખાસ વર્કશોપનું આયોજન)**

★

- *તારીખ* : રવિવાર, તા. ૩૦-૧૨-૨૦૧૨
- *સમય* : બપોરના ૧૨.૦૦થી સાંજે ૬.૩૦ સુધી
- *સ્થળ* : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.
- *વિષય* : જીવન કૌશલ્ય વર્કશોપ (૨૬થી ૪૫ વર્ષની વ્યક્તિઓ માટે)
- *વક્તા* : શ્રી નંદક પંડ્યા દ્વારા ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન

જીવન કૌશલ્યની વ્યાખ્યામાં એવી આવડત જે જીવનભર જરૂરી અને ઉપયોગી છે. આ કૌશલ્યમાં વિચારવું, કામ કરવું અને અનુભવવું વગેરે આવડતોનો સમાવેશ થાય છે.

- Head (મસ્તક)
- Heart (હૃદય)
- Hand (હાથ)
- Health (સ્વાસ્થ્ય)

*આ "4H" ના કૌશલ્ય દ્વારા આપણે સૌ.....*

➢ નિર્ણય શક્તિ

➢ 'સ્વ' અંગેનો હકારાત્મક અભિગમ

➢ અન્ય વ્યક્તિઓ સાથે આત્મીયતા અને પ્રેમપૂર્વક વ્યવહાર.

➢ વિવિધ સંબંધોમાં કટિબદ્ધતા અને બિનશરતી પ્રેમ

➢ સતત બદલાતી દુનિયામાં કાર્યક્ષમતાપૂર્વક બધી જ પરિસ્થિતિઓમાં આનંદનું સર્જન.

➢ જીવનને અર્થપૂર્ણ અને સંતોષકારક રીતે જીવવાની કળા મેળવી શકીએ.

રવિવાર, તા. ૩૦-૧૨-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમાજના સભ્ય પરિવારના ૨૬થી ૪૫ વર્ષની વ્યક્તિઓ માટે વર્કશોપનું ખાસ આયોજન કર્યું છે.

વધુ વિગત તથા રજિસ્ટ્રેશન માટે ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક કરવો. રજિસ્ટ્રેશન ફી સમાજના સભ્યના પરિવારજન માટે ફક્ત રૂા. ૨૦/- તથા અન્ય સૌ માટે રૂા. ૫૦/-

*કન્વીનર, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ*

> નિર્બળતાનો ઉપાય તેનો વિચાર કર્યા કરવો એ નથી, પણ શક્તિનો વિચાર કરવો એ છે. મનુષ્યોમાં જે શક્તિ પહેલેથી જ છે તેની કેળવણી આપો.

## યુવા વિકાસ સમિતિ

### સ્પોર્ટસ ડે (SPORTS DAY)

### સૌને ઉત્સાહપૂર્વક ભાગ લેવા નિમંત્રણ...

★

યુવા વિકાસ સમિતિ દ્વારા સ્પોર્ટસ-ડે નું આયોજન કરવામાં આવેલ છે.

*રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૨*

*સમય : સવારે ૯ વાગ્યાથી*

*સ્થળ : સ્પોર્ટસ સંકુલ, ખોખરા, મણિનગર (ઈસ્ટ).*

મેદાનમાં વિવિધ રમતો જેવી કે દોડ, કૂદ, ત્રિપગી દોડ, કોથળા દોડ વગેરે તથા બાળકો માટે વિવિધ રમતોનું આયોજન કરેલ છે. આ બધી રમતો વય ગ્રૂપ મુજબ રમાડવામાં આવશે.

વય ગ્રુપ - A (૬-૧૦), ગ્રુપ - B (૧૧-૧૫), ગ્રુપ - C (૧૬-૨૫), ગ્રુપ - D (૨૬-૩૫), ગ્રુપ - E (૩૬-૫૦).

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોના પરિવારજનો આ રમતોમાં ભાગ લઈ શકશે.

રમતોમાં ભાગ લેવા ઉત્સુક સ્પર્ધકો તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા ઈચ્છુક સહુએ પોતાના નામ તા. ૨૦-૧૨-૨૦૧૨ પહેલા ફોન નંબર ૨૬૫૮૧૫૦૧ પર નોંધાવી દેવા. દરેક રમતવીરોએ ૯ વાગ્યા પહેલા સ્પોર્ટસ સંકુલ ઉપર હાજર થઈ જવાનું છે.

સંજોગોવશાત સ્પર્ધાઓ અને વયજૂથમાં ફેરફાર કરવા સમિતિનો નિર્ણય આખરી રહેશે.

*– કન્વીનર*

## સમાજ સુરક્ષા સમિતિ

### આરોગ્યવીમા (મેડિક્લેઈમ) ધારકોને અગત્યની સૂચના

જે પરિવારજનોએ સમાજ મારફત અંગત આરોગ્યના વીમા લીધેલ છે તેઓના વીમાની મુદત ૨૫ ડિસેમ્બર, ૨૦૧૨ના પૂરી થાય છે. કંપની દરેક વીમા ધારકને રિન્યુઅલ માટે પત્ર મોકલી રહી છે. પત્ર મળે કે ન મળે, વીમાની પોલિસી રિન્યુ કરવા માટે ચેક તા. ૧૫-૧૨-૨૦૧૨ સુધી પાલડી ભવન ઉપર પહોંચાડવા વિનંતી.

સમાજ આ કામ સેવાભાવે કરે છે. ચેક સમયસર ન મળવાના કારણે પોલિસી બંધ થઈ જાય તો સમાજની કોઈ જવાબદારી રહેશે નહિ.

**ખાસ સૂચના : ચેકમાં રકમ લખવી નહિ.**

*કન્વીનર : મગનલાલ સંઘવી*

> *અપમાન જીરવવું એ મુશ્કેલ તો છે જ, પણ માન જીરવવું વધારે મુશ્કેલ છે.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## કાર્યક્રમનો અહેવાલ

તા. ૩૧-૧૦-૨૦૧૨, બુધવારના રોજ પાલડી જૈન ભવન ખાતે, કુકિંગ ડેમોન્સ્ટ્રેશનનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૮૨ બહેનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. ઑવન વાપરીને બનતી વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન રાખેલ હતું.

કુકિંગ નિષ્ણાત શ્રીમતી હેમા નારંગ (B.Sc., CFN, DCP, DNHE) એક ડાયેટિશિયન પણ છે. છેલ્લા ૧૨ વર્ષથી મણિનગર ખાતે "Baker's Den"ના નામથી કુકિંગ ક્લાસીસ ચલાવી રહ્યા છે. ઉપરાંત શ્રધ્ધા નર્સિંગ હોમ એન્ડ હાર્ટ હોસ્પિટલમાં ડાયેટિશિયન તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે નાનખટાઈ, જીરા બટર કુકીઝ, પી.નટ કુકીઝ, ઈટાલીયન બેક્ડ ટ્રાયો, વેલ્વેટ પાઈ, ટાર્ટ (બાસ્કેટ) વગેરે વાનગીઓનું સરળ, સચોટ અને સરસ ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના મુખ્ય સંચાલક શ્રીમતી હાસ્યલતાબેને મેડિકલ સેન્ટરમાં ચાલતી વિવિધ જૂની અને નવી (ડાયાબિટીસ કેર યુનીટ) પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

કાર્યક્રમને સફળ બનાવનાર સમિતિ સભ્યો શ્રીમતી વીણા ગાલા, નીપા શાહ, નયના ગોગરી અને રીંકુ મોતાએ શ્રીમતી હેમાનું બહુમાન કર્યું હતું.

છેલ્લે જે વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન અપાયું હતું તે જ વાનગીઓનો સ્વાદ માણીને સૌ છૂટા પડ્યા હતા.

## ડેમોન્સ્ટ્રેશન અપાયેલ ઑવનમાં બનતી વાનગીઓ

### (૧) નાનખટાઈ

***સામગ્રી :*** ૧ કપ ઘી, ૨ કપ મેંદો, ૩/૪ કપ દળેલી ખાંડ, ૧ ટી.સ્પૂન એલચી પાવડર, ૧ ટી.સ્પૂન વેનિલા એસેન્સ, ચપટી મીઠું.

***રીત :*** ઘી અને ખાંડ હલકા થાય ત્યાં સુધી ફીણવા. એલચી, એસેન્સ, મીઠું અને મેંદો ઉમેરીને લોટ બાંધવો. પેંડાનો આકાર આપીને ઑવનમાં ૧૫૦° સે. તાપમાને ૨૦ મિનિટ બૅક કરવું.

### (૨) જીરા ચીલી કુકીઝ

***સામગ્રી :*** ૧/૨ કપ મેંદો, ૧ ટેબલ સ્પૂન અમૂલ બટર, બાંધવા માટે લોટ, ૧/૪ ટી. સ્પૂન બૅકિંગ પાવડર, જીરૂ અને સૂકા લાલ મરચાનો ભૂકો - સ્વાદ પ્રમાણે.

***રીત :*** બધી જ સામગ્રી મીક્ષ કરીને લોટ બાંધવો. લૂઆ પાડી વણવું અને બિસ્કિટનો આકાર આપીને ૧૫૦° સે. તાપમાને ૨૦ મિનિટ માટે ઑવનમાં બૅક કરવું.

### (૩) પી નટ બટર કુકીઝ

***સામગ્રી :*** ૩૦ ગ્રામ પીનટ બટર, ૩૦ ગ્રામ સફેદ માખણ, ચપટી બૅકિંગ સોડા, ૬૦ ગ્રામ મેંદો, ૩૦ ગ્રામ દળેલી ખાંડ, ૧ ટેબલ સ્પૂન ગોલ્ડન સીરપ.

***રીત :*** બધી જ સામગ્રી મિક્સ કરીને લોટ બાંધવો. બિસ્કિટનો આકાર આપીને ઑવનમાં ૧૫૦° સે. તાપમાને ૨૫ મિનિટ માટે બૅક કરવું.

### (૪) કોકોનટ મેકુન્સ

***સામગ્રી :*** ૧/૨ કપ મેંદો, ૧ કપ સૂકા કોપરાની છીણ, ૧/૪ ટી.સ્પૂન બૅકિંગ પાવડર, ૧/૨ કપ કન્ડેન્સ્ડ મિલ્ક, ૧ ટી.સ્પૂન વેનિલા એસેન્સ.

***રીત :*** બધી જ સામગ્રી મિક્સ કરવી. તૈયાર થયેલ મિશ્રણ સેમિ સૉલીડ બનશે. બૅકિંગ પ્લેટમાં બટર પેપર મૂકી અને ચમચીની મદદથી બિસ્કિટ મૂકવા. ઑવનમાં ૧૫૦° સે. તાપમાને ૧૫ મિનિટ બૅક કરવું.

### (૫) ઈટાલીયન બેક્ડ ટ્રાયો (ત્રણ પડવાળું)

***સામગ્રી :*** ૫૦૦ ગ્રામ બાફેલા નુડલ્સ, ૧/૨ કપ ખમણેલું ચીઝ – બંને વસ્તુના ત્રણ ભાગ કરવા.

**(એ) ગ્રીન લેયર (પડ)**

***સામગ્રી :*** નાની ઝુડી પાલક (બાફી મિક્ષરમાં ફેરવી પેસ્ટ બનાવવી), ૨ પીસેલા લીલા મરચાં, ૧ ટેબલ સ્પૂન બટર, ૫૦ ગ્રામ દૂધી (બાફેલી), ૧ ટી.સ્પૂન જીરૂ, સ્વાદ પ્રમાણે મીઠું.

***રીત :*** પાલકની પેસ્ટને બટરમાં જીરૂં + મીઠું નાંખીને સાંતળવા. ૫ મિનિટ રાંધવું. એક ભાગ બાફેલા નુડલ્સ નાખવા.

**(બી) રેડ લેયર (પડ)**

***સામગ્રી :*** દોઢ કપ ટોમેટો પ્યુરી, સ્વાદ અનુસાર મીઠું, મરી, ખાંડ, ગરમ મસાલો.

***રીત :*** બધું જ મિક્સ કરીને ૫ મિનિટ રાંધવું. બાફેલા નુડલ્સનો બીજો ભાગ મિક્સ કરવા.

**(સી) વ્હાઈટ લેયર (પડ) - વ્હાઈટ સોસ**

***સામગ્રી :*** ૧ ટે.સ્પૂન બટર, ૧ કપ દૂધ, ૧ ટી.સ્પૂન મેંદો, સ્વાદ પ્રમાણે મીઠું - મરી.

***રીત :*** બધું જ મિક્સ કરીને ૫ મિનિટ રાંધવું અને ત્રીજો ભાગ બાફેલા નુડલ્સ ઉમેરવા.

બૅકિંગ પ્લેટમાં પ્રથમ ગ્રીન લેયર પાથરવું. પછી વ્હાઈટ લેયર પાથરવું અને સૌથી ઉપર રેડ લેયર પાથરીને ચીઝથી ડેકોરેટ કરવું. ઑવનમાં ૨૦૦° સે. તાપમાને ૨૫ મિનિટ બૅક કરવું. ગરમ પીરસવું.

### (૬) વેલ્વેટ પાઈ - ટાર્ટ (બાસ્કેટ)

***સામગ્રી :*** ૧૨૦ ગ્રામ મેંદો, ૬૦ ગ્રામ માર્ગરીન અથવા ઘરનું માખણ, ચપટી મીઠું, જરૂર પ્રમાણે પાણી.

***રીત :*** બધું મિક્સ કરીને લોટ બાંધવો. જોઈતા મૉલ્ડના માપ પ્રમાણે વણીને મોલ્ડ સાથે જ ઑવનમાં ૧૫૦° સે. તાપમાને ૧૨ મિનિટ બૅક કરવું.

***ફિલિંગ માટે :*** સ્ટાર્ટર તરીકે ફણગાવેલા કઠોળ, સોસ, દાડમ વગેરે.

***ચાટ તરીકે :*** બટાકા / બાફેલા કેળા, સેવ, ચટણી, દહીં વગેરે.

***ડૅઝર્ટ તરીકે :*** ફ્રુટ, જામ, ક્રીમ અથવા કસ્ટર્ડ મિલ્ક + ચોકલેટ. પીરસતી વખતે મનગમતી સામગ્રીથી બાસ્કેટ ભરવી, વહેલી નહીં.

***સુલુ જલદીપ શાહ***

*ઈશ્વરનું નામસ્મરણ એ ભીતરનો ગુંજારવ હોય, બહારનો આડંબર નહિ.*

# મહિલા ઉત્કર્ષ સમિતિના વિવિધ કાર્યક્રમોની તસવીરી ઝલક



ઑવન (ઓ.ટી.જી.)માં બનતી વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન આપતા
શ્રીમતી હેમા નારંગ



કુકિંગ નિષ્ણાતનું બહુમાન કરતા સમિતિના સભ્યો



કુકિંગ ડેમોન્સ્ટ્રેશનના કાર્યક્રમ દરમ્યાન હાજર રહેલ બહેનો.



રંગોળી હરીફાઈમાં ભાગ લેનાર સ્પર્ધકો અને
નિર્ણાયક શ્રીમતી મીતા કાવિયા (ચેરપર્સન, **GCCI BWW**)



સ્વામિવાત્સલ્યના દિવસે
સંપૂર્ણ બોડી ચેક-અપ નોંધણી કાર્યક્રમમાં કાર્યરત સમિતિના સભ્યો



ગુજરાત કેન્સર અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં
ડૉ. કોકિલાબેનને રિપોર્ટ બતાવતા સમાજના સભ્ય બહેનો.

*પૈસા કમાવવા માટે બુદ્ધિ જરૂરી છે, પણ ઉપયોગ ક્યાં કરવો તેના માટે સંસ્કાર જોઈએ.*

શ્રી આર્યરક્ષિત કલ્યાણ ગૌતમનીતિ ગુણ ગુણોદય કલાપ્રભસાગર સૂરિભ્યો નમો નમઃ

# શ્રી કચ્છી વીસા ઓસવાળ અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ સંચાલિત

## તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી આરાધના ભવન અર્થાત્

## નવનીત વિવિધલક્ષી ભવન (શ્રી લાલજી રામજી ગાલાની સ્મૃતિમાં – ગામ : રાયણ, કચ્છ)

**ભવન સ્થળ** : પ્લોટ નં. ૧૦૪, કોમલ એન્કલેવની બાજુમાં, પી.ટી. કોલેજ રોડ, શાંતિવન પાસે (વાસણા પીરાણા બ્રિજ પાસે), પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**કાર્યકારી ઓફિસ** : ૫૦૨/બી, મહાલક્ષ્મી કોમ્પ્લેક્ષ, મહાલક્ષ્મી પાંચ રસ્તા પાસે, નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**સંપર્ક** : **ટ્રસ્ટીશ્રી ટોકરશી મામા – ફોન : (079) 26604800 ● મો. 98250 08500**

પધારો... પધારો... પધારો...

## તા. ૧૫-૨-૨૦૧૩ના તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સામૈયામાં પધારો

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સાહેબ**ની નિશ્રામાં તા. ૨૧-૧-૨૦૧૩નાં કચ્છ ભુજથી છ'રી પારીત સંઘ પ્રયાણ કરશે. તા. ૭-૨-૨૦૧૩નાં રોજ સંઘ શંખેશ્વર તીર્થે પ્રવેશ કરશે. તા. ૮-૨-૨૦૧૩નાં સંઘમાળનો પ્રોગ્રામ શંખેશ્વર તીર્થે રહેશે. શંખેશ્વરથી પાલીતાણાનો છ'રી પારીત સંઘ તા. ૮-૨-૧૩ના શંખેશ્વર તીર્થથી વાયા અમદાવાદ પ્રયાણ કરશે.

### ● છ'રી પારીત સંઘનો અમદાવાદનો કાર્યક્રમ ●

★ તા. ૧૩-૨-૨૦૧૩ના બોપલ ★ તા. ૧૪-૨-૨૦૧૩નાં અમદાવાદ (બોપલ અને અમદાવાદ ખાતેના સંઘ રોકાણના સ્થળ તથા સંપર્ક માટેની વિગતો જાન્યુઆરી મહિનાના મંગલ મંદિરમાં જાહેર કરવામાં આવશે.)

★ તા. ૧૫-૨-૨૦૧૩નાં તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** આરાધના ભવનનાં ઉદ્‌ઘાટનમાં નિશ્રા આપશે. ★ તા. ૧૫-૨-૨૦૧૩ના સાંજે પાલીતાણા તરફ પ્રયાણ. અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સાહેબ**નું જન્મ શતાબ્દીનું વર્ષ ચાલે છે. તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સાહેબ** છ'રી પારીત સંઘ સાથે અમદાવાદ પધારી રહ્યા છે.

તેઓશ્રીનું સામૈયું તા. ૧૫-૨-૨૦૧૩ શુક્રવારનાં સવારે ૮ વાગે પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસેથી કરવામાં આવશે.

સામૈયામાં ૧૦૧ શણગારેલ બેડા તથા ૧૦૧ ગહુંલીઓ સાથે પ.પૂ.ગુરૂદેવનું સામૈયું કરવાનું છે. **શણગારેલ બેડાને** પ્રથમ ઈનામ રૂા. ૩,૦૦૦/-, બીજું ઈનામ રૂા. ૨,૫૦૦/-, ત્રીજું ઈનામ રૂા. ૨૦૦૦/-, ચોથું ઈનામ રૂા. ૧૫૦૦/-, પાંચમું તથા છઠ્ઠું ઈનામ રૂા. ૧૦૦૦/-, આશ્વાસન ઈનામ રૂા. ૫૦૦/- દરેક શણગારેલ બેડાને આપવામાં આવશે. **શણગારેલ ગહુંલીને** પ્રથમ ઈનામ રૂા. ૧૫૦૦/-, બીજું ઈનામ રૂા. ૧૦૦૦/-, ત્રીજું ઈનામ રૂા. ૫૦૦/-, ચોથું ઈનામ રૂા. ૨૫૦/-, પાંચમું ઈનામ રૂા. ૨૦૦/-, છઠ્ઠું ઈનામ રૂા. ૧૫૦/-, આશ્વાસન ઈનામ દરેકને રૂા. ૧૦૦/- આપવામાં આવશે.

સકળ સંઘની બહેનોને બેડા તથા ગહુંલી લઈને સામૈયામાં આવવાનું ભાવભર્યું આમંત્રણ છે.

*નોંધ:* બેડા તથા ગહુંલી જાતે જ તૈયાર કરેલા હશે તેઓ જ ઈનામને પાત્ર થશે. આર્ટીસ્ટ પાસેથી તૈયાર કરાવેલ બેડા તથા ગહુંલીને ફક્ત આશ્વાસન ઈનામ આપવામાં આવશે. ગચ્છ અને શાસનની શોભા વધારવા તથા ગુરૂદેવની ગરીમા વધારવા સૌ કોઈ સામૈયા માટે તૈયાર થઈ જશો.

**★ બેડા તથા ગહુંલી માટે નામ નોંધાવવા :**

(૧) મણિનગર ઉપાશ્રયે પ.પૂ.સાધ્વીશ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સાહેબ (૨) ધનરાજ દેઢિયા : મો. ૯૮૭૯૮૮૩૧૩૪
(૩) વિજય દેઢિયા : મો. ૮૧૨૮૮ ૮૪૬૦૦ (૪) ચેતન ધરોડ : મો. ૯૪૨૬૫ ૨૯૩૪૧
(૫) ટોકરશી મામા : મો. ૯૮૨૫૦ ૦૮૫૦૦

**લી. શ્રી કચ્છી વીસા ઓસવાળ અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ**

ટ્રસ્ટી મંડળ : (૧) શાંતિલાલ મુળજી સાવલા (૨) હરખચંદ રામજી ગાલા (૩) ટોકરશી કેશવજી શાહ, (૪) લક્ષ્મીચંદ શામજી છેડા (૫) પ્રવીણચંદ્ર પાસુભાઈ શાહનંદ (૬) કિરીટ પ્રેમજી નંદુ

તથા કારોબારી સમિતિનાં સૌ સભ્યોના જય જિનેન્દ્ર.

## બાળ કલ્યાણ સમિતિ

તા. ૧૫ તથા તા. ૧૬-૧૨-૨૦૧૨ના તારા દર્શન તથા ઘુડઘર અભયારણ્યની મુલાકાતનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે, જેની નોંધ લેવા વિનંતી.

આપના બાળકો માટે નામ નોંધાવેલ ન હોય તો વહેલી તકે રૂા. ૫૦/- ભરીને નોંધાવી દેશો. સાથે વાલી આવતા હોય તો રૂા. ૧૫૦/- ભરીને તેમનું નામ પણ નોંધાવવું.

**તા. ૧૫-૧૨-૨૦૧૨**

➤ બપોરના ૨.૩૦ કલાકે : પાલડી ભવનથી પ્રસ્થાન.

➤ સાંજે ૫.૦૦ : ઢાંકણી લબ્ધિધામ આગમન તથા ભોજન

➤ રાત્રે ૭.૦૦ કલાકે : ઉપરિયાળા તીર્થ આગમન. દર્શન - પૂજા. રાત્રિ રોકાણ.

➤ રાત્રે ૮.૩૦થી : અલૌકિક ઉપવનમાં તારા દર્શન. મોડી રાત્રે ઉપરિયાળા રાત્રિ રોકાણ.

**તા. ૧૬-૧૨-૨૦૧૨**

➤ સવારના ૮.૦૦ કલાકે : ઉપરિયાળા તીર્થમાં નવકારશી.

➤ સવારના ૯.૦૦ કલાકે ઘુડખર અભયારણ્ય તરફ પ્રસ્થાન.

➤ ૧૦.૦૦થી ૧.૦૦ : અભયારણ્યની મુલાકાત.

➤ બપોરે ૨.૦૦ : ઉપરિયાળા ભોજન તથા આરામ.

➤ બપોરે ૪.૦૦ : ચા તથા અમદાવાદ તરફ પ્રયાણ.

➤ રાત્રે લગભગ ૮.૩૦ કલાકે અમદાવાદ પાલડી ભવન આગમન.

***ખાસ સૂચના*** : રાત્રે ખુલ્લામાં બેસવાનું હોઈ જરૂરી ગરમ કપડાં અચૂક લાવવા.

***કન્વીનર : મગનલાલ સંઘવી***

---

## "સંકલ્પ"

### શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

**ગેટ-ટુ-ગેધર કાર્યક્રમનો અહેવાલ**

"સંકલ્પ"ની નવી કારોબારી દ્વારા 'ગેટ-ટુ-ગેધર'ના પ્રોગ્રામનું આયોજન તા. ૪-૧૧-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવેલ હતું. 'સંકલ્પ'ના આ પ્રોગ્રામમાં સમાજના દરેક વયજૂથના લોકોએ વિવિધ પ્રકારની રમતોની મજા માણી હતી.

આ પ્રોગ્રામમાં સમાજનાં અગ્રણી ટ્રસ્ટીઓ શ્રી હીરજીભાઈ શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી બચુભાઈ રાંભિયા, શ્રીમતી શિલ્પીબેન શાહ, અન્ય વડીલો અને લગભગ ૨૦૦ જેટલાં સભ્યો ઉપસ્થિત હતા. પ્રોગ્રામની શરૂઆતમાં વર્ષ ૨૦૧૨-૧૩ની 'સંકલ્પ'ની નવી કારોબારી સમિતિ તથા હોદ્દેદાર વ્યક્તિઓની ઓળખવિધિ કરવામાં આવી હતી.

ઉપરોક્ત 'ગેટ-ટુ-ગેધર'નો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વડીલોના ડોનેશન અને સમિતિના સભ્યોના સાથ સહકારથી સફળતાપૂર્વક યોજાયેલ હતો. તે બદલ સર્વેનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

કાર્યક્રમને અંતે સૌએ સ્વરૂચિ ભોજન લીધેલ. 'સંકલ્પ'ના આગામી તા. ૩૧-૧૨-૨૦૧૨ના રોજ નવા વર્ષની ઉજવણી નિમિત્તેના કાર્યક્રમમાં મળવાનાં નિર્ધાર સાથે સૌ છૂટા પડેલ.

***'સંકલ્પ' દ્વારા અપાયેલ યાદી મુજબ –***

'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૧૨ના અંકમાં છપાયેલ 'સંકલ્પ'ની વર્ષ ૨૦૧૨-૧૩ની સલાહકાર સમિતિના સભ્યોના દર્શાવેલ નામમાં ડૉ. કેતન ઈન્દ્રજિતભાઈ શાહ વાંચવું તથા કારોબારી સમિતિના અન્ય બે સભ્યો સંજય કીર્તિભાઈ સંઘવી અને જયદીપ મૈશેરીના નામ શરતચૂકથી રહી ગયેલ. તો તેની નોંધ લેવા વિનંતી.

**આગામી કાર્યક્રમો**

★ તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૨નાં રોજ રાત્રે ૮.૦૦ વાગે નીચે જણાવેલ સ્થળે ૨૦૧૨ના વર્ષની વિદાય તથા નવી આશા, ઉમંગ અને વિશ્વકલ્યાણની ભાવના સાથે વર્ષ ૨૦૧૩નાં આગમનને ભાવભર્યો આવકાર આપવા એક અવનવા કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ પ્રોગ્રામમાં આવવા માટે વ્યક્તિ દીઠ રૂા. ૫૦/-ના એન્ટ્રી પાસ રાખવામાં આવેલ છે. (જે ચાર્જિસ કાર્યક્રમના સ્થળે પરત કરવામાં આવશે.) આ એન્ટ્રી પાસ તા. ૩-૧૨-૨૦૧૨થી ૨૭-૧૨-૨૦૧૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી મેળવી લેવાના રહેશે. માત્ર સમાજ તથા 'સંકલ્પ'ના સભ્યો માટે જ, આ કાર્યક્રમ રાખેલ છે. કાર્યક્રમના પ્રવેશ પાસ ખૂબ જ મર્યાદિત સંખ્યામાં હોતા, વહેલા તે પહેલાના ધોરણે શ્રી કચ્છી જૈન ભવન પરથી મેળવી લેશો.

ઉપરોક્ત કાર્યક્રમ અંગે વધુ કંઈ માહિતી જોઈતી હોય તો શ્રી પીયૂષ સાવલા - પ્રમુખ (૯૮૭૮૪૯૬૧૩૯) અને શ્રી નીતિન શાહ - મંત્રી (૯૯૭૯૮૮૨૪૦૧)નો સંપર્ક સાધવા વિનંતી છે.

***કાર્યક્રમનું સ્થળ*** : જલતરંગ પાર્ટીપ્લોટ
લાવણ્ય સોસાયટીની પાછળ, ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલ પાસે, વાસણા, પ્રથમા બ્લડ બેંકની સામે, અમદાવાદ-૭.

★ દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૬-૧-૨૦૧૩નાં પ્રજાસત્તાક દિવસે ધ્વજવંદનના કાર્યક્રમ બાદ વયજૂથ પ્રમાણે જુદી જુદી રમતોની સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. જેની વધુ વિગતો 'મંગલ મંદિર'ના આગામી અંકમાં આપવામાં આવશે.

***પ્રમુખ / મંત્રી – 'સંકલ્પ'***

*દિવ્યતાની વાતો કરતા હોઠ કરતાં માનવીની સહાયમાં લંબાતા હાથ વધારે સારા છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૧૨

- **શુક્રવાર, તા. ૨૬-૧૦-૨૦૧૨**
મેડિકલ સમિતિએ વિવિધ વિભાગોના જરૂરિયાત મુજબના ડૉક્ટરો માટે ઈન્ટરવ્યૂ લીધા. શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. હિતુભાઈ શાહ, શ્રી અશ્વિન સાવલા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

- **રવિવાર, તા. ૨૮-૧૦-૨૦૧૨**
જીતો – અમદાવાદ ચેપ્ટરની યુનિવર્સિટી કોન્વોકેશન હોલમાં વાર્ષિક સામાન્ય સભા અને અન્ય અનેક કાર્યક્રમો ગોઠવાયેલ હતા કે જેમાં શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી દક્ષેશ નવીનચંદ્ર સંઘવી, શ્રી નવીન વેરશી હરિયા, શ્રી દિનેશભાઈ મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી મનુભાઈ શાહ વગેરે કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

- **સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨**
લઠેડી મહાજનના શ્રી લહેરીભાઈ ગડા, શ્રી વલ્લભ પ્રેમજી શાહ તથા શ્રી વિપુલ વશનજી નાગડા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કચ્છના ઘાસચારાની યોજના માટે સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી ઉચ્ચારેલ હતી. શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી અશોક મહેતાએ તેઓની સાથે મિટિંગ કરેલ હતી.

★

શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી શાંતિલાલ મૂળજી સાવલા એકત્રિત થયેલ હતા અને મુંબઈના અતિથિ ભવન વિશે ચર્ચા કરેલ હતી. શ્રી શાંતિલાલભાઈ સાવલા તથા શ્રી કાંતિલાલભાઈ સાવલા મુંબઈ જઈને ઍડવોકેટ શ્રી વાઘેલાને મળી આવ્યા તે અંગેનો રીપોર્ટ તેઓએ આપેલ હતો. અને ફરી બાકી રહેતા કાર્યો અંગે વાતચીત કરવા મુંબઈ જવાના પ્લાનિંગ કરેલ હતા.

★

શરદ પૂનમ હોતાં શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં ગરબા તથા દાંડિયા રાસનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ હતો. અંદાજિત ૩૦૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા. ગૂર્જર દાંડિયા રાસ હરીફાઈ યુવા વિકાસ સમિતિ દ્વારા ગોઠવવામાં આવેલ હતી. કાર્યક્રમને અંતે વિજેતાઓને ઈનામોથી નવાજવામાં આવેલ હતા. નિર્ણાયકોનું પણ સન્માન કરવામાં આવેલ હતું. દૂધ પૌંઆ વગેરેની ઉજાણી કરી મોડી રાત્રે સહુ છૂટા પડેલ હતા.

- **બુધવાર, તા. ૩૧-૧૦-૨૦૧૨**
મહિલા ઉત્કર્ષ સમિતિના નેજા હેઠળ નવી નવી વાનગીઓનું કુકિંગ ડેમોન્સ્ટ્રેશનનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન પર ગોઠવવામાં આવેલ હતો. અંદાજિત ૮૦થી પણ વધુ સંખ્યામાં મહિલાઓ એકત્રિત થયેલ હતી.

★

આજરોજ રાત્રે મેડિકલ કમિટીની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, ડૉ. હિતેન્દ્રભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી દિનેશભાઈ મહેતા, શ્રી કે.આર. શાહ, શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા, શ્રીમતી દક્ષાબેન રાણાવત તથા શ્રી પીન્ટુભાઈ પટેલ ઉપસ્થિત રહેલ હતા. ઈ.એન.ટી. તથા સ્કીન વિભાગમાં વધારાની ઓ.પી.ડી. શરૂ કરાયેલ હોવાની માહિતી આ મિટિંગમાં આપવામાં આવેલ હતી. મેડિકલ સેન્ટરની બહારના ડૉક્ટરો વિવિધ પરીક્ષણ કરવા પેશન્ટોને નિયમિતપણે મોકલતા હોવાથી દિપાવલીના સમયે તેમને શુભ સંદેશાઓ મોકલવાનું નક્કી કરવામાં આવેલ હતું. પેથોલોજી લેબોરેટરીમાં ઈન્ટરફેસ અને બારકોડ પ્રોગ્રામ નાખવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. હવેથી શ્રી કચ્છી જૈન ભવન બહાર કેમ્પો રાખવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. અમદાવાદમાં અન્ય સ્થળે બ્લડ કલેક્શન સેન્ટર તથા મેડિકલ સેન્ટર ઊભા કરવા અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. અન્ય જરૂરી રૂટીન બાબતો તથા વ્યવસ્થા અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૧-૧૧-૨૦૧૨**
શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠનની ભુજ ઓફિસ ખાતે કચ્છમાં ઘાસચારો ઉગાડવા માટે એક મિટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મિટિંગમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠનના પ્રમુખ શ્રી વશનજીભાઈ પ્રેમજી સોની, શ્રી હરીશભાઈ નાગડા, શ્રી સોહિતભાઈ દેઢિયા, શ્રી મહેન્દ્રભાઈ ગઢવી, શ્રી મનોજભાઈ સોલંકી વગેરે ઉપસ્થિત રહેલ હતા. હાલની વિષમ પરિસ્થિતિમાં કચ્છના પીયતવાળા વિસ્તારમાં ખેડૂતો ઘાસચારો ઉગાડે તે માટે પ્રયત્નો કરવા.

*આપણે જ્યારે બીજાને છેતરીએ છીએ ત્યારે ખરેખર તો આપણે આપણી જાતને છેતરીએ છીએ.*

હાલ પૂરતું ૨૦૦૦ એકરની અપર લિમિટ રાખી ખેડૂતોને ઘાસચારો ઉગાડવા પ્રતિ એકર રૂા. ૫૦૦/-નું પ્રોત્સાહન આપવું. ટેકાના ભાવે વિવિધ પ્રકારનો ઘાસચારો એટલે કે મકાઈ, જુવાર, બાજરો, ગાજર, રંજકો વગેરે પ્રકારના ઘાસ કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન ખેડૂતો પાસેથી ડાયરેક્ટ ખરીદી લેશે તેવી બાંહેધરી આપવી. પ્રથમ મુંદ્રા તાલુકાના ખેડૂતોને એકત્રિત કરી, તા. ૬-૧૧-૨૦૧૨ના એંકરવાલા અહિંસાધામ ખાતે મિટિંગ રાખવી. પાંચ સભ્યોની નીચે મુજબની ઘાસચારા સમિતિનું ગઠન કરવામાં આવેલ હતું. (૧) શ્રી મહેન્દ્રભાઈ ગઢવી - ભુજપુર (કન્વીનર), (૨) શ્રી સોહિતભાઈ દેઢિયા - ગઢશીશા (સભ્ય), (૩) શ્રી મનોજભાઈ સોલંકી - માધાપર (સભ્ય), (૪) શ્રી ભરતભાઈ સોંદરવા - ભુજ (સભ્ય) તથા (૫) શ્રી વસનજીભાઈ સોની - મુંબઈ (સભ્ય). આ કાર્ય માટે ખેડૂત, કચ્છ કિસાન સંઘ, દરેક ગામની ગૌસેવા સમિતિઓ, પાંજરાપોળો વગેરેને એકત્રિત કરી જરૂરી આયોજનો કરવા. આવતા ચોમાસા સુધી કેટલા મણ ઘાસ જોઈશે અને તેના માટે કેટલા એકરમાં ઘાસચારો વાવવો જોઈએ તેના અંદાજ કાઢવામાં આવ્યા હતા. આ રીતે આ મિટિંગમાં ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

★

શ્રી કોમલભાઈ સાવલા સાથે માતૃવંદના - બિદડા અંગે જરૂરી ચર્ચા શ્રી અશોકભાઈ મહેતાએ કરી હતી.

★

શ્રી વિનોદભાઈ ગાલા તથા શ્રી લાલ રાંભિયા સાથે પણ શ્રી અશોકભાઈ મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતી વર્ષના અન્ય કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.

- **શનિવાર, તા. ૩-૧૧-૨૦૧૨**
  અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના ઈન્સ્પેક્ટરો શ્રી જતીન ઠાકર તથા શ્રી મિહિર પટેલ શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા અને અ.મ્યુ.કો.માં સમાજે ટેક્ષ ઘટાડા માટે કરેલ અરજી અંગે ચર્ચા કરેલ હતી.

- **રવિવાર, તા. ૪-૧૧-૨૦૧૨**
  શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત "સાંભળવું એક કલા" વિષય પર એક પરિસંવાદ સમાજના ૬ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકો માટે શ્રી કચ્છી જૈન ભવન પર સવારમાં ૯ થી ૧ દરમ્યાન ગોઠવવામાં આવેલ હતો. વક્તા તરીકે શ્રી નંદક પંડ્યા ઉપસ્થિત રહેલ હતા. સમાજના અંદાજિત ૪૦ બાળકો આ પરિસંવાદના સમયે ઉપસ્થિત રહેલ હતા. આ પરિસંવાદને ધારી સફળતા પ્રાપ્ત થયેલ હતી.

  ★

  કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હસમુખ ગઢેચા, શ્રી કે.ડી. શાહ, શ્રી ભરત ઓઝા, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી હીરજી પાસુ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિક હિસાબો મંજૂર કરવામાં આવેલ હતા. નવા વર્ષ માટે ઑડિટરશ્રીની નિમણૂક કરવામાં આવેલ હતી. આર્કિટેક્ચરલ કૉલેજ તથા કચ્છના ઈતિહાસ આલેખન અંગે જરૂરી માહિતી આ સભાને આપવામાં આવેલ હતી. વિવિધ વિષયે ચર્ચા પણ કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૫-૧૧-૨૦૧૨**
  સમાજના બાળકો દ્વારા તા. ૨-૧૨-૧૨ના રજૂ કરવામાં આવનાર મનોરંજન કાર્યક્રમના અંદાજિત ૫૦ જેટલા કલાકારોએ આજથી શ્રી કચ્છી જૈન ભવન પર શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહના માર્ગદર્શન હેઠળ પ્રેક્ટીસ કરવાનું ચાલુ કરી દીધેલ છે.

- **મંગળવાર, તા. ૬-૧૧-૨૦૧૨**
  આજરોજ એન્કરવાલા અહિંસાધામ - પ્રાગપર ખાતે કચ્છમાં ઘાસચારો ઉગાડવા પ્રોત્સાહન આપવાના સ્વરૂપે એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી દિનેશ મણિલાલ શાહ તથા શ્રી દિનેશ રતિલાલ મહેતા, કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠનના શ્રી વશનજીભાઈ સોની તથા શ્રી નવીનચંદ્ર મહેતા, ઘાસચારા સમિતિના કન્વીનર શ્રી મહેન્દ્રભાઈ ગઢવી તથા સભ્ય શ્રી મનોજભાઈ સોલંકી, અદાણી ફાઉન્ડેશન્સના શ્રી કરશનભાઈ ગઢવી, શ્રી કચ્છ કિસાન સંઘના શ્રી પુનશીભાઈ ગઢવી, દેશલપરના શ્રી ધનજીભાઈ શાહ, ભુજપુરના શ્રી અમૃતલાલ ભેદા તથા શ્રી પોપટલાલ ભેદા, વિવિધ ગામની ગૌસેવા સમિતિના કાર્યકરો તથા વિવિધ ગામના ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા. શ્રી મહેન્દ્રભાઈ ગઢવીએ સભાનું સંચાલન કરેલ હતું. તેઓએ પોતાના પ્રવચનમાં ઘાસચારા ઉગાડવાની જરૂરિયાત અને તેના વાવેતર માટે ઉપસ્થિત કિસાનોને પ્રોત્સાહિત કરેલ હતા અને આ કાર્યની જરૂરિયાત સમજાવેલ હતી. શ્રી વશનજીભાઈ સોનીએ ટેકાના ભાવથી વિવિધ પાંજરાપોળો આ ઘાસચારો ખરીદી લેશે તેવી બાંહેધરી આપેલ હતી. શ્રી મનોજભાઈ સોલંકીએ કેટલા એકરમાં ઘાસચારો લાવવાની જરૂરિયાત છે તેની વિગત સમજાવેલ હતી. ઘાસચારો ઉગાડવા વિવિધ પાકોના ખર્ચના તારણો કાઢી આપ્યા હતા. શ્રી ધનજીભાઈ શાહે પ્રાસંગિક પ્રવચન કરેલ હતું. આ મિટિંગમાં સર્વાનુમતે વિવિધ ઘાસચારાના ટેકાના ભાવો પ્રતિ મણના નીચે મુજબ નક્કી કરવામાં આવેલ હતા. મકાઈ : રૂા. ૫૫/-, ગાજર :

*ચિંતામાંથી છૂટવાનો સહેલો માર્ગ છે, કામે લાગી જાવ.*

રૂા. ૬૦/-, જુવાર : રૂા. ૬૫/-, બાજરી : રૂા.૮૦/- તથા રંજકો : રૂા. ૮૦/- . મુંદ્રા તાલુકાનું ટાર્ગેટ ૧૭૦૦ એકરના પાકનું નક્કી કરવામાં આવેલ હતું. આ મિટિંગમાં ૮૦થી વધુ ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા. દીપોત્સવી ત્યોહાર બાદ માંડવી, ભુજ વગેરે તાલુકાના કિસાનોની મિટિંગ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ત્યારબાદ શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી દિનેશભાઈ મહેતાએ લૂણી પાંજરાપોળની મુલાકાત લીધેલ હતી. શ્રી વશનજીભાઈ સોનીએ ઘાસચારા વાવવાનું મશીન, ગૌમૂત્ર તથા ગોબરમાંથી બનાવાતી દવાઓની ફેક્ટરી વગેરે બતાવી તેની વિગતવાર માહિતી આપેલ હતી.

- **બુધવાર, તા. ૭-૧૧-૨૦૧૨**

મુંબઈના શ્રી ટેકચંદભાઈએ શ્રી મણિલાલ કુંવરજી ગોસર સાથે ભવનની મુલાકાત લીધેલ હતી.

★

કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવી વિવિધ વિષય પર ચર્ચા કરવા ભવન પર પધારેલ હતા.

★

ઓનલાઈન ઈન્ફોકોમવાળા શ્રી રાગેશ શાહ શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા અને તેઓએ અશોકભાઈ મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા તથા શ્રી દિનેશભાઈ મહેતા સાથે મેડિકલ સેન્ટરમાં મૂકી શકાય તેવા ઓડિયો - વીડિયો કોન્ફરન્સ થઈ શકે તે પ્રકારના ઓનલાઈન સારવાર મશીન અંગેની સમજ આપેલ હતી. રૂા. દસ લાખની કિંમતના આ પ્રકારના દરેક મશીન તેઓ ૨૫ (પચ્ચીસ)ની સંખ્યામાં ગુજરાતભરની સંસ્થાઓને ડોનેશન આપવાની ઈચ્છા ધરાવે છે. તેઓએ અત્યાર સુધી કચ્છની વિવિધ પાંજરાપોળો માટે ૧૦ જેટલા મશીન કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠનના પ્રમુખ શ્રી વશનજીભાઈ સોનીને ઑફર કરેલ છે. શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરને પણ તેઓ એક મશીન ડોનેશન આપવા માંગે છે. આજરોજ તેમની સાથે આ બાબતે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૯-૧૧-૨૦૧૨**

અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોનના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી માણેકલાલ બાપા તથા માનદ્ મંત્રી શ્રી નરશીભાઈ પટેલ તેમના સમાજે આયોજિત કરેલ તા. ૨૫-૧૨-૧૨ના સમૂહ લગ્નમાં ઉપસ્થિત રહેવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આમંત્રણ આપવા શ્રી કચ્છી જૈન ભવન પર આજરોજ પધારેલ હતા. આ સમયે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા.

- **શનિવાર, તા. ૧૦-૧૧-૨૦૧૨**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટી શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાને ત્યાં તેમની કિંગ્સ સર્કલની ઓફિસ ખાતે એક મિટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. આ મિટિંગ મુંબઈ ખાતેના અતિથિ ભવનના કાર્યમાં આવેલ રૂકાવટના નિરાકરણ માટે ગોઠવવામાં આવેલ હતી. આ મિટિંગમાં શ્રી જગશીભાઈ છેડા, શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, શ્રી ઝવેરભાઈ છેડા તથા ઍડવોકેટ શ્રી વાઘેલા ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં ઍડવોકેટ શ્રી વાઘેલાએ માહિતી આપેલ હતી કે સાયન ખાતેના જે મકાનમાં આપણે 'અતિથિ ભવન' બનાવવા માંગીએ છીએ તેના વર્ષ ૨૦૦૭માં કરવામાં આવેલ, ડેવલપર સાથેના બાનાખત તેઓએ કોર્ટમાં રજૂ કરી દીધેલ છે. તદુપરાંત મિડાઝ ટાવરના ફ્લેટ નં.-૧૦૦૫નું લીલામ કરવાના ઑર્ડર પણ કોર્ટે એસ.આર.એ. ને આપી દીધેલ છે. પરિણામે ડેવલપર પાસેથી એસ.આર.એ.એ મિડાઝ ટાવર સામે જે રૂા. ૨.૮૮ કરોડનું લેણું કાઢેલ છે તેની સામે રૂા. ૧ કરોડથી પણ વધુ રકમ એસ.આર.એ. પ્રાપ્ત કરી શકશે. તા. ૩૦ નવેમ્બર બાદ આ અંગે અન્ય જરૂરી કાર્યવાહી પણ ઍડવોકેટ વાઘેલા દ્વારા કરવામાં આવશે. શ્રી ક.જૈ.સે.સમાજે જે મકાનમાં અતિથિ ભવન બનાવવાની કાર્યવાહી કરેલ છે તે મકાનને આગળ બાંધકામ કરવાની મંજૂરી આવતા દિવસોમાં મળી શકશે તેવી આશા શ્રી વાઘેલાએ વ્યક્ત કરી હતી. તેઓએ જરૂરી પેપર્સની ઝેરોક્ષ કોપી પણ સુપરત કરેલ હતી. આવતા દિવસોમાં અગાઉ કરેલ બાનાખતની સામે એગ્રીમેન્ટ કરી તેને રજિસ્ટર્ડ કરાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે તે અંગેની ચર્ચા પણ આ મિટિંગમાં કરવામાં આવેલ હતી. ઉપરોક્ત મિટિંગ મુંબઈ સ્થિત શ્રી ઝવેરભાઈ છેડાના પ્રયાસથી આયોજવામાં આવેલ હતી.

★

શ્રી કોમલભાઈ સાવલા સાથે શ્રી અશોક મહેતાએ માતૃવંદના ટ્રસ્ટ અંગે ઘાટકોપર ખાતે એક મિટિંગ કરેલ હતી.

- **બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨**

૨૦૬૯નું નવું વર્ષ શરૂ થતું હોવાથી શ્રી કચ્છી જૈન ભવન પર નૂતન વર્ષ મિલન સમારંભ યોજવામાં આવેલ હતો. ૫૧૮ વ્યક્તિ આ સમારંભમાં ઉપસ્થિત રહેલ હતી. તેમાંથી ૪૫૦ વ્યક્તિએ ભોજન સમારંભનો લાભ લીધેલ હતો. આજના કાર્યક્રમના સ્પોન્સરર શ્રી લવજી સ્વરૂપચંદ મહેતા ઉપસ્થતિ રહેલ હતા. ગત નવરાત્રિ કાર્યક્રમની વીડિયો કેસેટ આ સમારંભમાં ઉપસ્થિત લોકોએ નિહાળેલ હતી. જમણવાર સમિતિએ યોગ્ય વ્યવસ્થા ગોઠવેલ હતી. શ્રી કચ્છી જૈન ભવન પરનો 'સાંસ્કૃતિક કેન્દ્ર'

*જેઓ સુંદર વસ્તુઓમાંથી સુંદર અર્થ શોધી શકે છે એ સંસ્કારી છે.*

આજના કાર્યક્રમ માટે નાનો પડતો જોવામાં આવેલ હતો. આવતા વર્ષથી સમાજે આ અંગે અલગથી વિચારવાનું રહેશે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળના મોટા ભાગના સભ્યો, કારોબારી સમિતિના સભ્યો તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આગેવાન કાર્યકરો આ સમારંભમાં ઉપસ્થિત રહેલ હતા. આ મિલન કાર્યક્રમ સાંજના ૫ થી ૮ દરમ્યાન ચાલેલ હતો.

- **મંગળવાર, તા. ૨૦-૧૧-૧૨**
  આજરોજ શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી નરેન્દ્ર છ. શાહ આગામી તા. ૨૪-૨-૨૦૧૩ દરમ્યાન અમદાવાદ ખાતે યોજવામાં આવનાર 'કચ્છી મેળા'ના અનુસંધાને કચ્છ ગયા. તેઓએ ભુજમાં ખમીરના શ્રી પંકજ શાહ અને શ્રી લાલ રાંભિયાને મળીને મેળાના આયોજનો અંગે જરૂરી જાણકારી મેળવી.

- **બુધવાર, તા. ૨૧-૧૧-૨૦૧૨**
  આજરોજ શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી નરેન્દ્ર છગનલાલ શાહે ભુજ ખાતે અન્ય અનેક લોકોની મુલાકાત લઈ, અમદાવાદમાં યોજવામાં આવનાર કચ્છી મેળાની વિસ્તૃતપણે ચર્ચા કરી. આજે રાત્રે તેઓ અમદાવાદ પરત આવી ગયા.

- **શનિવાર, તા. ૨૪-૧૧-૨૦૧૨**
  આજરોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. આ મિટિંગમાં લગભગ ૧૫થી વધુ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી. આગામી વિવિધ કાર્યક્રમો અંગે ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. અત્યાર સુધી થયેલ વિવિધ ખર્ચાઓની મંજૂરી આપવામાં આવેલ હતી. ટ્રસ્ટ મંડળના ઠરાવ અનુસાર 'સંકલ્પે' છેલ્લા લગભગ દોઢ વર્ષથી શ્રી કચ્છી જૈન ભવન પર હિસાબો લખાવવાના એક તરફી નિર્ણયથી બંધ કરેલ હોવાથી તે બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી અને ટ્રસ્ટ મંડળમાં આ બાબતે યોગ્ય નિર્ણય લેવાય તેવી આશા વ્યક્ત કરવામાં આવેલ હતી.

★

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ ઝોનના નિમંત્રણને માન આપી તેઓ દ્વારા આયોજિત સમૂહ લગ્ન (કે જેમાં ૨૨ કપલ ભાગ લઈ રહેલ છે) માં શ્રી અશોક મહેતા અને શ્રી દિનેશ આર. મહેતા ઉપસ્થિત રહ્યા હતા

★

આજરોજ બપોરના શ્રી કચ્છી જૈન ભવન પર યુવા વિકાસ સમિતિ દ્વારા નિબંધ હરીફાઈ તથા સંગીત હરીફાઈ (કંઠ્ય, વાદ્ય તથા નૃત્ય) યોજવામાં આવી હતી. ઉપસ્થિતોની સંખ્યા સવિશેષ રહેવા પામી હતી. કંઠ્ય હરીફાઈ તથા નૃત્ય હરીફાઈ એમ દરેકમાં ૮થી ૧૦ કલાકારોએ ભાગ લીધો હતો.

★

સમાજના કલાકારો દ્વારા તા. ૨-૧૨-૨૦૧૨ના ટાઉનહોલ ખાતે રજૂ કરવામાં આવનાર મનોરંજન કાર્યક્રમની પ્રેક્ટીસ તેની ચરમ સીમાએ શ્રી કચ્છી જૈન ભવન પર ચાલી રહેલ છે. દરેક કલાકાર આ પ્રેક્ટીસ પ્રક્રિયામાં ઉત્સાહભેર ભાગ લઈ રહેલ છે. તેઓને પ્રોત્સાહન આપવા યુવા વિકાસ સમિતિના કાર્યકરો તથા સમાજનો મોવડી વર્ગ પણ ઉપસ્થિત રહે છે. શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ દ્વારા આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવી રહેલ છે. આજરોજ કારોબારી સમિતિના કેટલાક સભ્યોએ ૨૦૦થી પણ વધુ પાસની વિતરણ વ્યવસ્થાની જવાબદારી સંભાળી લીધેલ હતી. ટાઉન હોલની કેપેસિટી ૧૨૦૦ વ્યક્તિઓની છે. ■

## સર પ્રભાશંકર પટ્ટણી

સર પ્રભાશંકર પટ્ટણી. ભાવનગર રાજ્યના એડમિનિસ્ટ્રેટર. એકવાર પોતાના એક મિત્ર સાથે મુંબઈના માર્ગ પર જઈ રહ્યા હતા. ત્યાં પાછળથી એક અવાજ સંભળાયો, 'એય દીવાન પટ્ટણા, ઊભો રહે, મારી સામે તો જો. મારા ચીંથરેહાલ કપડાં અને તારા ઉજળાં કપડાં સામે જો તો ખરો. બસ, તારે તો લહેરથી મુંબઈમાં આંટા મારવા છે? હું તારા જ ગામનો છું. મુંબઈમાં ખૂબ દુઃખી છું. મને કંઈક આપ, પટ્ટણા.'

પટ્ટણી સાહેબે પાછળ ફરીને જોયું. સંપૂર્ણ ચીંથરેહાલ ભિખારી જેવો દેખાતો એક માણસ ઊભો હતો. પટ્ટણી સાહેબે એને અત્યંત નમ્રભાવે પૂછ્યું : 'શું છે ભાઈ?'

પેલાએ ફરી તોછડી ભાષામાં કહ્યું, 'હું તારા ગામનો છું પણ મુંબઈમાં અત્યંત દુઃખી છું. મને કાંઈક આપ, પટ્ટણા.'

પટ્ટણી સાહેબે પોતાના ખિસ્સામાંથી સો સોની બે નોટ કાઢી એ માણસના હાથમાં મૂકી. (આજથી આશરે ૯૦ વર્ષ પહેલાના રૂા. ૨૦૦/-) અને કહ્યું, 'ભાઈ, અત્યારે તો મારી પાસે આટલા જ છે. આટલાથી તારું કામ રોડવી લેજે.'

'સારું, સારું.' કહીને પેલા માણસે નોટ લઈને ચાલતી પકડી. સાથેનો મિત્ર ચકિત થઈને પટ્ટણી સાહેબને જોઈ રહ્યો અને બોલ્યો, 'પટ્ટણી સાહેબ, આવા તોછડા અને ભિખારી જેવા માણસને આટલા બધા રૂપિયા ન અપાય.' પટ્ટણી સાહેબ કહે, 'પ્રજા મને ગમે તેવી રીતે બોલાવે, પણ તેને મદદ કરવાની મારી ફરજ છે.'

આ હતા સર પ્રભાશંકર પટ્ટણી.

***'અખંડ આનંદ', સપ્ટેમ્બર-૨૦૧૨માંથી***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*'લોકો શું કહેશે' એવું વિચારીને જીવતા હો, તો પછી ઈશ્વર શું કહેશે એનો વિચાર અવશ્ય કરજો.*

## ઊડતી નજરે....

**ઓક્ટોબર-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>કે જેમાંથી – | **૧૦,૪૭૭** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૫૧૬** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૭૪** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન .......... **૨૮** | |
| | (ગ) | સોનોગ્રાફી .......... **૮૨૩** | |
| | (ઘ) | ટી.એમ.ટી. .......... **૨૩** | |
| | (ચ) | બોડી ચેક-અપ .......... **૩૨૦** | |
| | (છ) | અન્ય .......... **૮,૬૯૩** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૧,૮૬૫**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ ... **૭,૨૩૦**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ .......... **૮૫૬**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... **૨,૪૬૩** | **૧૨,૪૧૪** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૯૩૯**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......... **૨,૮૬૬** | **૩,૮૦૫** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... **૮૨૧** | **૮૨૧** |
| | | ઓક્ટોબર - ૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૨૭,૫૧૭** |

## એકલા હાથે આવ્યા, એકલા હાથે જવાનું છે

આ દુનિયા સ્વાર્થની દુનિયા છે. એમાં જીવતા માણસોનો કોઈ ભાવ પૂછતું નથી અને જ્યારે માણસ મૃત્યુ પામે છે ત્યારે મગરના આંસુ સારવામાં આવે છે. તેનો ગુણાનુવાદ કરવામાં આવે છે. તેની સાથેના સંબંધોને વાગોળવામાં આવે છે. તેની નનામીને ખભો આપવા હુંસાતુંસી થાય છે. પરંતુ એ જીવતો હતો ત્યારે તેને ખભો આપ્યો હોત તો તે પાંચ વરસ વધુ જીવી જાત. પરંતુ આ દુનિયા તો દિખાવટની દુનિયા છે. એમાં કોઈ કોઈનું નથી. એકલા હાથે આવ્યા અને એકલે હાથે જવાનું છે.

*એ માનવી પછી રાજા હોય કે ખેડૂત, પણ સૌથી વધુ ભાગ્યશાળી છે, જેને તેના ઘરમાં શાંતિ મળે છે.*